ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૮ ◆ ભાગ-૮

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૮ ◆ ભાગ-૮

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
[redacted]દ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

વૈરાગ્યકલ્પલતા ભાગ-૮ : સ્તબક-૮

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ◆ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૧૭૦-૦૦

卐 **આર્થિક સહયોગ** 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

સ્વ. નિમિત પ્રકાશભાઈ શાહના આત્મશ્રેયાર્થે

પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૪

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हँ नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

ભાગ-૮

આઠમો સ્તબક

શ્લોક :-

अथास्ति नाम्ना साह्लादं, पुरं शक्रपुरोपमम् ।

महारत्नमयोत्तुङ्गसौधकान्तिमनोहरम् ।।१।।

શ્લોકાર્થ :-

શક્રની ઉપમાવાળું, મહારત્નમય, ઊંચા મહેલની કાંતિથી મનોહર સાહ્લાદ નામનું નગર છે. ।।૧।।

શ્લોક :-

तत्रोल्लासितभूर्मित्रमयूरानन्दकारकः ।

नाम्ना च परिणामेन, जीमूतो राजते नृपः ।।२।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે નગરમાં, ઉલ્લસિત ભૂમિવાળો, પરિણામથી મિત્રરૂપી મયૂરને આનંદ કરનાર, નામથી જીમૂત એવો રાજા શોભે છે. ।।૨।।

શ્લોક :-

अस्ति तस्य महादेवी, लीला लीलेव मूर्तिभृत् ।
तस्याः कुक्षावहं नीतो, भवितव्यतया तया ।।३।।

શ્લોકાર્થ :-

તેને જાણે લીલાની મૂર્તિથી ભરેલ લીલા નામની મહાદેવી છે. તેણીની કુક્ષિમાં તે ભવિતવ્યતા વડે હું લઈ જવાયો. ।।૩।।

શ્લોક :-

पूर्णे काले प्रसूतोऽहं, माता तोषमुपागता ।
तया तदैव जातोऽपि, दृष्टः पुण्योदयस्तु न ।।४।।

શ્લોકાર્થ :-

પૂર્ણ કાલ થયે છતે હું જન્મ્યો. માતા તોષને પામી. ત્યારે જ થયેલો પણ પુણ્યોદય તેણી વડે જોવાયો નહિ.

ઘનવાહન જન્મે છે, ત્યારે તેની સાથે જ પુણ્યોદય પણ ઉત્પન્ન થાય છે, છતાં તેની માતાએ તેને જોયો નહિ. **॥૪॥**

શ્લોક :-

सुतजन्म प्रियंकर्या, जीमूताय निवेदितम् ।
दत्तं तेन महादानं, कारितं बन्दिमोचनम् ।।५।।

શ્લોકાર્થ :-

પ્રિયંકરી દાસી વડે જીમૂત રાજાને પુત્રજન્મ નિવેદિત કરાયો. તેના વડે=રાજા વડે, મહાદાન અપાયું. બંદીઓને મુક્ત કરાવાયા. ।।૫।।

શ્લોક :-

आनन्दपूर्णचित्तेन, समयेऽथ ममोचिते ।
घनवाहन इत्युच्चैर्नाम पित्रा प्रतिष्ठितम् ।।६।।

શ્લોકાર્થ :-

હવે ઉચિત સમયમાં આનંદપૂર્ણ ચિત્તવાળા પિતા વડે ઘનવાહન એ પ્રમાણે નામ અત્યંત પ્રતિષ્ઠિત કરાયું. ।।૬।।

શ્લોક :-

इतश्चास्ति लघुर्भ्राता, जीमूतस्य महीपतेः ।
नीरदाख्यो महादेवी, पद्माऽऽख्या तस्य विश्रुता ।।७।।

શ્લોકાર્થ :-

આ બાજુ જીમૂત રાજાનો નાનો ભાઈ નિરદ નામનો છે, તેને પદ્મા નામની મહાદેવી પ્રસિદ્ધ છે. ।।૭।।

શ્લોક :-

मज्जन्मावसरे साऽपि, पूतं प्रासूत दारकम् ।
अकलङ्क इति व्यक्तं, नाम तस्य प्रतिष्ठितम् ।।८।।

શ્લોકાર્થ :-

મારા જન્મઅવસરમાં તેણીએ પણ પવિત્ર પુત્રને જન્મ આપ્યો. તેનું અકલંક એ પ્રમાણે નામ વ્યક્ત=પ્રગટ, પ્રતિષ્ઠિત કરાયું. ।।૮।।

શ્લોક :-

बाल्ये धूल्यादिना सार्धं, क्रीडिताववियोगिनौ ।
प्रवृद्धौ सुखसन्दोहैरहं च स च लालितौ ।।९।।

શ્લોકાર્થ :-

બાલ્યકાલમાં ધૂલિ આદિની સાથે અવિયોગી એવા અમે બંને રમ્યા. સુખ સંદોહથી અમે બંને પ્રવૃદ્ધ થયા. હું અને તે બંને લાલિત કરાયા. ।।૯।।

શ્લોક :-

मैत्री तेनाकलङ्केन, कौमारेऽजनि मे सह ।
कदापि न पृथग् भूतं तया स्यूतं मनो द्वयोः ।।१०।।

શ્લોકાર્થ :-

તે અકલંકની સાથે કુમાર અવસ્થામાં મારી મૈત્રી થઈ. અમારા બંનેનું મન તેનાથી ગુંથાયેલું=મૈત્રીથી ગુંથાયેલું, ક્યારેય પણ પૃથગ્ થયું નહિ. ।।૧૦।।

શ્લોક :-

अधीतवन्तावेकस्मादाचार्यात् सकलाः कलाः ।
क्रमेण यौवनं प्राप्तावुभौ मदनकाननम् ।।११।।

શ્લોકાર્થ :-

એક આચાર્ય પાસેથી અમે બંને સકલ કલા ભણ્યા. ક્રમથી કામના વનરૂપ યૌવનને અમે બંને પામ્યા. ।।૧૧।।

શ્લોક :-

स चाकलङ्को बाल्येऽपि, कौमारेऽपि च यौवने ।
न निन्द्यचेष्टितैः स्पृष्टः, केसरीव श्वलक्षणैः ।।१२।।

શ્લોકાર્થ :-

અને તે અકલંક બાલ્યમાં પણ, કુમારપણામાં પણ અને યૌવનમાં નિંધ ચેષ્ટિતોથી સ્પર્શાયો નહિ. જેમ સિંહ કૂતરાના લક્ષણથી સ્પર્શાય નહિ. ।।૧૨।।

શ્લોક :-

शान्तो विनीतः पुण्यात्मा, सत्यगीर्देवपूजकः ।
स्थिरस्तनुकषायश्च, प्रकृत्या स्वच्छमानसः ।।१३।।
सोऽज्ञातपरमार्थोऽपि, तत्त्वज्ञानीव भासते ।
जात्यस्याघटितस्यापि रत्नस्य श्रीः परैव हि ।।१४।।

શ્લોકાર્થ :-

શાંત, વિનીત, પુણ્યાત્મા, સુંદર વાણીવાળો, દેવપૂજક, સ્થિર,

અલ્પકષાયવાળો, પ્રકૃતિથી સ્વચ્છ માનસવાળો તે=અકલંક, અજ્ઞાત પરમાર્થવાળો પણ તત્ત્વજ્ઞાનીની જેમ ભાસે છે. हि=જે કારણથી, અઘટિત પણ જાત્યરત્નની=નહિ ઘડાયેલા પણ જાત્યરત્નની, કાંતિ પરા જ હોય છે.

જેમ જાત્યરત્ન નહિ ઘડાયેલું પણ શ્રેષ્ઠ કાંતિવાળું હોય છે, તેમ અકલંકને આ ભવમાં હજી તત્ત્વની પ્રાપ્તિ થઈ નથી તોપણ જાત્યરત્નના જેવો ઉત્તમ કાંતિવાળો છે. **।।૧૩-૧૪।।**

શ્લોક :-

जातः सुसाधुसम्पर्काद्, दक्षोऽथासौ जिनागमे ।
प्रज्ञापनीयः श्रद्धावान्, शुद्धमार्गानुसारिधीः ।।१५।।

શ્લોકાર્થ :-

હવે સુસાધુના સંપર્કથી પ્રજ્ઞાપનીય, શ્રદ્ધાવાળો, શુદ્ધ માર્ગને અનુસરનારી બુદ્ધિવાળો એવો આ=અકલંક, જિનાગમમાં દક્ષ થયો. ।।૧૫।।

શ્લોક :-

स्नेहं मयि न तत्याज, सोऽकलङ्कस्तथाऽपि हि ।
प्राप्तश्रीरपि मेघोऽब्धेः, केकिमैत्रीं जहाति किम् ? ।।१६।।

શ્લોકાર્થ :-

તોપણ તે અકલંકે મારામાં સ્નેહનો ત્યાગ કર્યો નહિ. સમુદ્રથી પ્રાપ્ત લક્ષ્મીવાળો એવો મેઘ શું મોરની મૈત્રીનો ત્યાગ કરે છે ? અર્થાત્ ત્યાગ કરતો નથી. ।।૧૬।।

શ્લોક :-

अन्योन्यस्नेहमधुरैः, स वैदग्ध्यविजृम्भितैः ।
कृतस्मरमधुव्रीडां, क्रीडां सह मयाऽकरोत् ।।१७।।

શ્લોકાર્થ :-

પરસ્પર સ્નેહથી મધુર, ચતુરાઈથી અવિજૃંભિત એવાં વચનો વડે= પોતાની ચતુરાઈ બતાવવાના પરિણામથી રહિત એવાં વચનો વડે, તેણે= અકલંકે, મારી સાથે કરાયેલા કામના મધુ લજ્જારૂપ ક્રીડાને કરી. ।।૧૭।।

શ્લોક :-

मयोद्यानेऽन्यदा नीतो, लीलार्थं बुधनन्दने ।
ममोपरोधात् तत्रासौ, क्रीडित्वा प्रहरद्वयम् ।।१८।।
मध्याह्ने प्रस्थितो गन्तुं, गृहमुक्तं मया तदा ।
क्षणं विश्रम्य यास्यावो, वयस्यात्र वनान्तरे ।।१९।।

શ્લોકાર્થ :-

અન્યદા મારા વડે=ઘનવાહન વડે, બુધનંદન ઉદ્યાનમાં લીલા માટે લઈ જવાયો=અકલંક લઈ જવાયો. મારા આગ્રહથી ત્યાં=ઉદ્યાનમાં, બે પ્રહર રમીને આ=અકલંક, મધ્યાહ્નમાં ઘરે જવા માટે પ્રસ્થિત થયો. ત્યારે મારા વડે કહેવાયું=ઘનવાહન વડે કહેવાયું. હે વયસ્ય ! આ વનાંતરમાં ક્ષણ વિશ્રામ કરીને આપણે બંને જઈશું. ।।૧૮-૧૯।।

શ્લોક :-

अकलङ्को वचः श्रुत्वा, तन्मदीयमुदारधीः ।
उद्यानभागमध्यस्थमविशज्जिनमन्दिरम् ।।२०।।

શ્લોકાર્થ :-

તે મારું વચન સાંભળીને ઉદાર બુદ્ધિવાળો અકલંક ઉદ્યાનભાગના મધ્યમાં રહેલ જિનમંદિરમાં પ્રવેશ્યો. ।।૨૦।।

શ્લોક :-

तत्रार्हन्तमभिष्टूय, पुराणं पुरुषोत्तमम् ।
तेन दृष्टा मया सार्धं, निर्गतेन सुसाधवः ।।२१।।

શ્લોકાર્થ :-

ત્યાં=જિનમંદિરમાં, પુરાણ=પૂર્વે થયેલ પુરુષોત્તમ એવા, અરિહંતની સ્તુતિ કરીને મારી સાથે નીકળેલા તેના વડે=અકલંક વડે, સુસાધુ જોવાયા. ॥૨૧॥

શ્લોક :-

ते च तत्राष्टमीं मत्वा, समायाता उपोषिताः ।
नत्वाऽर्हन्तं बहिः सूत्रं, गणयन्तः पृथक् पृथक् ॥२२॥

શ્લોકાર્થ :-

અને તે=સાધુઓ ત્યાં=જિનાલયમાં, અષ્ટમી તિથિ છે એ પ્રમાણે માનીને ઉપાસના કરવા આવેલા. અરિહંતને નમીને બહાર=જિનાલયના બહારના ભાગમાં, પૃથક્ પૃથક્ સૂત્ર ગણતા હતા. ॥૨૨॥

શ્લોક :-

निर्मलच्छवयो दीप्राः, स्थिरा दूरे स्थिता मिथः ।
रात्ना दीपा इव बहिर्द्वीपेन्दव इवाथवा ॥२३॥

શ્લોકાર્થ :-

તે કેવા હતા તે બતાવે છે. નિર્મલ કાંતિવાળા, દીપ્ત શરીરવાળા, રત્ન જેવા, દીપક જેવા અથવા બહારના દ્વીપોમાં રહેલા ચંદ્ર જેવા પરસ્પર દૂર સ્થિર રહેલા હતા. ॥૨૩॥

શ્લોક :-

अकलङ्कस्ततः प्राह, कुमार घनवाहन ! ।
पश्येमे मुनयः सूर्या, इव तेजोविराजिताः ॥२४॥

શ્લોકાર્થ :-

ત્યારપછી અકલંક કહે છે, હે કુમાર ઘનવાહન ! જાણે તેજથી વિરાજિત સૂર્ય જેવા આ મુનિઓને તું જો. ॥૨૪॥

શ્લોક :-

मन्मथा इव रूपेण, गाम्भीर्येणेव सागराः ।

स्थैर्येण मेरव इव, श्रिया कल्पद्रुमा इव ।।२५।।

શ્લોકાર્થ :-

રૂપથી જાણે કામદેવ, ગાંભીર્યથી સાગર જેવા, સ્થૈર્યથી મેરુ જેવા, લક્ષ્મીથી કલ્પવૃક્ષ જેવા છે. ।।૨૫।।

શ્લોક :-

अदृष्टसृष्टिवैषम्यापवादापनिनीषया ।

एकरूपाः कृता एते, धात्रा किं शक्तिपाटवात् ।।२६।।

શ્લોકાર્થ :-

અદષ્ટ સૃષ્ટિના વૈષમ્યના અપવાદને દૂર કરવાની ઈચ્છાવાળા એવા વિધાતા વડે શું શક્તિના પાટવથી આ=મુનિઓ, એકરૂપ કરાયા છે ?

કર્મોની સૃષ્ટિ અત્યંત વિષમ છે, તેથી યુવાન અવસ્થામાં રહેલા યુવાન જીવોની પરસ્પર વિષમ પ્રકૃતિઓ છે, તેથી યૌવનકાળમાં તે તે પ્રકારની અનુચિત આદિ પ્રવૃત્તિઓ કરે છે. તેની નિંદાને દૂર કરવાની ઇચ્છાથી વિધાતાએ=તે જીવોનાં કર્મોએ, શક્તિના પાટવથી આ બધા મહાત્માઓને એકરૂપ કર્યા છે. આથી જ તે સર્વ સાધુઓ અત્યંત શાંતભાવથી કર્મનાશ માટે મહાઉદ્યમવાળા છે. **।।૨૬।।**

શ્લોક :-

एषां लावण्यपुञ्जानां, राज्योचितमहोभृताम् ।

को दीक्षाग्रहणे हेतुरिति मे हृदि कौतुकम् ।।२७।।

શ્લોકાર્થ :-

રાજ્યને ઉચિત મહાવૈભવવાળા, લાવણ્યના પુંજ એવા આ બધાના= મુનિઓના, દીક્ષાગ્રહણમાં કોણ હેતુ છે, એ મારા હૃદયમાં કૌતુક છે. એ પ્રમાણે અકલંક ઘનવાહનને કહે છે. ।।૨૭।।

શ્લોક :-

तदेहि तावत् पृच्छावः, प्रत्येकं मुनिपुङ्गवान् ।
अमून् किं कस्य वैराग्ये, कारणं समभूदिति ।।२८।।

શ્લોકાર્થ :-

તે કારણથી=અકલંકને તે પ્રકારનું કૌતુક છે તે કારણથી, કહે છે. તું આવ. કોને વૈરાગ્યમાં શું કારણ થયું, એ પ્રમાણે પ્રત્યેક આ મુનિપુંગવોને પ્રથમ આપણે બંને પૂછીએ. ।।૨૮।।

શ્લોક :-

मयेत्थमस्त्विति प्रोक्ते, पार्श्वमेकमुनेर्गतौ ।
अकलङ्केन पृष्टोऽसौ, किं ते वैराग्यकारणम् ।।२९।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે થાવ=મુનિને વૈરાગ્યનું કારણ પૂછીએ એ પ્રમાણે થાવ. એ પ્રમાણે મારા વડે કહેવાયે છતે એક મુનિ પાસે અમે બંને ગયા. અકલંક વડે આ પુછાયા=મુનિ પુછાયા. તમારા વૈરાગ્યનું કારણ શું છે ? ।।૨૯।।

શ્લોક :-

मुनिः प्राह शृणु ग्रामे, वास्तव्योऽहं कुटुम्बिकः ।
लोकोदरे तत्र निशि, प्रदीपनकमुत्थितम् ।।३०।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, તું સાંભળ. લોકઉદર ગામમાં કુટુંબિક એવો હું વસનારો હતો. ત્યાં રાત્રિમાં અગ્નિ ઉત્થિત થયો.

ચૌદ રાજલોકરૂપ ઉદરમાં વસનારા જીવોનો હું કુટુંબિક હતો, ત્યાં તત્ત્વના વિષયમાં ગાઢ અજ્ઞાનરૂપ રાત્રિમાં કષાયરૂપી અગ્નિ ઉત્થિત થયો. ।।૩૦।।

શ્લોક :-

प्रससर्प महाधूमो, ज्वालाजालमवर्द्धत ।
वंशस्फोटरवः सर्वैः, श्रुतो लोकाः समुत्थिताः ।।३१।।

શ્લોકાર્થ :-

મહાધૂમ પ્રસરવા લાગ્યો, અગ્નિની જાળાઓ વૃદ્ધિ પામી, વાંસના ફૂટવાનો અવાજ સર્વ વડે સંભળાયો. લોકો ઊઠ્યા. ॥૩૧॥

શ્લોક :-

रुदन्ति डिम्भरूपाणि, नार्यो धावन्ति विह्वलाः ।
रटन्त्यन्धाः कलकले, जाते क्रोशन्ति पङ्गवः ।।३२।।

શ્લોકાર્થ :-

બાળકો રડવા લાગ્યાં, વિહ્વલ સ્ત્રીઓ દોડવા લાગી, કલકલ થયે છતે અંધપુરુષો બૂમો પાડવા લાગ્યા, પંગુ પુરુષો આક્રોશ કરવા લાગ્યા. ॥૩૨॥

શ્લોક :-

षिङ्गाः किलकिलायन्ते, मुष्णन्ति परिमोषिणः ।
सर्वस्वानि च दह्यन्ते, शोचन्ति कृपणा भृशम् ।।३३।।

શ્લોકાર્થ :-

નપુંસકો કિલકિલાટ કરે છે, લૂંટનારાઓ લૂંટવા લાગ્યા, સર્વ ધનો બળે છે. કૃપણો અત્યંત શોક કરે છે. ॥૩૩॥

શ્લોક :-

अमातापितृकं सर्वं, संजातमसमञ्जसम् ।
कश्चित् प्रदीपने तत्र, विबुद्धो मन्त्रविन्महान् ।।३४।।

શ્લોકાર્થ :-

માતા અને પિતા વગરનું સર્વ અસમંજસ થયું, તે અગ્નિમાં મહાન મંત્રને જાણનાર કોઈક જાગ્યો. ॥૩૪॥

શ્લોક :-

उत्थाय ग्राममध्यस्थे, स च गोचन्द्रके स्थितः ।
तेनात्मकवचं कृत्वा, रेखयाऽकारि मण्डलम् ।।३५।।

શ્લોકાર્થ :-

ઊઠીને ગામની મધ્યમાં રહેલા ગોચંદ્રકમાં તે રહ્યો. આત્મકવચને કરીને તેના વડે રેખાથી મંડલ કરાયું.

તે મહાત્માએ જિનવચનથી આત્માને ભાવિત કરીને કવચ ધારણ કર્યું. જેથી કષાયોનો અગ્નિ સ્પર્શે નહિ અને જિનવચનાનુસાર ઉચિત ક્રિયાઓ રૂપી રેખાથી મંડલ કર્યું, જેથી તેઓ તે ક્રિયાઓ દૃઢપ્રણિધાનપૂર્વક કરે, તેઓને તે કષાયરૂપી અગ્નિ સ્પર્શી ન શકે તેવું તે મંડલ નિર્માણ કર્યું. **॥૩૫॥**

શ્લોક :-

शब्देन तेन महताऽऽहूता ग्रामेयका जनाः ।
मण्डले मे प्रविशत, यूयमागच्छतात्र भोः ।।३६।।

શ્લોકાર્થ :-

તેના વડે=મંત્રને જાણનાર વડે, મોટા શબ્દથી ગ્રામેયક લોકો બોલાવાયા, તમે અહીં આવો. મારા મંડલમાં પ્રવેશ કરો. ।।૩૬।।

શ્લોક :-

न सर्वस्वानि चाङ्गानि, दह्यन्ते भवतां यथा ।
तच्छ्रुत्वा प्राविशंस्तत्र, लोकाः स्वल्पतमाः किल ।।३७।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે તમારાં સર્વસ્વ અને અંગો બળે છે, તે સાંભળીને ત્યાં=તે મંડલમાં, ખરેખર સ્વલ્પતમ લોકો પ્રવેશ્યા. ।।૩૭।।

શ્લોક :-

ग्रहिला इव शेषास्तु, प्रदीपनकतस्ततः ।
दह्यमानेषु गेहेषु. तृणकाष्ठादि चिक्षिपुः ।।३८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હઠીલા જેવા શેષ લોકો અગ્નિથી બળતાં ગૃહમાં તૃણકાષ્ઠાદિ નાંખવા લાગ્યા. ॥૩૮॥

શ્લોક :-

तस्य विध्यापनं कर्तुमीषुर्घृतभृतैर्घटैः ।
मण्डलस्था जगुर्वह्निशमोपायोऽस्य नैष च ।।३९।।

શ્લોકાર્થ :-

ઘીથી ભરાયેલા ઘડાઓ વડે તેને=અગ્નિને, બૂઝવવા માટે લોકો આવ્યા, મંડલમાં રહેલા લોકો બોલ્યા. આના=ઘરના, અગ્નિના શમનનો ઉપાય આ નથી=ઘીના ઘડા નાંખવા એ નથી. ॥૩૯॥

શ્લોક :-

जलेन विध्यापयत, वह्निं प्रविशतात्र च ।
मण्डले यूयमस्माकमिव स्याद् वो यथा सुखम् ।।४०।।

શ્લોકાર્થ :-

જલથી અગ્નિ વિધાપન થાય છે અને આ મંડલમાં તમે પ્રવેશ કરો. અમારી જેમ તમને જે પ્રમાણે સુખ થાય. ॥૪૦॥

શ્લોક :-

तत् तेषां न वचः केचित्, कर्णे नाकर्णयन्त्यपि ।
केचिद्धसन्ति निन्दन्ति, केऽपि रुष्यन्ति केचन ।।४१।।

શ્લોકાર્થ :-

તેઓના તે વચનને=મંડલમાં રહેલા જીવોના તે વચનને, કેટલાક કાને સાંભળતા પણ નથી. કેટલાક હસે છે, કેટલાક નિંદા કરે છે, કેટલાક રોષ કરે છે. ॥૪૧॥

શ્લોક :-

मण्डलस्थास्ततो लोकास्तस्थुर्मौनावलम्बिनः ।
कैश्चित्तु वचनं तेषामादृतं पुण्यभाजनैः ।।४२।।

શ્લોકાર્થ :-

તેથી મંડલમાં રહેલા લોકો મૌન અવલંબીને રહ્યા. કેટલાક પુણ્યશાળીઓ વડે તેઓનું વચન સ્વીકારાયું. ||૪૨||

શ્લોક :-

ममापि प्रतिभातं तद्, भवितव्यतया वचः ।
प्रविष्टो द्रुतमुत्प्लुत्य, ततोऽहं तत्र मण्डले ।।४३।।

શ્લોકાર્થ :-

ભવિતવ્યતાને કારણે મને પણ તે વચન=મંડલમાં રહેલા લોકોનું વચન, પ્રતિભાત થયું=મનમાં ઊતર્યું. તેથી હું તે મંડલમાં શીઘ્ર કૂદકો મારીને પ્રવેશ્યો. ||૪૩||

શ્લોક :-

ते ग्रामीणा मया दृष्टाः, प्राप्य प्रबलमारुतम् ।
प्रदीपनेन दीप्तेन, दह्यमाना हताशयाः ।।४४।।

શ્લોકાર્થ :-

પ્રબળ પવનને પામીને તે ગ્રામીણ લોકો દીપ્ત એવા પ્રદીપ વડે બળતા હણાયેલી આશાવાળા મારા વડે જોવાયા. ||૪૪||

શ્લોક :-

मण्डलस्थेषु लोकेषु, प्रव्रजत्सु कियत्स्वथ ।
अहं प्रव्रजितो भद्र !, वैराग्ये हेतुरेष मे ।।४५।।

શ્લોકાર્થ :-

હવે, મંડલમાં રહેલા લોકોમાં કેટલાક પ્રવ્રજિત થયે છતે હે ભદ્ર ! અકલંક, હું પ્રવ્રજિત થયો. આ મારા વૈરાગ્યનો હેતુ છે. ||૪૫||

શ્લોક :-

इमां मुनेर्गिरं श्रुत्वाऽकलङ्को मुदितो हृदि ।
चलितोऽन्यमुनेः पार्श्वे, न बुद्धोऽर्थो मया परम् ।।४६।।

શ્લોકાર્થ :-

મુનિની આ વાણી સાંભળીને હૃદયમાં અકલંક આનંદિત થયો. અન્ય મુનિ પાસે ચાલ્યો. પરંતુ મારા વડે=ઘનવાહન વડે, અર્થનો બોધ થયો નહિ. ।।૪૬।।

શ્લોક :-

अकलङ्को मया पृष्टस्ततः किमयमाह ते ।
कं भावमाकलय्य त्वं, हृष्टोऽस्यथ जगाद सः ।।४७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મારા વડે અકલંક પુછાયો, આણે=આ મુનિએ, તને શું કહ્યું ? ક્યા ભાવને જાણીને તું હર્ષિત થયેલો છે, હવે તે=અકલંક, બોલ્યો. ।।૪૭।।

શ્લોક :-

योऽयं लोकोदरो ग्रामः, स्ववासार्हो निवेदितः ।
मुनिना विद्धि संसारं, तं मित्र घनवाहन ! ।।४८।।

શ્લોકાર્થ :-

જે આ લોકોદર ગામ સ્વવાસયોગ્ય મુનિ વડે નિવેદિત કરાયું, તેને હે મિત્ર ઘનવાહન ! તું સંસાર જાણ. ।।૪૮।।

શ્લોક :-

रात्रिस्तत्र सदाऽविद्या, लग्नं तस्यां प्रदीपनम् ।
रागद्वेषाग्निना धूमस्तामसो भाव उत्थितः ।।४९।।

શ્લોકાર્થ :-

ત્યાં સદા અવિદ્યા રાત્રિ છે. તેમાં=તે રાત્રિમાં, રાગ-દ્વેષરૂપી અગ્નિ વડે બળવા લાગ્યું, ધૂમરૂપ તામસ ભાવ ઉત્થિત થયો.

સંસારી જીવોમાં દેહ આદિથી ભિન્ન નિરાકુલ આત્માના સ્વરૂપ વિષયક જે અજ્ઞાન છે, તે અવિદ્યા રાત્રિ છે અને જીવોના ચિત્તમાં રાગ-દ્વેષની પરિણતિ વર્તે છે, તે બળતા ગૃહ જેવું છે અને જીવોમાં તામસભાવ વર્તે છે, તે ઉત્થિત થયેલો ધૂમ છે. **॥૪૯॥**

શ્લોક :-

ज्वालौघो राजसो भावो, वंशस्फोटरवोपमाः ।

कलहास्तत्र भावाग्नेरुत्तिष्ठन्ति च जन्तवः ।।५०।।

શ્લોકાર્થ :-

જ્વાલાનો સમૂહ રાજસ્ ભાવ છે. વાંસના ફૂટવાના અવાજ સરખો કલહ છે અને ત્યાં=રાત્રિમાં, ભાવરૂપી અગ્નિથી જીવો ઊઠે છે.

જીવોના ચિત્તમાં જે રાજસ્ ભાવ છે, તે અગ્નિની જ્વાલા જેવો છે, જીવો પરસ્પર કલહ કરે છે તે અગ્નિને કારણે વાંસના ફૂટવાના અવાજ જેવો છે; કેમ કે ચિત્તમાં તે તે ઇચ્છારૂપ અગ્નિથી જ કલહ ઉત્પન્ન થાય છે અને રાત્રિ વેળા લોકો સૂતા હોય છે તોપણ અગ્નિ લાગે તો રાત્રિમાં લોકો ઊઠે છે, તેમ જીવમાં તે તે પ્રકારની ઇચ્છારૂપ ભાવઅગ્નિ પ્રગટ થવાથી લોકો સંસારમાં તે તે પ્રકારની પ્રવૃત્તિરૂપ દોડાદોડ કરે છે. **॥૫૦॥**

શ્લોક :-

रुदन्ति डिम्भरूपाभाः, कषाया हृदयग्रहाः ।

अशुद्धलेश्या संज्ञाश्च, नार्यो धावन्ति विह्वलाः ।।५१।।

શ્લોકાર્થ :-

હૃદયને સ્પર્શનારા બાળકરૂપ કષાયો રડે છે, અશુદ્ધ લેશ્યા અને સંજ્ઞારૂપ નારીઓ વિહ્વળ દોડે છે.

જીવના ચિત્તમાં હૈયાને સ્પર્શે એવા કષાયોરૂપી બાળકો રાગ અને દ્વેષરૂપ અગ્નિને કારણે દોડે છે અને જીવમાં અશુભ લેશ્યાઓ અને આહારાદિ સંજ્ઞાઓ વર્તે છે, તે રૂપ નારીઓ અગ્નિથી વિહ્વળ થઈને દોડાદોડ કરે છે. **॥૫૧॥**

શ્લોક :-

भवकोलाहले मूर्खा, रटन्त्यन्धा इवातुराः ।
ज्ञानिनोऽपि क्रियाशून्या, जनाः क्रोशन्ति पङ्गवः ।।५२।।

શ્લોકાર્થ :-

આંધળા જેવા મૂર્ખરૂપી આતુર જીવો ભવના કોલાહલમાં રટન કરે છે. ક્રિયાથી શૂન્ય એવા પંગુજનરૂપ જ્ઞાની પણ આક્રોશ કરે છે..

જેઓ ભગવાનના શાસનને સ્પર્શ્યા નથી, તેવા આંધળા જીવો ભયના કારણીભૂત કોલાહલમાં બૂમો પાડે છે, તેથી ક્વચિત્ સાધુધર્મ પાળતા હોય, શ્રાવકધર્મ પાળતા હોય તોપણ આત્માના નિરાકુલ સ્વભાવથી પર કોલાહલ સ્વભાવમાં જ પ્રવર્તે છે. વળી, કેટલાક ભગવાનના શાસનને પામ્યા છે. જ્ઞાની છે તોપણ મોહનાશને અનુકૂળ ક્રિયા કરવામાં પંગુ જેવા છે. તેથી બાહ્ય અગ્નિમાં જેમ પંગુ જીવો પોતાના રક્ષણ અર્થે બૂમો પાડે છે, તેમ જ્ઞાની પણ પંગુ જીવો બૂમો પાડે છે કે કષાયોરૂપી અગ્નિ અમારો વિનાશ કરશે. કઈ રીતે અમે રક્ષણ પામશું. **॥૫૨॥**

શ્લોક :-

उच्चैः किलकिलायन्ते, नास्तिकाः षिड्गसन्निभाः ।
मुष्णन्तीन्द्रियश्चौराश्च, धर्मसर्वस्वमङ्गिनाम् ।।५३।।

શ્લોકાર્થ :-

નાસ્તિકરૂપી નપુંસક જેવા જીવો અત્યંત કિલકિલાટ=કલબલાટ કરે છે. ઇન્દ્રિયરૂપી ચોરો જીવોના ધર્મરૂપી સર્વસ્વને લૂંટે છે. ॥૫૩॥

શ્લોક :-

रागाग्निना च दह्यन्ते, सर्वस्वानि शरीरिणाम् ।
किं कुर्म इति शोचन्ति, तद् दृष्ट्वा कृपणाः परे ।।५४।।

શ્લોકાર્થ :-

અને રાગરૂપી અગ્નિથી સંસારી જીવોનું સર્વસ્વ=સર્વધન બળે છે તેને જોઈને=રાગરૂપી અગ્નિથી સર્વધન બળતું જોઈને, કૃપણ એવા બીજા અમે શું કરીએ ? એ પ્રમાણે શોક કરે છે. ।।૫૪।।

શ્લોક :-

भवप्रदीपनं रौद्रं, वर्णितं मुनिनेदृशम् ।
अमातापितृकं चैतदुक्तं त्रातुरभावतः ।।५५।।

શ્લોકાર્થ :-

મુનિ વડે આવું રૌદ્ર ભવપ્રદીપન વર્ણન કરાયું અને રક્ષણ કરનારનો અભાવ હોવાથી આ=ભવપ્રદીપન, અમાતા-પિતાવાળું કહેવાયું. ।।૫૫।।

શ્લોક :-

विबुद्धो मन्त्रवित् तत्र, सर्वज्ञः परमेश्वरः ।
तेन चोत्थाय विहितं, विशालं तीर्थमण्डलम् ।।५६।।

શ્લોકાર્થ :-

ત્યાં=દૃષ્ટાંતમાં વિબુદ્ધ=જાગેલા, મંત્રને જાણનારા સર્વજ્ઞ પરમેશ્વર છે, ઊઠીને તેમના વડે વિશાલ તીર્થમંડલ કરાયું. ।।૫૬।।

શ્લોક :-

गोचन्द्रकाकृतौ तच्च, मध्यलोके प्रकाशितम् ।
धृत्वा धर्मात्मकवचं, सूत्रमन्त्रस्य रेखया ।।५७।।

શ્લોકાર્થ :-

સૂત્ર-મંત્રની રેખાથી ધર્મરૂપ આત્મકવચને ધારણ કરીને મધ્યલોકમાં ગોચંદ્રક આકૃતિમાં તે=તીર્થમંડલ, પ્રકાશિત છે. ।।૫૭।।

શ્લોક :-

तेन देशनयाऽऽह्वानं, समुत्साह्याङ्गिनां कृतम् ।
प्राविशन्मण्डले स्तोका, भवस्थानन्तभागगाः ।।५८।।

कुर्वन्त्यन्ये च नार्यादिपाशस्था धनसंचयम् ।
क्षेपोऽयं तृणकाष्ठादेर्ज्ञेयो जन्मप्रदीपने ।।५९।।

શ્લોકાર્થ :-

તેના વડે=સર્વજ્ઞ વડે, દેશનાથી ઉત્સાહ આપીને જીવોને આહ્વાન કરાયું, ભવમાં રહેલા જીવોના અનંત ભાગમાં રહેલા થોડા જીવો મંડલમાં પ્રવેશ્યા અને નારી આદિના પાશમાં બંધાયેલા=સ્ત્રીધન વગેરેમાં મૂર્ચ્છાવાળા અન્ય જીવો ધનના સંચયને કરે છે. આ=ધનસંચયને કરે છે એ, જન્મરૂપી પ્રદીપનમાં તૃણકાષ્ઠાદિનો ક્ષેપ જાણવો=જન્મપરંપરાની વૃદ્ધિનું કારણ છે. ।।૫૮-૫૯।।

શ્લોક :-

क्षेपोऽत्र घृतकुम्भानां, कषायोद्दीपनं मुहुः ।
तिष्ठन्ति वारितास्ते च, न मूढा मण्डलस्थितैः ।।६०।।

શ્લોકાર્થ :-

અહીં=અગ્નિમાં, વારંવાર કષાયોનું ઉદ્દીપન ઘીના ઘડાઓનો ક્ષેપ છે અને મંડલમાં રહેલા વડે વારણ કરાયેલા, મૂઢ એવા તેઓ રહેતા નથી=કષાયના ઉદ્દીપનથી દૂર રહેતા નથી. ।।૬૦।।

શ્લોક :-

शमाम्बुना न कुर्वन्ति, शान्तिं न प्रविशन्ति च ।
मण्डले नैव शृण्वन्ति हितं हासादि कुर्वते ।।६१।।

શ્લોકાર્થ :-

શમરૂપી પાણી વડે શાંતિને કરતા નથી, મંડલમાં પ્રવેશતા નથી, હિતને સાંભળતા નથી, હાસ્યાદિ કરે છે=મૂઢ જીવો હાસ્યાદિને કરે છે. ।।૬૧।।

શ્લોક :-

केचिदेव प्रबुध्यन्ते, यथाऽसौ बुद्धिमान् मुनिः ।
प्रतिबुद्धो गिरा तेषां, प्रविष्टस्तीर्थमण्डले ।।६२।।

શ્લોકાર્થ :-

કેટલાક જ પ્રબોધનને પામે છે, જે પ્રમાણે આ બુદ્ધિમાન મુનિ તેઓની=મંડલમાં રહેલા જીવોની, વાણીથી, પ્રતિબોધ પામેલા તીર્થમંડલમાં પ્રવેશ્યા. ।।૬૨।।

શ્લોક :-

दृष्टाश्चानेन ते लोकाः, संसारग्रामवासिनः ।
रागद्वेषाग्निनाऽत्यन्तं, दह्यमानाः प्रसर्पता ।।६३।।

શ્લોકાર્થ :-

આમના વડે=તે મુનિ વડે, સંસારરૂપી ગામમાં વસનારા તે લોકો રાગદ્વેષરૂપ અગ્નિ વડે અત્યંત બળતા અને પ્રસર્પણ પામતા જોવાયા. ।।૬૩।।

શ્લોક :-

अशुद्धभावपवनप्रेरितोऽसौ महानलः ।
दहत्यतिभरीभूतो, जीवान् ग्रामेयकानिव ।।६४।।

શ્લોકાર્થ :-

અશુદ્ધ ભાવરૂપ પવનથી પ્રેરિત એવો આ મહાઅગ્નિ અત્યંત વિસ્તાર પામતો જાણે ગ્રામેયક એવા જીવોને બાળે છે. ।।૬૪।।

શ્લોક :-

दृष्ट्वाऽसौ तांस्तथाभूतान्, भीतो यत् प्राव्रजद् भवात् ।
तत् तीर्थमुख्यसाधुत्वं, शिश्रायेति विनिश्चिनु ।।६५।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના તેઓને=અગ્નિથી બળતા એવા ગામના જીવોને, જોઈને ભય પામેલા આ સાધુ ભવથી જે ભાગ્યા, તે તીર્થના મુખ્ય સાધુપણાનો આશ્રય કર્યો, એ પ્રમાણે તું જાણ.

તે સાધુએ ચતુર્વિધ સંઘરૂપ જે તીર્થ છે, તેમાં જે મુખ્ય સાધુપણું છે, તેનો આશ્રય કર્યો એમ તું જાણ. **॥૬૫॥**

શ્લોક :-

मुनिमध्यस्थितश्चैष, न संसारप्रदीपने ।
दह्यते धर्ममेघेन, विध्यापयति तत् परम् ।।६६।।

શ્લોકાર્થ :-

અને મુનિના મધ્યમમાં રહેલા આ=પ્રસ્તુત સાધુ, સંસારપ્રદીપનમાં બળતા નથી, કેવલ ધર્મરૂપી મેઘથી તેને=સંસારરૂપી અગ્નિને, બૂઝવે છે= સંસારના કારણીભૂત એવા કષાયરૂપ અગ્નિને સતત બૂઝવે છે. ॥૬૬॥

શ્લોક :-

प्रदीपनकमुद्दिष्टं, तदिदं मुनिनाऽऽवयोः ।
प्रतिबोधाय तद्भावबोधात् प्रीतिमहं गतः ।।६७।।

શ્લોકાર્થ :-

મુનિ વડે આપણા બેના પ્રતિબોધ માટે તે આ પ્રદીપનક બતાવાયું. તેના ભાવના બોધથી=તે દૃષ્ટાંતના પરમાર્થના બોધથી, હું=અકલંક, પ્રીતિને પામ્યો. ॥૬૭॥

શ્લોક :-

भावश्चायं मुनेरत्र, युवयोर्दह्यमानयोः ।
प्रदीपने ध्रुवं युक्तः, प्रवेशस्तीर्थमण्डले ।।६८।।

શ્લોકાર્થ :-

અહીં=કથાનકને કહેવાના વિષયમાં, મુનિનો આ ભાવ છે. અગ્નિમાં બળતા એવા તમારે બંનેએ તીર્થમંડલમાં નક્કી પ્રવેશ કરવો યુક્ત છે= ભગવાનના શાસનનો સ્વીકાર કરવો યુક્ત છે. ॥૬૮॥

શ્લોક :-

भावोऽयं रोचते मह्यं, तुभ्यं किं रोचते न वा ।
इति श्रुत्वाऽकलङ्कस्य, वचोऽहं मौनमास्थितः ॥६९॥

શ્લોકાર્થ :-

મને આ ભાવ રુચે છે. તને=ઘનવાહનને, શું રુચે છે કે નહિ ? એ પ્રમાણે અકલંકનું વચન સાંભળીને હું=ઘનવાહન, મૌન રહ્યો. ॥૬૯॥

શ્લોક :-

द्वितीयस्य मुनेः पार्श्वमकलङ्को मया सह ।
गत्वा नत्वाऽथ तं भक्त्याऽपृच्छद् वैराग्यकारणम् ॥७०॥

શ્લોકાર્થ :-

મારી સાથે અકલંકે બીજા મુનિ પાસે જઈને, નમીને હવે તેમને ભક્તિથી વૈરાગ્યનું કારણ પૂછ્યું. ॥૭૦॥

શ્લોક :-

स प्राह गृहवासो मे, वैराग्यायानघाभवत् ।
तथाहि गृहमेकत्र, ग्रामे जीर्णमभून्मम ॥७१॥

શ્લોકાર્થ :-

તે કહે છે=બીજા મુનિ કહે છે, મારો ગૃહવાસ વૈરાગ્ય માટે નિર્દોષ કારણ થયો. તે આ પ્રમાણે – એક ગામમાં મારું જીર્ણ ઘર હતું. ॥૭૧॥

શ્લોક :-

निशि चौराः समागत्य, खनन्ति तदनारतम् ।
मुष्णन्ति यदि पश्यन्ति, धनं क्वचन किंचन ॥७२॥

શ્લોકાર્થ :-

રાત્રે ચોરો આવીને તેને=મારા ઘરને, સતત ખોદે છે. જો ક્યાંક કંઈક ધન જુએ છે, ચોરે છે. ।।૭૨।।

શ્લોક :-

क्रूराः पतन्ति मार्जारास्तत्र निर्यान्ति पन्नगाः ।
वृश्चिकाः संचरन्त्युच्चैर्दुःखयन्ति च मूषकाः ।।७३।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે જીર્ણ ઘરમાં, ક્રૂર બિલાડાઓ આવે છે. સાપો નીકળે છે. વીંછીઓ અત્યંત સંચાર કરે છે. ઉંદરો દુઃખી કરે છે. ।।૭૩।।

શ્લોક :-

भग्नाऽभूत् तत्र शय्या मे, वासः शटितमेव च ।
चौरैर्मुषितवित्तस्य, प्राणवृत्तिश्च भिक्षया ।।७४।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે જીર્ણ ઘરમાં, મારી શૈયા ભગ્ન થઈ અને ઘર તૂટેલું જ છે. ચોરો વડે લુંટાયેલા એવા મારી ભિક્ષાથી આજીવિકા છે. ।।૭૪।।

શ્લોક :-

कुरूपा दन्तुरा काणा नित्यं कलहकारिगी ।
भार्या च बह्वपत्यानां, जनयित्री ममाभवत् ।।७५।।

શ્લોકાર્થ :-

કુરૂપ, દાંતવાળી, કાણી, નિત્ય કલહ કરનારી, બહુ પુત્રોને ઉત્પન્ન કરનારી મારી ભાર્યા થઈ. ।।૭૫।।

શ્લોક :-

मलमूत्रैरपत्यानां, नासावशुचि लिम्पति ।
गृहं तनोति नातिथ्यमतिथेरागतस्य च ।।७६।।

શ્લોકાર્થ :-

મલ-મૂત્રોથી પુત્રોની અશુચિને આ=ભાર્યા, સાફ કરતી નથી, ઘરમાં આવેલા અતિથિના આતિથ્યને કરતી નથી. ॥૭૬॥

શ્લોક :-

पुञ्जं च तृणधूलीनां, गृहान्नापनयत्यसौ ।
तमोमय्यां न शर्वर्यां, दीपमुद्दीपयत्यपि ॥७७॥

શ્લોકાર્થ :-

આ=સ્ત્રી, ગૃહમાંથી તૃણધૂલિના પુંજને દૂર કરતી નથી. અંધકારમયી એવી રાત્રિમાં દીવાને ઉદ્દીપિત પણ કરતી નથી. ॥૭૭॥

શ્લોક :-

गृहपार्श्वे ममाभूवंश्चाण्डालाः प्रातिवेश्मिकाः ।
व्याधाश्च मैनिका म्लेच्छा, मद्यपाश्च सहस्रशः ॥७८॥

શ્લોકાર્થ :-

મારા ઘરની પાસે પાડોશીઓ ચાંડાલો, શિકારીઓ, માછીમારો, મ્લેચ્છ અને હજાર વાર મધપાન કરનારા હતા. ॥૭૮॥

શ્લોક :-

अस्थिभिस्तद्विनिक्षिप्तैरन्यैश्चाशुचिसंचयैः ।
नाभूद् गृहविभागो मे, तद्गृहेभ्यः कदाचन ॥७९॥

શ્લોકાર્થ :-

તેમના વડે ફેંકાયેલાં હાડકાંઓ વડે=પાડોશી વડે નંખાયેલાં હાડકાંઓ વડે અને અન્ય અશુચિના સમૂહથી તેઓના ઘરોથી=ખરાબ પાડોશીઓના ઘરોથી, મારા ગૃહનો વિભાગ ક્યારેય થયો નહિ. ॥૭૯॥

શ્લોક :-

सर्वोऽपि मादृशः प्रायस्तद्ग्रामस्थो जनो यतः ।
तन्न केनाप्यहं तत्र, निषिद्धो नापि निन्दितः ॥८०॥

શ્લોકાર્થ :-

જે કારણથી તે ગામમાં રહેલો સર્વ પણ જન પ્રાયઃ મારા જેવો હતો, તે કારણથી ત્યાં=તે ગામમાં, કોઈના વડે પણ હું નિષેધ કરાયો નહિ અને નિંદા કરાયો નહિ. ।।૮૦।।

શ્લોક :-

दुरवस्थां गतस्यापि तादृशीं कुरुते रतिम् ।
विड् गर्ताशूकरस्येव, गृहवासः स मे सदा ।।८१।।

શ્લોકાર્થ :-

જેમ ખાડામાં પડેલા ભૂંડને વિષ્ટા તેમ તેવા પ્રકારની=પૂર્વમાં વર્ણન કર્યું તેવા પ્રકારની, ખરાબ અવસ્થાને પામેલા પણ મને, તે ગૃહવાસ સદા રતિને કરે છે. ।।૮૧।।

શ્લોક :-

गृहस्थानन्यदाऽद्राक्षमेकत्राहं गतः पुरे ।
महासौधस्थितान् पूतांस्तैरहं प्रतिबोधितः ।।८२।।

શ્લોકાર્થ :-

અન્યદા એક નગરમાં ગયેલા એવા મેં મહામહેલમાં રહેલા પવિત્ર એવા ગૃહસ્થોને જોયા, તેઓ વડે હું પ્રતિબોધિત કરાયો. ।।૮૨।।

શ્લોક :-

तद्ग्रामगृहवासस्य, स्वरूपं तैर्निवेदितम् ।
संहता मोहमाया च स्वतुल्यस्तैरहं कृतः ।।८३।।

શ્લોકાર્થ :-

તે ગામના ગૃહવાસનું સ્વરૂપ=જે નગરમાં હું ગયો તે ગામના ગૃહવાસનું સ્વરૂપ, તેઓ વડે નિવેદિત કરાયું અને મોહમાયા સંહત થઈ=પોતાના કુત્સિત ઘરમાં જે મોહમાયા હતી તે દૂર થઈ, તેઓ વડે=સુંદર મહેલમાં રહેનારા મહાત્માઓ વડે, હું સ્વતુલ્ય કરાયો. ।।૮૩।।

શ્લોક :-

तत: कुर्वे कृपां दृष्ट्वा, तद्ग्रामगृहवासिनः ।
तदयं गृहवासो मे, जातो वैराग्यकारणम् ।।८४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે ગ્રામવાસીઓની કૃપાને જોઈને મેં કર્યું=તેમના જેવો ગૃહવાસ સ્વીકાર કર્યો, તે આ મારો ગૃહવાસ વૈરાગ્યનું કારણ થયું. ।।૮૪।।

શ્લોક :-

तदाकर्ण्य प्रवृत्तोहो, जातिस्मृतिमवाप्नुवन् ।
अकलङ्कः स्मृताभ्यस्तश्रुतो भावमलक्षयत् ।।८५।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=બીજા મુનિના વૈરાગ્યનું કારણ સાંભળીને, પ્રવૃત્ત ઊહવાળા એવા મેં જાતિસ્મરણને પ્રાપ્ત કર્યું, સ્મરણથી અભ્યસ્ત શ્રુતવાળા અકલંકે=જાતિસ્મરણને કારણે અભ્યસ્ત શ્રુતવાળા અકલંકે, ભાવને જાણ્યો=બીજા મુનિએ કહેલા વૈરાગ્યના કારણના ભાવને જાણ્યો. ।।૮૫।।

શ્લોક :-

तं नत्वा चलितः सोऽथ, तृतीयमुनिसम्मुखम् ।
किमनेनोक्तमित्युच्चैर्मया पृष्टो जगाविदम् ।।८६।।

શ્લોકાર્થ :-

તેને નમીને=બીજા મુનિને નમીને, તે=અકલંક, હવે ત્રીજા મુનિ સન્મુખ ચાલ્યો, આમના વડે શું કહેવાયું, એ પ્રમાણે અત્યંત મારા વડે પુછાયેલો આ=આગળમાં જે કહે છે એ, બોલ્યો=અકલંક બોલ્યો. ।।૮૬।।

શ્લોક :-

ग्रामो भवप्रवाहाख्यः, प्रोक्तोऽनेन महात्मना ।
गृहं चानादिचैतन्यं, जीर्णं पर्यायहानितः ।।८७।।

શ્લોકાર્થ :-

આ મહાત્મા વડે ભવપ્રવાહ નામનો ગ્રામ કહેવાયો અને પર્યાયની હાનિથી જીર્ણ અનાદિ ચૈતન્યવાળું ગૃહ કહેવાયું.

અનાદિકાળથી સંસારી જીવોમાં જે ભવપરંપરા ચાલે છે, તે ભવની પરંપરારૂપ ગામ છે અને તે ગામમાં આત્માના ઉત્તમ ભાવોરૂપ પર્યાયોની હાનિને કારણે અનાદિ ચૈતન્યરૂપ ગૃહ જીર્ણ થયું છે તેમ કહ્યું; કેમ કે જીવનું ચૈતન્ય કર્મોથી અત્યંત હણાયેલું છે, તેથી જીર્ણ છે. **॥૮૭॥**

શ્લોક :-

खनन्ति तदविद्यायां, रात्रौ विषयतस्कराः ।
मुष्णन्ति शुभसंकल्पं, धनं पश्यन्ति ते यदि ।।८८।।

શ્લોકાર્થ :-

તેને=અનાદિ ચૈતન્યરૂપ ગૃહને, અવિદ્યારૂપી રાત્રિમાં વિષયરૂપી ચોરો ખોદે છે. જો તેઓ=વિષયરૂપી ચોરો, શુભ સંકલ્પરૂપ ધનને જુએ છે, તો ચોરે છે.

જીવમાં પોતાના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનરૂપ રાત્રિ વર્તે છે. તેથી જ ગાઢ અંધકાર વર્તે છે અને જીવમાં વિષયની પરિણતિરૂપ ચોરો અનાદિ ચૈતન્યરૂપ ગૃહને સતત ક્ષીણ કરે છે. આથી જ અત્યંત ક્ષીણ થયેલા જીવો નરક, નિગોદમાં ફરે છે. વળી, જીવમાં કોઈક શુભભાવરૂપ ધન પ્રગટ થયેલો હોય, જેથી આત્મકલ્યાણને અભિમુખ જીવ બન્યો હોય ત્યારે વિષયોની ઇચ્છારૂપ ચોરો તેના શુભસંકલ્પનો નાશ કરે છે. **॥૮૮॥**

શ્લોક :-

पतन्तीन्द्रियमार्जाराः, शममूषकभक्षिणः ।
मदानामुदयस्तत्र, व्यालनिर्गमसन्निभः ।।८९।।

શ્લોકાર્થ :-

શમરૂપી ઉંદરોને ભક્ષણ કરનારા ઈન્દ્રિયરૂપી બિલાડાઓ આવે છે,

ત્યાં=તે ગૃહમાં, સાપના નિર્ગમ જેવા મદોનો ઉદય છે=માનનો ઉદય છે.

અનાદિ ચૈતન્યરૂપ ઘર જીર્ણ હોવાથી બિલાડાઓ જેવા ઇન્દ્રિયોના પરિણામો જીવમાં પ્રગટ થાય છે, જે શમભાવની પરિણતિરૂપ ઉંદરોનું ભક્ષણ કરનારા છે. વળી નિમિત્તોને પામીને જીવને આઠ પ્રકારના મદો થાય છે, તે જીર્ણ ઘરમાં સાપના નીકળવા તુલ્ય છે. **II૮૯II**

શ્લોક :-

वृश्चिकानां च संचारो, दैन्योद्दीपनलक्षणः ।
संकल्पा मूषका ध्यानसारग्रन्थिच्छिदाऽर्तिदाः ।।९०।।

શ્લોકાર્થ :-

દૈન્યના ઉદ્દીપન રૂપ વીંછીઓનો સંચાર છે, ધ્યાનના સારરૂપ ગાંઠને છેદનારા પીડાને કરનારા સંકલ્પરૂપી ઉંદરો છે.

તે જીર્ણ ઘરમાં જેમ વીંછીઓ નીકળતા હતા, તેમ જીવમાં પ્રતિકૂળ સંયોગોના નિમિત્તે જે દૈન્યનું ઉદ્દીપન થાય છે, એ વીંછીઓના સંચાર જેવું છે અને જેમ ઉંદરો દોરડાંઓને કાપી નાંખે છે અને અતિ પીડા ઉત્પન્ન કરે છે, તેમ જીવમાં બાહ્ય પદાર્થને આશ્રયીને જે સંકલ્પો થાય છે કે આ મને ઇષ્ટ છે કે આ મને અનિષ્ટ છે તે ધ્યાનના સારરૂપ જે નિર્વિકલ્પ દશારૂપ ગ્રંથિ છે, તેનો નાશ કરનારા છે અને જીવને રાગ-દ્વેષની પીડાને દેનારા છે. **II૯૦II**

શ્લોક :-

भङ्गश्च सुखशय्यायास्तत्र दुःखप्रहारतः ।
वसतस्तत्र तुच्छाशावासः शटितमिष्यते ।।९१।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે ગૃહમાં, દુઃખના પ્રહારથી સુખશય્યાનો ભંગ છે. ત્યાં=તે ઘરમાં, વસતા એવા મારો તુચ્છ આશાનો આવાસ=નિવાસસ્થાન, શટિત=નાશ થયેલો, ઈચ્છાય છે.

સંસારમાં જીવોને અશાતાકૃત દુઃખો અને કષાયોકૃત દુઃખોના પ્રહારથી

સંતોષરૂપ સુખશય્યાનો ભંગ થાય છે અને તેવા જીર્ણ ઘરમાં વસતા સંસારી જીવને પોતાના સંયોગ અનુસાર તુચ્છ આશાઓ વર્તે છે કે આ રીતે ધનાદિ મળશે તો હું સુખી થઈશ, તે નાશ પામેલ જેવી છે; કેમ કે પ્રાયઃ બધી આશાઓ પૂર્ણ થતી નથી. **॥૯૧॥**

શ્લોક :-

भिक्षया प्राणवृत्तिश्च, वासवादेरपीष्यते ।
भवस्थस्य पराधीनपुद्गलादानलक्षणा ।।९२।।

શ્લોકાર્થ :-

ભવમાં રહેલા વાસવાદિની પણ=વાસુદેવાદિની પણ પરાધીન પુદ્ગલના ગ્રહણરૂપ આજીવિકા ભિક્ષાથી ઈચ્છાય છે.

જેઓ પુદ્ગલના સુખમાં પોતાનું સુખ માને છે, એવા વાસુદેવ આદિ પણ આત્માના નિરાકુળ સ્વભાવમાં નહિ રહેનાર હોવાથી પુદ્ગલોની ભીખ માંગીને પોતાના જીવનનો નિર્વાહ કરે છે. **॥૯૨॥**

શ્લોક :-

भार्या च ममतादोषदन्तोच्चत्वेन दन्तुरा ।
परलोकेक्षणाभावात् काणा काष्र्यात् कुरूपिणी ।।९३।।

શ્લોકાર્થ :-

મમતારૂપી ભાર્યાના દોષરૂપી દાંતનું ઊંચાપણું હોવાને કારણે દાંતવાળી ભાર્યા છે, પરલોકને જોવાનો અભાવ હોવાથી કાણી છે, કાળાપણું હોવાને કારણે કુરૂપ છે.

જીવને સુખ આપનાર ભાર્યા સમતા છે, પરંતુ સંસારી જીવોમાં મમતાના પરિણામને કારણે ઊંચા દાંતવાળી તેની ભાર્યા છે એમ કહેલ છે. વળી ચક્ષુથી પદાર્થ યથાર્થ દેખાય છે, પરંતુ પરલોકને જોવાની દૃષ્ટિનો અભાવ હોવાથી અને બાહ્ય દૃષ્ટિ હોવાથી તેની પત્ની કાણી છે. વળી, અશુભ લેશ્યારૂપ કાળાશને કારણે કુરૂપ છે. **॥૯૩॥**

શ્લોક :-

कुरुतेऽसावभिमतालाभेन कलहं सदा ।
सूतेऽनन्तान्यपत्यानि, रागादीनि पुनः पुनः ।।९४।।

શ્લોકાર્થ :-

આ=મમતારૂપી ભાર્યા, ઈચ્છિતના અલાભને કારણે સદા કલહ કરે છે. ફરી ફરી રાગાદિરૂપ અનંત પુત્રોને જન્મ આપે છે.

જીવમાં વર્તતો મમતાનો પરિણામ પોતાને ઇચ્છિત પ્રાપ્ત ન થાય, ત્યારે જીવને કલહ ઉત્પન્ન કરે છે અને જીવમાં રાગાદિ અનંત પુત્રોને જન્મ આપે છે, જેથી તે પુત્રોના ક્લેશો જીવને સદા પ્રાપ્ત થાય છે. **॥૯૪॥**

શ્લોક :-

विकारैर्मृदुतीव्रैश्च, तन्मूत्रमलसन्निभैः ।
सन्तोषगोमयरसैर्गृहं नाशुचि लिम्पति ।।९५।।

શ્લોકાર્થ :-

તેના=તે પુત્રના, મૂત્ર, મલ જેવા મૃદુ તીવ્ર એવા વિકારોથી અશુચિ એવા ગૃહને સંતોષરૂપી ગોમયના રસથી લીંપણ કરતી નથી.

જીવમાં મમતાની પરિણતિ વર્તે છે તે ઘણા રાગાદિ પરિણામો પ્રગટ કરે છે અને તે સર્વ પુત્રોના મલ-મૂત્ર જેવા અનેક વિકારો જીવમાં પ્રગટ થાય છે, જેથી જીવનું અનાદિ ચૈતન્યરૂપ ગૃહ અત્યંત મલિન બને છે. તેવા અશુચિવાળા ઘરને સમતા જ સંતોષરૂપ ગોમયના રસથી સ્વચ્છ કરે છે, પરંતુ જેઓને મમતારૂપી ભાર્યા મળેલી છે, તેઓ સંતોષને અભિમુખ જ થતાં નથી, તેથી તેનું ઘર સંતોષરૂપી ગોમૂત્રથી લેપાતું નથી. **॥૯૫॥**

શ્લોક :-

अतिथेः कुलधर्मादिप्रसंगादागतस्य सा ।
आतिथेयीं वितनुते, न नाम परमात्मनः ।।९६।।

શ્લોકાર્થ :-

કુલધર્માદિના પ્રસંગથી આવેલા પરમાત્મારૂપ અતિથિનું તે=મમતારૂપી ભાર્યા, અતિથિપણું કરતી નથી.

કોઈક રીતે કોઈ જીવ સારા કુળમાં જન્મે અને તે સારા કુળને કારણે જ પરમાત્માનું સ્વરૂપ સાંભળવા મળે તો વિવેકીજન પરમાત્માની ભક્તિ કરીને તેમનું તે રીતે સ્વાગત કરે છે કે જેથી પરમાત્મારૂપી અતિથિના સત્કારનું ઉત્તમ ફળ તે મહાત્માને પ્રાપ્ત થાય છે પરંતુ જેનામાં મમતાની પ્રચુર પરિણતિ છે, તેઓ પરમાત્માની પણ તે પ્રકારની ભક્તિ કરતા નથી. **॥૯૬॥**

શ્લોક :-

स्वचैतन्यगृहात् कर्मफलसंवित्तिलक्षणम् ।
नोत्सारयति सा हन्त, तृणधूलिकदम्बकम् ।।९७।।

શ્લોકાર્થ :-

તે=મમતારૂપી ભાર્યા, કર્મના ફલની સંવિત્તિરૂપ તૃણ, ધૂલિના સમૂહને સ્વચૈતન્યરૂપ ગૃહથી દૂર કરતી નથી.

આત્મા પોતાના ચૈતન્યરૂપ ગૃહમાં રહે છે અને સમતાની પરિણતિ પૂર્વમાં કરાયેલાં કર્મોના ફળને કારણે જે અશાતાદિ સંવેદનો થાય છે અને તેના કારણે જે કાલુષ્ય થાય છે, તે રૂપ તૃણધૂલિકાના સમૂહને દૂર કરીને ઘરને સ્વચ્છ રાખે છે પરંતુ મમતાની પરિણતિ તો તે અશુભ પરિણતિઓને કાઢવા માટે કોઈ યત્ન કરતી નથી, તેથી તેનું ગૃહ કચરાથી ભરાયેલું દેખાય છે. **॥૯૭॥**

શ્લોક :-

सत्सङ्गाख्यमविद्यायां, रात्रौ दीपं तनोति न ।
भार्यारूपेण तदसौ, संपन्ना गृहभङ्गकृत् ।।९८।।

શ્લોકાર્થ :-

અવિદ્યારૂપ રાત્રિમાં સત્સંગ નામના દીપને પ્રગટ કરતી નથી, તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું તેવી આ ભાર્યા છે તે કારણથી, ભાર્યારૂપે

પ્રાપ્ત થયેલી આ ગૃહના ભંગને કરનારી છે.

જેઓને બાહ્ય પદાર્થોમાં અત્યંત મમતા છે, તેઓ તત્ત્વજિજ્ઞાસાથી ઉત્તમ જીવોનો સંગ કરતા નથી. પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે આ મમતારૂપી ભાર્યા આત્માના ઘરને નાશ કરનારી છે. **॥૯૮॥**

શ્લોક :-

अनेन घातिकर्माणि, चाण्डालाः प्रातिवेश्मिकाः ।
खलसंगा मता व्याधा, गुणौघमृगघातिनः ।।९९।।

શ્લોકાર્થ :-

આ ઘરની પાસે પાડોશીઓ ઘાતિકર્મોરૂપ ચાંડાલો છે, ખલના સંગરૂપી શિકારીઓ ગુણના સમૂહરૂપ મૃગને ઘાત કરનારા મનાયા છે.

અનાદિ ચૈતન્યરૂપ ગૃહની સાથે અતિ સંલગ્ન ઘાતિકર્મો છે, જે ચંડાલ જેવાં છે; કેમ કે જીવને અત્યંત મલિન કરે છે. વળી, જીવમાં કોઈક રીતે ગુણનો સમૂહ પ્રગટ થયો હોય તેનો નાશ કરનારા ખલપુરુષોના સંગમોરૂપ શિકારીઓ છે; કેમ કે ખલપુરુષો માર્ગનો વિપર્યાસ કરાવીને જીવના ગુણોનો વિનાશ કરે છે. **॥૯૯॥**

શ્લોક :-

मैनिका मूर्खतोन्मादा, मेधामीननिबर्हणाः ।
मिथ्यात्वसंचया म्लेच्छा, भाषादेशार्यताभिदः ।।१००।।

શ્લોકાર્થ :-

બુદ્ધિરૂપી માછલીને નાશ કરનાર મૂર્ખતાના ઉન્માદરૂપ માછીમારો છે. ભાષા, દેશ અને આર્યતાનો ભેદ કરનારા મિથ્યાત્વના સંચયરૂપ મ્લેચ્છો છે.

જીવમાં તત્ત્વને જોનારી માર્ગાનુસારી દૃષ્ટિરૂપ મેધા છે, તે રૂપ માછલીને નાશ કરનાર મૂર્ખતાનો ઉન્માદ છે. આથી જ પોતાની મંદ મતિમાં અધિકતાનો ભ્રમ કરીને માર્ગાનુસારી બુદ્ધિનો તેઓ નાશ કરે છે. વળી, મ્લેચ્છો સુંદર ભાષા

અને દેશની સુંદર આર્યતાનો નાશ કરનારા હોય છે, તેમ જીવમાં મિથ્યાત્વનો સંચય સન્માર્ગનો નાશ કરનાર છે, તેથી મ્લેચ્છ જેવો છે. **॥૧૦૦॥**

શ્લોક :-

मद्यपाः कुमनोरूपा, व्यत्यासमदघूर्णिताः ।
अविवेकास्थिविक्षेपाशुचीनि प्रक्षिपन्ति ते ।।१०१।।

શ્લોકાર્થ :-

વ્યત્યાસરૂપી મદથી ઘૂર્ણિત=વિપર્યાસરૂપ મદથી ઘૂર્ણિત, કુત્સિતમનરૂપ દારૂને પીનારા હોય છે, તેઓ અવિવેકરૂપી હાડકાંઓના વિક્ષેપથી અશુચિનો પ્રક્ષેપ કરે છે.

જેમ દારૂ પીનારા જીવો દારૂના નશામાં ધૂણતા હોય છે, તેમ સંસારી જીવો આત્માના વિચારોને છોડીને કુત્સિત વિચારોના પરિણામોમાં ધૂણતા હોય છે. વળી, મદ્ય પીનારાઓ સર્વત્ર માંસાદિ ખાઈને હાડકાંઓ આદિ નાંખે છે, તેમ સંસારી જીવો પણ અવિવેકરૂપી હાડકાંઓને નાંખીને આત્માને અશુચિવાળો બનાવે છે. **॥૧૦૧॥**

શ્લોક :-

ततोऽस्य गृहपार्थक्यं, न सतां लक्ष्यतां गतम् ।
न निन्द्यतां च तादृक्षसर्वतद्ग्रामवासिनाम् ।।१०२।।

શ્લોકાર્થ :-

તેથી આનું=આ સાધુનું, ગૃહનું પૃથક્પણું સંતોની લક્ષ્યતામાં ગયું નહિ અને તેવા પ્રકારના સર્વ ગ્રામવાસીઓની નિંધતાને ગયું નહિ.

માછીમારો આદિ જીવોની વસતિમાં તે વસતા હોવાથી અને આચારોથી પણ તેવા જ થવાથી તે સાધુનું ગૃહ તે માછીમારો તુલ્ય હોવા છતાં પણ સંતપુરુષોને આનુ ગૃહ પૃથક્ છે, તેવું જણાયું નથી; કેમ કે પ્રસ્તુત જીવ ધર્મને યોગ્ય હતો છતાં આચારોથી અનુચિત પ્રવૃત્તિ કરનાર હોવાથી સાધુઓ તેને અયોગ્ય જાણીને ઉપદેશ આપતા નહતા. વળી, તે ગામમાં વર્તનારા સર્વ

ગ્રામવાસીઓ તેવા જ હોવાથી તે મહાત્માનો ગૃહવાસ નિંદ્યતાને પામ્યો નહિ; કેમ કે બધા જીવો સમાન પ્રકૃતિવાળા હોય તો તેની પ્રવૃત્તિ શિષ્ટ લોકોને નિંદ્ય હોવા છતાં તેના જેવા જીવોને તે પ્રવૃત્તિ નિંદ્ય ભાસતી નથી. **॥૧૦૨॥**

શ્લોક :-

अन्यदा च महात्माऽसौ, पुरे जैनाभिधे गतः ।
तत्र सत्साधवो दृष्टाः, समताभार्यया युताः ।।१०३।।

શ્લોકાર્થ :-

અને અન્યદા આ મહાત્મા જૈન નામના નગરમાં ગયા, ત્યાં=જૈન નગરમાં, સમતા ભાર્યાથી યુક્ત સત્ સાધુઓ જોવાયા.

મમતા ભાર્યાવાળા ઘરમાં રહેનાર તે સાધુનો આત્મા ક્યારેક અપ્રમત્ત શિખર ઉપર વર્તતાં જૈન નગરમાં ગયો અને સાધુઓ જોયા, તેઓનું ચિત્ત સર્વત્ર સમભાવવાળું હતું, તેથી બાહ્ય ઇચ્છાઓથી પર સદા સમતા નામની પત્ની સાથે સુખપૂર્વક તેઓ રહેલા હતા. **॥૧૦૩॥**

અવતરણિકા :-

વળી, તે સાધુઓ કેવા છે તે બતાવે છે –

શ્લોક :-

स्थिता ज्ञानमहासौधे, भावरत्नकृते नवे ।
तेजस्विनो महावीर्याः, सर्वदोषविवर्जिताः ।।१०४।।

શ્લોકાર્થ :-

નવા ભાવરત્નથી કરાયેલા જ્ઞાનરૂપી મોટા મહેલમાં રહેલા હતા, તેજસ્વી, મહાવીર્યવાળા, સર્વ દોષથી વિવર્જિત હતા.

જૈન નગરમાં વસતા તે સાધુઓ મોહનાશને અનુકૂળ ઉત્તમ ભાવોરૂપી રત્નોથી કરાયેલા નિર્મળ જ્ઞાનની પરિણતિરૂપ મહામહેલમાં રહેલા હતા, ચોરટાઓને નાશ કરવામાં તેજસ્વી હતા, મહાવીર્યવાળા હતા અને બાહ્ય નિમિત્તોમાં સંશ્લેષવાળા નહિ હોવાથી સર્વ દોષથી રહિત હતા. **॥૧૦૪॥**

શ્લોક :-

युताः सत्यादिभिः पुत्रैः, शोभनप्रातिवेश्मिकाः ।
तात्त्विकीं श्रेयसां भूमिं, कलयन्तो गृहस्थताम् ।।१०५।।

શ્લોકાર્થ :-

સત્યાદિ પુત્રોથી યુક્ત, સુંદર પાડોશીવાળા, તાત્ત્વિકી, કલ્યાણની ભૂમિરૂપ ગૃહસ્થતાને અનુભવતા હતા.

તે સાધુઓ સમતાની પરિણતિવાળા હોવાથી સત્ય, શૌચાદિ પરિણતિરૂપ પુત્રોવાળા હતા; કેમ કે સમતાથી સત્યાદિની પરિણતિ પ્રાપ્ત થાય છે. વળી, તે સાધુઓ સુસાધુઓની વચમાં વસનારા હોવાથી શોભન પાડોશીવાળા હતા અને તાત્ત્વિક આત્માનું કલ્યાણ થાય તેવી ઉત્તમ ભૂમિકાવાળી ગૃહસ્થતાને તેઓ અનુભવતા હતા. **॥૧૦૫॥**

શ્લોક :-

तैः सम्यक्त्वौषधीं दत्त्वा, मोहमायाऽस्य संहृता ।
उद्विग्नोऽसौ ततो ज्ञात्वा, स्वीयगार्हस्थ्यदुःस्थताम् ।।१०६।।

શ્લોકાર્થ :-

તેઓ વડે=જૈન કુળમાં જોવાયેલા સાધુઓ વડે, સમ્યક્ત્વૌષધી આપીને આની=પ્રસ્તુત જીવની, મોહમાયા સંહરણ કરાઈ, તેથી પોતાની ગૃહસ્થતાની દુઃસ્થતાને જાણીને આ=પ્રસ્તુત સાધુ, ઉદ્વિગ્ન થયા.

અકલંકને પોતાના વૈરાગ્યનું કારણ કહેનારા સાધુને જ્યારે જૈનપુરીમાં સત્ સાધુઓ મળ્યા, તેઓએ સુંદર ગૃહસ્થપણું કેવું છે ? અને અસુંદર ગૃહસ્થપણું કેવું છે ? તેનો પારમાર્થિક બોધ કરાવ્યો. તેથી તે મહાત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. તેના કારણે તે મહાત્માને જે પોતાના અસાર ગૃહસ્થ પ્રત્યે મોહ હતો તે દૂર થાય છે અને જણાય છે કે આ મહાત્માઓનું જ ગૃહસ્થપણું સુંદર છે. તેથી પોતાના અસાર ગૃહસ્થપણા પ્રત્યે જે તે મહાત્માને ઉદ્વેગ થયો તે સંસાર પ્રત્યે નિર્વેદનો પરિણામ છે. **॥૧૦૬॥**

શ્લોક :-

गार्हस्थ्यमुररीचक्रे, तां विहायैष तात्त्विकम् ।
भवग्रामगृहस्थेषु, जाताऽस्याथ महाकृपा ।।१०७।।

શ્લોકાર્થ :-

તેને છોડીને=પોતાની ખરાબ ગૃહસ્થ અવસ્થાને છોડીને, આણે=પ્રસ્તુત સાધુએ, તાત્ત્વિક ગૃહસ્થપણું સ્વીકાર્યું, હવે ભવરૂપી ગ્રામમાં રહેલા ગૃહસ્થોમાં આમને=પ્રસ્તુત સાધુને, મહાકૃપા થઈ.

સમ્યક્ત્વની પ્રાપ્તિને કારણે તે મહાત્માએ સંયમ ગ્રહણ કર્યું. તેથી તે મહાત્મા તાત્ત્વિકી ગૃહસ્થતાને પામ્યા. જેથી સંસાર અવસ્થામાં પણ સુખ-શાંતિથી જીવે છે અને પૂર્વમાં જે ભવગ્રામમાં પોતે હતા તે ગામમાં વસતા જીવોને જોઈને આ સાધુને તેઓ પ્રત્યે અત્યંત કૃપા થાય છે. તેથી વિચારે છે કે હું શું કરું જેથી આ જીવોને પણ આવી ઉત્તમ ગૃહસ્થતા પ્રાપ્ત થાય ? **॥૧૦૭॥**

શ્લોક :-

प्रदर्शयन्नयं स्वीयगृहवासस्य दुःस्थताम् ।
वैराग्योद्दीपनात् स्वान्तमाक्षिपत्यावयोरपि ।।१०८।।

શ્લોકાર્થ :-

પોતાના ગૃહવાસની દુઃસ્થતાને બતાવતા આ=પ્રસ્તુત સાધુ, વૈરાગ્યના ઉદ્દીપનથી આપણે બંનેને પણ=અકલંક અને ઘનવાહન એવા આપણે બંનેને પણ, સ્વાંત આક્ષેપ કરે છે=પોતાની પાસે આવવાનું સૂચન કરે છે.

તે મહાત્માને સંસારી જીવોના પ્રત્યે મહા કૃપા થઈ, તેથી પોતાનો પૂર્વનો ગૃહસ્થવાસ કઈ રીતે ભાવથી દુઃસ્થ હતો તે બતાવીને વિશાળ ભોગવાળું પણ ગૃહસ્થજીવન અત્યંત ક્લેશકારી છે, તેમ બતાવેલ છે અને તેના દ્વારા આપણે બંનેને પણ વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે અને સુખી થવા અર્થે તાત્ત્વિક ગૃહસ્થવાસ સ્વીકારવા આક્ષેપ કરે છે. **॥૧૦૮॥**

શ્લોક :-

यादृशो गृहवासोऽस्य, निन्द्यो दुःखैककारणम् ।
छन्नोऽप्यज्ञानसंमोहादावयोरपि तादृशः ।।१०९।।

શ્લોકાર્થ :-

આનો=પ્રસ્તુત સાધુનો, જેવો ગૃહવાસ નિંદ્ય, દુઃખનું એક કારણ છે, અજ્ઞાનના સંમોહથી ઢંકાયેલો પણ આપણા બંનેનો તેવા પ્રકારનો છે.

અકલંક ઘનવાહનને કહે છે. જેવો આ મહાત્માનો પૂર્વનો ગૃહસ્થવાસ નિંદ્ય અને દુઃખનું એક કારણ છે, તેવો જ આપણા બંનેનો છે. ફક્ત અજ્ઞાનરૂપી સંમોહને કારણે તેવો પ્રતિભાસ આપણને થતો નથી. **॥૧૦૯॥**

શ્લોક :-

त्यागार्होऽयं न तन्मित्र, किं तवाप्यवभासते ।
वाचमित्यकलङ्कस्य, श्रुत्वाऽहं मौनमास्थितः ।।११०।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે મિત્ર ! ઘનવાહન ! તને પણ આ=આપણો ગૃહવાસ, ત્યાગને યોગ્ય શું ભાસતો નથી ? અકલંકની આ પ્રકારની વાણીને સાંભળીને હું મૌન રહ્યો. ।।૧૧૦।।

શ્લોક :-

मुनेरथ तृतीयस्य, सोऽकलङ्को मयाऽन्वितः ।
गतोऽन्तिकमपृच्छत् तं, कुतोऽभूस्त्वं विरागवान् ।।१११।।

શ્લોકાર્થ :-

હવે, અકલંક મારાથી યુક્ત ત્રીજા મુનિની પાસે ગયો, તેમને=તે મુનિને, પૂછ્યું, તમે વિરાગવાન શેનાથી થયા ? ।।૧૧૧।।

શ્લોક :-

तेन प्रोक्तं मया भद्र !, मद्यापानकमीक्षितम् ।
तदेव मम संपन्नं, भववैराग्यकारणम् ।।११२।।

શ્લોકાર્થ :-

તેમના વડે=તે મુનિ વડે, કહેવાયું, હે ભદ્ર ! મારા વડે મધપાનક જોવાયું, તે જ મને ભવમાં વૈરાગ્યનું કારણ થયું. ||૧૧૨||

શ્લોક :-

आसं तत्र मदोन्मत्तो, बोधितो ब्राह्मणैस्ततः ।
अकलङ्को बभाषे तं, यादृगापानके स्थितः ।।११३।।
बोधितो ब्राह्मणैर्यैश्च, तत्सर्वं वक्तुमर्हसि ।
मुनिः प्राह ततः स्वीयमापानकविचेष्टितम् ।।११४।।

શ્લોકાર્થ :-

ત્યાં=દારૂના પીઠામાં, મત્તથી ઉન્મત્ત હું હતો, ત્યારપછી બ્રાહ્મણો વડે બોધ કરાવાયો, અકલંકે તેમને=તે મુનિને કહ્યું, જેવા પ્રકારના આપાનકમાં રહેલા અને જે બ્રાહ્મણોથી બોધ કરાયા, તે સર્વ કહેવા માટે યોગ્ય છે. ત્યારપછી મુનિ પોતાના આપાનકના વિચેષ્ટિતને કહે છે=પોતે દારૂના પીઠામાં શું વિપરીત ચેષ્ટા કરી તેને કહે છે. ||૧૧૩-૧૧૪||

શ્લોક :-

चित्रासवसुरापूर्णं राजितं शितिनीरजैः ।
लोकैश्च चारुचषकसरकैर्मदघूर्णितैः ।।११५।।
नानाविधविलासाढ्यं, कृततालमहारवम् ।
मत्तकान्तजनाकीर्णं, प्रौढस्त्रीकृतविभ्रमम् ।।११६।।
वीणामर्दलकांस्यादिनादवर्धितसंमदम् ।
सेवितं सर्वसामग्रीयुक्तमापानकं मया ।।११७।।

શ્લોકાર્થ :-

અનેક પ્રકારના દારૂ અને સુરાથી પૂર્ણ, કાળાં કમળોવાળા સુંદર પ્યાલા અને પાત્રો વડે, મદથી ઘૂર્ણિત લોકો વડે શોભતું, નાના પ્રકારના

વિલાસથી યુક્ત, કરાયેલા તાલના મોટા અવાજવાળું, મત્ત અને મનોહર જનોથી આકીર્ણ, પ્રૌઢ સ્ત્રીઓથી કરાયેલા વિભ્રમવાળું, વીણા, ઢોલ, મંજીરાદિના નાદથી વર્ધિત સંમદવાળું, સર્વ સામગ્રીથી યુક્ત આપાનક મારા વડે સેવાયું. ।।૧૧૫થી ૧૧૭।।

શ્લોક :-

तत्रानन्ता न चेष्टन्ते, न भाषन्ते च घूर्णिताः ।
मदेन व्यवहारं च, नैव कुर्वन्ति लौकिकम् ।।११८।।

શ્લોકાર્થ :-

ત્યાં અનંતા જીવો ચેષ્ટા કરતા નથી, બોલતા નથી, ઘૂર્ણતા નથી, મદથી=દારૂના નશાથી, લૌકિક વ્યવહારને કરતા નથી.

આ અવ્યવહારરાશિમાં રહેલા એકેન્દ્રિય જીવોની અવસ્થા છે, જેઓ દારૂને વશ અત્યંત નિઃચેષ્ટ છે. **।।૧૧૮।।**

શ્લોક :-

अन्येऽप्यनन्तास्तद्रूपाः, सन्ति तत्र जनाः परम् ।
कार्यं लोकव्यवहृतेस्ते कुर्वन्त्यन्तराऽन्तरा ।।११९।।

શ્લોકાર્થ :-

વળી, તદ્રૂપ=પૂર્વના શ્લોકમાં કહ્યું તેવા નિઃચેષ્ટાદિરૂપ, અન્ય પણ અનંતા છે, કેવળ ત્યાં=આપાનકમાં, તે લોકો વ્યવહારનું કાર્ય વચવચમાં કરે છે.

પ્રથમ પ્રકારના અનાદિ નિગોદના જીવો હતા; બીજા પ્રકારના જીવો નિગોદમાં હોવા છતાં વ્યવહારરાશિવાળા છે. **।।૧૧૯।।**

શ્લોક :-

तादृशास्तत्र सन्त्यन्येऽप्यसंख्याः पार्थिवादयः ।
परे पुनरसंख्याता, निर्भरं मद्यपायिनः ।।१२०।।

શ્લોકાર્થ :-

ત્યાં=દારૂના પીઠામાં, તેવા પ્રકારના અન્ય પણ અસંખ્યાત પાર્થિવાદિ છે. વળી, બીજા અસંખ્યાતા અત્યંત મધ પીનારા છે. ॥૧૨૦॥

શ્લોક :-

न जिघ्रन्ति न पश्यन्ति, नापि शृण्वन्ति किंचन ।
लिहन्ति जिह्वया किंचित्, किन्त्वाराटिमुचो भृशम् ।।१२१।।

શ્લોકાર્થ :-

સૂંઘતા નથી, જોતા નથી, કંઈ સાંભળતા નથી, કંઈક જીભથી ચાટે છે, પરંતુ અત્યંત અવાજને મૂકનારા છે. આ જીવો બેઈન્દ્રિય છે. ॥૧૨૧॥

શ્લોક :-

न शृण्वन्ति न पश्यन्ति, संख्यातीताः परे पुनः ।
जिघ्रन्ति केवलं किंचित्, परे संख्याऽतिगाः पुनः ।।१२२।।
नाकर्णयन्ति किन्त्वक्ष्णा, पश्यन्ति पुरतः स्थितम् ।
तत्रासंख्याः परे मद्याद्, दधते चित्तशून्यताम् ।।१२३।।

શ્લોકાર્થ :-

વળી, બીજા સંખ્યાતીત જીવો સાંભળતા નથી, જોતા નથી, કેવલ કંઈ સૂંઘે છે. વળી, બીજા અસંખ્યાતા છે, તેઓ કેવા છે ? તે બતાવે છે, સાંભળતા નથી, પરંતુ ચક્ષુ વડે આગળમાં રહેલાને જુએ છે, ત્યાં બીજા અસંખ્યાતા મદથી ચિત્તની શૂન્યતાને ધારણ કરે છે. ॥૧૨૨-૧૨૩॥

શ્લોક :-

अन्ये पुनरसंख्याता, दृष्टा विस्पष्टचेतनाः ।
दुर्मद्यमत्तता तेषु, किन्त्वाकालमवस्थिता ।।१२४।।

શ્લોકાર્થ :-

વળી અન્ય અસંખ્યાતા વિસ્પષ્ટ ચેતનાવાળા જોવાયા, પરંતુ તેઓમાં દુર્મદ્યમત્તતા આકાલ અવસ્થિત છે. ॥૧૨૪॥

શ્લોક :-

पाट्यन्ते ते च भिद्यन्ते, छिद्यन्ते रिपुभिर्भृशम् ।
मदोद्धताश्च कुर्वन्ति, तीव्रां ते वेदनां मिथः ।।१२५।।

શ્લોકાર્થ :-

તેઓ શત્રુઓ વડે પાટન કરાય છે, ભેદાય છે, અત્યંત છેદાય છે, મદથી ઉદ્ધત એવા તેઓ પરસ્પર તીવ્ર વેદના કરે છે. ।।૧૨૫।।

શ્લોક :-

भ्राम्यन्ति मदिरोद्भ्रान्तास्तत्रासंख्याः परेऽपि च ।
अज्ञा अव्यक्तघोषास्ते, गच्छन्ति जननीमपि ।।१२६।।

શ્લોકાર્થ :-

ત્યાં મદિરાથી ઉદ્‌ભ્રાંત એવા અસંખ્યાતા બીજા પણ ભમે છે, અજ્ઞ, અવ્યક્ત ઘોષવાળા તેઓ માતાને પણ ભોગવે છે.

પંચેન્દ્રિય તિર્યંચો માતાને પણ ભોગવે છે. **।।૧૨૬।।**

શ્લોક :-

अन्येऽपि तत्र विद्यन्ते, संख्याऽतीता मनुष्यकाः ।
गाढमत्तास्तथाऽन्ये च, ते पुनर्द्विविधाः स्मृताः ।।१२७।।

શ્લોકાર્થ :-

ત્યાં અન્ય પણ સંખ્યાથી અતીત મનુષ્યો વિદ્યમાન છે તથા તેઓ ગાઢ મત્ત છે અને અન્ય વળી બે પ્રકારના કહેવાયા છે. ।।૧૨૭।।

શ્લોક :-

तत्र ये गाढमत्तास्ते, विलुठन्तो भुवस्तले ।
वान्तं पित्तं मलं मूत्रं, भक्षयन्ति मुहुर्मुहुः ।।१२८।।

શ્લોકાર્થ :-

ત્યાં=બે પ્રકારના મનુષ્યોમાં, જે ગાઢ મત્ત છે તે ભૂમિતલમાં આળોટે છે, વારંવાર વમેલાનું, પિત્તનું, મળનું, મૂત્રનું ભક્ષણ કરે છે. ।।૧૨૮।।

શ્લોક :-

इतरे भद्र ! संख्यातास्ते पुनर्मदिरामदात् ।
गायन्ति परिनृत्यन्ति, युध्यन्ते च हसन्ति च ।।१२९।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! ઈતર=ગાઢ મત્તથી ઈતર એવા, સંખ્યાતા તેઓ વળી, મદિરામદથી ગાય છે, નૃત્ય કરે છે, યુદ્ધ કરે છે અને હસે છે. ।।૧૨૯।।

શ્લોક :-

भूयो लुठन्ति धावन्ति, वल्गन्ति च परस्परम् ।
चुम्बन्ति वक्त्रनेत्राणि, बालानां योषितां तथा ।।१३०।।

શ્લોકાર્થ :-

ફરી આળોટે છે, દોડે છે, પરસ્પર કૂદે છે, બાળકોનાં અને સ્ત્રીઓનાં મુખ અને નેત્રોનું ચુંબન કરે છે. ।।૧૩૦।।

શ્લોક :-

कुर्वन्तोऽनार्यकार्याणि, सहन्ते तीव्रवेदनाः ।
न तु मद्याद् विरज्यन्ते, राजभिर्दण्डिता अपि ।।१३१।।

શ્લોકાર્થ :-

અનાર્ય કાર્યોને કરે છે, તીવ્ર વેદનાને સહન કરે છે, રાજાઓ વડે દંડ કરાયેલા પણ મદ્યથી વિરામ પામતા નથી. ।।૧૩૧।।

શ્લોક :-

अन्ये सन्ति मदाध्माताश्चतुर्वृन्दव्यवस्थिताः ।
सदा केलिप्रियाः संख्याऽतीता नृत्यादिनिर्भराः ।।१३२।।

શ્લોકાર્થ :-

મદથી ઉન્માદવાળા, ચાર પ્રકારના વૃન્દમાં રહેલા, સદા કેલિપ્રિય, નૃત્યાદિમાં નિર્ભર અન્ય સંખ્યાથી અતીત છે. ॥૧૩૨॥

શ્લોક :-

आपानकस्था मध्यस्थाः, संख्याताः सन्ति चापरे ।
अमद्यपा मद्यपैस्ते, ब्राह्मणा ईर्ष्ययोदिताः ।।१३३।।

શ્લોકાર્થ :-

અને આપાનકમાં રહેલા, મધ્યસ્થ બીજા સંખ્યાતા છે તે મદ્યને પીનારાઓ વડે ઈર્ષ્યાથી બ્રાહ્મણો કહેવાયેલા તેઓ મદ્યપાન નહીં કરનારા છે. ॥૧૩૩॥

શ્લોક :-

स्थिता अनन्ता मोदन्ते, परे त्वापानकाद् बहिः ।
आपानकस्य वैषम्यं, पश्यन्तो मदवर्जिताः ।।१३४।।

શ્લોકાર્થ :-

વળી, આપાનકના વૈષમ્યને જોતા, મદવર્જિત એવા આપાનકથી બહાર રહેલા બીજા અનંતા આનંદને પામે છે. ॥૧૩૪॥

શ્લોક :-

आद्येषु तत्र लोकेषु, स्थित्वाऽहं मदविह्वलः ।
गतो दैवाद् द्वितीयेषु तृतीयेषु ततः पुनः ।।१३५।।

શ્લોકાર્થ :-

ત્યાં=આપાનકમાં, આદ્ય લોકોમાં મદથી વિહ્વળ એવો હું રહીને, ભાગ્યથી દ્વિતીયમાં ગયો, ત્યારપછી વળી ત્રીજામાં ગયો. ॥૧૩૫॥

શ્લોક :-

इत्थं चैतेषु भेदेषु, त्रयोदशसु हिण्डितः ।
अनन्तशो विमुच्याहं, भेदमाद्यं तथाऽन्तिमौ ।।१३६।।

શ્લોકાર્થ :-

અને આ રીતે આ તેર ભેદોમાં અનંતી વખત આદ્યભેદને અને અંતિમ બે ભેદોને છોડીને હું ભટક્યો. ।।૧૩૬।।

શ્લોક :-

पुनर्न दृष्टो मुक्तः स, आद्यभेदः कथंचन ।
भूयो भूयो गतः पापाद्, दशभेदेष्वहं पुनः ।।१३७।।

શ્લોકાર્થ :-

વળી, મુકાયેલો તે આદ્ય ભેદ કોઈ રીતે જોવાયો નહિ, ફરી ફરી પાપથી હું વળી દશે ભેદોમાં ગયો. ।।૧૩૭।।

શ્લોક :-

विण्मूत्रश्लेष्मजम्बालवान्तपित्ताशुचिस्थले ।
क्वचिल्लुठन् क्वचिद् रिङ्खन्, दुर्मद्यात् क्वचिदारटन् ।।१३८।।
उत्तिष्ठन् निपतन् धावन्, हसन् नृत्यन् रणं सृजन् ।
कुट्यमानो जनैर्दुःखधोरणीरनुभूतवान् ।।१३९।।

શ્લોકાર્થ :-

વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, જમ્બાલ, વાન્ત, પિત્તના અશુચિસ્થલોમાં ક્યારેક આળોટતો, ક્યારેક પગ દબાવીને ચાલતો, ક્યારેક દુર્મદ્યથી બૂમો પાડતો, ઊઠતો, પડતો, દોડતો, હસતો, નૃત્યને કરતો, અવાજને કરતો, જનો વડે કુટાતો, દુઃખની ધોરણીને=દુઃખની હારમાળાને, અનુભવ કર્યો. ।।૧૩૮-૧૩૯।।

શ્લોક :-

ब्राह्मणैरन्यदा दृष्टस्तैरापानकमध्यगैः ।
कृतः कृपालुभिर्मद्यत्याजनाय मयि श्रमः ।।१४०।।

શ્લોકાર્થ :-

અન્યદા આપાનકની મધ્યમાં રહેલા તે બ્રાહ્મણો વડે જોવાયો, કૃપાલુ એવા તેઓ વડે મધના ત્યાગ માટે મારામાં શ્રમ કરાયો. ॥૧૪૦॥

શ્લોક :-

वचः पूत्कुर्वतां तेषामहं तु मदघूर्णितः ।
न किंचिद् ज्ञातवान् भ्रान्तस्ततस्तत्र पुनः पुनः ॥१४१॥

શ્લોકાર્થ :-

વળી, મદથી ઘૂર્ણિત એવો હું પોકાર કરતા એવા તેઓના વચનને કંઈક સમજ્યો નહિ. તેથી ફરી ફરી ત્યાં=અશુચિનાં સ્થાનોમાં, ભમ્યો. ॥૧૪૧॥

શ્લોક :-

अथान्यदा क्वचित् तेषां, वचने हुङ्कृतं मया ।
यतितं तैश्च यावन्मे, मद्यघस्मरको गतः ॥१४२॥

શ્લોકાર્થ :-

અન્યદા હવે, તેઓના વચનમાં મારા વડે ક્વચિત્ હુંકારો કરાયો અને તેઓ વડે=બ્રાહ્મણો વડે, જ્યાં સુધી મારો મધનો નશો ગયો ત્યાં સુધી યત્ન કરાયો. ॥૧૪૨॥

શ્લોક :-

तैर्मद्यदोषाः कथिता, मयि संलब्धचेतने ।
कारितो मद्यविरतिं, जातोऽहं ब्राह्मणस्ततः ॥१४३॥

શ્લોકાર્થ :-

મારું ચેતન સંલબ્ધ થયે છતે તેઓ વડે=બ્રાહ્મણો વડે, મધના દોષો કહેવાયા. મધની વિરતિ કરાઈ. ત્યારપછી હું બ્રાહ્મણ થયો.

તે મહાત્માઓના સંપર્કમાં આવ્યા પછી તેઓએ મને સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું. તે સાંભળીને હું તત્ત્વ તરફ કંઈક અભિમુખ કરાયો, તે રૂપ

હુંકારો થયો. ત્યારપછી તેઓના ઉપદેશના બળથી મારામાં મદ્યનો નશો ગયો, ત્યાં સુધી તેઓએ મને સન્માર્ગ વિષયક સૂક્ષ્મ સૂક્ષ્મતર તત્ત્વો બતાવ્યાં. જેનાથી મારા આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણવાની મને ઉત્કટ જિજ્ઞાસા થઈ. ત્યારે તે બ્રાહ્મણોએ મને કષાયોના કયા પ્રકારના દોષો છે તે સર્વ કહ્યા. જેથી અકષાયવાળી અવસ્થારૂપ મદ્યની વિરતિ લેવાનો મને પરિણામ થયો. તેથી ચિત્તવૃત્તિમાં કષાયોની વૃત્તિનો ઉચ્છેદ થાય તેને અનુકૂળ યત્ન સ્વરૂપ સર્વવિરતિને મેં ગ્રહણ કરી. **॥૧૪૩॥**

શ્લોક :-

तेषु प्रव्रजितश्चाहं, यदद्यापि न जीर्यति ।
मद्यं तज्जारयिष्यामि, भावप्रव्रज्ययाऽखिलम् ।।१४४।।

શ્લોકાર્થ :-

તેઓમાં=તે બ્રાહ્મણોમાં, હું પ્રવ્રજિત થયો. જે મદ્ય હજી પણ જીર્ણ થયું નથી. અખિલ એવા તેને ભાવપ્રવ્રજ્યાથી હું જીર્ણ કરીશ.

તે સાધુએ દીક્ષા ગ્રહણ કર્યા પછી સતત વીતરાગના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને મદ્યપાનનો ત્યાગ કર્યો તોપણ બાહ્ય પદાર્થોની ઇચ્છા સ્વરૂપ મદ્ય પૂર્વમાં ઘણું પીધેલું છે, તેના સંસ્કારો આત્મામાં વિદ્યમાન છે, જે નાશ પામ્યા નથી. તેથી નિમિત્તને પામીને પ્રગટ થાય તેવા છે તોપણ દૃઢ પ્રણિધાનપૂર્વક અનિચ્છા તરફ યત્ન કરવા સ્વરૂપ ભાવપ્રવ્રજ્યાથી હું તે મદ્યના સંસ્કારોનો નાશ કરીશ, એમ તે મુનિ અકલંકને કહે છે. **॥૧૪૪॥**

શ્લોક :-

इदं मुनिवचः श्रुत्वा, भावज्ञानान्मुदं श्रयन् ।
अकलङ्को मया पृष्टो, व्याजहाराशयं मुनेः ।।१४५।।

શ્લોકાર્થ :-

આ મુનિનું વચન સાંભળીને ભાવજ્ઞાન થવાથી=મુનિના કથનના ભાવાર્થનું જ્ઞાન થવાથી, આનંદને ધારણ કરતો અકલંક મારા વડે=ઘનવાહન વડે, પુછાયો. મુનિના આશયને તું કહે. ।।૧૪૫।।

શ્લોક :-

आपानकतया भद्र !, भवमेव जगौ मुनिः ।

जीवा अनन्ताः सन्त्यत्र, मद्यपाः कर्म मद्यति ।।१४६।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ઘનવાહન ! આપાનકપણાથી=દારૂના પીઠાપણારૂપે, મુનિએ ભવને જ કહ્યું. અહીં=ભવમાં, અનંતા જીવો છે. મદ્યને પીનારા કર્મનો મદ કરે છે.

ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવ છે, તે દારૂનો પીઠો છે તેમાં અનંતા જીવો છે અને પ્રાયઃ તે સર્વ કષાયોરૂપ મદ્યને પીનારા છે. જેનાથી કર્મો બાંધીને કર્મના મદને કરે છે. જેમ દારૂના પાનથી દારૂનો નશો ચડે છે. **॥૧૪૬॥**

શ્લોક :-

विशिष्य चासवायन्ते, कषाया घातिकर्मणाम् ।

पटलानि सुरायन्ते, भाजनन्त्यायुरालयः ।।१४७।।

શ્લોકાર્થ :-

વિશેષ કરીને કષાયો મદ્ય જેવું આચરણ કરે છે. ઘાતિકર્મોના પટલો સુરાની જેમ આચરણા કરે છે. આયુષ્યરૂપી આલય ભાજનની જેમ આચરણા કરે છે.

જીવમાં જે કષાયોનો ઉપયોગ છે, તે જીવમાં દારૂના સંસ્કારો આધાન કરે તેવી દારૂપાનની ક્રિયા સ્વરૂપ છે. આમ છતાં વિશેષથી દારૂની જેમ આચરણા કરે છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કષાયો જીવને વ્યાકુળ કરનારા છે તોપણ વિશેષથી દારૂના નશાની જેમ જીવમાં કષાયોના સંસ્કારને વધારનારા છે. આથી જ કષાયને વશ જીવો અશાતા આદિ પાપપ્રકૃતિઓ બાંધીને સર્વ વિડંબનાઓ પ્રાપ્ત કરે છે અને જીવ ઉપર લાગેલા ઘાતિકર્મોના પડદાઓ સુરાપાનની જેવી આચરણા કરે છે; કેમ કે જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મના ઉદયથી જ તે તે પ્રકારના કષાયોના ભાવો થાય છે. વળી, દારૂને રાખવાનું ભાજન જીવનું આયુષ્ય છે. **॥૧૪૭॥**

શ્લોક :-

चषकन्ति तदाधारतया गात्राणि जन्मिनाम् ।
कर्ममद्योपयोगित्वान्नीलाब्जन्तीन्द्रियाणि च ।।१४८।।

શ્લોકાર્થ :-

જન્મીઓનાં ગાત્રો=સંસારી જીવોનાં શરીરો, તેના આધારપણાથી= કર્મરૂપી સુરાના આધારપણાથી, પ્યાલાની જેમ આચરણા કરે છે અને કર્મરૂપી મદ્યમાં ઉપયોગીપણું હોવાથી ઈન્દ્રિયો નીલકમલ જેવી આચરણા કરે છે.

સંસારી જીવોનાં શરીરો કર્મરૂપી દારૂ પીવાના આધારરૂપ પ્યાલા છે અને પાંચ ઇન્દ્રિયો કર્મરૂપી મદ્ય માટે ઉપયોગી હોવાથી નીલકમલ જેવી સુંદર પ્યાલીઓનું કાર્ય કરે છે. આથી જ જીવો ઇન્દ્રિયો દ્વારા કષાયોના પરિણામો કરીને મદ્યપાન કરે છે. **॥૧૪૮॥**

શ્લોક :-

घूर्णन्ते कर्ममद्येन, मत्ताः सर्वेऽपि जन्तवः ।
विलासहासबिब्बोककोलाहलपरायणाः ।।१४९।।

શ્લોકાર્થ :-

કર્મમદ્યથી મત્ત વિલાસ, હાસ્ય, ચાળાઓ, કોલાહલમાં પરાયણ સર્વ પણ જીવો ઘૂર્ણે છે.

જે સંસારી જીવો ભોગવિલાસવાળા છે, દ્રવ્યથી ગૃહસ્થધર્મ પાળનારા છે, અથવા સાધ્વાચાર પાળનારા છે, આમ છતાં બાહ્ય પદાર્થોને અવલંબીને પરિણામ કરવાની પરિણતિવાળા છે, તેઓ સતત નવાં નવાં કર્મો બાંધીને કર્મના મદથી સતત ઘૂર્ણે છે. ફક્ત અસંગભાવ તરફ જનારા મુનિઓ, વિવેકસંપન્ન શ્રાવકો અને અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારમાં હોવા છતાં મદ્યપાનના સંગથી સ્વભૂમિકા અનુસાર પર પરતર વર્તે છે. **॥૧૪૯॥**

શ્લોક :-

कलहा मर्दलायन्ते, खलानामत्र संकथाः ।
लसत्कंसालकायन्ते, दैन्यं वीणायतेऽर्थिनाम् ।।१५०।।

શ્લોકાર્થ :-

કલહો મર્દલ જેવું આચરણ કરે છે=વાજિંત્રવિશેષ જેવું આચરણ કરે છે. અહીં=દારૂના પીઠામાં, ખલોની સંકથા વિલાસ કરતા કંસાલના જેવું આચરણ કરે છે. અર્થીઓનું દૈન્ય વીણાના જેવું આચરણ કરે છે.

જેમ દારૂના પીઠામાં દારૂપાન કરીને વાજિંત્રોના નાદોથી લોકો આનંદ કરે છે, તેમ સંસારરૂપી દારૂપીઠામાં લોકો તે તે નિમિત્ત પામીને કલહ કરીને વાજિંત્ર વગાડે છે. ખલપુરુષો બીજાને રંજાડીને વાજિંત્રો વગાડે છે. તે તે પદાર્થના અર્થી જીવો દીનભાવને કરીને વીણાઓ વગાડે છે. જેથી તે દારૂનું પીઠું જેમ આનંદપ્રમોદ કરતું દેખાય છે, તેના જેવું જ સંસારનું વાસ્તવિક સ્વરૂપ છે. **॥૧૫૦॥**

શ્લોક :-

वंशवाद्यायते लोकशोकाक्रन्दितसन्ततिः ।
मुखवाद्यायते गाढमग्नमूर्खविचेष्टितम् ।।१५१।।

શ્લોકાર્થ :-

લોકોના શોકથી આક્રંદિત એવો પ્રવાહ વંશવાદ્ય જેવું આચરણ કરે છે. ગાઢ મગ્ન મૂર્ખથી વિચેષ્ટિત મુખવાદ્ય જેવું આચરણ કરે છે.

લોકોમાં શોક, આક્રંદ વગેરેનો પ્રવાહ ચાલે છે, તે સંસારરૂપી દારૂના પીઠામાં વાંસળીઓ વગાડવા જેવો છે અને જેઓ સંસારમાં ગાઢ મગ્ન થઈને આત્મહિતની ઉપેક્ષા કરીને મૂર્ખની ચેષ્ટા કરે છે, તેઓ મુખના વાજિંત્ર વગાડવા જેવી આચરણા કરે છે. **॥૧૫૧॥**

શ્લોક :-

मत्तकान्तजनायन्ते, सदानन्दा इहामराः ।
उदारविभ्रमाः प्रौढकान्तायन्तेऽप्सरोगणाः ।।१५२।।

શ્લોકાર્થ :-

સદા આનંદવાળા દેવતાઓ અહીં=સંસારરૂપી પીઠામાં, મત્ત કાંત જનના જેવું આચરણ કરે છે. ઉદાર વિભ્રમવાળી અપ્સરાઓનો સમુદાય પ્રૌઢ સ્ત્રીઓના જેવું આચરણ કરે છે.

જેમ દારૂના પીઠામાં દારૂના નશાવાળા, સુંદર આકૃતિવાળા લોકો દેખાતા હતા, તેમ ભોગવિલાસમાં રહેતા દેવતાઓ દારૂના નશામાં સદા આનંદમગ્ન સંસારમાં દેખાય છે. વળી, જેમ દારૂના પીઠામાં યુવાન, રૂપસંપન્ન સ્ત્રીઓ હાવભાવના ચાળાઓ કરે છે, તેવો અપ્સરાગણ સંસારરૂપી દારૂના પીઠામાં છે; કેમ કે અપ્સરાઓના વિલાસોથી દેવતાઓના કામના મદો અત્યંત પ્રજ્વલિત થાય છે. **॥૧૫૨॥**

શ્લોક :-

संसारापानकमिदं, लोकाकाशप्रतिष्ठितम् ।
लौल्याय जडबुद्धीनां, वैराग्याय विवेकिनाम् ।।१५३।।

શ્લોકાર્થ :-

આ સંસાર આપાનક લોકાકાશમાં પ્રતિષ્ઠિત છે. જડબુદ્ધિઓને લોલુપતા માટે છે, વિવેકીઓને વૈરાગ્ય માટે છે.

પૂર્વમાં વર્ણન કર્યું એવું સંસારરૂપી મદ્યનું પીઠું ચૌદ રાજલોકમાં વર્તે છે; કેમ કે ચૌદ રાજલોક અંતર્વર્તી સર્વ સંસારી જીવો છે અને જેઓમાં ગાઢ અજ્ઞાનતા વર્તે છે, તેવા જડબુદ્ધિઓને તે તે પ્રકારના દારૂના વિકારો લોલુપતા કરાવે છે. જ્યારે આત્માનું વાસ્તવિક સ્વરૂપ જેણે જાણ્યું છે, તેવા વિવેકી જીવોને સંસારની આ વિકારવાળી અવસ્થા વૈરાગ્યનું કારણ બને છે. **॥૧૫૩॥**

શ્લોક :-

लोकानां मुनिनोद्दिष्टा, भेदा ये च त्रयोदश ।
कीर्तितः प्रथमो राशिस्तत्रासांव्यवहारिकः ।।१५४।।

શ્લોકાર્થ :-

મુનિ વડે કહેવાયેલા લોકોના જે તેર ભેદો છે, ત્યાં=તે તેર ભેદોમાં, અસાંવ્યવહારિક પ્રથમ ભેદ કહેવાયો છે. ।।૧૫૪।।

શ્લોક :-

वनस्पतय आख्यातास्ततः सांव्यवहारिकाः ।
क्षित्यम्बुवह्निपवनाः, कथितास्तदनन्तरम् ।।१५५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સાંવ્યવહારિક વનસ્પતિ નામનો ભેદ કહેવાયો છે. ત્યારપછી પૃથ્વી, પાણી, અગ્નિ, પવનના ભેદો કહેવાયા છે. ।।૧૫૫।।

શ્લોક :-

ततो द्व्यक्षास्ततस्त्र्यक्षास्ततश्च चतुरिन्द्रियाः ।
ततश्चासंज्ञिपञ्चाक्षाः, कीर्तिता नारकास्ततः ।।१५६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી બેઇન્દ્રિય, ત્યારપછી તેઇન્દ્રિય, ત્યારપછી ચઉરિન્દ્રિય, *ત્યારપછી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો, ત્યારપછી નારકો કહેવાયા* છે. ।।૧૫૬।।

શ્લોક :-

ततः पञ्चाक्षतिर्यञ्चस्ततः संमूर्च्छगर्भजाः ।
नराश्चतुर्विधा देवाः, संगीतास्तदनन्तरम् ।।१५७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પંચેન્દ્રિય તિર્યંચો, ત્યારપછી સંમૂર્છિમ ગર્ભજ મનુષ્યો, ત્યારપછી ચાર પ્રકારના દેવો કહેવાયા છે. ।।૧૫૭।।

શ્લોક :-

वाचोयुक्त्या ततः प्रोक्ताः, ब्राह्मणा इति संयताः ।
मुक्तात्मानस्ततो गीता, भवापानकनिर्गताः ।।१५८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વાણીની યુક્તિથી બ્રાહ્મણો એ પ્રકારે સંયતો કહેવાયા છે. ત્યારપછી ભવ આપાનકથી નીકળેલા મુક્તાત્માઓ કહેવાયા છે.

બ્રાહ્મણો મદ્યપાન ન કરે એ પ્રકારની વાણીની યુક્તિથી બ્રાહ્મણો સંયતો કહેવાયા; કેમ કે સંયત સાધુ પાંચ ઇન્દ્રિયના સંવરવાળા હોવાથી બાહ્ય પદાર્થોના નિમિત્તથી વિકાર પામતા નથી. **॥૧૫૮॥**

શ્લોક :-

एतेषु स्थानदशके, भ्रान्तिं स्वस्य पुनः पुनः ।
वदन्नदीपयदसौ, भवापानकदुःस्थताम् ।।१५९।।

શ્લોકાર્થ :-

આ તેર સ્થાનોમાં, જે દશ સ્થાનકો છે તેમાં, પોતાની ફરી ફરી ભ્રાંતિને કહેતા એવા આ મુનિએ=જે મુનિએ સંસારરૂપી આપાનકનું વર્ણન કર્યું એ મુનિએ, ભવરૂપી અપાનકની દુઃસ્થતાને પ્રગટ કરી. ।।૧૫૯।।

શ્લોક :-

यत्तु तैर्ब्राह्मणैः पश्चाद्, दृष्टो यत्नेन बोधितः ।
अहमित्यादि कथितं, युक्त्या तद् युज्यतेऽखिलम् ।।१६०।।

શ્લોકાર્થ :-

વળી પાછળથી તે બ્રાહ્મણો વડે હું જોવાયો, યત્નથી બોધિત કરાયો ઈત્યાદિ જે કહેવાયું, તે અખિલ યુક્તિથી ઘટે છે. ।।૧૬૦।।

કઈ રીતે યુક્તિથી ઘટે છે તે બતાવે છે.

શ્લોક :-

अनादिभव्यभावेन, प्राप्ता घर्षणघोलनात् ।
उत्कृष्टादिस्थितिह्रासे, द्रव्यश्रुतिरनन्तशः ।।१६१।।

શ્લોકાર્થ :-

ઘર્ષણના ઘોલનથી ઉત્કૃષ્ટાદિ સ્થિતિનો હ્રાસ થયે છતે અનાદિ ભવ્યના ભાવને કારણે અનંતી વખત દ્રવ્યશ્રુતિ પ્રાપ્ત થઈ.

નદીમાં પડેલો પત્થર ઘર્ષણથી ગોળાકાર થાય છે, તેમ ભવરૂપી સમુદ્રમાં પડેલો જીવ ઘર્ષણથી ઉત્કૃષ્ટ સ્થિતિનો હ્રાસ કરે છે અને અંતઃકોટાકોટિ ઉપરની મધ્યમ સ્થિતિનો પણ હ્રાસ કરે છે, ત્યારે એ જીવને તે પ્રકારના દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ થાય છે. તેમાં કારણ તે જીવનો અનાદિ ભવ્ય ભાવ છે અને તે પ્રકારે અનંતી વખત દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ થઈ. **॥૧૬૧॥**

શ્લોક :-

तथाऽपि यन्न लभते, सद्ज्ञानं न च दर्शनम् ।
न चारित्रं च जीवोऽसौ, कर्मघस्मरकः स्मृतः ।।१६२।।

શ્લોકાર્થ :-

તોપણ=અનંતી વખત દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ થઈ તોપણ, આ જીવ સદ્જ્ઞાનને જે પ્રાપ્ત કરતો નથી અને દર્શનને પ્રાપ્ત કરતો નથી અને ચારિત્રને પ્રાપ્ત કરતો નથી તે કર્મનો ઘસ્મરક=કર્મનો નશો, કહેવાયો છે.

અનંતી વખત જીવે દ્રવ્યશ્રુત પ્રાપ્ત કર્યું તોપણ તત્ત્વની જિજ્ઞાસા થઈ નહિ, તેનું કારણ તત્ત્વની જિજ્ઞાસામાં બાધક ક્લિષ્ટ કર્મની પ્રચુરતા હતી. તેથી દ્રવ્યશ્રુત દ્વારા પણ સંસારના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો નહિ અને આત્માના નિરાકુળ સ્વરૂપનું દર્શન થયું નહિ અને કર્મોના વિકાર વગરની પરિણતિરૂપ ચારિત્ર થયું નહિ. તેનું કારણ જીવમાં તત્ત્વનાં બાધક કર્મોનો નશો હતો, તેથી કર્મના નશા નીચે જ તેને સત્ શાસ્ત્રોનાં વચનો દેખાય છે, પરંતુ પારમાર્થિક સ્વરૂપે દેખાતાં નથી. **॥૧૬૨॥**

શ્લોક :-

भ्रान्तचित्तः स तेनैव, बंभ्रमीति भवोदधौ ।
सद्दर्शनमवाप्नोति कदाचित् कश्चिदेव हि ।।१६३।।

શ્લોકાર્થ :-

તેના વડે જ=કર્મના નશા વડે જ, ભ્રાંત ચિત્તવાળો તે ભવરૂપી સમુદ્રમાં અત્યંત ભમે છે. हि=જે કારણથી, ક્યારેક કોઈ જ જીવ સદ્દર્શનને પ્રાપ્ત કરે છે.

કર્મના નશાના કારણે જીવોને કર્મની પ્રેરણાથી જ ભાવો થાય છે અને તે ભાવો કરીને તત્ત્વના વિષયમાં ભ્રાંત ચિત્તવાળો તે જીવ સંસારસમુદ્રમાં ભટકે છે. વળી, કોઈક જ જીવ ક્યારેક કર્મોનો નશો અલ્પ થવાથી દ્રવ્યશ્રુતના બળથી સંસારના વાસ્તવિક સ્વરૂપના દર્શનને પ્રાપ્ત કરે છે, જેથી મોક્ષનો અત્યંત અર્થી બને છે. **॥૧૬૩॥**

શ્લોક :-

कालादियोगतो भित्त्वा, कर्मग्रन्थिं शुभाशयात् ।
ततः साधुवचोबोधो, योऽसौ हुङ्कार उच्यते ।।१६४।।

શ્લોકાર્થ :-

કાલાદિના યોગને કારણે શુભાશયથી કર્મગ્રંથિને ભેદીને ત્યારપછી જે સાધુના વચનનો બોધ થયો, એ હુંકારો કહેવાય છે.

જીવે શુભાશયના બળથી કર્મગ્રંથિને ભેદી, જેથી સાધુના વચનનો પારમાર્થિક બોધ થયો તે મદ્યનો નશો કંઈક ઓછો થવાથી તત્ત્વ જાણવા અર્થે વિશિષ્ટ જિજ્ઞાસા સ્વરૂપ હુંકારો કહેવાય છે. **॥૧૬૪॥**

શ્લોક :-

दर्शनं मुक्तिबीजं च, सम्यक्त्वं तत्त्ववेदनम् ।
दुःखान्तकृत् सुखारम्भः, पर्यायास्तस्य कीर्तिताः ।।१६५।।

શ્લોકાર્થ :-

દર્શન, મુક્તિનું બીજ, સમ્યક્ત્વ, તત્ત્વનું વેદન, દુઃખના અંતને કરનાર, સુખારંભ, તેના=હુંકારાના, પર્યાય કહેવાયા છે.

કર્મની ગ્રંથિને ભેદીને જે સાધુના વચનનો બોધ થયો તેનું પારમાર્થિક સ્વરૂપ

શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે તેના પર્યાયવાચી શબ્દો કહે છે. તે હુંકારો દર્શન છે અર્થાત્ આત્માના નિરાકુળ સ્વરૂપનું દર્શન છે, જેના કારણે તે નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થાય છે. આથી જ તે દર્શન મુક્તિનું બીજ છે; કેમ કે નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા ઉચિત યત્ન કરાવીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થશે. માટે તે હુંકારો મુક્તિનું બીજ છે અને તે હુંકારો જ રત્નત્રયીના પ્રથમ અંગરૂપ સમ્યક્ત્વ છે; કેમ કે સંસારનું સ્વરૂપ અને આત્માનું નિરાકુળ સ્વરૂપ તેને યથાર્થ દેખાય છે, તેથી નિરાકુળ સ્વરૂપરૂપ મુક્તિની ઉત્કટ ઇચ્છા થાય છે. વળી, તે હુંકારો તત્ત્વનું વેદન છે=અનંતાનુબંધી કષાયના વિગમનથી કંઈક અંશથી આત્માના પારમાર્થિક સ્વરૂપનું વેદન છે. દુઃખના અંતને કરનાર છે=તત્ત્વનું દર્શન સંસારના પરિભ્રમણરૂપ દુઃખના અંતને કરનાર છે, સુખનો આરંભ છે=પૂર્ણ સુખમય મોક્ષપ્રાપ્ત ન થાય ત્યાં સુધી પણ સદ્ગતિઓની પરંપરા પ્રાપ્ત થાય તેવા સુખનો આરંભ છે. **॥૧૬૫॥**

શ્લોક :-

सति चास्मिन्न धन्यात्मा, रमते भववारिधौ ।
रूपं निरूपयत्यस्य, स्पष्टं नष्टाक्षिरोगवत् ।।१६६।।

શ્લોકાર્થ :-

અને આ હોતે છતે=ગ્રંથિભેદ કરીને હુંકારો પ્રાપ્ત કર્યે છતે, ધન્યાત્મા ભવરૂપી સમુદ્રમાં રમતો નથી, નાશ થયેલા આંખના રોગવાળાની જેમ આનું=ભવસમુદ્રનું, સ્પષ્ટ સ્વરૂપ જુએ છે.

જે જીવોને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે, તે જીવો ધન્યાત્મા છે; કેમ કે અનંતકાળમાં ક્યારેય પ્રાપ્ત થયેલું નહિ તેવું અપૂર્વ તત્ત્વનું દર્શન પ્રાપ્ત થયું. એથી ભવસમુદ્રના કારણીભૂત ભોગવિલાસમાં તેનું ચિત્ત રમતું નથી, પરંતુ ચક્ષુના રોગ વગરના જીવની જેમ તે મહાત્મા સ્પષ્ટ સંસારની વિડંબનાને જોનારો બને છે, જેથી સ્વશક્તિ અનુસાર અપ્રમાદથી તેના ઉચ્છેદમાં યત્ન કરનાર થાય છે. **॥૧૬૬॥**

શ્લોક :-

तद् दृष्ट्वा चिन्तयत्येवमहो भीमो भवोदधिः ।
दुःखाय जन्ममरणव्याधिशोकैरुपद्रुतः ।।१६७।।

શ્લોકાર્થ :-

તેને=ભવના સ્વરૂપને, જોઈને આ રીતે ચિંતવન કરે છે=આગળમાં બતાવે છે એ રીતે ચિંતવન કરે છે, ભયંકર ભવરૂપી સમુદ્ર છે, જન્મ, મરણ, વ્યાધિ, શોકોના ઉપદ્રવોથી ઉપદ્રવને પામેલો ભવરૂપી સમુદ્ર દુઃખ માટે થાય છે. ॥૧૬૭॥

શ્લોક :-

सुखाय केवलं मोक्षः, सकलक्लेशवर्जितः ।
तस्य हेतुरहिंसादिर्हिंसादिर्भवकारणम् ।।१६८।।

શ્લોકાર્થ :-

કેવલ સકલ ક્લેશરહિત મોક્ષ સુખ માટે છે. તેના=મોક્ષના, હેતુ અહિંસાદિ છે. હિંસાદિ ભવનાં કારણ છે. ॥૧૬૮॥

શ્લોક :-

बुद्ध्वैवं भवनैर्गुण्यं, मुक्तेश्च गुणरूपताम् ।
मोक्षोपाये प्रयतते, यथागममुदारधीः ।।१६९।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે ભવના નૈર્ગુણ્યને અને મુક્તિની ગુણરૂપતાને જાણીને યથાગમ=આગમ અનુસાર, ઉદાર બુદ્ધિવાળો જીવ મોક્ષના ઉપાયોમાં યત્ન કરે છે. ॥૧૬૯॥

ભાવાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ જીવ ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવને યથાર્થ જુએ છે તેથી તેને ભવ ભયંકર સ્વરૂપે દેખાય છે અને ચાર ગતિમાં જન્મ, મરણ, શોક,

ભયાદિ ઉપદ્રવો છે માટે ભવ દુઃખ માટે છે, તેમ અત્યંત ભાવન કરે છે. વળી, અંતરંગ મોહનો ક્લેશ નથી, દેહનો ક્લેશ નથી, કર્મનો ક્લેશ નથી, તેથી સકલ ક્લેશથી રહિત મોક્ષ સુખ માટે છે અને તેનો ઉપાય કોઈ જીવને પીડા ન કરવી, કોઈના પ્રાણ નાશ ન કરવા, કોઈના કષાયનો ઉદ્રેક ન કરવો એ રૂપ અહિંસા છે. અહિંસાદિમાં આદિ પદથી અન્ય ચાર મહાવ્રતોનું ગ્રહણ છે અને તેનાથી વિરુદ્ધ હિંસાદિ છે, તે ભવનાં કારણ છે. આ પ્રકારે ભાવન કરીને બુદ્ધિમાન એવા સમ્યગ્દૃષ્ટિ જીવો આગમ અનુસાર મોક્ષના ઉપાયમાં યત્ન કરે છે. **॥૧૬૭થી ૧૬૯॥**

શ્લોક :-

शमारोग्यलवं प्राप्य, संसारव्याधिपीडितः ।
निःशेषतत्क्षयोपाये, दुष्करेऽपि प्रवर्तते ।।१७०।।

શ્લોકાર્થ :-

સંસારરૂપી વ્યાધિથી પીડિત એવો સમ્યગ્દૃષ્ટિ શમરૂપી આરોગ્યના લેશને પ્રાપ્ત કરીને દુષ્કર પણ નિઃશેષ તેના ક્ષયના ઉપાયમાં= સંસારવ્યાધિના ક્ષયના ઉપાયમાં, પ્રવર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારવ્યાધિરૂપે જણાય છે, મોક્ષ પૂર્ણ આરોગ્યરૂપે જણાય છે અને પોતાને અનંતાનુબંધીના ઉપશમજન્ય શમ આરોગ્ય થોડું પ્રાપ્ત થયું છે તોપણ ચાર ગતિના પરિભ્રમણરૂપ વિડંબનાથી અને તેના કારણીભૂત કષાયોથી પોતે પીડિત છે એમ જાણે છે અને સર્વ કષાયોનો ક્ષય અતિદુષ્કર છે એમ પણ જાણે છે, તોપણ સંપૂર્ણ સંસારવ્યાધિના ક્ષયના ઉપાયરૂપ કષાયોના ક્ષયમાં તે મહાત્મા સદા વર્તે છે. **॥૧૭૦॥**

શ્લોક :-

सदुपायफलप्राप्तेश्चारित्रोत्साहतः क्रमात् ।
भूत्वा स सर्ववित् क्षीणकर्मा याति शिवालयम् ।।१७१।।

શ્લોકાર્થ :-

સદ્ઉપાય વડે ફળની પ્રાપ્તિ હોવાથી ચારિત્રનો ઉત્સાહ હોવાને કારણે ક્રમથી સર્વજ્ઞ થઈને ક્ષીણકર્મવાળા તે મહાત્મા શિવાલયમાં જાય છે.

સમ્યગ્દષ્ટિ મહાત્માને સ્પષ્ટ બોધ છે કે સદ્ઉપાયથી ફળની પ્રાપ્તિ છે અને આગમાનુસારી દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલી ચારિત્રની ક્રિયા કષાયોના ક્ષય દ્વારા મોક્ષપ્રાપ્તિનો સદ્ઉપાય છે. તેથી તે મહાત્માને ચારિત્રનો ઉત્સાહ હોય છે, આથી માત્ર ચારિત્રને ગ્રહણ કરીને તેને સંતોષ થતો નથી પરંતુ શુદ્ધ ધર્મની નિષ્પત્તિમાં યત્ન થાય એ પ્રકારે ચારિત્રના સેવનમાં તે મહાત્માને ઉત્સાહ થાય છે, તેથી ક્રમસર ચારિત્રની પ્રવૃત્તિ કરીને તે મહાત્મા સર્વજ્ઞ બને છે અને ક્ષીણ કર્મવાળા તે મહાત્મા મોક્ષમાં જાય છે. **॥૧૭૧॥**

શ્લોક :-

सुसाधुगुरुसम्पर्कजन्येयं श्रेयसां ततिः ।

युक्तमुक्तमतस्तेन, बोधितो ब्राह्मणैरहम् ।।१७२।।

શ્લોકાર્થ :-

સુસાધુ એવા ગુરુના સંપર્કજન્ય એવો આ કલ્યાણનો વિસ્તાર છે. આથી તેના વડે=તે સાધુ વડે, યુક્ત કહેવાયું, હું બ્રાહ્મણો વડે બોધિત કરાયો.

સુસાધુ સંસારથી અત્યંત ઉદ્વિગ્ન હોય છે. નિર્વાણસાધક યોગો અપ્રમાદથી સેવતા હોય છે. એવા ગુરુનો સંપર્ક થાય તો પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ દ્વારા સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. આથી જ તે મહાત્માએ અકલંકને કહ્યું કે બ્રાહ્મણો વડે હું બોધિત કરાયો=સુસાધુઓ વડે મને આ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થઈ. **॥૧૭૨॥**

શ્લોક :-

सर्वे ह्यविरता जीवाः, कर्ममद्यरताः किल ।

स्थिता अपि भवापाने, साधवस्तत्पराङ्मुखाः ।।१७३।।

શ્લોકાર્થ :-

સર્વ અવિરત જીવો કર્મમદ્યથી રત છે. ભવઆપાનમાં રહેલા પણ સાધુઓ તેનાથી પરાઙ્મુખ છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ બધા જીવો કષાયોના વિકારોને પામે છે, તેથી કર્મમદ્યમાં રત છે. ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવો મદ્યપાનના ત્યાગના અત્યંત અર્થી છે અને વ્યસનને ત્યાગ કરવા માટે બલસંચય કરે છે, જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવોને વ્યસન જ સારભૂત જણાય છે. વળી, સાધુ ભવરૂપી મદ્યપાનકમાં રહેલા હોવા છતાં સતત કષાયોને ક્ષીણ કરવા અર્થે જિનવચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓ કરે છે, જેથી બાહ્ય નિમિત્તોજન્ય કર્મના વિકારોથી પરાઙ્મુખ છે અને વિકારોની અંતરંગ શક્તિ ક્ષીણ ક્ષીણતર કરે છે. **॥૧૭૩॥**

શ્લોક :-

प्रव्राजितोऽसौ तैरेव कर्ममद्यान्निवारितः ।

जरयित्वा व्रतैर्गन्ता, तदजीर्णं भवाद् बहिः ।।१७४।।

શ્લોકાર્થ :-

આ=અપાનકનું દૃષ્ટાંત આપનાર સાધુ, તેઓ વડે જ=સુસાધુઓ વડે જ, પ્રવ્રજ્યા અપાયા, કર્મમદ્યથી નિવારણ કરાયા, તેના અજીર્ણને= કર્મમદ્યના અજીર્ણને, જીર્ણ કરીને વ્રતો વડે ભવથી બહાર જનાર છે=તે મહાત્મા ભવથી બહાર જનાર છે.

સુસાધુએ તે મહાત્માને પ્રવ્રજ્યા આપી અને કહ્યું કે કર્મજન્ય કષાયોના વિકારો ન થાય તે રીતે સાધુ સમાચારી તારે પાળવી જોઈએ. જેથી પૂર્વમાં જે મદ્યપાનને કારણે અજીર્ણ થયું છે, તે નાશ પામશે અને તે મહાત્મા તે પ્રમાણે તે અજીર્ણને નાશ કરીને ભવથી બહાર એવા મોક્ષમાં જનારા છે. **॥૧૭૪॥**

શ્લોક :-

तद् भवापानके स्थातुमीदृशे नावयोरपि ।

युक्तमित्यकलङ्कस्य, गीर्नाद्यापि मयाऽऽदृता ।।१७५।।

શ્લોકાર્થ :-

તે કારણથી આવા પ્રકારના ભવરૂપી આપાનકમાં આપણા બંનેને પણ રહેવું યુક્ત નથી, એ પ્રકારની અકલંકની વાણી હજી પણ મારા વડે સ્વીકારાઈ નહિ. ।।૧૭૫।।

શ્લોક :-

स्थितोऽहं मौनमाधाय, शून्यारण्ये यथा मुनिः ।
अकलङ्को ययौ तुर्यमुनेः पार्श्वं मयाऽन्वितः ।।१७६।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે શૂન્ય એવા અરણ્યમાં મુનિ મૌન ધારણ કરીને રહે છે, તે પ્રમાણે મૌન ધારણ કરીને હું રહ્યો, મારાથી યુક્ત અકલંક ચોથા મુનિ પાસે ગયો. ।।૧૭૬।।

શ્લોક :-

सोऽपि नत्वाऽकलङ्केन, पृष्टो वैराग्यकारणम् ।
तेनोक्तमरघट्टो मे, जातो वैराग्यकारणम् ।।१७७।।

શ્લોકાર્થ :-

તે પણ=ચોથા મુનિ પણ, અકલંક વડે નમીને વૈરાગ્યનું કારણ પુછાયા, તેમના વડે=મુનિ વડે, કહેવાયું, મારા વૈરાગ્યનું કારણ અરઘટ્ટ થયું. ।।૧૭૭।।

શ્લોક :-

नित्यायुक्तो मया दृष्टोऽरघट्टो भवनामकः ।
रागद्वेषार्त्तरौद्राख्याश्चत्वारस्तत्र कर्षकाः ।।१७८।।

શ્લોકાર્થ :-

નિત્ય વ્યાપારવાળો, ભવ નામનો અરઘટ્ટ મારા વડે જોવાયો. રાગ, દ્વેષ, આર્ત્ત અને રૌદ્ર નામના ત્યાં=ભવ અરઘટ્ટમાં, ચાર ખેંચનારા ખેડૂતો છે. ।।૧૭૮।।

શ્લોક :-

सर्वशीरपतिस्तत्र, महामोहः प्रकीर्तितः ।
कषायसंज्ञका दृप्ता, बलिवर्दास्तु षोडश ।।१७९।।

શ્લોકાર્થ :-

ત્યાં=ભવ નામના અરઘટ્ટમાં, સર્વનો શીરપતિ એવો આ મહામોહ કહેવાયો છે, કષાય સંજ્ઞાવાળા, દપ્ત એવા ૧૬ બળદો છે. ।।૧૭૯।।

શ્લોક :-

कर्मकाराः स्मृतास्तत्र, हास्यशोकभयादयः ।

जुगुप्साऽरत्यरत्याद्यास्तेषां च परिचारिकाः ।।१८०।।

શ્લોકાર્થ :-

ત્યાં હાસ્ય, શોક, ભયાદિ કર્મકાર કહેવાયા છે. જુગુપ્સા, રતિ, અરતિ આદિ તેઓની=ખેડૂતોની, પરિચારિકા છે. ।।૧૮૦।।

શ્લોક :-

मिथ्यात्वं च प्रमादश्च, तत्र तुम्बद्वयं महत् ।

विलासविभ्रमोल्लासरूपास्तत्रारकाः स्मृताः ।।१८१।।

શ્લોકાર્થ :-

મિથ્યાત્વ અને પ્રમાદ ત્યાં મોટા બે તુમ્બ છે. વિલાસના વિભ્રમના ઉલ્લાસરૂપ ત્યાં=અરઘટ્ટમાં, આરકો કહેવાયા છે.

જેમ તે અરઘટ્ટ તુંબના બળથી જ સતત ઊંચું-નીચું ફર્યા કરે છે, તેમ જીવમાં મિથ્યાત્વ અને પ્રમાદ એ બે દોષોના બળથી સંસારરૂપી અરઘટ્ટ સતત પ્રવર્તે છે અને તે તુંબની વચમાં જેમ અરઘટ્ટમાં આરાઓ હોય છે, તેમ સંસારી જીવોમાં ભોગવિલાસની પરિણતિ અને તત્ત્વના વિષયમાં વિભ્રમ સતત પ્રવર્તે છે. **।।૧૮૧।।**

શ્લોક :-

असंयमाभिधः कूपस्तत्र दृष्टो भयंकरः ।

अनन्तदुःखपानीयभृतोऽदृष्टतलः सदा ।।१८२।।

શ્લોકાર્થ :-

અસંયમ નામનો ત્યાં ભયંકર કૂવો અનંત દુઃખના પાણીથી ભરાયેલો સદા અદૃષ્ટ તલવાળો જોવાયો.

જેમ અરઘટ્ટથી કૂવામાંથી પાણી ખેંચીને જલસિંચન કરાય છે, તેમ આત્મામાં અસંયમનો પરિણામ છે, તે કૂવાસ્થાનીય છે. જે અનંત દુઃખના પાણીથી ભરાયેલો છે; કેમ કે અસંયમનો પરિણામ જ કષાયોના ક્લેશરૂપ છે. તેનાથી જ અશાતાદિ અશુભ પ્રકૃતિઓ બંધાય છે. તેથી અંત વગરના દુઃખરૂપી પાણીથી ભરાયેલો અસંયમનો પરિણામ છે અને આ અસંયમનો પરિણામ અનાદિનો છે. તેથી તેનું તળિયું ક્યાંય દેખાતું નથી માટે અદૃષ્ટ તલ છે અને આ અસંયમનો પરિણામ જીવને સર્વ અનર્થો કરનાર હોવાથી ભયંકર છે. **॥૧૮૨॥**

શ્લોક :-

जीवलोको घटीयन्त्रं, तेन पूरितरेचितम् ।
मरणाख्यैर्वहन्नित्यं, षाट्कारैरेष लक्ष्यते ।।१८३।।

શ્લોકાર્થ :-

તેનાથી=અસંયમરૂપ કૂવાથી, પૂરિત અને રેચિત એવું ઘટ્ટીયંત્ર જીવલોક છે. મરણ નામના ખાટકારોથી આ=જીવલોક, નિત્ય વહન કરતો જણાય છે.

જેમ કૂવામાંથી ઘટ્ટીયંત્રો ભરાય છે અને ઝાડોમાં ખાલી કરાય છે તેમ જીવલોકરૂપ ઘટ્ટીયંત્ર અસંયમરૂપ કૂવામાંથી અનંત દુઃખરૂપ પાણીને ભરે છે અને ક્યારીઓમાં નાંખે છે અને તે રેંટ જ્યારે ચાલતી હોય ત્યારે ખાટકારો થતા હોય છે તેમ જીવને દરેક ભવોમાં મરણ નામના ખાટકારો પ્રાપ્ત થાય છે. તેથી આ ઘટ્ટીયંત્ર નિત્ય વહન થાય છે, ક્યારેક બંધ થતું નથી તેમ જણાય છે. **॥૧૮૩॥**

શ્લોક :-

आत्मा ज्ञानेन रहितो, ज्ञेयस्तत्र प्रतीच्छकः ।
मिथ्याभिमानसंज्ञं च, तस्य वार्घटिकं दृढम् ।।१८४।।

શ્લોકાર્થ :-

જ્ઞાનથી રહિત એવો આત્મા ત્યાં પ્રતીચ્છક=ગ્રહણ કરનાર, જાણવો અને મિથ્યાભિમાન સંજ્ઞાવાળું ત્યાં દૃઢ વાર્ઘટિક છે. ||૧૮૪||

શ્લોક :-

तत्र निर्वहणी क्लिष्टचित्तताभोगलोलता ।
कुल्या दीर्घाऽन्यान्यजन्मगणाः केदारका मताः ।।१८५।।

શ્લોકાર્થ :-

ત્યાં ક્લિષ્ટચિત્તતા, ભોગલોલતારૂપ નિર્વહણી છે. અન્ય અન્ય જન્મના ગણરૂપ દીર્ઘ કુલ્યો કેદારો મનાયા છે. ||૧૮૫||

શ્લોક :-

बीजं च कर्मजालाख्यं, वापकस्तत्र कीर्तितः ।
तज्जीवपरिणामाख्यो, विकाराः सस्यसम्पदः ।।१८६।।

શ્લોકાર્થ :-

અને કર્મજાલ નામનું બીજ છે, ત્યાં તદ્જીવપરિણામ નામનો વપન કરનાર કહેવાયો છે. ધાન્યની સંપત્તિઓ વિકારો છે.

જીવ અરઘટ્ટ યંત્રથી પાણી કાઢીને કર્મના જાળારૂપ બીજનું સિંચન કરે છે અને તે જીવનો પરિણામ બીજનું વપન કરનાર છે=જે જીવ જે પરિણામ કરે તેને અનુરૂપ કર્મજાલરૂપ બીજનું વપન થાય છે. વળી, કર્મજાળાના કારણે ફરી જીવમાં જે વિકારો થાય છે, તે ધાન્યની પ્રાપ્તિ સ્વરૂપ છે. **||૧૮૬||**

શ્લોક :-

पानान्तिकोऽस्त्यसद्बोधः, कर्मक्षेत्रस्य सेचने ।
मोहादिष्टः सदोद्युक्तोऽरघट्टपरिपालकः ।।१८७।।

શ્લોકાર્થ :-

કર્મરૂપી ખેતરના સિંચનમાં પાનાંતિક=પાણીનું સિંચન કરનાર, મોહથી

આદિષ્ટ સદા ઉદ્યુક્ત અરઘટ્ટનો પરિપાલક અસદ્બોધ છે.

જીવને આત્માના નિરાકુળ સ્વભાવનો બોધ નથી. તેથી સંસારી જીવ કર્મો બાંધ્યા પછી બીજનું વપન કરીને તે અસદ્બોધથી પાણીનું સિંચન કરે છે અને તે અસદ્બોધ મોહનીયકર્મથી આદિષ્ટ છે અને સદા અરઘટ્ટ ઘટ્ટીયંત્રનું પરિપાલન કરે છે. તેથી અસંયમરૂપી કૂવામાંથી પાણી કાઢીને અસદ્બોધ સદા વપન કરાયેલા બીજને પુષ્ટ પુષ્ટતર કરે છે. જેથી જીવમાં વિકારરૂપ ધાન્યની પ્રાપ્તિ સતત થાય છે. **॥૧૮૭॥**

શ્લોક :-

भवारघट्टे तत्राहं, प्रसुप्तः सततभ्रमे ।
बोधितोऽनेन गुरुणा, ध्यानस्थेन महात्मना ।।१८८।।

શ્લોકાર્થ :-

સતત ભમતા તે ભવ અરઘટ્ટમાં હું સૂતેલો. ધ્યાનસ્થ એવા આ ગુરુ મહાત્મા વડે હું બોધ કરાયો.

તે મુનિ અકલંકને કહે છે, તે ભવઅરઘટ્ટ સતત ભમતું હતું અને તેમાં હું ઊંઘતો હતો. તેથી તે ભવઅરઘટ્ટકૃત સર્વ કદર્થનાને મેં અનંતી વખત પ્રાપ્ત કરી અને હજી પણ ઊંઘતો હોવાથી તે જ સ્થિતિમાં હતો. પરંતુ સન્મુખ ધ્યાનમાં-રહેલા મહાત્મા એવા ગુરુએ મને ભવઅરઘટ્ટનો બોધ કરાવ્યો. શું બોધ કરાવ્યો, તે હવે પછી બતાવે છે. **॥૧૮૮॥**

શ્લોક :-

उक्तं चानेन भोक्ताऽस्ति, क्षेत्रस्यास्य फलं भवान् ।
जन्तो ! भवारघट्टस्य, स्वरूपं किं न वेत्सि भोः ? ।।१८९।।

શ્લોકાર્થ :-

આના વડે=ગુરુ વડે, કહેવાયું. આ ક્ષેત્રના ફળનો તું ભોક્તા છો. હે જંતુ ! ભવઅરઘટ્ટના સ્વરૂપને તું કેમ જાણતો નથી ?

ગુરુએ કહ્યું કે આ ક્ષેત્રમાં તું જે વપન કરે છે, તેનાથી જે ફળ પ્રાપ્ત થશે

તેના ફળનો તું ભોક્તા છો. તેથી જો સારું વપન કરીશ તો સારા ફળનો ભોક્તા થઈશ અને ખરાબ વપન કરીશ તો ખરાબ ફળનો ભોક્તા થઈશ અને ભવઅરઘટ્ટના સ્વરૂપને તું જાણતો નથી. તેથી ભવપરંપરાના કારણીભૂત બીજોનું વપન કરીને અનર્થોની પરંપરાને તું પામીશ. **॥૧૮૯॥**

શ્લોક :-

अयं भवारघट्टस्ते, दुःखानामेककारणम् ।
परित्यज तदेनं चेत्, सुखेन स्थातुमिच्छसि ॥१९०॥

શ્લોકાર્થ :-

આ ભવઅરઘટ્ટ તારાં દુઃખોનું એક કારણ છે. તે કારણથી આનો= ભવઅરઘટ્ટનો, તું પરિત્યાગ કર, જો સુખથી રહેવા ઈચ્છે છે.

ગુરુએ તે મહાત્માને કહ્યું કે આ ભવઅરઘટ્ટ તારાં દુઃખોનું એક કારણ છે. માટે જો વર્તમાનમાં સુખેથી રહેવું હોય, આગામી સુખની પરંપરા જોઈતી હોય તો બાહ્ય પદાર્થોમાં સંશ્લેષરૂપ અસામાયિકના પરિણામરૂપ ભવઅરઘટ્ટનો તું ત્યાગ કર. જેથી સમભાવની પરિણતિજન્ય વર્તમાનમાં સુખની પ્રાપ્તિ થશે અને આગામી સુખની પરંપરા પ્રાપ્ત થશે. **॥૧૯૦॥**

શ્લોક :-

मया प्रोक्तं यथा त्यक्तो, भवत्येष तथा वद ।
मुनिराह महाभाग !, भावदीक्षां गृहाण तत् ॥१९१॥

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=ચોથા મુનિ વડે કહેવાયું. જે પ્રમાણે આ= ભવઅરઘટ્ટ, ત્યક્ત થાય તે પ્રમાણે કહો. મુનિ કહે છે, હે મહાભાગ ! તો ભાવદીક્ષાને ગ્રહણ કર.

તે સાધુને સુખી થવાનો ઉપાય ભવઅરઘટ્ટનો ત્યાગ છે, તે વસ્તુ સ્થિર થવાથી તેનો ઉપાય પૂછે છે અને ગુરુ કહે છે. તું ભાવદીક્ષાને ગ્રહણ કર=ભાવથી સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય તે પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિ કર. જેથી ભવઅરઘટ્ટનો ત્યાગ થાય. **॥૧૯૧॥**

શ્લોક :-

भवारघट्टस्तैस्त्यक्तो, भावतो ये हि साधवः ।
ततस्तदाज्ञां स्वीकृत्य, प्रव्रज्येयं मयाऽऽदृता ।।१९२।।

શ્લોકાર્થ :-

તેઓ વડે ભવઅરઘટ્ટ ત્યાગ કરાયો, જેઓ ભાવથી સાધુ છે તેથી તેમની આજ્ઞાને=ગુરુની આજ્ઞાને, સ્વીકારીને મારા વડે=ચોથા મુનિ વડે, આ પ્રવ્રજ્યા સ્વીકારાઈ. ।।૧૯૨।।

શ્લોક :-

अयं वैराग्यहेतुर्मे, श्रुत्वेति मुनिभाषितम् ।
अकलङ्कस्त्वया सुष्ठु, बुद्धमित्यन्वमोदत ।।१९३।।

શ્લોકાર્થ :-

આ મારો વૈરાગ્યનો હેતુ છે, એ પ્રમાણે મુનિભાષિત સાંભળીને તમારા વડે સુંદર જણાયું. એ પ્રમાણે અકલંકે અનુમોદના કરી.

ચોથા મુનિએ પોતાના વૈરાગ્યનું કારણ કહ્યું. તે સાંભળીને અકલંકને અત્યંત પ્રીતિ થાય છે, તેથી તે મહાત્માને કહે છે કે તમે ભવઅરઘટ્ટને સુંદર જાણ્યો છે, એમ કહીને તેમનાં ઉચિત કૃત્યોની અનુમોદના કરે છે. **॥૧૯૩॥**

શ્લોક :-

ततस्तं साधुमानम्य, सोऽकलङ्को मया सह ।
पञ्चमस्य मुनेः पार्श्वे, ययौ तं प्रणनाम च ।।१९४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે સાધુને નમસ્કાર કરીને તે અકલંક મારી સાથે=ધનવાહનની સાથે, પાંચમા મુનિ પાસે ગયો અને તેમને=પાંચમા મુનિને પ્રણામ કર્યા. ।।૧૯૪।।

શ્લોક :-

सोऽपि तेन महाभागो, मम बोधविधित्सया ।
वैराग्यकारणं पृष्टः, स्पष्टमाचष्ट शुद्धधीः ।।१९५।।

શ્લોકાર્થ :-

તે પણ મહાભાગ=મહાભાગ્યવાન એવા પાંચમા મુનિ, મને બોધ કરાવવાની ઈચ્છાથી તેના વડે=અકલંક વડે, વૈરાગ્યનું કારણ પુછાયા. શુદ્ધ બુદ્ધિવાળા તે મુનિએ સ્પષ્ટ કહ્યું. ।।૧૯૫।।

શ્લોક :-

नानारूपा वयं चट्टास्तिष्ठामः स्म क्वचिन्मठे ।
तत्र चायातमस्माकं, भृशं भक्तं कुटुम्बकम् ।।१९६।।

શ્લોકાર્થ :-

કોઈક મઠમાં અનેક રૂપોવાળા અમે ચટ્ટો રહેતા હતા અને ત્યાં=મઠમાં, અમારું અત્યંત ભક્ત એવું કુટુંબક આવ્યું. ।।૧૯૬।।

શ્લોક :-

अनेकमानुषोपेतं, पञ्चमानुषतन्त्रितम् ।
तदस्माभिर्हितं बुद्धं, शत्रुभूतमपि स्फुटम् ।।१९७।।

શ્લોકાર્થ :-

પાંચ મનુષ્યોથી તંત્રિત, અનેક મનુષ્યોથી યુક્ત તે ભક્ત કુટુંબ આવ્યું એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. તે=ભક્ત કુટુંબ, શત્રુભૂત પણ સ્પષ્ટ અમારા વડે હિત જણાયું. ।।૧૯૭।।

શ્લોક :-

कृतं च भोजनं तत्र, चित्रं तेनाथ भक्षितम् ।
छात्रैरज्ञातसद्भावैस्तैस्तद्भोजनलोलुपैः ।।१९८।।

શ્લોકાર્થ :-

અને ત્યાં=તે મઠમાં, તેના વડે=તે ભક્ત કુટુંબ વડે, અનેક પ્રકારનું ભોજન કરાયું. હવે અજ્ઞાત સદ્ભાવવાળા તે ભોજનમાં લોલુપ એવા તે છાત્રો વડે ભક્ષણ કરાયું=તે ભોજન ભક્ષણ કરાયું. ।।૧૯૮।।

શ્લોક :-

केषांचित् सन्निपाताय, तदभून्मन्त्रयोगजम् ।
उन्मादकृच्च केषांचिच्छात्राणां बहुभक्षिणाम् ।।१९९।।

શ્લોકાર્થ :-

મંત્રયોગથી થયેલું તે=ભોજન, કેટલાકને સન્નિપાત માટે થયું. બહુભક્ષી એવા કેટલાક છાત્રોને ઉન્માદને માટે થયું. ।।૧૯૯।।

શ્લોક :-

ततो मिलितकण्ठास्ते, स्तब्धजिह्वाः सुविह्वलाः ।
क्वचित् तप्ताः क्वचिच्छीताः, क्वचिदुद्भ्रान्तमानसाः ।।२००।।

શ્લોકાર્થ :-

તેથી પરસ્પર મિલિત કંઠવાળા, સ્તબ્ધ જિહ્વાવાળા, સુવિહ્વલ એવા તેઓ=છાત્રો, ક્યારેક તપ્ત થયેલા, ક્યારેક ઠંડા થયેલા, ક્યારેક ઉદ્ભ્રાંત માનસવાળા થયા. ।।૨૦૦।।

શ્લોક :-

भृशं घुरघुरायन्तो, लोलमाना भुवस्तले ।
क्वचिज्झगझगायन्तश्छात्राः शोच्यां दशां गताः ।।२०१।।

શ્લોકાર્થ :-

અત્યંત ઘુરઘુર કરતા, ભૂમિતલમાં આળોટતા, ક્વચિત્ ઝગઝગાયન કરતા છાત્રો શોચ્યદશાને પામ્યા. ।।૨૦૧।।

શ્લોક :-

ये तून्मत्ताः समापन्नास्ते देवगुरुनिन्दिनः ।
लपन्ति विपरीतानि, पशुवन्नष्टधर्मकाः ।।२०२।।

શ્લોકાર્થ :-

જે વળી ઉન્મત્ત થયા, તે દેવ-ગુરુની નિંદાને કરનારા પશુની જેમ નષ્ટ ધર્મવાળા વિપરીત બોલે છે. ।।૨૦૨।।

શ્લોક :-

इतश्च योऽसौ स्वाध्यायलीनः साधुपुरन्दरः ।
महावैद्यकनिष्णातो, दृष्टस्तेनाहमातुरः ।।२०३।।

શ્લોકાર્થ :-

આ બાજુ જે આ સ્વાધ્યાયમાં લીન સાધુપુરંદર, મહાવૈદ્યકમાં નિષ્ણાત છે, તેમના વડે આતુર એવો હું=રોગથી ઘેરાયેલો એવો હું, જોવાયો. ।।૨૦૩।।

શ્લોક :-

सन्निपातहतस्तेषां, चट्टानां मध्यगो जडः ।
स्वौषधैः सन्निपातं मे, कृपयाऽपनिनाय सः ।।२०४।।

શ્લોકાર્થ :-

તે ચટ્ટોના મધ્યમાં રહેલો, સન્નિપાતથી હણાયેલો જડ એવો હું તે સાધુપુરંદરથી જોવાયો, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. સ્વઔષધોથી મારા સન્નિપાતને કૃપાને કારણે તેમણે=સાધુએ, દૂર કર્યું. ।।૨૦૪।।

શ્લોક :-

ततो जातो मनाक् स्पष्टचेतनोऽहमथाहरत् ।
उन्मार्गं छात्रसंसर्गजनितं यत्नतः स मे ।।२०५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=તે મહાત્માએ મારો સન્નિપાત દૂર કર્યો ત્યારપછી, કંઈક સ્પષ્ટ ચેતનાવાળો હું થયો. 'अथ'=ત્યારપછી તેમણે=તે મહાત્માએ, યત્નથી=અનેક યુક્તિઓથી, છાત્રના સંસર્ગ વડે થયેલ ઉન્માર્ગને મને કહ્યો. ॥૨૦૫॥

શ્લોક :-

महाशयस्ततश्चायं, स्वस्थचित्तं निरीक्ष्य माम् ।
उन्मत्तान् संनिपातार्त्तांश्चट्टान् सर्वानदर्शयत् ।।२०६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મહાશય એવા આ મહાત્માએ સ્વસ્થ ચિત્તવાળા એવા મને જોઈને ઉન્મત્ત સંનિપાતથી આર્ત એવા સર્વ ચટ્ટોને બતાવ્યા. ॥૨૦૬॥

શ્લોક :-

दृष्टाश्च ते मया छात्राः, क्रन्दन्तो व्याधिविह्वलाः ।
मुनीश्वरो बभाषे मां, गाढजातभयं ततः ।।२०७।।

શ્લોકાર્થ :-

અને તે છાત્રો વ્યાધિથી વિહ્વલ બૂમો પાડતા મારા વડે જોવાયા. તેથી ગાઢ થયેલા ભયવાળા મને મુનીશ્વર બોલ્યા=પાંચમા મુનિને બોલ્યા. ॥૨૦૭॥

શ્લોક :-

भद्र ! भोजनदोषेण, प्रागभूस्त्वमपीदृशः ।
मत्कृतोपायतो जातः, साम्प्रतं स्वस्थमानसः ।।२०८।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! ભોજનના દોષથી પૂર્વમાં તું પણ આવા પ્રકારનો થયો. મારા કરાયેલા ઉપાયથી હમણાં સ્વસ્થ માનસવાળો થયો.

સંસારી જીવો કષાયોરૂપી વ્યાધિથી વિહ્વળ થઈને આમતેમ પ્રવૃત્તિ કરતા દોડતા હોય છે અને મુનિના ઉપદેશથી પ્રસ્તુત પાંચમા મુનિ જ્યારે સમ્યક્ત્વને પામે છે, ત્યારે લોકોની તે પ્રકારની ઉન્માદવાળી પ્રવૃત્તિથી તેમને ભય થાય છે કે આ કષાયો આ રીતે પ્રવૃત્તિ કરાવીને મારો વિનાશ કરશે. તે વખતે મહાત્મા કહે છે, વિષયોના સેવનરૂપ ભોજનના દોષથી પૂર્વમાં તું પણ અન્ય સંસારી જીવોની જેમ જ પ્રવૃત્તિ કરતો હતો. મારા ઉપદેશના બળથી હમણાં તને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જણાય છે. તેથી મુક્ત અવસ્થા પ્રત્યેના રાગને કારણે તું કાંઈક સ્વસ્થ માનસવાળો થયો છે. **॥૨૦૮॥**

શ્લોક :-

अस्त्यद्यापि तवाजीर्णं, किंचिद् देहे ततो न चेत् ।
करिष्यसि मदुक्तं तत्, पुनरीदृग् भविष्यसि ।।२०९।।

શ્લોકાર્થ :-

હજી પણ કંઈક અજીર્ણ તારા દેહમાં વર્તે છે. તેથી મારા વડે કહેવાયેલું જો તે=ઔષધ, તું કરીશ નહિ તો ફરી આવા પ્રકારનો થઈશ.

સમ્યક્ત્વ પામ્યા પછી પણ જીવમાં કામની ઇચ્છા થાય તેવો ભાવરોગ વિદ્યમાન છે, જે કુત્સિત ભોજનના અજીર્ણ સ્વરૂપ છે. તેથી મહાત્મા તે મુનિને કહે છે, જો તું તે અજીર્ણને દૂર કરવાર્થે ભાવસાધુપણાનું સૂક્ષ્મ ભાવન કરીને અને શક્તિ હોય તો ગ્રહણ કરીને ભાવસાધુપણું પ્રગટ થાય તે રીતે ઔષધ કરીશ નહિ, તો ફરી અન્ય સંસારી જીવોની જેમ તું પણ તે પ્રકારના વિકારોવાળો થઈશ ! આથી જ સમ્યક્ત્વ પામ્યા પછી પણ જેઓ સાધ્વાચારનું સૂક્ષ્મ ભાવન કરીને તેવા ગુણો પોતાનામાં પ્રગટ થાય તે પ્રકારે શક્તિ અનુસાર યત્ન કરતા નથી, તેઓ મોહના વિકારોને પ્રાપ્ત કરીને ફરી મિથ્યાત્વદશાને પ્રગટ કરે છે. **॥૨૦૯॥**

શ્લોક :-

भयात् प्रत्ययलाभाच्च, ततस्तेनोदिता मया ।
प्रव्रज्या स्वीकृतेयं तद्भोजनाजीर्णनाशिनी ।।२१०।।

શ્લોકાર્થ :-

તેથી=મુનિએ તે સાધુને કહ્યું કે જો તું ઔષધ નહિ કરે તો ફરી આવો થઈશ તેથી, ભયને કારણે=ફરી સંસારી જીવો જેવો તું થઈશ એ પ્રકારના ભયને કારણે અને પ્રત્યયના લાભને કારણે=મુનિના વચનમાં વિશ્વાસની પ્રાપ્તિના કારણે, તેમના વડે કહેવાયેલી તેના ભોજનના અજીર્ણને નાશ કરનારી આ પ્રવ્રજ્યા મારા વડે સ્વીકાર કરાઈ.

મુનિએ તે મહાત્માને કહ્યું કે જો સમ્યક્ત્વ પામ્યા પછી પણ જો સર્વવિરતિને અનુકૂળ યત્ન થાય તે પ્રકારે સમ્યક્ ઉદ્યમ નહિ કરે તો વિષયોના વિકારો તારો વિનાશ કરશે. તે સાંભળીને ભય પામેલા મુનિ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તત્પર થાય છે. વળી, ગુણવાન ગુરુએ તે રીતે ભવસ્વરૂપનો બોધ કરાવ્યો તે સ્વઅનુભવથી તેવો જ છે, તેમ તે મહાત્માને જણાય છે. તેથી તે મહાત્માના વચનમાં વિશ્વાસ થવાને કારણે તે મહાત્માએ સંસારના ભોગાદિજન્ય અજીર્ણને નાશ કરનારી પ્રવ્રજ્યા સ્વીકાર કરી; કેમ કે ભોગના વિકારોથી વિપરીત ત્રણ ગુપ્તિના પરિણામરૂપ પ્રવ્રજ્યા હોવાથી ભોગાદિજન્ય અજીર્ણનો નાશ થાય છે. **॥૨૧૦॥**

શ્લોક :-

यां यामुपदिशत्येष, क्रियां तां तां करोम्यहम् ।
अधुना विधिना मेऽभूदिदं वैराग्यकारणम् ।।२११।।

શ્લોકાર્થ :-

આ=ગુરુ, જે જે ક્રિયાનો ઉપદેશ આપે છે, તે તે ક્રિયાને હું હમણાં વિધિથી કરું છું. આ મારું વૈરાગ્યનું કારણ થયું. ॥૨૧૧॥

શ્લોક :-

अकलङ्कस्तदाकर्ण्य, मुदितोऽन्यमुनिं प्रति ।
ययौ कोऽस्यार्थ इत्युच्चैर्मया पृष्टो जगाविदम् ।।२१२।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને આનંદ પામેલ અકલંક અન્ય મુનિ પ્રત્યે ચાલ્યો. શું આનો અર્થ છે એ પ્રમાણે અત્યંત મારા વડે=ઘનવાહન વડે, પુછાયેલો

આ=અકલંક, બોલ્યો.

પૂર્વના ભવોમાં અનુસુંદર ચક્રવર્તીના જીવને તે પ્રકારનાં ગાઢ કર્મો હતાં, જેના કારણે તત્ત્વને અભિમુખ લેશ પણ ભાવો થતા ન હતા. તે જ જીવ કંઈક કર્મમલ અલ્પ થવાથી અને અકલંક જેવાં વિશિષ્ટ કર્મો અલ્પ નહિ થયેલાં હોવાથી અકલંકને તેનો ભાવાર્થ પૂછે છે. છતાં અકલંકની જેમ સૂક્ષ્મ તાત્પર્યને જાણતો નથી અને વિશેષ વૈરાગ્યને પણ સ્પર્શતો નથી. માત્ર કંઈક સન્મુખ ભાવવાળો રહે છે. **॥૨૧૨॥**

શ્લોક :-

अनेनापि भवो मित्र !, प्रोक्तश्चट्टमठोपमः ।
परस्परमसम्बद्धाश्चट्टाभास्तत्र जन्तवः ।।२१३।।

શ્લોકાર્થ :-

હે મિત્ર ઘનવાહન ! આના વડે પણ=આ મુનિ વડે પણ, ચટ્ટોના મઠની ઉપમાવાળો ભવ કહેવાયો. ત્યાં=ભવમાં, ચટ્ટા જેવા જીવો પરસ્પર અસંબદ્ધ છે.

જેમ ચટ્ટોના મઠોમાં ચટ્ટો માત્ર એક મઠમાં રહે છે, પરંતુ સ્વાર્થ માત્રથી પરસ્પર બંધાયેલા રહે છે, વસ્તુતઃ દરેક જીવો પોતપોતાના સ્વાર્થને જોનારા હોય છે. તેમ સંસારમાં પરસ્પર અસંબદ્ધ ચટ્ટ જેવા જીવો ચૌદરાજલોકમાં રહે છે. **॥૨૧૩॥**

શ્લોક :-

माता पिता च नामीषां, तत्त्वतोऽस्ति न वा धनम् ।
न बान्धवाश्च मिलिताः, सर्वे भिन्ना हि जन्तवः ।।२१४।।

શ્લોકાર્થ :-

અને આમના=સંસારી જીવોના, તત્ત્વથી માતા-પિતા નથી, ધન નથી અને મિલિત થયેલા બાંધવો નથી. हि=જે કારણથી, સર્વ જીવો ભિન્ન છે.

દરેક જીવો પોતપોતાના સ્વાર્થથી બંધાયેલા છે. તેથી સ્થૂલથી માતા-પિતા

હોય, સ્થૂલથી ધન હોય તોપણ તત્ત્વથી જીવનું પાલન કરે અને દુર્ગતિઓથી રક્ષણ કરે તેવાં માતા-પિતા કોઈ નથી. સંસારમાં પણ સુરક્ષિત રાખે તેવું અંતરંગ ધન નથી. કોઈ તેના પરમાર્થથી હિતની ચિંતા કરે તેવા બંધુઓ નથી. પરંતુ દરેક જીવો પરસ્પર ભિન્ન રહેલા છે. **॥૨૧૪॥**

શ્લોક :-

तेषां च जीवचट्टानां, संसारमठवर्तिनाम् ।
बन्धहेत्वभिधं भक्तमायात्येव कुटुम्बकम् ।।२१५।।

શ્લોકાર્થ :-

અને સંસારમઠવર્તી તે જીવરૂપી ચટ્ટોના બંધહેતુ નામનું ભક્ત કુટુંબ આવે જ છે.

સંસારમાં દરેક જીવો પરસ્પર ભિન્ન છે અને સંસારરૂપી મઠમાં રહેલા છે તોપણ તે જીવોના કર્મબંધનું કારણ બને તેવું ભક્તિવાળું કુટુંબ તેઓ પાસે આવે જ છે. **॥૨૧૫॥**

શ્લોક :-

बहवः सन्ति तल्लोकाः, पञ्च संग्राहकाः परम् ।
प्रमादो योगमिथ्यात्वे, कषायाविरती तथा ।।२१६।।

શ્લોકાર્થ :-

તે લોકો ઘણા છે, કેવલ પંચ સંગ્રાહક છે. પ્રમાદ, યોગ, મિથ્યાત્વ, કષાય અને અવિરતિ.

જીવના બંધમાં કારણરૂપ અંતરંગ પરિણામો ઘણા છે તોપણ તે સર્વનો સંગ્રહ પાંચમાં થાય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ - બંધનાં કારણો છે, તે તેનું અંતરંગ ભક્તિવાળું કુટુંબ છે. **॥૨૧૬॥**

શ્લોક :-

अनादिसंसारवशाद्, बन्धहेतुकुटुम्बकम् ।
इदं च जीवचट्टानां, हितकृत् प्रतिभासते ।।२१७।।

શ્લોકાર્થ :-

અનાદિ સંસારના વશથી આ બંધનો હેતુ એવું કુટુંબ જીવચટ્ટોને હિતકારી ભાસે છે.

જીવ અનાદિથી સંસારમાં વસી રહ્યો છે. તેથી ખરેખર જીવને સંસારમાં બાંધી રાખનાર અને વિડંબના કરનાર આ કુટુંબ હોવા છતાં મિથ્યાત્વ આદિ ભાવો સંસારી જીવને હિતકારી ભાસે છે. **॥૨૧૭॥**

શ્લોક :-

छात्रभोजनतुल्यं तत्, कर्म सम्पादयत्यलम् ।
भुञ्जन्ते जीवचट्टास्तन्मोहमन्त्रेण संस्कृतम् ।।२१८।।

શ્લોકાર્થ :-

છાત્રના ભોજનતુલ્ય તે કર્મને અત્યંત સંપાદન કરે છે=બંધનું કારણ એવું કુટુંબ અત્યંત સંપાદન કરે છે. મોહમંત્રથી સંસ્કૃત એવા તેને= ભોજનને, જીવચટ્ટો ભોગવે છે.

જીવમાં વર્તતાં મિથ્યાત્વ આદિ પાંચ ભાવો જીવને ભોગસામગ્રી રૂપ ભોજન આપે છે અને તે ભોજન તે જીવોમાં મોહ ઉત્પન્ન થાય તેવા મંત્રથી સંસ્કૃત કરાયેલું છે, તેથી તે જીવચટ્ટો તે ભોજન જ સુખનું કારણ છે, તેમ માને છે. વસ્તુતઃ જો મોહથી મંત્રેલું તે ભોજન ન હોય તો જેમ મુનિ સંયમના પ્રયોજનથી આહાર વાપરે છે, ત્યારે તે આહાર દ્વારા જ સંયમના કંડકો વધારે છે. તેમ સંસારી જીવો પણ દેહનો નિર્વાહ કરીને પોતાની ગુપ્તિનો પરિણામ વૃદ્ધિ કરી શકે. પરંતુ મોહના પરિણામથી તે ભોગોને કરીને તે જીવચટ્ટો ક્લિષ્ટ કર્મો બાંધીને અનર્થ જ સંપાદન કરે છે. **॥૨૧૮॥**

શ્લોક :-

अनायतिज्ञास्ते तेन, पूरयन्त्युदरं निजम् ।
तद्विपाकाद् यदज्ञानं, प्राप्नुवन्ति सुदारुणम् ।।२१९।।

શ્લોકાર્થ :-

આયતિને નહિ જાણનારા એવા તેઓ=જીવચટ્ટો, તેના વડે=મોહથી સંસ્કૃત ભોજન વડે, પોતાનું ઉદર પૂરે છે. તેના વિપાકથી જે સુદારુણ અજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ ભોજનનું શું ફળ આવશે, તે નહિ જાણનારા ભોજનમાં લોલુપ તે જીવો તે બાહ્ય વિષયોથી પોતાના ઉદરને ભરે છે અને તેના કારણે ક્લિષ્ટ કર્મો બાંધે છે. તેના વિપાકથી સુદારુણ, ગાઢ અજ્ઞાન તેઓને પ્રાપ્ત થાય છે. **॥૨૧૯॥**

શ્લોક :-

अनभिग्रहमिथ्यात्वसन्निपातोऽयमिष्यते ।
अनेनैकेन्द्रियत्वे स्युः, काष्ठवन्नष्टचेतनाः ।।२२०।।

શ્લોકાર્થ :-

આ=ગાઢ અજ્ઞાન, અનભિગ્રહ મિથ્યાત્વનો સન્નિપાત ઈચ્છાય છે. આના વડે=અનભિગ્રહ મિથ્યાત્વ વડે, એકેન્દ્રિય ભવમાં કાષ્ઠની જેમ નષ્ટ ચેતના થાય.

જે સંસારી જીવો ભવિષ્યનો વિચાર કર્યા વગર મિથ્યાત્વ આદિ પાંચ ભાવોથી લવાયેલું વિષયોરૂપી ભોજન કરે છે, તેનાથી ગાઢ જ્ઞાનાવરણીય કર્મો બાંધીને એકેન્દ્રિયમાં જાય છે જે અનભિગ્રહ મિથ્યાત્વનો સન્નિપાત છે=કોઈ તત્ત્વનો કે કોઈ દર્શનનો આગ્રહ નથી પરંતુ માત્ર મૂઢતાને કારણે વિષયોમાં સાર બુદ્ધિ છે એ રૂપ મિથ્યાત્વનો સન્નિપાત તે જીવોને વર્તે છે, જેના કારણે તેઓ એકેન્દ્રિય ભવમાં જાય છે, ત્યારે કાષ્ઠની જેવી નષ્ટ ચેતનાવાળા થાય છે. **॥૨૨૦॥**

શ્લોક :-

भृशं घुरघुरायन्ते, द्वीन्द्रियत्वे च जन्तवः ।
त्रीन्द्रियत्वे च लोलन्ते, भुक्तदोषादितस्ततः ।।२२१।।

શ્લોકાર્થ :-

અને બેઈન્દ્રિયપણામાં જીવો અત્યંત ઘુરઘુર કરે છે અને ત્યારપછી ખાધેલાના દોષને કારણે તેઈન્દ્રિયપણામાં આમતેમ લોલતા કરે છે. ॥૨૨૧॥

શ્લોક :-

चतुरक्षासंज्ञिपञ्चेन्द्रियत्वे च वितन्वते ।
तामेव चेष्टामधिकां, भृशं झगझगायितम् ।।२२२।।
गर्भजत्वे वितन्वन्ति, तेऽपर्याप्ता भवन्ति च ।
रुद्धकण्ठाः स्तब्धजिह्वा, भूरिदुःखौघविह्वलाः ।।२२३।।

શ્લોકાર્થ :-

ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયપણામાં તે જ ચેષ્ટાને=આમતેમ ભટકવાની ચેષ્ટાને, અધિક કરે છે.

ગર્ભજપણામાં અત્યંત ઝગઝગાયિત વિસ્તાર કરે છે=તે ચેષ્ટાને અત્યંત વિસ્તારિત કરે છે. અપર્યાપ્તા એવા તેઓ રુદ્ધ કંઠવાળા, સ્તબ્ધ જિહ્વાવાળા, ઘણા દુઃખના સમૂહથી વિહ્વલ થાય છે. ॥૨૨૨-૨૨૩॥

શ્લોક :-

बाध्यन्ते तापशीताद्यैर्गताश्च नरकेषु ते ।
आपन्नाः पशुभावं च, चेतयन्ते न किञ्चन ।।२२४।।

શ્લોકાર્થ :-

નરકમાં ગયેલા તેઓ તાપ-શીતાદિથી બાધા પામે છે અને પશુભાવને પામેલા કંઈ જાણતા નથી. ॥૨૨૪॥

શ્લોક :-

मनुष्यत्वे च मुह्यन्ति, देवत्वे शेरते भृशम् ।
दारुणा जीवचट्टानां, दशेयं सन्निपातजाः ।।२२५।।

શ્લોકાર્થ :-

અને મનુષ્યપણામાં મોહ પામે છે=સુંદર વિષયોમાં આસક્ત થાય છે. દેવપણામાં અત્યંત ઊંઘે છે=મોહની નિદ્રામાં અત્યંત ઊંઘે છે. જીવચટ્ટોની સન્નિપાત થયેલી આ દારુણ દશા છે. ।।૨૨૫।।

શ્લોક :-

ये तु स्वाभिनिवेशेन, विपरीतं जिनागमात् ।
एकान्तक्षणिकाद्यर्थं, मन्यन्ते कुनयाश्रिताः ।।२२६।।

શ્લોકાર્થ :-

જે વળી કુનય આશ્રિત જીવો જિનાગમથી વિપરીત, સ્વાભિનિવેશથી એકાંત ક્ષણિક આદિ અર્થને માને છે. ।।૨૨૬।।

શ્લોક :-

आभिग्रहिकमिथ्यात्वोन्मादस्तेषामसौ स्मृतः ।
सन्मार्गदूषणात् ते हि, प्रलपन्तीव विह्वलाः ।।२२७।।

શ્લોકાર્થ :-

તેઓનો આ આભિગ્રહિક મિથ્યાત્વનો ઉન્માદ કહેવાયો છે. हि=જે કારણથી, સન્માર્ગના દૂષણથી તેઓ વિહ્વલની જેમ પ્રલાપ કરે છે. ।।૨૨૭।।

શ્લોક :-

हसन्तीव तपःसत्यचारित्रगुणनिह्नवात् ।
वल्गन्तीव विना हेतुं, नास्त्यात्मेत्यादिवादतः ।।२२८।।

શ્લોકાર્થ :-

તપ, સત્ય, ચારિત્રગુણના અપલાપથી જાણે હસતા હોય છે. હેતુ વગર આત્મા નથી ઈત્યાદિના કથનથી જાણે કૂદતા હોય છે.

આભિગ્રહિક મિથ્યાત્વને કારણે જેમ સન્માર્ગના દૂષણથી યથાતથા પ્રલાપ

કરે છે, તેમ તપ, સત્ય, ચારિત્રગુણોનો અપલાપ કરીને પોતાનાથી યથાતથા આચરાયેલા તપ, ચારિત્રના ગુણોને પારમાર્થિક તપ આદિ કહે છે. તેઓ તે સુંદર ગુણો પ્રત્યે જાણે હસે છે અને આત્મા નથી ઇત્યાદિ કથન કહીને હેતુ વગર નિરર્થક પોતે તત્ત્વને જાણનાર છે, તે પ્રકારના ગર્વથી કૂદે છે. **॥૨૨૮॥**

શ્લોક :-

सर्वज्ञमतनिष्णातै रुदन्तीव निराकृताः ।
यथेष्टचेष्टाकरणान्नृत्यन्तीव लसत्कराः ।।२२९।।

શ્લોકાર્થ :-

સર્વજ્ઞ મતના નિષ્ણાતો વડે નિરાકરણ કરાયેલા જાણે રડે છે. પોતાની ઈચ્છાનુસાર ચેષ્ટાના કરણથી વિલાસ કરતા એવા તેઓ જાણે નાચે છે.

સર્વજ્ઞના મતને જાણનારાઓ આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવોના યથાતથા પ્રલાપનું નિરાકરણ કરે ત્યારે તેઓ ઉદ્વિગ્ન થાય છે, ખિન્ન થાય છે. વળી, પોતાની કલ્પિત સંયમની આચરણા કરીને જાણે અમે મોક્ષમાર્ગમાં ઉદ્યમ કરનારા છીએ, તે પ્રકારે નાચે છે પરંતુ જિનવચનના પરમાર્થને જાણતા નથી, તે આભિગ્રહિક મિથ્યાત્વ છે. **॥૨૨૯॥**

શ્લોક :-

गायन्तीव पठन्तश्च, तर्कदण्डोलकान्निजान् ।
एवं कर्मविषोन्मादाद्, भवन्ति ग्रहिला जनाः ।।२३०।।

શ્લોકાર્થ :-

પોતાના તર્કદંડોલકને ભણતા જાણે ગાય છે, આ રીતે કર્મવિષના ઉન્માદથી ગ્રહિલ લોકો થાય છે.

પોતપોતાના દર્શનના કે સ્વસ્વ મતના તર્કો કરીને યથાતથા અર્થ કરનારા જાણે ગાય છે કે અમે જ તત્ત્વના જાણનારા છીએ. આ પ્રકારે કર્મરૂપી વિષના ઉન્માદથી સંસારી જીવો મિથ્યાત્વથી ગ્રસાયેલા થાય છે. **॥૨૩૦॥**

શ્લોક :-

यच्चोक्तं मुनिना तेन, मोचितोऽहं कृपालुना ।
महावैद्यकदक्षेण, सन्निपातात् सुदारुणात् ।।२३१।।

શ્લોકાર્થ :-

અને જે તે મુનિ વડે કહેવાયું=પાંચમા મુનિ વડે અકલંકને કહેવાયું. શું કહેવાયું તે બતાવે છે. સુદારુણ સન્નિપાતથી મહાવૈધકમાં દક્ષ એવા કૃપાલુ ગુરુ વડે હું મુકાયો. ।।૨૩૧।।

શ્લોક :-

तद् युक्तमेव यदमी, भवन्त्येव कृतश्रमाः ।
सिद्धान्ते वैद्यकाकारे, मुनयः शुद्धबुद्धयः ।।२३२।।

શ્લોકાર્થ :-

તે=તે મુનિએ કહ્યું હું ગુરુ વડે મુકાયો તે, યુક્ત જ છે. જે કારણથી શુદ્ધ બુદ્ધિવાળા આ મુનિઓ વૈધક આકારવાળા સિદ્ધાંતમાં કૃતશ્રમવાળા હોય જ છે. ।।૨૩૨।।

શ્લોક :-

लक्षयन्ति स्वरूपं च, ते सर्वभववर्तिनाम् ।
दयां च कुरुते कर्मभोजनात् सन्निपन्नके ।।२३३।।

શ્લોકાર્થ :-

અને તેઓ=મુનિઓ, સર્વ ભવવર્તી જીવોના સ્વરૂપને જાણે છે અને કર્મભોજનથી સન્નિપાત પામેલા જીવોમાં દયાને કરે છે.

તે મુનિને મહાત્માએ સુદારુણ સન્નિપાતથી મુકાવ્યા. તે કોને આશ્રયીને સંગત થાય છે તે બતાવતાં કહે છે. શુદ્ધ બુદ્ધિવાળા મુનિઓ ભગવાનના સિદ્ધાંતમાં કરાયેલા શ્રમવાળા જ હોય છે. અર્થાત્ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા જ હોય છે. તેથી કયા રોગનું, કયા જીવને આશ્રયીને કયું ઔષધ છે, તેનો યથાર્થ નિર્ણય કરીને તે પ્રમાણે જ ઔષધ આપે છે. તેથી યોગ્ય જીવો

તેમના ઔષધના સેવન વડે સન્નિપાતથી મુકાય છે અને તેવા મહાત્માઓ સર્વ ભવવર્તી જીવોના સ્વરૂપને જાણે છે અને અગુપ્તિના પરિણામથી સંસારી જીવો જે વિષયોમાં સેવનરૂપ ભોજન કરીને સન્નિપાતને પામેલા છે, તેઓ પ્રત્યે તે મહાત્માઓ દયા કરે છે. **॥૨૩૩॥**

શ્લોક :-

अत एव सुसाधूनामाक्रोशादिपरा अपि ।
न रुषां विषयाः किन्तु, कृपाया भवजन्तवः ।।२३४।।

શ્લોકાર્થ :-

આથી જ=શુદ્ધ બુદ્ધિવાળા મુનિઓ સન્નિપાતવાળા જીવો પ્રત્યે દયાવાળા છે આથી જ, આક્રોશાદિમાં તત્પર એવા જીવો પણ સુસાધુઓના રોષનો વિષય થતા નથી પરંતુ કૃપાના વિષય છે.

સુસાધુઓ સિદ્ધાંતના પરમાર્થને જાણનારા હોવાથી સંસારી જીવો સન્નિપાતવાળા છે તેથી સન્નિપાતને વશ થઈને કોઈ જીવો સુસાધુની નિંદા કરતા હોય, આક્રોશ કરતા હોય તોપણ તેઓ પ્રત્યે સુસાધુ રોષ કરતા નથી, પરંતુ વિચારે છે કે હું શું કરું કે જેથી તેઓનો સન્નિપાત દૂર થાય. **॥૨૩૪॥**

શ્લોક :-

सन्निपातात् तथोन्मादात्, कर्मणां ये प्रपीडिताः ।
आक्रोशादि परायत्ताः, कुर्वते तेषु किं रुषा ? ।।२३५।।

શ્લોકાર્થ :-

સન્નિપાતને કારણે કર્મોનો તે પ્રકારનો ઉન્માદ હોવાથી જેઓ અત્યંત પીડિત છે, આક્રોશ આદિમાં પરાધીન છે, તેવા જીવોમાં રોષથી શું કરાય ? ॥૨૩૫॥

શ્લોક :-

कोपो न युज्यते तेषु, क्षारक्षेप इव क्षते ।
कथमेषामयं दोषो नश्येदिति कृपोचिता ।।२३६।।

શ્લોકાર્થ :-

તેઓમાં=આક્રોશ આદિપર જીવોમાં, કોપ ઘટતો નથી. જેમ ક્ષત ઉપર ક્ષારક્ષેપ ઘટતો નથી. કેવી રીતે આમનો=આક્રોશાદિ કરનારા જીવોનો, આ દોષ નાશ પામે એ પ્રમાણે કૃપા ઉચિત છે. ॥૨૩૬॥

શ્લોક :-

कर्मवेष्टितजन्तूनां, चेष्टितानि विवेकिनाम् ।
शाणत्वं यान्ति वैराग्यशस्त्रोत्तेजनहेतवे ।।२३७।।

શ્લોકાર્થ :-

કર્મવેષ્ટિત જીવોની ચેષ્ટાઓ=સંસારી જીવો સાધુ ઉપર કર્મને વશ થઈને આક્રોશ આદિ કરે તેવી ચેષ્ટાઓ, વિવેકી સાધુઓના વૈરાગ્યરૂપી શસ્ત્રના ઉત્તેજનને માટે શાણત્વને પામે છે.

જેમ શાણ ઉપર શસ્ત્રને તીક્ષ્ણ કરાય છે, તેમ કર્મવશ જીવોના આક્રોશ આદિ સાધુઓના વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. **॥૨૩૭॥**

શ્લોક :-

लब्ध्वापि नृभवं जन्तूनुन्मत्तान् सन्निपन्नकान् ।
दृष्ट्वा जिनमतज्ञः को, रज्येत भवचारके ? ।।२३८।।

શ્લોકાર્થ :-

મનુષ્યભવને પામીને પણ સન્નિપાતવાળા ઉન્મત્ત એવા જીવોને જોઈને જિનમતના જાણનારા મહાત્મા કોણ ભવરૂપી કેદખાનામાં આસક્તિ કરે ?

વિવેકી સાધુ સંસારી જીવોના કર્મને વશ વર્તતા ક્લિષ્ટ ભાવોને જોઈને વિચારે કે મનુષ્યભવ પામવા છતાં આ જીવો કર્મદોષથી આ રીતે વિડંબના પામે છે માટે આ કર્મદોષ જ ખરાબ છે, તેમ વિચારીને ભવના કારણીભૂત કર્મદોષના નિવારણ માટે તે મહાત્મા અત્યંત યત્નશીલ થાય છે. **॥૨૩૮॥**

શ્લોક :-

ततोऽयं करुणाढ्येन, गुरुणा सन्निपन्नकः ।
स्वस्थीकृतः सुवैद्येन, च्छात्राभो वचनौषधैः ।।२३९।।

શ્લોકાર્થ :-

તેથી=સુસાધુ સિદ્ધાંતના જાણનારા હોય છે તેથી, કરુણાઆઢ્ય સુવૈદ્ય એવા ગુરુ વડે છાત્ર જેવા સન્નિપાતવાળા આ પાંચમા સાધુ વચનઔષધથી સ્વસ્થ કરાયા=ભગવાનના વચનઔષધથી સ્વસ્થ કરાયા.

સંસારી જીવો કષાયોને વશ અનાભિગ્રહિક મિથ્યાદષ્ટિ કે આભિગ્રહિક મિથ્યાદષ્ટિ હોય છે. તે કેવા સ્વરૂપવાળા હોય છે, તે વિસ્તારથી વર્ણન કર્યું અને સુસાધુઓ દયાળુ હોય છે, તેથી કષાયને વશ દુઃખી જીવોને જોઈને તેઓ પ્રત્યે કોપ કરતા નથી, પરંતુ હિત થાય તેવા જીવોને ઉચિત ઔષધ દ્વારા હિત કરે છે. તેમ પૂર્વમાં કહ્યું તેથી પ્રસ્તુત પાંચમા સાધુ પ્રત્યે કરુણાને પ્રાપ્ત થયેલા એવા ગુરુએ ભગવાનના વચનરૂપી ઔષધને આપીને સ્વસ્થ કર્યા જેથી તે સાધુ સન્નિપાત વગરના થઈને સંસારનું વાસ્તવિક સ્વરૂપને જોનારા બન્યા. **॥૨૩૯॥**

શ્લોક :-

यच्चोक्तं छात्रसंसर्गादुन्मादोऽपि ममोदितः ।
नाशितोऽनेन गुरुणा, तदेवमवबुध्यताम् ।।२४०।।

શ્લોકાર્થ :-

અને જે કહેવાયું=પાંચમા સાધુ વડે કહેવાયું. છાત્રના સંસર્ગથી મને ઉન્માદ પણ ઉદિત થયો. આ ગુરુ વડે તે ઉન્માદ નાશ કરાયો. તે આ પ્રમાણે તું જાણ.

તે સાધુએ અકલંકને કહ્યું કે તે ચટ્ટોના મઠમાં વર્તતા અન્ય છાત્રોના સંસર્ગથી મને ઉન્માદ થયો. તેમ સમ્યક્ત્વ પામ્યા પછી અન્ય સંસારી જીવોના સહવાસથી જીવને ફરી વિષયો પ્રત્યેના આકર્ષણરૂપ ઉન્માદ થાય છે અને સુગુરુ તેમને ઉપદેશ આપીને તે ઉન્માદનો નાશ કરે છે. જે આગળ બતાવે છે. **॥૨૪૦॥**

શ્લોક :-

गुरुणा सन्निपाताभे, मिथ्यात्वेऽस्यानभिग्रहे ।
हते तदाभिग्रहिकमभूत् तीर्थिकसन्निभः ।।२४१।।

શ્લોકાર્થ :-

આમનું=પાંચમા સાધુનું, સન્નિપાત જેવું અનાભિગ્રહિક મિથ્યાત્વ ગુરુ વડે હણાયે છતે તીર્થિક જેવા તેમને=અન્ય દર્શનના જીવો જેવા તેમને, આભિગ્રહિક થયું.

સૂક્ષ્મ તત્ત્વનો બોધ કરાવે તેવા ગુરુના વચનથી તે જીવને આત્મા, પરલોક, મોક્ષ આદિ પદાર્થો પ્રત્યે રુચિ થાય છે તોપણ અનેકાંતના પરમાર્થનો બોધ નહિ હોવાથી કંઈક સ્વરુચિ અનુસાર એકાંતવાદના ગ્રહણરૂપ આભિગ્રહિક મિથ્યાત્વ થાય છે. જે અન્ય તીર્થિકના જેવો વિપર્યાસ છે. **॥૨૪૧॥**

શ્લોક :-

निरस्तं गुरुणा यत्नात्, तदप्युन्मादसन्निभम् ।
ततश्चट्टमठाकारः, संसारोऽस्य प्रदर्शितः ।।२४२।।
ततो भवमठे दृष्टा, जीवाश्चट्टा इवामुना ।
उन्मत्ताः सन्निपातार्त्ता, दुःखभाजः प्रलापिनः ।।२४३।।

શ્લોકાર્થ :-

ઉન્માદ જેવા તેને પણ=આભિગ્રહિક મિથ્યાત્વને પણ, યત્નથી ગુરુ વડે નિરાસ કરાયું. ત્યારપછી આમને=પાંચમા સાધુને, ચટ્ટ મઠના આકારવાળો સંસાર બતાવાયો.

તેથી=ગુરુએ ચટ્ટ મઠાકાર સંસાર બતાવ્યો તેથી, આમના વડે=પાંચમા મુનિ વડે, ભવમઠમાં ચટ્ટ જેવા ઉન્મત્ત, સન્નિપાતથી આર્ત્ત, દુઃખને ભજનારા એવા પ્રલાપી જીવો જોવાયા.

સદ્ગુરુએ પૂર્વમાં એકેન્દ્રિયાદિ જેવું અનાભિગ્રહિક મિથ્યાત્વ હતું તે દૂર કર્યું. ત્યારપછી સ્વમતિ અનુસાર ધર્મ કરવાની રુચિરૂપ અને એકાંતવાદથી

દૂષિત મતિ જેવું આભિગ્રહિક મિથ્યાત્વ દૂર કર્યું અને ચટુડા એવા મઠના આકારવાળો આ સંસાર છે તેમ બતાવ્યું. જેથી કષાયોની લાલસાથી સંસારી જીવો કઈ રીતે સંસારમાં ખદબદ ખદબદ થાય છે તેના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવ્યો.

ગુરુએ તે મહાત્માને ચટ્ટ મઠાકાર સંસાર બતાવ્યો. તેથી સંસારી જીવોમાંથી સુખી જીવોની કે દુઃખી જીવોની કેવા પ્રકારની સર્વ પ્રવૃત્તિઓ છે, તે યથાર્થ દેખાય છે, તેથી તે મહાત્માને સંસારી જીવો આત્માની સ્વસ્થતાને છોડીને ઉન્મત્ત થયેલા, કષાયોથી આકુળ થયેલા હોવાથી સન્નિપાતથી પીડાતા, શાતાદિ પુણ્ય હોય તોપણ કષાયોના દુઃખને ભજનારા યથાતથા પ્રલાપ કરીને ભવ નિષ્ફળ કરનારા દેખાયા. **॥૨૪૨-૨૪૩॥**

શ્લોક :-

ततः संजातभीरेष, प्राच्यां स्वस्येदृशीं दशाम् ।
गुरुणोक्तां समाकर्ण्य, तदुक्तां कुरुते क्रियाम् ।।२४४।।

શ્લોકાર્થ :-

તેથી=ભવરૂપી મઠમાં ચટ્ટ જેવા જીવોનું યથાર્થ સ્વરૂપ જોવાયું તેથી, ગુરુ વડે કહેવાયેલી પોતાની આવા પ્રકારની પૂર્વની દશાને સાંભળીને, થયેલા ભયવાળા આ=પાંચમા મુનિ, તેમનાથી કહેલી=ગુરુથી કહેલી, ક્રિયાને=સંયમની ક્રિયાને, કરે છે.

પૂર્વનો સન્નિપાત ફરી ન ઊઠે અને આત્માની નિરાકુલ અવસ્થા સ્થિર સ્થિરતર થાય એવી ગુરુ વડે કહેવાયેલી સંયમની ક્રિયા તે મહાત્મા કરે છે. **॥૨૪૪॥**

શ્લોક :-

तत्कर्म भोजनाजीर्णं, जरयत्येष नोदितः ।
अयं स्ववैराग्यहेतुर्मुनिना मित्र ! भाषितः ।।२४५।।

શ્લોકાર્થ :-

પ્રેરણા કરાયેલ=ગુરુ વડે પ્રેરણા કરાયેલ, આ=પાંચમા મુનિ, ભોજનના અજીર્ણરૂપ તે કર્મને=પૂર્વ અવસ્થામાં જે સંસારમાં કૃત્યો કર્યાં તે કર્મને,

ક્ષીણ કરે છે. હે મિત્ર ઘનવાહન ! આ સ્વવૈરાગ્યનો હેતુ મુનિ વડે કહેવાયો.

ગુરુ વડે પ્રેરાયેલા સંયમની ક્રિયા કરીને તે મહાત્માએ પૂર્વમાં જે વિષયોનું ભોજન કર્યું છે તે સંસ્કાર રૂપે આત્મામાં વિદ્યમાન છે. તેથી નિમિત્તને પામીને વિકાર બતાવે તેવું છે, તે સંસ્કારને તે મહાત્મા સંયમી ક્રિયા વડે ક્ષીણ કરે છે. અકલંક ઘનવાહનને કહે છે, આ પ્રકારે મુનિ પોતાના વૈરાગ્યનો હેતુ કહે છે. **॥૨૪૫॥**

શ્લોક :-

न केवलं मुनिरसौ, तेनाजीर्णेन बाधितः ।
आवामपि तथाभूतौ, युक्ता दीक्षाऽऽवयोरपि ।।२४६।।

શ્લોકાર્થ :-

***કેવલ આ મુનિ તે અજીર્ણથી બાધિત નથી,* આપણે બંને પણ તે પ્રકારે છીએ=કર્મઅજીર્ણથી બાધિત છીએ, આપણા બંનેને પણ દીક્ષા યુક્ત છે.**

અકલંક ઘનવાહનને કહે છે કે મુનિને પૂર્વના ભોગવિલાસોના સંસ્કારો વિદ્યમાન છે, તેના નાશ અર્થે જ દીક્ષા ગ્રહણ કરીને સંયમની ક્રિયા કરે છે. આપણે પણ કર્મના અજીર્ણવાળા છીએ, તેથી મુનિની જેમ આપણે પણ દીક્ષા ગ્રહણ કરીને તે અજીર્ણનો નાશ કરવો જોઈએ. **॥૨૪૬॥**

શ્લોક :-

कर्मान्नाजीर्णहरणी, लातुमारोग्यकारिणी ।
प्रयाति न फलाढ्यत्वमन्यथा नृभवद्रुमः ।।२४७।।

શ્લોકાર્થ :-

કર્મરૂપી અન્નના અજીર્ણને હરણ કરનાર, આરોગ્યને કરનાર મનુષ્ય-ભવરૂપી વૃક્ષ અન્યથા=સંયમની ક્રિયાને કર્યા વગર, શ્રેષ્ઠ ફલપણાને લાવવા માટે સમર્થ નથી.

સંસારી જીવોને પ્રાપ્ત થયેલો મનુષ્યભવ જો વિવેકપૂર્વક સંયમની ક્રિયાથી સફળ કરવામાં આવે તો અનાદિના ભોગવિલાસોના સંસ્કારો રૂપી જે અજીર્ણ

છે, તે ક્ષીણ થાય છે અને ત્રણ ગુપ્તિઓના પરિણામરૂપ આરોગ્યનો પરિણામ વૃદ્ધિ પામે છે, પરંતુ સંયમની ક્રિયા ગુપ્તિની વૃદ્ધિ થાય તે રીતે કરવામાં ન આવે તો મનુષ્યભવનું તેવું શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય નહિ. માટે જેનાથી ભાવિના અનંત મરણોની પરંપરા નષ્ટપ્રાયઃ બને છે તેવી સંયમની ક્રિયા જ કરીને મનુષ્યભવ સફળ કરવો જોઈએ. **॥૨૪૭॥**

શ્લોક :-

तादृगप्यकलङ्कस्य, वचस्तन्न मयाऽऽदृतम् ।
मदन्वितो गतः सोऽथ, साधोः षष्ठस्य सन्निधौ ।।२४८।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારનું પણ અકલંકનું તે વચન મારા વડે સ્વીકારાયું નહિ, હવે મારાથી યુક્ત તે=અકલંક, છઠ્ઠા સાધુની પાસે ગયો. ॥૨૪૮॥

શ્લોક :-

पृष्टं तस्यापि वन्दित्वा, तेन वैराग्यकारणम् ।
स प्राह मम वैराग्ये, हेतुरेकं कथानकम् ।।२४९।।

શ્લોકાર્થ :-

વંદન કરીને તેમને પણ=છઠ્ઠા સાધુને પણ, તેના વડે=અકલંક વડે, વૈરાગ્યનું કારણ પુછાયું. તે=છઠ્ઠા સાધુએ કહ્યું, મારા વૈરાગ્યમાં એક કથાનક હેતુ છે. ॥૨૪૯॥

શ્લોક :-

गुरुणोक्तमिदं भद्र !, तत् ते संकीर्तयाम्यहम् ।
वसन्ताख्ये पुरेऽभूवंश्चत्वारः केऽपि वाणिजाः ।।२५०।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર અકલંક ! ગુરુ વડે આ=કથાનક, કહેવાયું. તેને હું તને કહું છું, વસંત નામના નગરમાં કોઈક ચાર વાણિયાઓ હતા. ॥૨૫૦॥

શ્લોક :-

चारुर्योग्यो हितज्ञश्च, मूढश्चेत्यभिधानतः ।
परस्परं वयस्यास्ते, रौद्रमुल्लङ्घ्य वारिधिम् ।।२५१।।
रत्नद्वीपं गता रत्नसमूहार्जनकाम्यया ।
चकार रत्नवाणिज्यं, तत्र चारुरनन्यधीः ।।२५२।।

શ્લોકાર્થ :-

ચારુ, યોગ્ય, હિતજ્ઞ અને મૂઢ એ પ્રકારના અભિધાનથી ચાર વાણિયાઓ હતા. એ પ્રકારનો અન્વય છે, પરસ્પર મિત્રો એવા તેઓ રત્નસમૂહના અર્જનની ઈચ્છાથી રૌદ્ર સમુદ્રને ઉલ્લંઘીને રત્નદ્વીપમાં ગયા, ત્યાં=રત્નદ્વીપમાં, અનન્ય બુદ્ધિવાળા એવા ચારુએ=રત્નના અર્જનમાં એક ચિત્તવાળા એવા ચારુએ, રત્નવાણિજ્યને કર્યું. ||૨૫૧-૨૫૨||

શ્લોક :-

रत्नद्वीपेऽपि नाप्यन्ते, रत्नान्युद्यममन्तरा ।
पूर्णेऽपि हि तटाके कः, पिबन्त्यम्बु विनाऽञ्जलिम् ।।२५३।।

શ્લોકાર્થ :-

રત્નદ્વીપમાં પણ ઉદ્યમ વગર રત્નો પ્રાપ્ત થતાં નથી. હિ=જે કારણથી, પૂર્ણ પણ તળાવમાં અંજલિ વગર પાણીને કોણ પીએ છે ?

રત્નદ્વીપ જેવા મનુષ્યભવને પામીને પણ શુદ્ધ આચારો સેવીને અસંગભાવના સંસ્કારોને અતિશય કરવા ઉદ્યમ કરતા નથી, તેઓ ભાવરત્નને પ્રાપ્ત કરતા નથી. **||૨૫૩||**

શ્લોક :-

इत्यावर्जयता लोकान् नानोपायकृताऽमुना ।
पूरितं मङ्क्षु बोहित्थमर्जितै रत्नराशिभिः ।।२५४।।

શ્લોકાર્થ :-

એથી=રત્નની પ્રાપ્તિમાં ઉદ્યમ વગર રત્ન પ્રાપ્ત થતાં નથી એથી, લોકોને આવર્જન કરતા અનેક ઉપાયોને કરનારા એવા આના વડે=ચારુ નામના વાણિયા વડે, મેળવાયેલી રત્નરાશિઓ વડે વહાણ શીઘ્ર પુરાયું.

ચારુએ રત્ન ખરીદવાનું શરૂ કર્યું. એથી રત્ન વેચનારા લોકો એનાથી આવર્જિત થયા અને જુદા જુદા ઉપાયો વડે તે ચારુએ ઘણાં રત્નો અર્જન કર્યાં. જેનાથી પોતાનું વહાણ રત્નથી પૂર્ણ ભરાયું. **॥૨૫૪॥**

શ્લોક :-

रत्नानां गुणदोषज्ञः, काननादौ न कौतुकी ।
इत्येष सत्क्रियो ज्ञानी, तत्र स्वार्थमसाधयत् ।।२५५।।

શ્લોકાર્થ :-

રત્નના ગુણ અને દોષને જાણનારો, બગીચાદિમાં કૌતુક વિનાનો છે, એથી સત્ક્રિયાવાળા=રત્નના અર્જનની સત્ક્રિયાવાળા, જ્ઞાની=રત્નના ગુણને જાણનારા, એવા આણે ત્યાં=રત્નદ્વીપમાં, સ્વાર્થને સાધ્યો. ॥૨૫૫॥

શ્લોક :-

योग्योऽपि, कुरुते किञ्चिद्, रत्नानां गुणदोषवित् ।
अर्जनं तस्य किं त्वस्ति, कौतुकं काननादिषु ।।२५६।।

શ્લોકાર્થ :-

રત્નોના ગુણદોષને જાણનાર યોગ્ય પણ=ચારુની જેમ સર્વવિરતિરૂપ રત્નોના ગુણદોષને જાણનાર સર્વવિરતિની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચયને યોગ્ય પણ, કંઈક રત્નોનું અર્જન કરે છે. પરંતુ તેને ઉદ્યાનાદિમાં કૌતુક છે=તે તે અનુકૂળ ઇન્દ્રિયોના વિષયોમાં કૌતુક છે. ॥૨૫૬॥

શ્લોક :-

तेन रत्नार्जनं तस्य, राजवेष्टिसमं भवेत् ।
कौतुकेन वृथा यान्ति, वासराः काननादिषु ।।२५७।।

શ્લોકાર્થ :-

તેના કારણે=વિષયોમાં કંઈક કૌતુક છે તેના કારણે, તેનું=રત્નનું અર્જન, રાજાની આજ્ઞાના પાલનની જેમ થાય છે. બગીચાદિમાં કૌતુકથી દિવસો વૃથા જાય છે. ॥૨૫૭॥

શ્લોક :-

मिलितानि बहोः कालात्, तथाऽप्यस्य कियन्त्यपि ।
रत्नानि किं त्वनेनेह, स्वल्पेन बहु हारितम् ॥२५८॥

શ્લોકાર્થ :-

તોપણ ઘણા કાળથી આને=યોગ્યને, કેટલાંક પણ રત્નો મળ્યાં પરંતુ આના દ્વારા=યોગ્ય દ્વારા, અહીં=રત્નદ્વીપમાં, સ્વલ્પથી=થોડાં રત્નોની પ્રાપ્તિથી ઘણું ગુમાવ્યું=કૌતુકને વશ ઘણો સમય પસાર કર્યો. ॥૨૫૮॥

શ્લોક :-

हितज्ञस्तु स्वयं वेत्ति, रत्नानि न परीक्षितुम् ।
परोपदेशतस्तानि, लक्षयत्येष केवलम् ॥२५९॥
विहारारामचित्रादिविलोकनकुतूहलात् ।
करोति रत्नवाणिज्यं, नासौ तीव्रप्रमादभाग् ॥२६०॥

શ્લોકાર્થ :-

વળી, હિતજ્ઞ રત્નોની પરીક્ષા કરવા માટે સ્વયં જાણતો નથી, આ=હિતજ્ઞ, કેવલ પરના ઉપદેશથી તેને=રત્નને, જાણે છે. વિહારના કુતૂહલથી, બગીચાના કુતૂહલથી, ચિત્રાદિને જોવાના કુતૂહલથી, તીવ્ર પ્રમાદવાળો આ=હિતજ્ઞ, રત્નના વાણિજ્યને કરતો નથી. ॥૨૫૯-૨૬૦॥

શ્લોક :-

रत्नबुद्ध्यैव गृह्णाति, काचशङ्खकपर्दकान् ।
रत्नद्वीपेऽपि संप्राप्तो, धूर्तलोकैः स वञ्चितः ॥२६१॥

શ્લોકાર્થ :-

રત્નબુદ્ધિથી જ કાચ, શંખ, કોડીઓને ગ્રહણ કરે છે, રત્નદ્વીપમાં પ્રાપ્ત થયેલો પણ તે=હિતજ્ઞ, ધૂર્ત લોકો વડે ઠગાય છે. ॥૨૬૧॥

શ્લોક :-

मूढस्तु न स्वयं वेत्ति, रत्नराशीन् परीक्षितुम् ।
उपदेशं परस्यापि, श्रद्धत्ते नैव मोहतः ॥२६२॥

શ્લોકાર્થ :-

વળી, મૂઢ સ્વયં રત્નરાશિને પરીક્ષા કરવા માટે જાણતો નથી, મોહથી પરના પણ ઉપદેશને શ્રદ્ધા કરતો નથી જ. ॥૨૬૨॥

શ્લોક :-

अत्यन्तकौतुकी चासौ, चित्रोद्यानादिदर्शने ।
गृह्णाति सत्यरत्नद्विट्, काचादीन् धूर्तहस्ततः ॥२६३॥

શ્લોકાર્થ :-

અને તેથી=રત્નની પરીક્ષા જાણતો નથી અને બીજાના ઉપદેશને ગ્રહણ કરતો નથી તેથી, વિવિધ પ્રકારના ઉદ્યાનાદિ દર્શનમાં અત્યંત કૌતુકી સત્યરત્નનો દ્વેષી એવો આ=મૂઢ, ધૂર્તહસ્તથી કાચાદિને ગ્રહણ કરે છે. ॥૨૬૩॥

શ્લોક :-

स्वस्थानं भृतबोहित्थो, यियासुश्चारुरित्यथ ।
व्यचिन्तयद् मदीयानां, मित्राणां का व्यवस्थितिः ? ॥२६४॥

શ્લોકાર્થ :-

હવે ભરાયેલા વહાણવાળો, સ્વસ્થાને જવાની ઈચ્છાવાળો એવો ચારુ છે એથી મારા મિત્રોની કઈ સ્થિતિ છે ? એ પ્રમાણે વિચાર્યું. ॥૨૬૪॥

શ્લોક :-

इति ध्यात्वा गतो योग्यसमीपं स जगौ गृहम् ।
यास्याम्यहं प्रवृत्तिः का, तव योग्यस्ततोऽब्रवीत् ।।२६५।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચારીને યોગ્ય સમીપ ગયેલો એવો તે=ચારુ બોલ્યો, હું ઘરે જઈશ, તારી શું પ્રવૃત્તિ છે ? તેથી યોગ્ય બોલ્યો. ।।૨૬૫।।

શ્લોક :-

बोहित्थं पूर्यतेऽद्यापि, न ममार्जितवानहम् ।
स्वल्परत्नान्यथ प्राह, चारुः किमियदन्तरम् ।।२६६।।

શ્લોકાર્થ :-

હજી પણ મારું વહાણ પુરાયું નથી, મેં સ્વલ્પ રત્નોને અર્જન કર્યાં છે, હવે ચારુ કહે છે, કેમ આટલું અંતર છે ? ।।૨૬૬।।

શ્લોક :-

ततो योग्यो जगौ सर्वं, स्वप्रमादविजृम्भितम् ।
चारुणोक्तं तवायुक्तमात्मवञ्चनमीदृशम् ।२६७।।

શ્લોકાર્થ :-

તેથી યોગ્ય બોલ્યો, સર્વ સ્વપ્રમાદનું વિલસિત છે, ચારુ વડે કહેવાયું, તને આવા પ્રકારનું આત્મવંચન અયુક્ત છે. ।।૨૬૭।।

શ્લોક :-

जानीषे सुखहेतुत्वं, रत्नानां त्वमशङ्कितः ।
तथाऽपि तानि नादत्से, काननादिकुतूहलात् ।।२६८।।

શ્લોકાર્થ :-

અશંકિત એવો તું રત્નોના સુખહેતુત્વને જાણે છે તોપણ કાનનાદિના કુતૂહલથી તેઓને=રત્નોને, ગ્રહણ કરતો નથી. ।।૨૬૮।।

શ્લોક :-

धृतिस्ते कौतुकादस्मान्न चिरादपि भाविनी ।
तद् वरं स्वार्थसम्पत्तिः, स्वार्थभ्रंशो हि मूर्खता ।।२६९।।

શ્લોકાર્થ :-

લાંબા સમયથી પણ આ કૌતુકથી તને ધૃતિ થનારી નથી, તે કારણથી સ્વાર્થની સંપત્તિ શ્રેષ્ઠ છે=રત્નસંચય કરવો શ્રેષ્ઠ છે, हि=જે કારણથી, સ્વાર્થભ્રંશ મૂર્ખતા છે. ।।૨૬૯।।

શ્લોક :-

जिह्नेषि किं न रत्नानां, रत्नद्वीपेऽप्यनर्जनात् ।
अतः प्रमादं संत्यज्य, कुरु रत्नार्जनं दृढम् ।।२७०।।

શ્લોકાર્થ :-

રત્નદ્વીપમાં પણ રત્નોના અનર્જનથી કેમ લજ્જા પામતો નથી, આથી પ્રમાદને છોડીને અત્યંત રત્નનું અર્જન કર. ।।૨૭૦।।

શ્લોક :-

अन्यथाऽहं प्रयास्यामि, मम सिद्धं प्रयोजनम् ।
इत्थं विचेष्टमानस्त्वं, भ्रष्टः स्वार्थाद् भविष्यसि ।।२७१।।

શ્લોકાર્થ :-

અન્યથા હું જઈશ, મારું પ્રયોજન સિદ્ધ થયું, આ રીતે ચેષ્ટા કરતો સ્વાર્થથી તું ભ્રષ્ટ થઈશ. ।।૨૭૧।।

શ્લોક :-

इदं चारुवचः श्रुत्वा, ह्रीणो योग्यो भृशं हृदि ।
सर्वं कुतूहलं मुक्त्वा, जातो रत्नार्जनोद्यतः ।।२७२।।

શ્લોકાર્થ :-

આ ચારુનું વચન સાંભળીને યોગ્ય હૃદયમાં અત્યંત લજ્જા પામ્યો, સર્વ કુતૂહલને મૂકીને રત્નના અર્જનમાં ઉદ્યત થયો. ||૨૭૨||

શ્લોક :-

अथ चारुर्हितज्ञस्य, गत्वा पार्श्वमवोचत ।

अहं स्थाने गमिष्यामि, तव किं मित्र ! वर्तते ।।२७३।।

શ્લોકાર્થ :-

હવે ચારુ હિતજ્ઞની પાસે જઈને બોલ્યો, હું સ્થાને જઈશ, હે મિત્ર ! તારું શું વર્તે છે ? ||૨૭૩||

શ્લોક :-

ततश्चारोर्हितज्ञेन, काचादि स्वार्जितं धनम् ।

दर्शितं स्नेहसारेण, कथितं चात्मचेष्टितम् ।।२७४।।

શ્લોકાર્થ :-

તેથી હિતજ્ઞએ ચારુને સ્વઅર્જિત કાચાદિ ધન બતાવ્યું. સ્નેહ સાર એવા તેના વડે=ચારુ પ્રત્યે સ્નેહપ્રધાન એવા હિતજ્ઞ વડે, પોતાનું ચેષ્ટિત કહેવાયું. ||૨૭૪||

શ્લોક :-

ततश्चारुः कृपापूर्णो, हितज्ञं प्रत्यभाषत ।

मित्र ! त्वं विप्रलब्धोऽसि, धूर्तै रत्नापरीक्षकैः ।।२७५।।

શ્લોકાર્થ :-

તેથી, કૃપાપૂર્ણ એવો ચારુ હિતજ્ઞ પ્રત્યે બોલ્યો, હે મિત્ર ! તું રત્નના અપરીક્ષક એવા ધૂર્તો વડે ઠગાયો છે. ||૨૭૫||

શ્લોક :-

रत्नद्वीपमुपेतस्य, तव कर्तुं न युज्यते ।

कौतुकं काननादौ च, स्वार्थसंसिद्धिमिच्छतः ।।२७६।।

શ્લોકાર્થ :-

અને સ્વાર્થની સંસિદ્ધિને ઈચ્છતા રત્નદ્વીપને પામેલા તને કાનનાદિમાં કૌતુક કરવા માટે ઘટતું નથી.

ચારુ હિતજ્ઞને કહે છે કે રત્નદ્વીપતુલ્ય મનુષ્યભવને પામીને સામાયિકના પરિણામરૂપ ધર્મની નિષ્પત્તિને ઇચ્છતા તને બાહ્ય વિષયોમાં કૌતુક કરવું યુક્ત નથી. **॥૨૭૬॥**

શ્લોક :-

निशम्य तद्वचश्चारोर्हितज्ञः स्वहितार्थिताम् ।
विदंस्तस्य तदादेशात्, त्यक्त्वा सर्वं कुतूहलम् ।।२७७।।
तत्प्रसादेन जानानः, सर्वरत्नगुणागुणान् ।
संगृह्णंश्चारुरत्नानि, काचादीनि परित्यजन् ।।२७८।।
स्वयं परीक्षको जातः, स्वार्थसिद्धिपरायणः ।
अथ चारुर्जगादैवं, गतो मूढस्य सन्निधौ ।।२७९।।

શ્લોકાર્થ :-

ચારુનું તે વચનને સાંભળીને સ્વહિતાર્થિતાને જાણતો એવો હિતજ્ઞ, તેના=ચારુના, તે આદેશથી સર્વ કુતૂહલનો ત્યાગ કરીને, તેના પ્રસાદથી=ચારુના પ્રસાદથી, સર્વ રત્નગુણાગુણને જાણતો=ચારુ પાસેથી રત્નોના ગુણોને અને અગુણોને જાણતો, સુંદર રત્નોને ગ્રહણ કરતો, કાચાદિનો ત્યાગ કરતો, સ્વાર્થસિદ્ધિપરાયણ એવો સ્વયં પરીક્ષક થયો. હવે, મૂઢની સન્નિધિમાં ગયેલો ચારુ આ પ્રમાણે બોલ્યો.

હિતજ્ઞ રત્નનો પરીક્ષક નથી તેમ ધર્મના યથાર્થ સ્વરૂપને નહિ જાણનારા છતાં કલ્યાણના અર્થી જીવો પ્રજ્ઞાપનીય હોય છે તે હિતજ્ઞ જેવા છે અને સુસાધુના ઉપદેશથી તેઓ રત્નના પરીક્ષક થાય છે. તેથી સામાયિકના પરિણામરૂપ રત્નને અને અસામાયિકના પરિણામરૂપ કાચને યથાર્થ જાણી શકે છે. તેથી ચારુના સાન્નિધ્યના બળથી તેવા જીવો ક્રમે કરીને મનુષ્યભવમાં સામાયિકના પરિણામનો સંચય કરનારા બને છે. **॥૨૭૭થી ૨૭૯॥**

શ્લોક :-

अहं गृहे व्रजिष्यामि, प्रवृत्तिस्तव मित्र ! का ? ।
मूढः प्राह गृहे गत्वा, किं भवान् साधयिष्यति ।।२८०।।

શ્લોકાર્થ :-

હું ઘરે જઈશ, હે મિત્ર મૂઢ ! તારી શું પ્રવૃત્તિ છે ? મૂઢ કહે છે, ઘરે જઈને તું શું સાધીશ ? ।।૨૮૦।।

શ્લોક :-

वापीकूपमहारामपुष्पराजिविराजिते ।
द्वीपेऽत्र सुचिरं भोक्तुं, सुखं युक्तं मनोरमे ।।२८१।।

શ્લોકાર્થ :-

વાડી, કૂવા, મોટા બગીચા, પુષ્પની શ્રેણીથી શોભિત, મનોરમ એવા આ દ્વીપમાં લાંબા કાળ સુધી સુખ ભોગવવા માટે યુક્ત છે. ।।૨૮૧।।

શ્લોક :-

स्थित्वाऽत्र सुचिरं पश्चाद्, गमिष्यामो निजालये ।
भृतं मयाऽपि बोहित्थं, वर्तते रत्नराशिभिः ।।२८२।।

શ્લોકાર્થ :-

અહીં=રત્નદ્વીપમાં, લાંબા કાળ સુધી રહીને, પાછળથી નિજસ્થાનમાં અમે જઈશું. મારા વડે પણ રત્નરાશિથી ભરાયેલું વહાણ વર્તે છે. ।।૨૮૨।।

શ્લોક :-

इत्युक्त्वा दर्शितं चारोः, शङ्खकाचाक्षपूरितम् ।
बोहित्थं तेन तद् दृष्ट्वा, चारुश्चित्ते व्यचिन्तयत् ।।२८३।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને તેના વડે=મૂઢ વડે, શંખ, કાચ, અક્ષથી પુરાયેલું

વહાણ ચારુને બતાવ્યું. તેને જોઈને=શંખ આદિથી પુરાયેલા વહાણને જોઈને, ચારુએ ચિત્તમાં વિચાર્યું. ||૨૮૩||

શ્લોક :-

अहो मूढोऽयमुन्मत्तः, कौतुकग्रस्तमानसः ।
वञ्चितो धूर्तलोकेन, शिक्षयामि तथाऽप्यमुम् ।।२८४।।

શ્લોકાર્થ :-

અહો આ મૂઢ ઉન્મત્ત, કૌતુકગ્રસ્ત માનસવાળો છે. ધૂર્ત લોકોથી ઠગાયો તોપણ આને=મૂઢને, હું બોધ કરાવું. ||૨૮૪||

શ્લોક :-

इति ध्यात्वा स तं प्राह, न युक्तं तव कौतुकम् ।
इदं हि रत्नवाणिज्यबाधकं स्वात्मवञ्चनम् ।।२८५।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચારીને તે=ચારુ, તેને=મૂઢને, કહે છે. તારું કૌતુક યુક્ત નથી. हि=જે કારણથી, આ=બગીચા આદિમાં કૌતુક, રત્નવાણિજ્યનું બાધક સ્વઆત્મવંચન છે. ||૨૮૫||

શ્લોક :-

अरत्नानि गृहीतानि, रत्नबुद्ध्या परित्यज ।
इमानि धूर्तदत्तानि, सुरत्नानि गृहाण च ।।२८६।।

શ્લોકાર્થ :-

રત્નબુદ્ધિથી અરત્નો ગ્રહણ કરાયાં છે. ધૂર્ત લોકોથી અપાયેલાં આનો=અરત્નોનો, ત્યાગ કર. સુરત્નો ગ્રહણ કર.

ગુણવૃદ્ધિના કારણીભૂત ધર્મના નામે અધર્મમાં ધર્મબુદ્ધિ કરાવીને ધૂર્ત લોકોએ તને ઠગ્યો છે, તેનો ત્યાગ કરીને પારમાર્થિક ગુણરત્ન પ્રગટ થાય તેમ તું યત્ન કર. એમ ચારુ મૂઢને કહે છે. ||૨૮૬||

શ્લોક :-

इदं च लक्षणं तेषां, सम्यक् चित्तेऽवधारय ।
इति यावत् कथयति, चारुस्तावत् क्रुधा ज्वलन् ।।२८७।।
मूढः प्राह व्रज त्वं भो !, नागमिष्याम्यहं पुनः ।
वचसाऽनेन भवतः स्फुटीभूता वयस्यता ।।२८८।।

શ્લોકાર્થ :-

અને તેઓનું=સુરત્નોનું, આ લક્ષણ ચિત્તમાં સમ્યક્ તું અવધારણ કર એ પ્રમાણે જ્યાં સુધી ચારુ કહે છે, ત્યાં સુધી ક્રોધથી બળતો મૂઢ કહે છે, તું જા. વળી હું આવીશ નહિ. આ વચનથી=મારું વહાણ ભરાઈ ગયું છે અને હું સ્વદેશમાં જાઉં છું એ વચનથી, તારી મિત્રતા સ્પષ્ટ થઈ. ।।૨૮૭-૨૮૮।।

શ્લોક :-

ममैकं मुत्कलाचारं, यन्निराकुरुते भवान् ।
द्वितीयं दूषयत्युच्चैर्मामकं रत्नसंचयम् ।।२८९।।

શ્લોકાર્થ :-

મારો એક મુત્કલ આચાર છે, જે તું નિરાકરણ કરે છે. બીજું મારો રત્નસંચય અત્યંત દૂષિત કરે છે. ।।૨૮૯।।

શ્લોક :-

यद्येतानि न रत्नानि, भास्वराणि भवन्ति मे ।
तदा श्रद्धाधिकै रत्नैः, पर्याप्तं तावकैः परैः ।।२९०।।

શ્લોકાર્થ :-

જો ભાસ્વર એવાં આ મારાં રત્નો નથી તો અધિક શ્રદ્ધાવાળાં તારાં=ચારુનાં, બીજાં રત્નો વડે સર્યું.

મૂઢ ચારુ પ્રત્યે આક્રોશ કરતાં કહે છે હું બગીચા આદિમાં ફરું છું, એ તને

ઇષ્ટ જણાતું નથી અને હું મારી ઇચ્છાનુસાર ધર્મ કરું છું તે પણ તને સુંદર જણાતું નથી. બીજું મેં જે સુંદર રત્નો સંચિત કર્યાં છે, તે તને રત્ન નથી તેમ જણાય છે. અર્થાત્ મારો સેવાયેલો ધર્મ ધર્મ નથી એમ જણાય છે, તો નિષ્ક્રિયતારૂપ તારા ધર્મ વડે મને સર્યું. **॥૨૯૦॥**

શ્લોક :-

ततश्चारुः पुनर्वक्तुकामस्तेन निराकृतः ।
तमशक्यप्रतीकारं, मत्वा मौनमशिश्रयत् ।।२९१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ફરી કહેવાની ઈચ્છાવાળો ચારુ તેના વડે નિરાકરણ કરાયો. તેને=મૂઢને, અશક્ય પ્રતિકારવાળો માનીને મૌનનો આશ્રય કર્યો=ચારુએ મૂઢ પ્રત્યે મૌનનો આશ્રય કર્યો. ॥૨૯૧॥

શ્લોક :-

स्वाश्रयत्वार्जितार्थाभ्यां, मूढं त्यक्त्वाऽथ शुद्धधीः ।
सार्द्धं योग्यहितज्ञाभ्यां, चारुः स्थानं निजं ययौ ।।२९२।।

શ્લોકાર્થ :-

હવે મૂઢને છોડીને શુદ્ધ બુદ્ધિવાળો એવો ચારુ સ્વઆશ્રયત્વ અને અર્જિત અર્થવાળા એવા યોગ્ય અને હિતજ્ઞની સાથે નિજ સ્થાનમાં ગયો.

ચારુના આશ્રયવાળા યોગ્ય અને હિતજ્ઞ હતા અને તેના આશ્રયમાં રહીને રત્નો અર્જન કરવાનું શરૂ કર્યું અને જ્યારે તેઓ ચારુના આશ્રયમાં રહીને ધનઅર્જનમાં સંપન્ન થયા ત્યારે ચારુ મૂઢને છોડીને તે બંને સાથે સ્વસ્થાનમાં જાય છે, તેમ ગીતાર્થ ગુરુ શાસ્ત્રથી સંપન્ન થયા પછી પોતાના આશ્રિત એવા યોગ્ય શિષ્યને અને હિતજ્ઞને યોગ્ય અનુશાસન આપીને શાસ્ત્રમાં સંપન્ન કરે છે અને તેઓનું રત્નઅર્જનરૂપ કાર્ય પૂર્ણ થાય છે, ત્યારે તે મહાત્માઓ શાસ્ત્રના બોધને સ્વભૂમિકાનુસાર ચર્વણ કરીને કે યોગ્ય જીવોને સન્માર્ગ બતાવીને પોતાનાં રત્નોનો ઉચિત ઉપભોગ કરે છે. **॥૨૯૨॥**

શ્લોક :-

प्रापुस्त्रयः सुखं तत्र, ते रत्नविनियोगतः ।
भाजनं भूरिदुःखानां, मूढस्तु समजायत ।।२९३।।

શ્લોકાર્થ :-

ત્યાં=સ્વસ્થાનમાં, તે ત્રણેય રત્નના વિનિયોગથી સુખને પામ્યા. વળી મૂઢ ઘણા દુઃખનો ભાજન થયો. ।।૨૯૩।।

શ્લોક :-

केनचित् क्रुद्धभूपेन, द्वीपान्निष्काशितस्ततः ।
अगाधे विषमावर्ते, क्षिप्तो भीमे महोदधौ ।।२९४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી કોઈક ક્રોધ પામેલા રાજા વડે દ્વીપથી કાઢી મુકાયો=મૂઢને કાઢી મુકાયો. વિષમ આવર્તવાળા ભયંકર મહોદધિમાં ફેંકાયો. ।।૨૯૪।।

શ્લોક :-

इदं वैराग्यकृज्जातं, गुरूक्तं मे कथानकम् ।
तच्छ्रुत्वा लब्धभावार्थः, सोऽकलङ्को मुदं दधौ ।।२९५।।

શ્લોકાર્થ :-

ગુરુ વડે મને કહેવાયેલું આ કથાનક વૈરાગ્યને કરનારું થયું. તેને સાંભળીને લબ્ધભાવાર્થવાળો તે અકલંક આનંદને પામ્યો. ।।૨૯૫।।

શ્લોક :-

मदन्वितः प्रवृत्तोऽथ, तं नत्वाऽन्यमुनिं प्रति ।
मयोक्तं किमनेनोक्तं, मुनिनेदमसंगतम् ।।२९६।।

શ્લોકાર્થ :-

હવે મારાથી અન્વિત=ઘનવાહનથી અન્વિત, તે મુનિને નમીને અન્ય

મુનિ પ્રત્યે પ્રવૃત્ત થયો. મારા વડે કહેવાયું. આ મુનિ વડે આ શું અસંગત કહેવાયું.

અકલંક કથાના ભાવાર્થને જાણે છે, તેથી મુનિના વૈરાગ્યના કારણના હાર્દને સમજીને હર્ષિત થાય છે, ત્યારે ઘનવાહન રાજપુત્ર છે, બુદ્ધિમાન છે તોપણ જિનવચનથી પરિસ્કૃત મતિવાળો નથી. તેથી પ્રસ્તુત ચારુ આદિના કથાનક દ્વારા મુનિને વૈરાગ્ય થયો, એ કથન તેને અસંગત જણાય છે; કેમ કે તે કથાનકમાં વૈરાગ્યની કારણતા જેવું કંઈ જ દેખાતું નથી. **॥૨૯૬॥**

શ્લોક :-

अकलङ्कोऽवदन्नेदमबद्धं घनवाहन ! ।
भावार्थं कीर्तयाम्यस्य, व्यक्तं शृणु तमादृतः ।।२९७।।

શ્લોકાર્થ :-

અકલંક બોલ્યો. હે ઘનવાહન ! આ=મુનિનું કથાનક, અસંગત નથી. આનો વ્યક્ત ભાવાર્થ હું કહું છું. આદરવાળો એવો તું તેને સાંભળ. ॥૨૯૭॥

શ્લોક :-

वसन्तपुरतुल्योऽत्र, राशिरव्यवहारिकः ।
चतुर्विधा वाणिजकास्ततो जीवा विनिर्गताः ।।२९८।।

શ્લોકાર્થ :-

અહીં=કથાનકમાં, વસંતપુરતુલ્ય અવ્યવહારિક રાશિ છે. ત્યાંથી ચાર પ્રકારના વણિક જીવો નીકળ્યા. ॥૨૯૮॥

શ્લોક :-

समुद्रोऽत्र पुनर्जन्मजरामृतिपयोभृतः ।
पतन्मोहमहावर्तो, दुःखयादःसमाकुलः ।।२९९।।
मूर्च्छन् कषायपातालकुम्भोत्थाश्रवमारुतैः ।
पापाविरतिगम्भीरो, भवविस्तार एव हि ।।३००।।

શ્લોકાર્થ :-

અહીં=પ્રસ્તુત કથાનકમાં, જન્મ, જરા, મૃત્યુ રૂપી પાણીથી ભરાયેલો, પડતા મોહના મહાઆવર્તવાળો, દુઃખરૂપી જળચરોથી સમાકુલ, કષાયરૂપી પાતાલના કુંભથી ઊઠેલ આશ્રવરૂપી પવનોથી ઊછળતો, પાપની અવિરતિથી ગંભીર ભવવિસ્તાર જ સમુદ્ર છે.

સંસારી જીવો જે એકભવમાંથી બીજા ભવમાં ભટકે છે, તે ભવનો વિસ્તાર જ સમુદ્ર છે. જેમ સમુદ્રમાં જળ ભરાયેલું હોય છે, તેમ સંસારી જીવોના ભવોમાં જન્મ, જરા, મૃત્યુરૂપી જળ ભરાયેલું છે. તેથી દરેક ભવોમાં જન્મે છે, જરાને પામે છે અને મરે છે. જે મહાવિડંબના સ્વરૂપ છે. વળી, જીવમાં તત્ત્વનું અજ્ઞાન વર્તતું હોવાથી ભવરૂપી સમુદ્રમાં મોહના મોટા આવર્તો વર્તે છે. વળી, સમુદ્રમાં અનેક મત્સ્યો હોય છે, તે સમુદ્રમાં પડેલા જીવોને દુઃખનું કારણ છે, તેમ સંસારમાં જીવોને રોગ, શોક, દુઃખ, દરિદ્રતાદિ અનેક યાતનાઓ પ્રાપ્ત થાય છે. વળી, મહાસમુદ્રમાં પાતાલ કળશો હોય છે, તેમ જીવમાં ક્રોધાદિ ચાર કષાયરૂપ પાતાલ કળશો છે અને તેમાંથી જીવને તે તે ઇચ્છારૂપ આશ્રવો ઊઠે છે. જેનાથી જીવ સદા ઇચ્છાઓથી કે આશ્રવોથી ઊછળતો હોય છે, પરંતુ સ્વસ્થતાને પ્રાપ્ત કરતો નથી. વળી, પાપની અવિરતિથી ગંભીર ભવસમુદ્ર છે. તેથી બાહ્યથી પાપનો વિરામ કરીને પણ ચિત્ત જેઓનું ઇચ્છાથી આકુળ છે તેઓ પાપની અવિરતિનો પરમાર્થ ક્યાં છે તે જોઈ શકતો નથી. તેવા પરિણતિવાળા દરેક જીવોનો એકભવમાંથી અન્ય ભવમાં ગમનરૂપ જે વિસ્તાર છે, તે ભવસમુદ્ર છે. **॥૨૯૯-૩૦૦॥**

શ્લોક :-

रत्नद्वीपस्य तु स्थाने, ज्ञेयो मानुष्यको भवः ।
कुतूहलं च विषयाभिलाषः काननादिषु ।।३०१।।

શ્લોકાર્થ :-

રત્નદ્વીપના સ્થાને મનુષ્યભવ જાણવો. બગીચાદિમાં કુતૂહલ વિષયોનો અભિલાષ જાણવો.

ઘણા ભવોને ઓળંગીને કોઈક રીતે જીવ મનુષ્યભવ પામ્યો, જે રત્નદ્વીપની પ્રાપ્તિ તુલ્ય છે, જ્યાં અંતરંગ ગુણસમૃદ્ધિને કેળવીને સદ્ગતિઓની પરંપરા દ્વારા શાશ્વત સુખને જીવો પામી શકે છે, છતાં રત્નદ્વીપને પામીને કેટલાક જીવોને બગીચાદિમાં કુતૂહલ થાય છે, તેમ ભોગાદિના વિષયોની ઇચ્છાઓ, માન-ખ્યાતિ આદિની ઇચ્છાઓ, ધર્મ કરીને પણ હું ધર્મી છું, એ પ્રમાણે ખ્યાતિની ઇચ્છા, એ સર્વ કુતૂહલ છે. તેથી તેને વશ થયેલા જીવો નિરાકુળ સ્વભાવરૂપ રત્નોને પ્રાપ્ત કરી શકતા નથી. **॥૩૦૧॥**

શ્લોક :-

शङ्खाक्षकाचशकलस्थाने धर्माः परोदिताः ।
धूर्ताः कुतीर्थिका ज्ञेया, बोहित्थं जीवलक्षणम् ।।३०२।।

શ્લોકાર્થ :-

શંખ, અક્ષ, કાચના ટુકડારૂપ સ્થાનમાં બીજાઓ વડે કહેવાયેલો ધર્મ છે. ધૂર્તો કુતીર્થિકો જાણવા. જીવલક્ષણ વહાણ જાણવું.

કથાનકમાં હિતજ્ઞએ જે શંખ આદિ રત્ન સમજીને ગ્રહણ કર્યું તે અન્ય દર્શનવાળા કે સ્વદર્શનમાં પણ પરમગુરુ વચનનિરપેક્ષ કહેનારા વડે કહેવાયેલો ધર્મ જાણવો. ધૂર્તો કુતીર્થિકો છે=એકાંતવાદથી દૂષિત મતિવાળા કે સ્વદર્શનમાં રહેલા સ્વમતિ પ્રમાણે ચાલનારા કુતીર્થિકો છે; કેમ કે તેઓ યોગ્ય જીવને ધર્મબુદ્ધિથી પણ અધર્મને જ આપે છે માટે ધૂર્ત છે. વળી, જીવ વહાણ છે; કેમ કે જીવમાં જ ગુણોરૂપી રત્નોનો સંચય થાય છે. જે તે તે ભૂમિકાને અનુરૂપ સામાયિકના પરિણામરૂપ છે. **॥૩૦૨॥**

શ્લોક :-

स्वस्थानगमनं मोक्षावाप्तिः शुद्धनयस्थितैः ।
मूढस्योपरि यः क्रुद्धो, नृपोऽसौ कर्मनामकः ।।३०३।।

શ્લોકાર્થ :-

શુદ્ધ નયમાં રહેલા જીવો વડે મોક્ષની પ્રાપ્તિ સ્વસ્થાનગમન છે. મૂઢના ઉપર જે રાજા ક્રોધ પામ્યો, એ કર્મ નામનો છે.

જીવ પૂર્ણગુણોની પ્રાપ્તિ કરી લે ત્યારપછી આત્માની શુદ્ધ સ્થિતિને પામે ત્યારે કર્મના કારણીભૂત કષાયો અને યોગોથી રહિત બને છે. તેનાથી તે મોક્ષમાં જાય છે. તે સ્વસ્થાનમાં ગમન છે અને મૂઢ જીવને કોઈક રાજાએ દરિયામાં ફેંક્યો તે કર્મ નામનો રાજા છે; કેમ કે મૂઢ જીવો ક્લિષ્ટ કર્મો બાંધે છે. એનાથી દુરંત સંસારમાં જઈને પડે છે. **||૩૦૩||**

શ્લોક :-

क्षेपः समुद्रमध्येऽस्य, दुरन्तभवमज्जनम् ।
परीक्षकस्य यच्चारोः, प्रयतस्यार्थसाधनम् ।।३०४।।
तद् भवत्येव चारित्रप्राप्तेः साधोर्महात्मनः ।
सम्यक् तत्त्वार्थबोधेनाविप्रलभ्यस्य तीर्थिकैः ।।३०५।।

શ્લોકાર્થ :-

આને=મૂઢને, સમુદ્ર મધ્યમાં ક્ષેપ દુરંત ભવનું મજ્જન છે. પ્રયત્નવાળા પરીક્ષક એવા ચારુનું જે અર્થનું સાધન છે તે અર્થનું સાધન સમ્યક્ તત્ત્વાર્થના બોધના કારણે તીર્થિકો વડે નહિ ઠગાયેલા ચારિત્રપ્રાપ્તિવાળા મહાત્મા સાધુને થાય જ છે.

મૂઢની જેમ મનુષ્યભવમાં જે જીવો જીવે છે, તેઓ ધર્મની પ્રવૃત્તિ કરે તોપણ કાચના ટુકડા જેવી પ્રવૃત્તિ કરીને દુરંત ભવમાં ડૂબે છે અને ચારુ બુદ્ધિમાન પુરુષ છે, રત્નઅર્જનમાં પ્રયત્નવાળો છે, રત્નનો પરીક્ષક છે, તેથી આત્માના ગુણરૂપી રત્નોને કઈ રીતે પ્રગટ કરવાં તેનો ઉચિત ઉપાય સર્વત્ર ઉચિત પ્રવૃત્તિરૂપ યોગમાર્ગ છે તેનો નિર્ણય કરીને પોતાના સંયોગાનુસાર અને પોતાની શક્તિ અનુસાર સતત મધ્યસ્થભાવની વૃદ્ધિ દ્વારા ગુણઅર્જન કરે છે. વળી, તે ચારુને સમ્યક્ તત્ત્વાર્થનો બોધ છે તેથી કયા સ્થાને શું ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ તેનો માર્ગાનુસારી નિર્ણય કરી શકે છે. તેથી અન્ય દર્શનના તીર્થિકો વડે કે સ્વદર્શનના કુગુરુઓ વડે ઠગાતો નથી, તેવા ચારિત્રધારી સાધુને સતત સર્વ શક્તિથી રત્નના સંચયરૂપ અર્થની પ્રાપ્તિ થાય જ છે. **||૩૦૪-૩૦૫||**

શ્લોક :-

अव्याक्षिप्तस्य विषयेष्वनित्यत्वादिभावनात् ।
क्षान्त्यादिभावरत्नानामविलम्बेन संग्रहात् ।।३०६।।

શ્લોકાર્થ :-

અનિત્યત્વાદિ ભાવનાથી વિષયોમાં અવ્યાક્ષિપ્ત એવા સાધુને અવિલંબનથી ક્ષાંત્યાદિ ભાવરત્નોના સંગ્રહને કારણે ચારિત્રપ્રાપ્તિથી અર્થની સિદ્ધિ થાય જ છે, એમ શ્લોક-૩૦૫ સાથે સંબંધ છે.

જેઓમાં સુંદર બુદ્ધિ છે, તેવા ચારુ પુરુષો અનિત્યત્વાદિ ભાવનાઓથી આત્માને અત્યંત ભાવિત કરે છે. તેથી વિષયોમાં તેઓનું ચિત્ત આક્ષિપ્ત-થતું નથી. તેથી સતત શક્તિ અનુસાર ક્ષાંત્યાદિ ભાવરત્નોનો સંગ્રહ કરે છે અને તેવા સાધુનું પોતાનું જીવરૂપી વહાણ ગુણથી ભરાયેલું થાય જ છે. **II૩૦૬II**

શ્લોક :-

योग्यस्य जानतोऽप्युक्तं, कौतुकं यच्च बाधकम् ।
श्राद्धेषु युक्तं तत्सर्वं, भावरत्नविदो हि ते ।।३०७।।

શ્લોકાર્થ :-

જાણતા પણ યોગ્યને કહેવાયું=શ્લોક-૨૫૫માં કહેવાયું, જે કૌતુક બાધક છે. તે સર્વ શ્રાવકોમાં યુક્ત છે. हि=જે કારણથી, તેઓ=શ્રાવકો, ભાવરત્નને જાણે છે. II૩૦૭II

શ્લોક :-

सद्गुणग्रहवाणिज्यं, कुर्वन्ति कियदप्यमी ।
गमयन्ति परं कालं, व्यर्थं विषयकौतुकात् ।।३०८।।

શ્લોકાર્થ :-

આ=શ્રાવકો, કેટલુંક સદ્ગુણગ્રહ વાણિજ્ય કરે છે, પરંતુ વિષયના કૌતુકથી વ્યર્થ કાલ પસાર કરે છે.

શ્લોક-૨૫૫, ૨૫૬, ૨૫૭માં કહેલું તે પ્રમાણે યોગ્ય જીવો રત્નના ગુણ-દોષને જાણે છે તોપણ વિષયોની ઉત્સુકતાને કારણે રાજવેઠની જેમ રત્નને અર્જન કરે છે. તે શ્રાવકોમાં ઘટે છે; કેમ કે શ્રાવકો સંસારથી ભય પામેલ છે, શક્તિ અનુસાર જિનવચનના પરમાર્થને જાણવા માટે યત્ન કરનારા છે, તેથી ચારિત્રની પરિણતિ શ્રેષ્ઠ રત્ન તુલ્ય છે, સર્વ દુઃખોનો અંત કરનાર છે તેવું સ્પષ્ટ જાણે છે તોપણ વિષયોના આકર્ષણને કારણે ગુણસંપત્તિને અનુકૂળ યત્ન કેટલોક કાળ કરે છે. વળી, વિષયોમાં પ્રવૃત્તિ કરીને મનુષ્યભવનો સમય વ્યર્થ પસાર કરે છે. તેથી રાજવેઠની જેમ કંઈક ધનને અર્જન કરે છે. પરંતુ સુસાધુની જેમ માત્ર ધનઅર્જનમાં દત્તચિત્તવાળા નથી. **II૩૦૮II**

શ્લોક :-

तथाऽपि बहुकालेन, मीलयन्ति कियन्त्यपि ।
गुणरत्नानि न पुनः, साधुयोग्यगुणोच्चयम् ।।३०९।।

શ્લોકાર્થ :-

તોપણ=વિષયના કૌતુકને કારણે શ્રાવકો વ્યર્થ કાળ પસાર કરે છે તોપણ, બહુ કાળથી કેટલાંક પણ ગુણરત્નોને એકઠાં કરે છે, પરંતુ સાધુયોગ્ય ગુણને એકઠા કરતા નથી.

શ્રાવકો જ્યારે ઉપદેશાદિ શ્રવણ કરે છે, સાધુધર્મ પરિભાવન કરે છે, ત્યારે ત્યારે -કંઈક આત્માને ઉત્તમ ગુણોથી વાસિત કરે છે, તોપણ સુસાધુયોગ્ય ગુણનો ઉપચય કરતા નથી. **II૩૦૯II**

શ્લોક :-

ज्ञानादिभावरत्नौघैः, पूर्णश्चारुमुनीश्वरः ।
मोक्षे यियासुः स्वस्थाने, वदत्येवेति तान् प्रति ।।३१०।।

શ્લોકાર્થ :-

જ્ઞાનાદિ ભાવરત્નોના સમૂહથી પૂર્ણ સ્વસ્થાનરૂપ મોક્ષમાં જવાની ઈચ્છાવાળા ચારુ મુનીશ્વર તેઓની પ્રત્યે=યોગ્ય આદિ ત્રણ મિત્રોની પ્રત્યે, આ પ્રમાણે=આગળ શ્લોકમાં બતાવે છે એ પ્રમાણે, કહે છે. ।।૩૧૦।।

શ્લોક :-

भो भद्राः ! किं मनुष्यत्वे, स्वाधीने सद्‌गुणार्जने ।
परिपूर्णगुणा यूयं, न सम्पन्ना यथा वयम् ।।३११।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! મનુષ્યપણામાં સ્વાધીન સદ્‌ગુણ અર્જન હોતે છતે, પરિપૂર્ણ ગુણવાળા તમે કેમ થયા નહીં ? જે પ્રમાણે અમે.

મહામુનિઓ યોગ્યાદિ જીવોને કહે છે કે તમે મનુષ્યભવ પામ્યા છો. અમે મનુષ્યભવ પામ્યા છીએ. મનુષ્યભવમાં સદ્‌ગુણોનું અર્જન જીવને આધીન છે. તેથી જો કુશળતાપૂર્વક તે ગુણોનું અર્જન કરે તો સાધુ જેમ ગુણોથી પરિપૂર્ણ થયા તેમ તમે કેમ થયા નહિ ? **॥૩૧૧॥**

શ્લોક :-

आत्मप्रतारणमिदं, विषयव्यसनं हि नः ।
जीवितं घर्मसंतप्तपतत्त्रिगलचञ्चलम् ।।३१२।।
सन्ध्याभ्ररागसदृशं, तारुण्यं स्वजनाश्रयः ।
स्नेहो विद्युद्विलसितं, योषितो दोषभूमयः ।।३१३।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આપણું આ વિષય વ્યસન આત્માને ઠગનાર છે, ગરમીથી સંતપ્ત પક્ષીના ગળા જેવું ચંચળ જીવિત છે=ગરમીથી સંતપ્ત પક્ષીનું ગળું સતત સુકાય છે તેમ જીવિત સતત ક્ષીણ થઈ રહ્યું છે. સંધ્યાઅભ્રરાગ જેવું તારુણ્ય છે, સ્વજનના આશ્રયવાળો સ્નેહ વીજળીનું વિલસિત છે. સ્ત્રીઓ દોષની ભૂમિઓ છે. ।।૩૧૨-૩૧૩।।

શ્લોક :-

ज्ञानं दीपः सुमार्गस्य, दुर्गतिध्वंसि दर्शनम् ।
चित्तोत्सवानां चारित्रमर्पकं शोधकं तपः ।।३१४।।

संयमोऽनागतानां च, कर्मणां विनिवारकः ।
त्याज्यो हेतुर्भवस्येति, मोक्षस्यादेय एव च ।।३१५।।

શ્લોકાર્થ :-

જ્ઞાન સુમાર્ગનો દીવો છે, દુર્ગતિનો ધ્વંસ કરનાર દર્શન છે, ચિત્તના ઉત્સવોનું અર્પક ચારિત્ર છે=ચિત્તના સુખને ઉત્પન્ન કરનાર ચારિત્ર છે, શોધક તપ છે અને અનાગત એવાં કર્મોનો વિનિવારક સંયમ છે, ભવનો હેતુ ત્યાજ્ય છે અને મોક્ષનો હેતુ આદેય છે. ।।૩૧૪-૩૧૫।।

શ્લોક :-

युष्माकं विषयात्यागे, मानुष्यं निष्फलं ततः ।
भगवद्दर्शनप्राप्तिरप्यकिंचित्करी हहा ।।३१६।।

શ્લોકાર્થ :-

તેથી=શ્લોક-૩૧૨થી ૩૧૫ સુધી બતાવ્યું તે પ્રમાણે વસ્તુ છે તેથી, વિષયોના અત્યાગમાં તમારું માનુષ્ય નિષ્ફળ છે. ખેદ છે કે ભગવાનના દર્શનની પ્રાપ્તિ પણ અકિંચિત્કર છે.

સુસાધુઓ અવિરત સમ્યગ્દૃષ્ટિને અને દેશવિરતિધર શ્રાવકોને સન્માર્ગમાં દૃઢ યત્ન કરાવવા અર્થે અને અધિક ગુણસ્થાનકોમાં આરોહણ કરાવવા અર્થે કહે છે. વિષયોનું વ્યસન આત્માને ઠગવાની પ્રવૃત્તિ છે; કેમ કે વિષયોની ઇચ્છાથી આકુળ થયેલો જીવ શ્રમ કરીને ક્ષણિક સુખ મેળવે છે. પરમાર્થથી નિરુત્સુક ચિત્ત જ સુખ છે અને તેની પ્રાપ્તિ અર્થે સંયમની સર્વ આચરણા છે.

વળી, જીવિત, તારુણ્ય, સ્વજનનો સ્નેહાદિ અસાર છે, તે યુક્તિ અનુભવ અનુસાર બતાવે છે, જેથી શ્રવણથી યોગ્ય જીવોનું સદ્વીર્ય ઉલ્લસિત થાય. સ્ત્રીઓ દોષની ભૂમિ છે; કેમ કે રાગાદિ ઉત્પન્ન કરીને ક્લેશ કરાવે છે. વિષમ પ્રકૃતિ હોય તો ક્લેશ કરાવે છે. તેના ક્લેશથી પોતાના ક્લેશની વૃદ્ધિ થાય છે.

વળી, જિનવચનાનુસાર સૂક્ષ્મ મોક્ષમાર્ગનો બોધ થાય તે જ્ઞાનદીપક છે; કેમ કે ઉત્તરોત્તરના ગુણસ્થાનકમાં જવાનો ઉપાય જ્ઞાન જ છે. “જિનવચન તત્ત્વ છે,” તેવી ઉત્કટ રુચિ દુર્ગતિના ધ્વંસને કરનાર છે. તેથી એવા રુચિવાળા જીવો

શક્તિ અનુસાર જિનવચનને જ આત્મામાં સ્થિર કરવા અવશ્ય યત્ન કરે છે. ચારિત્ર કષાયોના ક્લેશોનું શમન કરીને ચિત્તના સુખને આપનારું છે. વળી, તપ એ ગુણવૃદ્ધિને અનુકૂળ જીવના તીક્ષ્ણ ઉપયોગ સ્વરૂપ છે. તેથી પૂર્વનાં બંધાયેલાં કર્મોનું શોધન કરે છે, સંયમ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ છે. તેથી નહિ આવેલાં કર્મોનો વિનિવારક છે. ભવનો હેતુ ત્યાજ્ય છે=પદાર્થમાં સંશ્લેષ પામીને પ્રવર્તતો ઉપયોગ ભવનો હેતુ છે અને તેનો પોષક મન, વચન, કાયાનો વ્યાપાર ત્યાજ્ય છે.

વળી, મોક્ષનો હેતુ આદેય છે=સંપૂર્ણ સંશ્લેષ વગરની નિરાકુળ ચેતનાને ઉપયોગ દ્વારા સ્પર્શીને પ્રગટ કરવાને અનુકૂળ ઉચિત આચરણા મોક્ષનો હેતુ છે અને તેને પુષ્ટ કરે તેવી સર્વ ઉચિત ક્રિયાઓ તે રીતે સેવવામાં આવે, જેથી જે ભાવોથી જે કર્મો બંધાયાં તે સર્વનો ધ્વંસ કરે તેવો ઉપયોગ મોક્ષનો હેતુ છે અને તે જ આદેય છે. તેથી મહાત્મા યોગ્ય શ્રાવકોને કે અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને કહે છે કે વિષયોના અત્યાગમાં મનુષ્યભવ નિષ્ફળ છે; કેમ કે કંઈક ભગવદ્ ભક્તિ આદિ દ્વારા તમે શુભભાવ કરો છો તોપણ વિષયોની પ્રવૃત્તિમાં ઘણો કાળ વ્યર્થ થાય છે. તેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ અલ્પ ફળવાળી છે; કેમ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી અપ્રમાદથી સંયમમાં કરાયેલા યત્નથી જ ભવનો ઉચ્છેદ થાય છે. **॥૩૧૬॥**

શ્લોક :-

त्यक्त्वाऽस्मत्सन्निधौ भोगपङ्कं गृह्णीत तद् व्रतम् ।
अस्मत्सान्निध्यभावे तु, स्वार्थभ्रष्टा भविष्यथ ।।३१७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સંયમમાં યત્ન વગર સમ્યક્દર્શન પણ અકિંચિત્કર છે તે કારણથી, અમારી સન્નિધિમાં ભોગરૂપી કાદવનો ત્યાગ કરીને, વ્રતને ગ્રહણ કરો. વળી, અમારા સન્નિધિના અભાવમાં તમે સ્વાર્થભ્રષ્ટ થશો.

જે શ્રાવકો સંસારને નિર્ગુણ જાણે છે, પ્રતિદિન સાધુ સામાચારી સૂક્ષ્મ સૂક્ષ્મતર જાણીને તેનાથી ગુણસ્થાનકની વૃદ્ધિ કઈ રીતે થાય છે, તેના રહસ્યને

જાણે છે, છતાં ભોગના આકર્ષણથી ત્યાગ કરવા સમર્થ બનતા નથી, તેવા જીવને મહાત્મા ભોગરૂપી કાદવના ત્યાગનું કથન કરે તે તેમજ જણાય છે; કેમ કે સંશ્લેષથી કર્મ બંધાય છે અને ભોગ સંશ્લેષરૂપ છે તેવી સ્થિર બુદ્ધિ છે અને ગુણવાન ગુરુ પ્રતિદિન સંવેગવર્ધક સૂક્ષ્મ માર્ગ બતાવનારા છે. તેથી તેમના સન્નિધિના અભાવમાં તમે સ્વાર્થથી ભ્રષ્ટ થશો, તેમ કહે છે. **॥૩૧૭॥**

શ્લોક :-

इदमाकर्ण्य वचनं, मुनीनां देशसंयताः ।
लज्जमानाः प्रपद्यन्ते, संयमं पारमेश्वरम् ।।३१८।।

શ્લોકાર્થ :-

મુનિના આ વચનને સાંભળીને, લજ્જા પામતા દેશસંયતો પારમેશ્વર સંયમને સ્વીકારે છે.

મુનિનાં વચનો સાંભળીને જે દેશવિરતિધર શ્રાવકો હતા, તેઓનાં સર્વવિરતિનાં કર્મો વિશિષ્ટ ઉપદેશના બળથી સોપક્રમ પામે તેવાં હતાં, તેઓ પોતાના પ્રમાદથી લજ્જા પામે છે અને વિચારે છે કે આ મહાત્માના સાન્નિધ્યથી જે મુનિભાવનું સુખ પોતાને જોઈએ છે, તે પોતે પ્રાપ્ત કરી શકીશું, તેથી સંયમને ગ્રહણ કરે છે. **॥૩૧૮॥**

શ્લોક :-

पूरयन्त्यात्मबोहित्थं, गुणरत्नैरनारतम् ।
सेयं चारुगिरा योग्यकार्यसिद्धिगतिः स्फुटा ।।३१९।।

શ્લોકાર્થ :-

આત્મરૂપી વહાણને સતત ગુણરત્નોથી પૂરે છે, ચારુની વાણીથી તે આ યોગ્યના કાર્યની સિદ્ધિગતિ સ્પષ્ટ છે.

ચારુ એવા મુનિની વાણીથી યોગ્ય જીવ ગુણસંચયની ક્રિયા કરે છે, તેથી સંયમ ગ્રહણ કરીને તેવા ગીતાર્થ ગુરુના દૃઢ અવલંબનથી તે મહાત્મા સતત ગુણરત્નોની વૃદ્ધિ કરીને ગુણરૂપી રત્નોનો સંચય કરે છે. **॥૩૧૯॥**

શ્લોક :-

हितज्ञं प्रति यत् साधोः, स्वाभिप्रायनिवेदनम् ।
भद्रकानामभिमुखीकरणं तन्महात्मनः ।।३२०।।

શ્લોકાર્થ :-

હિતજ્ઞ પ્રત્યે જે સાધુનો સ્વઅભિપ્રાય નિવેદન છે તે મહાત્માનું ભદ્રક જીવોને અભિમુખીકરણ છે.

કથાનકમાં ચારુએ હિતજ્ઞ પ્રત્યે પોતાનો અભિપ્રાય નિવેદિત કર્યો કે મારું વહાણ ભરાઈ ગયું છે, હવે હું સ્વસ્થાને જાઉં છું. તે કથનનું તાત્પર્ય બતાવતાં કહે છે. મહાત્માઓ ભદ્રક જીવોને જે ધર્મને અભિમુખ કરે છે, તે સ્વઅભિપ્રાયનું નિવેદન છે. **॥૩૨૦॥**

શ્લોક :-

साधुभिर्भद्रका धर्मदेशनाऽऽमन्त्रणे कृते ।
वदन्ति वयमप्युच्चैर्धर्मं स्नानादि कुर्महे ।।३२१।।
विलसामो वरैर्भोगैर्विचरामो निजेच्छया ।
उल्लासयामः स्वां कीर्तिं, जन्मसारमवाप्नुमः ।।३२२।।
काचादिकूटरत्नानां, वनादेः कौतुकस्य च ।
तदिदं पुरतश्चारोर्हितज्ञस्य निवेदनम् ।।३२३।।

શ્લોકાર્થ :-

સાધુઓ વડે ભદ્રક જીવો ધર્મદેશનાથી આમંત્રણ કરાયે છતે કહે છે. અમે પણ અત્યંત સ્નાનાદિ ધર્મને કરીએ છીએ=દેહ, શૌચાદિ ધર્મને કરીએ છીએ, શ્રેષ્ઠ ભોગો વડે વિલાસ કરીએ છીએ, નિજ ઇચ્છાથી વિચરીએ છીએ, સ્વકીર્તિને ઉલ્લાસિત કરીએ છીએ, જન્મના સારને પ્રાપ્ત કરીએ છીએ. કાચાદિ કૂટ રત્નોનું અને વનાદિના કૌતુકનું ચારુની આગળ હિતજ્ઞનું તે આ નિવેદન છે.

મહાત્મા સંસારની નિર્ગુણતા બતાવીને હિતજ્ઞ જીવોને ધર્મ જ અર્જન કરવા જેવો છે, તે પ્રકારે ઉપદેશ આપે છે. તે સાંભળીને હિતજ્ઞ જીવો મહાત્માને કહે છે. અમે પણ તે તે પ્રકારનાં બાહ્ય શૌચાદિ ધર્મઅનુષ્ઠાનો કરીએ છીએ. વળી, શ્રેષ્ઠ ભોગો કરીએ છીએ અને દાન વગેરે કરીને કીર્તિ વગેરેને પ્રાપ્ત કરીએ છીએ તે સર્વ કાચાદિ કૂટ રત્ન જેવો ધર્મ અને વનાદિના કૌતુક જેવી ક્રિયાઓ સ્વરૂપ છે. **॥૩૨૧થી ૩૨૩॥**

શ્લોક :-

ततो वदन्ति मुनयो, भव्यमिथ्यादृशः प्रति ।
सत्यमात्मधिया धर्मं, यूयं कुरुथ सादराः ।।३२४।।

શ્લોકાર્થ :-

તેથી=હિતજ્ઞ મુનિને કહે છે અમે પણ ધર્મ કરીએ છીએ તેથી, ભવ્ય મિથ્યાદૃષ્ટિ પ્રત્યે મુનિઓ કહે છે – સત્ય છે, આદરવાળા એવા તમે આત્મબુદ્ધિથી=સ્વમતિથી ધર્મ કરો છો.

કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવો પણ તત્ત્વને પામવાને યોગ્ય હોય છે, તેવા યોગ્ય મિથ્યાદૃષ્ટિ જીવો પ્રત્યે મુનિઓ કહે છે. તમે સ્નાનાદિ ધર્મો કરો છો, તે વાત સત્ય છે. પરંતુ તે પારમાર્થિક ધર્મ નથી. કેમ નથી, તે સ્વયં આગળ બતાવે છે. **॥૩૨૪॥**

શ્લોક :-

विशेषं वित्थ नो किन्तु, विप्रलब्धाः कुतीर्थिकैः ।
स्नानादिहिंस्रकर्माणि, यान्ति नो धर्महेतुताम् ।।३२५।।
सर्वभूतदयासारो, धर्मः खलु जगद्धितः ।
स्नानादीनि च कर्माणि, तद्विरोधीनि सर्वदा ।।३२६।।

શ્લોકાર્થ :-

પરંતુ વિશેષને તમે જાણતા નથી, કુતીર્થિકો વડે ઠગાયેલા છો. સ્નાનાદિ હિંસક કર્મો ધર્મહેતુતાને પામતાં નથી. સર્વ જીવોની દયાપ્રધાન

જગતના હિતને કરનારો ધર્મ છે. સ્નાનાદિ કર્મો સર્વદા તેના વિરોધી છે.

મુનિઓ ધર્મને અભિમુખ થયેલા ભદ્રક જીવોને કહે છે, તમે ધર્મના વિશેષને જાણતા નથી; કેમ કે ધર્મ બાહ્ય શૌચાદિ માત્ર રૂપ નથી કે બાહ્ય આચરણારૂપ માત્ર નથી. કુતીર્થિકોથી તમે ઠગાયા છો, તેથી તેવા ધર્મમાં જ ધર્મબુદ્ધિ કરો છો. પરમાર્થથી ધર્મ તો સર્વ જીવોને પીડા ન કરવી, કોઈનો પ્રાણ નાશ ન થાય, કોઈના કષાયનો ઉદ્રેક ન થાય તેવા પ્રકારની ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે. તેનાથી વિરુદ્ધ બાહ્ય આચરણારૂપ સ્નાનાદિ કૃત્યો છે. તેથી જે કૃત્યો દ્વારા કષાયોનું તિરોધાન ન થાય તેવાં સર્વ કૃત્યો પરમાર્થથી ધર્મ નથી. **||૩૨૫-૩૨૬||**

શ્લોક :-

यत्पुनर्ब्रूथ जनुषो, वयं सारं लभामहे ।
भोगाद्यैः प्राज्ञलोकानां, हास्यं तद् वो विजृम्भितम् ।।३२७।।

શ્લોકાર્થ :-

જે વળી, તમે બોલો છો, જન્મનો સાર અમે ભોગાદિ વડે પ્રાપ્ત કરીએ છીએ, તે પ્રાજ્ઞ લોકોને હાસ્ય તમારું વિજૃંભિત છે.

હિતજ્ઞને મહાત્મા કહે છે, મનુષ્યજન્મનો સાર ભોગાદિ નથી, પરંતુ ક્લેશનાશ થાય તે પ્રકારે અપ્રમાદથી ધર્મની પ્રવૃત્તિ જ છે. **||૩૨૭||**

શ્લોક :-

काये सन्निहितापाये, रोगौघे परिवल्गति ।
जरायां त्वरमाणायां, वियोगे चित्तदाहिनि ।।३२८।।
प्रत्यवस्थातरि यमे, शीर्यमाणे शरीरके ।
गत्वरे यौवनेऽयोगविप्रिये प्रियसंगमे ।।३२९।।
पुद्गलस्कन्धसम्बन्धतुच्छेषु विषयेषु यः ।
नृणां सुखविपर्यासो, विभ्रमः स हि कर्मजः ।।३३०।।

શ્લોકાર્થ :-

સન્નિહિત અપાયવાળી કાયા હોતે છતે=ગમે ત્યારે કાયાનો નાશ

પ્રાપ્ત થાય તેમ હોતે છતે, રોગનો સમૂહ ઘેરાયે છતે, જરા ત્વરમાણ હોતે છતે=જરા નજીક આવ્યે છતે, ચિત્તને પીડા આપનાર એવો વિયોગ હોતે છતે, ઈન્દ્રિયોના સંયમરૂપ યમ પ્રત્યઅવસ્થાન કરનાર હોતે છતે= સંયમપાલન દુષ્કર હોતે છતે, શરીર જીર્ણ થતું હોતે છતે, યૌવન જનાર હોતે છતે, પ્રિયના સંગમો અયોગથી વિપ્રિય હોતે છતે, પુદ્ગલના સ્કંધના સંબંધથી તુચ્છ એવા વિષયોમાં જે મનુષ્યોને સુખના વિપર્યાસરૂપ વિભ્રમ છે, તે કર્મથી થનારો છે.

હિતજ્ઞ જીવો ભોગવિલાસથી મનુષ્યજન્મ સફળ માને છે. વસ્તુતઃ પુદ્ગલના સંબંધવાળા તુચ્છ વૈષયિક સુખમાં સુખ નથી, પરંતુ કષાયોની આકુળતારૂપ પીડા છે, તેથી જે જીવો તેના સુખને સુખ માનીને નિશ્ચિંત રહે છે, તેઓને જ્યારે કાયાનો નાશ કાળ આવે છે, ત્યારે દુઃખ થાય છે, રોગનો સમૂહ આવે છે ત્યારે દુઃખ થાય છે, જરા આવે છે ત્યારે દુઃખ થાય છે, ઇષ્ટનો વિયોગ આવે છે ત્યારે દુઃખ થાય છે, યમનું પાલન સુખાત્મક હોવા છતાં તેઓને માટે દુઃખાત્મક બને છે; કેમ કે પાંચ ઇન્દ્રિયના સંવરવાળા મુનિને કષાયોના ઉપશમજન્ય જે સુખ છે, તેવું સુખ ભોગવિલાસવાળા મનુષ્યને નથી, છતાં પુદ્ગલમાં સુખ માનનારા જીવોને ઇન્દ્રિયોનો સંયમ દુઃખરૂપ ભાસે છે. વળી, શરીર ક્ષીણ થાય છે ત્યારે દુઃખ ઉત્પન્ન થાય છે, યૌવન જાય છે ત્યારે દુઃખ ઉત્પન્ન થાય છે, પ્રિયના સંયોગો જ્યારે નાશ પામે છે, ત્યારે દુઃખો ઉત્પન્ન થાય છે, તેથી પરાધીન સુખને સુખ માનવું તે વિપર્યાસરૂપ છે, એ પ્રકારે તે સાધુ યોગ્ય ભદ્રક જીવોને કહે છે. **॥૩૨૮થી ૩૩૦॥**

શ્લોક :-

अनन्तभवसन्तानहेतुरेष ततोऽनघाः ! ।
प्राप्तायां धर्मसामग्र्यामस्मासूपदिशत्सु च ।।३३१।।
ज्ञानश्रद्धाक्रियायत्ते, मोक्षलाभे स्ववञ्चनम् ।
कर्तुं न युक्तं भवतामीदृशैर्मोहचेष्टितैः ।।३३२।।

શ્લોકાર્થ :-

હે નિર્દોષ એવા હિતજ્ઞો, તેથી=સુખના વિપર્યાસનો વિભ્રમ કર્મજન્ય

છે તેથી, આ=વિભ્રમ, અનંતભવ સંતાનનો હેતુ છે, ધર્મસામગ્રી પ્રાપ્ત હોતે છતે=મનુષ્યભવમાં આત્મહિત સાધક ધર્મસામગ્રી પ્રાપ્ત થયે છતે અને અમારા જેવા ઉપદેશકો હોતે છતે, જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયાને આધીન એવા મોક્ષની પ્રાપ્તિ આવા પ્રકારની મોહની ચેષ્ટાઓથી= ભોગવિલાસમાં સુખ છે ઈત્યાદિ મોહચેષ્ટાઓથી, તમોને સ્વવંચન કરવું યુક્ત નથી. ||૩૩૧-૩૩૨||

શ્લોક :-

साधुवाक्यं तदाकर्ण्य, भद्रकाः शुद्धवासनाः ।
सद्धर्मोपार्जनोपायं, पृच्छन्ति विनयान्विताः ।।३३३।।

શ્લોકાર્થ :-

તે સાધુવાક્યને સાંભળીને, શુદ્ધ વાસનાવાળા=ઉપદેશના શ્રવણથી થયેલી શુદ્ધ ધર્મના સેવનની વાસનાવાળા, વિનયથી યુક્ત ભદ્રક જીવો સદ્ધર્મના ઉપાર્જનના ઉપાયને પૂછે છે. ||૩૩૩||

શ્લોક :-

ग्राहयन्ति ततस्तेषां, साधवस्तं महाशयाः ।
यथैतदादौ कर्तव्यमिच्छद्भिर्धर्मयोग्यताम् ।।३३४।।

શ્લોકાર્થ :-

તેથી=ભદ્રક જીવો સદ્ધર્મને પ્રગટ કરવાના ઉપાયને પૂછે છે તેથી, મહાશયવાળા એવા સાધુઓ=યોગ્ય જીવ સ્વભૂમિકાનુસાર ઉચિત કૃત્ય કરીને સુંદર ધર્મને પ્રાપ્ત કરે એવા મહાશયવાળા સાધુઓ, તેઓને=ભદ્રક જીવોને, તે=સદ્ધર્મના ઉપાર્જનના ઉપાયને, ગ્રહણ કરાવે છે. જે આ પ્રમાણે – ધર્મની યોગ્યતાને ઈચ્છતા જીવો વડે આદિમાં=પ્રથમ ભૂમિકામાં, આ કરવું જોઈએ=આગળમાં કહે છે એ કરવું જોઈએ.

સાધુઓ હિતજ્ઞ જીવોને યોગ્ય જીવ એવા દેશવિરતિધર શ્રાવકની જેમ સંયમ ગ્રહણ કરવા માટે સીધો ઉપદેશ આપતા નથી, પરંતુ કહે છે કે ધર્મની યોગ્યતા

પ્રગટ કરવી જોઈએ. તેથી તેના ઉચિત ઉપાયો આગળમાં બતાવે છે, તે પ્રમાણે સેવવાથી જીવમાં શુદ્ધ ચારિત્રધર્મની યોગ્યતા પ્રગટે તેમ બતાવે છે. **॥૩૩૪॥**

શ્લોક :-

सेव्या दयालुता कोपो, मोक्तव्यः खलसंगमः ।
त्याज्यो गुणानुरागश्चाभ्यसनीयो निरन्तरम् ।।३३५।।

શ્લોકાર્થ :-

દયાળુતા સેવવી જોઈએ, કોપને મૂકવો જોઈએ, ખલ પુરુષનો સંગમ ત્યાગ કરવો જોઈએ, નિરંતર ગુણના અનુરાગનો અભ્યાસ કરવો જોઈએ.

ધર્મની પ્રાપ્તિ અર્થે જગતના જીવમાત્ર પ્રત્યે દયાળુ સ્વભાવ પ્રગટ થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. વળી, કોપ કરવો જોઈએ નહિ. જેથી અન્ય જીવોને પણ કષાયનો ઉદ્રેક થાય નહિ અને પોતાનામાં પણ કોપના સંસ્કારો સ્થિર, સ્થિરતર થાય નહિ. ખલનો સંગમ ત્યાગ કરવો જોઈએ=ધર્મથી વિમુખ સ્વચ્છંદ મતિવાળા જીવોનો સંસર્ગ ત્યાગ કરવો જોઈએ, સતત ગુણોનો પક્ષપાત વૃદ્ધિ થાય તે પ્રકારે અભ્યાસ કરવો જોઈએ. **॥૩૩૫॥**

શ્લોક :-

अब्रह्मासत्यगर्वाणां, त्यागः कार्यः प्रयत्नतः ।
मान्याश्च देवगुरवः, सत्कर्तव्यः परिच्छदः ।।३३६।।

શ્લોકાર્થ :-

અબ્રહ્મ, અસત્ય અને ગર્વનો ત્યાગ પ્રયત્નથી કરવો જોઈએ. દેવ-ગુરુઓ પૂજવા જોઈએ, પરિવાર સુંદર કરવો જોઈએ.

શક્તિ અનુસાર અબ્રહ્મનો ત્યાગ કરવો જોઈએ, ક્યારેય અસત્ય બોલવું જોઈએ નહિ, પોતાની કુશળતાદિનો ગર્વ કરવો જોઈએ નહિ. આ પ્રકારે પ્રયત્ન કરીને આત્માને સંપન્ન કરવા યત્ન કરવો જોઈએ. વળી, ગુણસંપન્ન એવા દેવ અને ગુરુઓની ભક્તિ કરવી જોઈએ જેથી ગુણવૃદ્ધિ થાય. વળી, પોતાનો પરિવાર પણ ઉચિત પ્રવૃત્તિ કરનાર બને એવો વિવેકપૂર્વક યત્ન કરવો જોઈએ. **॥૩૩૬॥**

શ્લોક :-

पूरणीयाः प्रणयिनोऽनुविधेयः सुहृद्गणः ।
परनिन्दा न कर्तव्या, ग्राह्याः परगुणाः सदा ।।३३७।।
संभाष्याः प्रथमं शिष्टाः, स्वगुणानां विकत्थने ।
लज्जनीयमणीयोऽपि, स्मार्यं परकृतं हितम् ।।३३८।।
भाव्यं सुवेषचरितैरनुमोद्याश्च धार्मिकाः ।
यतितव्यं परार्थे च, मानसे धार्यमार्जवम् ।।३३९।।
भवतामीदृशाचारचारुभावाद् भविष्यति ।
सर्वज्ञोपज्ञसद्धर्मानुष्ठाने खलु योग्यता ।।३४०।।

શ્લોકાર્થ :-

પ્રીતિવાળા લોકોને પૂરણ કરવા જોઈએ. મિત્રગણ કરવો જોઈએ, પરનિંદા કરવી જોઈએ નહિ, સદા બીજાના ગુણો ગ્રહણ કરવા જોઈએ. શિષ્ટ પુરુષો પ્રથમ સંભાષ્ય છે, પોતાના ગુણોના કથનમાં લજ્જા પામવી જોઈએ, અલ્પ પણ પરકૃત હિત સ્મરણ કરવું જોઈએ. સુંદર વેશ અને સુંદર આચારોથી થવું જોઈએ. ધાર્મિકોની અનુમોદના કરવી જોઈએ. પરાર્થમાં=બીજાના પ્રયોજનમાં, યત્ન કરવો જોઈએ. માનસમાં આર્જવભાવ ધારણ કરવો જોઈએ. આવા પ્રકારના આચારથી સુંદર થવાને કારણે સર્વજ્ઞથી કહેવાયેલા સદ્ધર્માનુષ્ઠાનમાં તમારી યોગ્યતા થશે.

સુસાધુ મંદ મિથ્યાદૃષ્ટિ જીવોને કહે છે કે પૂર્વમાં વર્ણન કર્યું એવા સુંદર આચારોના સેવનથી તમારામાં તેવી યોગ્યતા થશે જેથી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સુસાધુની જેમ અથવા સુસાધુની શક્તિ સંપન્ન ન થઈ હોય તો મહાવિવેકસંપન્ન એવા સુશ્રાવકો જેવી સર્વજ્ઞથી કહેવાયેલા સદ્ધર્મના અનુષ્ઠાનમાં યત્ન કરવાની યોગ્યતા તમારામાં પ્રગટ થશે. **॥૩૩૭થી ૩૪૦॥**

શ્લોક :-

योगोऽकल्याणमित्राणां, संत्याज्यो गृहिभिस्ततः ।
कल्याणमित्रसेवा च, कार्या पाल्योचितस्थितिः ।।३४१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=ભગવાનના શાસનના સદ્ધર્માનુષ્ઠાનને સેવવાની યોગ્યતા પ્રગટ થાય ત્યારપછી, ગૃહસ્થોએ અકલ્યાણ મિત્રોનો યોગ ત્યાગ કરવો જોઈએ. કલ્યાણમિત્રોની સેવા કરવી જોઈએ, ઉચિત સ્થિતિનું પાલન કરવું જોઈએ=પોતાની ભૂમિકાનુસાર ઉચિત કૃત્યો સેવવાં જોઈએ. ||૩૪૧||

શ્લોક :-

अपेक्षितव्यो लोकाध्वा, मान्या च गुरुसंहतिः ।
एतत्तन्त्रैः सदा भाव्यं, धार्या दानादिवासना ।।३४२।।

શ્લોકાર્થ :-

લોકમાર્ગની અપેક્ષા કરવી જોઈએ=લોકમાં પોતાના ધર્મની નિંદા થાય તેવું આચરણ કરવું જોઈએ નહિ, ગુરુસંહતિને=ગુરુવર્ગને માન આપવું જોઈએ, આમના પરતંત્રથી=ગુરુ સમુદાયના પરતંત્રથી, સદા થવું જોઈએ. દાનાદિ વાસના ધારણ કરવી જોઈએ. ||૩૪૨||

શ્લોક :-

सारपूजाऽर्हतां कार्या, निरूप्यं साधुलक्षणम् ।
श्रोतव्यं विधिना धर्मशास्त्रं निभृतभावनम् ।।३४३।।

શ્લોકાર્થ :-

અરિહંતોની શ્રેષ્ઠ પૂજા કરવી જોઈએ=અરિહંતોની ઉત્તમ ભાવથી અને ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરવી જોઈએ. સાધુનું લક્ષણ=ભાવસાધુનું સ્વરૂપ, નિરૂપણ કરવું જોઈએ=ભાવન કરવું જોઈએ, અત્યંત ભાવયુક્ત ધર્મશાસ્ત્રને વિધિથી સાંભળવું જોઈએ=સંવેગ, નિર્વેદ ઉત્પન્ન થાય તેવા વિવેકથી યુક્ત ધર્મશાસ્ત્રને દૃઢ પ્રણિધાન આદિ વિધિથી સાંભળવાં જોઈએ. ||૩૪૩||

શ્લોક :-

अनुष्ठेयस्तदर्थश्चावष्टब्धव्या च धीरता ।
पर्यालोच्याऽऽयतिर्भाव्यं परलोकाविरोधिभिः ।।३४४।।

શ્લોકાર્થ :-

અને તેનો અર્થ=ધર્મશાસ્ત્રનો અર્થ, સેવવો જોઈએ. ધીરતાનું અવલંબન કરવું જોઈએ, ભવિષ્યનું પર્યાલોચન કરવું જોઈએ, પરલોક અવિરોધી થવું જોઈએ. ।।૩૪૪।।

શ્લોક :-

सेव्यो गुरुजनः कार्यं, सद्योगपटदर्शनम् ।
तद्रूपादि हृदि स्थाप्यं, धर्तव्या चारुधारणा ।।३४५।।

શ્લોકાર્થ :-

ગુરુજન સેવવો જોઈએ, સદ્યોગ પટનું દર્શન કરવું જોઈએ=મોક્ષસાધક યોગની સર્વ ભૂમિકાને સૂક્ષ્મ જાણીને વારંવાર તેના પ્રત્યે પક્ષપાત પ્રવર્ધમાન થાય તે રીતે ચિંતવન કરવું જોઈએ. તેના રૂપાદિ હૃદયમાં સ્થાપવા જોઈએ=યોગપટના સ્વરૂપને હૃદયમાં સ્મરણ કરવું જોઈએ, જેથી વારંવાર તેને અભિમુખ સદ્વીર્ય ઉલ્લસિત થાય. સુંદર ધારણા ધારણ કરવી જોઈએ=યોગમાર્ગના ઉત્તમ ભાવોની ધારણા ચિત્તમાં સ્થિર કરવી જોઈએ. ।।૩૪૫।।

શ્લોક :-

विक्षेपमार्गो हातव्यः, सोत्साहैर्योगसिद्धये ।
अर्हद्बिम्बादि संपाद्यं, लेखनीयो जिनागमः ।।३४६।।

શ્લોકાર્થ :-

યોગસિદ્ધિ માટે ઉત્સાહ સહિત એવા જીવો વડે વિક્ષેપનો માર્ગ ત્યાગ કરવો જોઈએ=સ્વભૂમિકાના આચારોના સેવનકાળમાં ચિત્તના વિક્ષેપો થતા હોય છે તેનો પરિહાર કરવા યત્ન કરવો જોઈએ. અર્હદ્ બિંબાદિ સંપાદન કરવાં જોઈએ=જિનપ્રતિમાદિ ભરાવવાં જોઈએ, જિનાગમ લખાવવા જોઈએ. ।।૩૪૬।।

શ્લોક :-

कर्तव्यो मंगलजपश्चतुःशरणसंयुतः ।
अनुमोद्यं च सुकृतं, निन्द्या दुष्कृतसन्ततिः ।।३४७।।

શ્લોકાર્થ :-

ચાર શરણસંયુત મંગલજપ કરવો જોઈએ, સુકૃતનું અનુમોદન કરવું જોઈએ. દુષ્કૃતસંતતિની નિંદા કરવી જોઈએ=જીવનમાં થયેલાં પાપોનું સ્મરણ કરીને ચિત્તમાં વર્તતા તેના પ્રવાહની નિંદા કરવી જોઈએ. ।।૩૪૭।।

શ્લોક :-

सच्चेष्टितं च श्रोतव्यं, पूज्याः सन्मन्त्रदेवताः ।
उदारैरुत्तमज्ञाने, वर्तितव्यमशङ्कितैः ।।३४८।।

શ્લોકાર્થ :-

સુંદર ચેષ્ટિત સાંભળવું જોઈએ=ઉત્તમ પુરુષોનાં ચરિત્રો સાંભળવાં જોઈએ, સન્મંત્ર દેવતાની પૂજા કરવી જોઈએ. અશંકિત એવા ઉદાર પુરુષો સાથે ઉત્તમ જ્ઞાનમાં વર્તવું જોઈએ=તત્ત્વને જાણનારા ઉત્તમ પુરુષો સાથે શ્રેષ્ઠજ્ઞાનને પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઈએ. ।।૩૪૮।।

શ્લોક :-

ततो वो भविता शुद्धसाधुधर्मस्य योग्यता ।
विहाय संगं ग्रहणाशिक्षा सेव्योचिता ततः ।।३४९।।

શ્લોકાર્થ :-

તેથી તમારી શુદ્ધસાધુધર્મની યોગ્યતા થશે, ત્યારપછી=શુદ્ધ સાધુધર્મની યોગ્યતા થશે ત્યારપછી, સંગનો ત્યાગ કરીને, ઉચિત એવી ગ્રહણ શિક્ષા સેવવી જોઈએ. ।।૩૪૯।।

શ્લોક :-

विधेया तत्त्वजिज्ञासा, स्वपरागमगोचरा ।
यथार्थगुरुसंयोगात्, कार्यस्तद्विनयो दृढम् ।।३५०।।

શ્લોકાર્થ :-

યથાર્થ ગુરુના સંયોગથી સ્વપર આગમ વિષયક તત્ત્વજિજ્ઞાસા કરવી જોઈએ=શક્તિ હોય તો સ્વદર્શન, પરદર્શનનો અભ્યાસ સંયમ ગ્રહણ કર્યા પછી કરવો જોઈએ, તેમનો વિનય અત્યંત કરવો જોઈએ=ગુણવાન ગુરુનો અત્યંત વિનય કરવો જોઈએ. ।।૩૫૦।।

શ્લોક :-

भवितव्यं विधिपरैर्मण्डल्यादिप्रयत्नतः ।
ज्येष्ठक्रमः पालनीयो, सेव्या युक्ताऽशनक्रिया ।।३५१।।

શ્લોકાર્થ :-

મંડલી આદિ પ્રયત્નથી વિધિમાં તત્પર થવું જોઈએ, જ્યેષ્ઠનો ક્રમ પાલન કરવો જોઈએ, યુક્ત અશન ક્રિયા સેવવી જોઈએ.

ગુણવાન ગુરુ પાસે શાસ્ત્ર ભણતી વખતે મંડલી આદિ વિધિમાં પ્રયત્નપૂર્વક એકાગ્ર ચિત્તથી શુદ્ધ ધર્મને સાંભળવા યત્ન કરવો જોઈએ. વળી, માંડલીમાં બેસતી વખતે જ્યેષ્ઠના ક્રમ પ્રમાણે બેસવું જોઈએ. જેથી ગુણવાનના ક્રમનું ઉલ્લંઘન થાય નહિ. વળી, આહારની ક્રિયા તે રીતે સેવવી જોઈએ. જેથી સંયમની વૃદ્ધિ થાય. **॥૩૫૧॥**

શ્લોક :-

संत्याज्यो विकथाक्षेपो, धार्या शुद्धोपयोगता ।
शिक्षणीयः श्रुतिविधिर्भाव्यं सत्प्रत्ययस्थिरैः ।।३५२।।

શ્લોકાર્થ :-

વિકથાનો ક્ષેપ ત્યાગ કરવો જોઈએ. શુદ્ધ ઉપયોગતા ધારણ કરવી જોઈએ. શ્રુતિની વિધિનો અભ્યાસ કરવો જોઈએ. સત્ પ્રત્યયમાં સ્થિર થવું જોઈએ.

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના પ્રયોજન સિવાય નિરર્થક ક્રિયારૂપ વિકથાના વિક્ષેપનો ત્યાગ કરવો જોઈએ. આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાનું કારણ

બને તેવી શુદ્ધ ઉપયોગતા ધારણ કરવી જોઈએ. સત્ શાસ્ત્રોના શ્રવણની વિધિનો અભ્યાસ કરવો જોઈએ. આત્માના વાસ્તવિક સ્વરૂપ, સંસારના વાસ્તવિક સ્વરૂપ અને મોક્ષના વાસ્તવિક સ્વરૂપમાં સત્પ્રત્યય સ્થિર થાય તેવા થવું જોઈએ. **॥૩૫૨॥**

શ્લોક :-

स्मयो न कार्यो ज्ञानर्द्धेर्हसनीयाश्च नाबुधाः ।
त्याज्यो विवादोऽबुद्धानां, न कार्यं बुद्धिभेदनम् ।।३५३।।

શ્લોકાર્થ :-

જ્ઞાન-ઋદ્ધિનો ગર્વ કરવો જોઈએ નહિ, અબુધ જીવો હસવા જોઈએ નહિ, અબુદ્ધ જીવોનો વિવાદ ત્યાગ કરવો, બુદ્ધિનો ભેદ કરવો જોઈએ નહિ.

પોતે શાસ્ત્ર ભણી સૂક્ષ્મબોધવાળા થયા હોય તોપણ અમે જ્ઞાનસમૃદ્ધ છીએ એ પ્રકારનો વિકલ્પ કરીને માનકષાય કરવો જોઈએ નહિ. અલ્પ બુદ્ધિવાળા જીવોમાં ઉચિત નિર્ણય કરવાની શક્તિ ન જણાય ત્યારે ઉપહાસ કરવો જોઈએ નહિ, પરંતુ જે રીતે તેઓનું હિત થાય તે રીતે યત્ન કરવો જોઈએ. અબુદ્ધ જીવો તત્ત્વને જાણવા અસમર્થ હોવાથી તત્ત્વવિષયક વિવાદ કરે છે, એવો વિવાદ ત્યાગ કરવો જોઈએ. વળી, સન્માર્ગની પ્રરૂપણા તે રીતે કરવી જોઈએ જેથી કોઈની બુદ્ધિનો ભેદ થાય નહિ. **॥૩૫૩॥**

શ્લોક :-

कार्यः कुपात्रे न न्यासः, पात्रतैवं भविष्यति ।
भवतां विग्रहवती, शमश्रीर्भावजन्मभूः ।।३५४।।

શ્લોકાર્થ :-

કુપાત્રમાં ન્યાસ કરવો જોઈએ નહિ, આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એવી આચરણા તું કરીશ એ રીતે, વિગ્રહવાળી=શરીરધારી, શમરૂપી લક્ષ્મી, ભાવજન્મની ભૂમિ એવી પાત્રતા થશે.

સુસાધુ હિતજ્ઞને કહે છે, કુપાત્રમાં તમારા ધનનો વિનિયોગ કરશો નહિ એ વગેરે અત્યારસુધી બતાવ્યું. એ પ્રમાણે સર્વ ઉચિત પ્રયત્ન કરશો તો તમારામાં કષાયોના શમનજન્ય શરીરધારી શમરૂપી લક્ષ્મી પ્રગટ થશે; કેમ કે ઉચિત પ્રવૃત્તિઓથી કષાયો શમે છે. વળી, અત્યારસુધી તમે દ્રવ્યથી જન્મ્યા છો, હવે ગુણરૂપી ભાવથી જન્મની ભૂમિરૂપ પાત્રતા તમારામાં પ્રગટ થશે; કેમ કે જેમ જેમ ઉચિત પ્રવૃત્તિઓ કરવાનો અભ્યાસ વધે છે, તેમ તેમ જીવમાં શ્રેષ્ઠ પાત્રતા પ્રગટે છે. **॥૩૫૪॥**

શ્લોક :-

ततः सिद्धान्तसाराणि, दास्यन्ति गुरवो मुदा ।
स्पष्टमष्ट ततो वृद्धिमुपयास्यन्ति धीगुणाः ।।३५५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પાત્રતા પ્રગટ થશે ત્યારપછી, ગુરુઓ પ્રીતિપૂર્વક સ્પષ્ટ સિદ્ધાંતના સારો બતાવશે. તેથી આઠ બુદ્ધિના ગુણો વૃદ્ધિને પામશે.

જ્યારે જીવમાં વિશેષ પ્રકારની યોગ્યતા પ્રગટે છે, ત્યારે ગીતાર્થ ગુરુઓ તેવા યોગ્ય શિષ્યને સિદ્ધાંતના સારભૂત ભાવો બતાવે છે. જેનાથી તે જીવોમાં બુદ્ધિના આઠ ગુણો અતિશય, અતિશયતર થાય છે. જેનાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. **॥૩૫૫॥**

શ્લોક :-

शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
ऊहोऽपोहोऽर्थविज्ञानं, तत्त्वव्यवसितिश्च ते ।।३५६।।

શ્લોકાર્થ :-

તારા શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઊહ, અપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વના નિર્ણયરૂપ આઠ ગુણો વૃદ્ધિને પામશે, એમ શ્લોક-૩૫૫ સાથે સંબંધ છે.

સદ્દશાસ્ત્રોના હાર્દને સ્પર્શે એવી નિર્મળ જિજ્ઞાસારૂપ શુશ્રૂષા ગુણ પ્રગટે છે.

જેના ઉત્તરમાં શાસ્ત્રોના પરમાર્થને સ્પર્શે તેવી શ્રવણક્રિયા થાય છે, ત્યારપછી તે શ્રવણ દ્વારા પરમાર્થનું ગ્રહણ થાય છે. ત્યારપછી ગ્રહણ કરાયેલા પરમાર્થને કલ્યાણના અર્થી જીવો સ્થિર પરિચિત કરીને ધારણ કરે છે. ત્યારપછી તે અર્થનો વિશેષ પ્રકારે ઊહ, અપોહ કરે છે. જેનાથી પૂર્વ કરતાં સૂક્ષ્મ અર્થનું વિજ્ઞાન થાય છે. ત્યારપછી આ જ તત્ત્વ છે, જે સર્વ કલ્યાણનું કારણ છે, તેવો નિર્ણય થાય છે. આવી બુદ્ધિના ગુણો જેમ જેમ અતિશય થાય છે, તેમ તેમ સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. **॥૩૫૬॥**

શ્લોક :-

सेव्याऽथासेवना शिक्षा, भजनीया प्रमार्जना ।

प्रत्युपेक्षणमानेयं, भिक्षाचर्या च सात्मताम् ।।३५७।।

શ્લોકાર્થ :-

હવે આસેવન શિક્ષા સેવન કરવી જોઈએ. પ્રમાર્જના સેવવી જોઈએ. પ્રત્યુપેક્ષણ અને ભિક્ષાચર્યા સાત્મીયતાને લાવવી જોઈએ. ॥૩૫૭॥

શ્લોક :-

दातव्याऽऽलोचना सम्यक्, शिक्ष्या निर्दोषभोजिता ।

परिकर्मविधिः पात्रगतो ग्राह्यो यथाऽऽगमम् ।।३५८।।

શ્લોકાર્થ :-

આલોચના સમ્યક્ આપવી જોઈએ, નિર્દોષ ભોજિતા શીખવી જોઈએ. આગમ પ્રમાણે પાત્રગત પરિકર્મવિધિ ગ્રહણ કરવી જોઈએ.

સાધુએ સર્વ ક્રિયાઓ કર્યા પછી તેની સ્ખલનાઓની આલોચના ગુરુ પાસે લેવી જોઈએ. જેથી થયેલાં પાપોની શુદ્ધિ થાય, સંયમજીવનના ભિક્ષાચર્યા આદિના દોષો પરિહાર કરીને નિર્દોષ ભોજનથી દેહનું પાલન કરવું જોઈએ. વળી, આગમાનુસાર પાત્રોને કઈ રીતે પરિકર્મિત કરવાં જોઈએ. તેની વિધિ ગ્રહણ કરવી જોઈએ. સ્વમતિ અનુસાર કરવું જોઈએ નહિ. **॥૩૫૮॥**

શ્લોક :-

विचारचर्याऽनुष्ठेया, प्रेक्ष्याः स्थण्डिलभूमयः ।
शुद्धमावश्यकं कार्यं, कालग्रहविधिस्तथा ।।३५९।।

શ્લોકાર્થ :-

વિચારચર્યા અનુષ્ઠેય છે=માત્રુ-સ્થંડિલ પરઠવાની ક્રિયા વિધિપૂર્વક સેવવી જોઈએ, સ્થંડિલભૂમિનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ. શુદ્ધ આવશ્યક કરવું જોઈએ. કાલગ્રહણની વિધિ કરવી જોઈએ. ।।૩૫૯।।

શ્લોક :-

स्वाध्यायनिरतैर्भाव्यं, कार्या प्रतिदिनक्रिया ।
पञ्चाचाराः पालनीयाः, स्थातव्यं चाप्रमद्वरैः ।।३६०।।

શ્લોકાર્થ :-

સ્વાધ્યાયમાં નિરત થવું જોઈએ, પ્રતિદિન ક્રિયા કરવી જોઈએ, પંચાચારનું પાલન કરવું જોઈએ, શ્રેષ્ઠ અપ્રમાદવાળા થવું જોઈએ.

સાધુજીવનમાં સ્વાધ્યાયથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ. જેથી જિનવચનાનુસાર મધ્યસ્થ બુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. પ્રતિદિન ક્રિયા દૃઢ પ્રણિધાનપૂર્વક કરવી જોઈએ, જેથી અપ્રમાદભાવની વૃદ્ધિ થાય. જ્ઞાનાચારાદિ પાંચે આચારો શક્તિ અનુસાર સદા પાલન કરવા જોઈએ. સંયમજીવનમાં અત્યંત અપ્રમાદપર થવું જોઈએ. **।।૩૬૦।।**

શ્લોક :-

भावी ततो वो निर्वाणप्रगुणो गुणसंचयः ।
एवं गुणार्जनोपायं, दर्शयन्ति महाधियः ।।३६१।।

શ્લોકાર્થ :-

તેથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે સર્વ ક્રિયાઓ કરવાથી, તમોને નિર્વાણનું કારણ એવા સમર્થ ગુણનો સંચય થશે. આ રીતે ગુણઅર્જનનો ઉપાય મહાબુદ્ધિવાળા બતાવે છે. ।।૩૬૧।।

શ્લોક :-

भवन्ति भावरत्नानां, भद्रकास्ते परीक्षकाः ।

ततस्तदुक्तक्रियया, जायन्ते स्वार्थसाधकाः ।।३६२।।

શ્લોકાર્થ :-

તે ભદ્રક જીવો ભાવરત્નના પરીક્ષક થાય છે ત્યારપછી તેમના વડે કહેવાયેલી ક્રિયાથી સ્વાર્થસાધક થાય છે.

સુસાધુ હિતજ્ઞ જેવા ભદ્રક પ્રકૃતિવાળા જીવોને ભાવરત્નના સંચયનો ઉપાય બતાવે છે. તે પ્રમાણે સૂક્ષ્મબોધ કરીને તેઓ પણ ભાવરત્નના પરીક્ષક બને છે અને સુસાધુથી બતાવેલ ક્રિયા કરીને તે ભદ્રક જીવો ભાવરત્નના સંચયરૂપ સ્વાર્થના સાધક બને છે. **॥૩૬૨॥**

શ્લોક :-

अयं ज्ञेयो हितज्ञस्य, चारूक्तवरशिक्षया ।

रत्नौघैर्निजबोहित्थभरणस्योद्यमक्रमः ।।३६३।।

શ્લોકાર્થ :-

હિતજ્ઞને ચારુથી કહેવાયેલી શ્રેષ્ઠ શિક્ષાથી રત્નના સમૂહથી પોતાના વહાણના ભરણના ઉદ્યમનો ક્રમ આ જાણવો=પૂર્વમાં વર્ણન કર્યું એ ક્રમ જાણવો. ।।૩૬૩।।

શ્લોક :-

मूढेन च न चारूक्तं, प्रतिपन्नं विचेष्टितम् ।

प्रत्युत प्रतिकूलं यत्, तत्रेयं मित्र ! भावना ।।३६४।।

શ્લોકાર્થ :-

ચારુ વડે કહેવાયેલું મૂઢ વડે વિચેષ્ટિત સ્વીકારાયું નહિ. ઊલટું પ્રતિકૂળ જે છે તે કરાયું, ત્યાં હે મિત્ર ! આ ભાવના છે. ।।૩૬૪।।

શ્લોક :-

मूढानभिमुखीकर्तुं, यतन्ते मुनयो यदा ।
दूरभव्यानभव्यान् वा, तदेत्थं ते प्रचक्षते ।।३६५।।

શ્લોકાર્થ :-

જ્યારે મુનિઓ મૂઢ એવા દૂર ભવ્યોને અથવા અભવ્યોને અભિમુખ કરવા માટે યત્ન કરે છે, ત્યારે તેઓ આ પ્રમાણે કહે છે.

સંસારમાં કેટલાક જીવો વિષયોમાં મૂઢ હોય છે અને તેઓ ક્યારેક દુર્ભવ્યો કે અભવ્યો હોય અને મૂઢતાને કારણે તેઓને વિષયોમાં જ સારબુદ્ધિ વર્તતી હોય છે અને તેઓને મુનિ ધર્મને સન્મુખ કરવા માટે ઉપદેશ આપે ત્યારે તેઓ મુનિઓને આ પ્રમાણે કહે છે. **॥૩૬૫॥**

શ્લોક :-

श्रमणा ! भवदिष्टेन, कार्यं मोक्षेण नास्ति नः ।
भवतामपि तत्रालं, गमनेन सुखोज्झिते ।।३६६।।

શ્લોકાર્થ :-

હે શ્રમણો ! તમને ઈષ્ટ એવા મોક્ષ વડે અમને કાર્ય નથી, તમને પણ સુખથી રહિત એવા તેમાં=મોક્ષમાં, જવા વડે સર્યું.

મૂઢ જીવોને મોક્ષ ભોગાદિ ક્રિયા રહિત હોવાથી અસાર જણાય છે. તેથી ઉપદેશકને કહે છે કે સુખ રહિત એવા મોક્ષમાં જવા માટે તમારે યત્ન કરવો જોઈએ નહિ. **॥૩૬૬॥**

શ્લોક :-

न तत्र खाद्यं नो पेयं, न गीतं हसितं च न ।
न तत्र कान्ता मदिरा, मदघूर्णितलोचनाः ।।३६७।।

શ્લોકાર્થ :-

ત્યાં=મોક્ષમાં, ખાદ્ય નથી, પેય નથી, ગીત નથી, હસવાની ક્રિયા

નથી. ત્યાં=મોક્ષમાં, મદથી ઘૂર્ણિત લોચનવાળી, મદિરા=મદ ચડાવે એવી, સ્ત્રી નથી. ॥૩૬૭॥

શ્લોક :-

न तत्र प्रियसंयोगा, न स्निग्धाऽऽलापपद्धतिः ।
लीलाविलासविस्तारा, न तत्रेन्द्रियशर्मदाः ।।३६८।।

શ્લોકાર્થ :-

ત્યાં=મોક્ષમાં, પ્રિયનો સંયોગ નથી, સ્નિગ્ધ આલાપની પદ્ધતિ નથી, ત્યાં=મોક્ષમાં, ઈન્દ્રિયના સુખને દેનારા લીલારૂપી વિલાસના વિસ્તારો નથી. ॥૩૬૮॥

શ્લોક :-

अयं संसारविस्तारो, रम्यो नः प्रतिभासते ।
यथेष्टमनुभूयन्ते, यत्र लीलाविभूतयः ।।३६९।।

શ્લોકાર્થ :-

આ સંસારનો વિસ્તાર અમને રમ્ય ભાસે છે, જેમાં=જે સંસારમાં, ઈચ્છા અનુસાર ઈષ્ટ લીલાની વિભૂતિઓ અનુભવાય છે. ॥૩૬૯॥

શ્લોક :-

कृतं तन्मोक्षवादेन, संसारः सुखकारणम् ।
भुक्त्वाऽत्र विपुलं सौख्यं, पश्चान्मुक्तौ गमिष्यथ ।।३७०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=મોક્ષમાં કોઈ ભોગવિલાસ નથી તે કારણથી, મોક્ષવાદથી=મોક્ષના પ્રયત્નથી સર્યું. સુખનું કારણ સંસાર છે, અહીં વિપુલ સુખને ભોગવીને પાછળથી મોક્ષમાં અમે જઈશું. ॥૩૭૦॥

શ્લોક :-

भवन्तो धर्मवादेन, येन सन्ति च गर्विताः ।
अस्माकमपि सोऽस्त्येव, देवातिथिमुदावहः ।।३७१।।

શ્લોકાર્થ :-

અને જે ધર્મવાદથી તમે ગર્વિત થયા છો, તે=તે ધર્મવાદ, દેવઅતિથિના પ્રમોદને લાવનારો અમોને પણ છે જ. ॥૩૭૧॥

શ્લોક :-

कुर्महे चण्डिकादीनां, तृप्तिं छागादिशोणितैः ।
गवाश्वमनुजच्छागैस्तथा यागं चतुर्विधम् ।।३७२।।

શ્લોકાર્થ :-

બકરાદિના લોહીથી ચંડિકાદિની તૃપ્તિ અમે કરીએ છીએ. ગાય, અશ્વ, મનુષ્ય અને બકરા વડે ચાર પ્રકારના યાગ અમે કરીએ છીએ. ॥૩૭૨॥

શ્લોક :-

निहत्य दुःखितान् दुःखं, मोचयामः कृपालवः ।
पापद्ध्यावारितं सत्रं, मांसैर्दद्मो यथेच्छया ।।३७३।।

શ્લોકાર્થ :-

દુઃખિત જીવોને હણીને કૃપાળુ એવા અમે દુઃખોથી મુકાવીએ છીએ, પાપઋદ્ધિથી વારિત એવા સત્રને=યજ્ઞને=પાપની વૃદ્ધિ જેમાં વારણ કરાઈ છે એવા યજ્ઞને, યથાઈચ્છાથી માંસો વડે અમે કરીએ છીએ. ॥૩૭૩॥

શ્લોક :-

तदाकर्ण्य प्रभाषन्ते मुनयो भवतामसौ ।
नैव युक्तो भवासंगः, सुखं नास्त्यत्र तात्त्विकम् ।।३७४।।

શ્લોકાર્થ :-

તેને સાંભળીને=શ્લોક-૩૬૯થી અત્યારસુધી કહ્યું તે મૂઢનાં વચનો સાંભળીને, મુનિઓ કહે છે. તમોને આ ભવનો આસંગ યુક્ત નથી જ, અહીં=ભવમાં, તાત્ત્વિક સુખ નથી. ॥૩૭૪॥

શ્લોક :-

भोगा भोगा इवाहेयाः, भीषणा क्लेशवर्द्धनाः ।
मायाकरण्डिका नार्यो, विलासाश्च विडम्बनाः ।।३७५।।

શ્લોકાર્થ :-

ક્લેશને વધારનારા, ભીષણ એવા ભોગો ભોગની જેમ=સાપની જેમ, आहेय=અહિ સંબંધી=સાપ સંબંધી=ઝેરી, છે. સ્ત્રીઓ માયાની કરંડિકા છે, વિલાસો વિડંબના છે. ||૩૭૫||

શ્લોક :-

मोक्षस्त्वात्मव्यवस्थानं, व्याधिक्षयसमं सुखम् ।
तस्मात् तमुत्सृज्य भवव्यासंगो वः स्ववैरिता ।।३७६।।

શ્લોકાર્થ :-

વળી મોક્ષ આત્મવ્યવસ્થાન છે, વ્યાધિના ક્ષય જેવું સુખ છે. તે કારણથી તેને છોડીને=મોક્ષને છોડીને, ભવનો વ્યાસંગ તમારી સ્વવૈરિતા છે. ||૩૭૬||

શ્લોક :-

धर्मानुष्ठानबुद्ध्या च, यदिदं जन्तुघातनम् ।
तदप्यनन्तसंसारवर्द्धनं पापकारणम् ।।३७७।।

શ્લોકાર્થ :-

અને ધર્મઅનુષ્ઠાનની બુદ્ધિથી જે આ જંતુનું ઘાતન=યાગાદિમાં જંતુનું ઘાતન, તે પણ અનંત સંસારનું વર્ધન પાપનું કારણ છે. ||૩૭૭||

શ્લોક :-

मा कुरुध्वमतो धर्ममीदृशं धूर्तवञ्चिताः ।
कुरुध्वं सुमुनिप्रोक्तं, तमहिंसादिलक्षणम् ।।३७८।।

શ્લોકાર્થ :-

આથી=ધર્મઅનુષ્ઠાનની બુદ્ધિથી હિંસા પાપનું કારણ છે આથી, ધૂર્તથી વંચિત એવા તમે આવા પ્રકારનો ધર્મ કરો નહિ. સુમુનિથી કહેવાયેલા અહિંસાદિ લક્ષણ એવા તેને=ધર્મને, કરો. ।।૩૭૮।।

શ્લોક :-

मूढा वितन्वते द्वेषं, श्रुत्वेदं मुनिभाषितम् ।
वदन्ति यात यूयं भोः, शिक्षणीया वयं तु न ।।३७९।।

શ્લોકાર્થ :-

મુનિભાષિત આને સાંભળીને મૂઢ જીવો દ્વેષને કરે છે. કહે છે તમે જાઓ. અમે શિક્ષા આપવા યોગ્ય નથી. ।।૩૭૯।।

શ્લોક :-

नियन्त्रयथ नो भोगैर्निषिद्धैर्निन्दथाऽधमाः ! ।
अस्माकं धर्मरत्नानि, तद् यूयं नो महारयः ।।३८०।।

શ્લોકાર્થ :-

નિષિદ્ધ એવા ભોગોથી અમને નિયંત્રિત કરો છો=ભોગોનો નિષેધ કરીને તમે અમોને ભોગસુખથી વંચિત કરો છો. અમારાં ધર્મરત્નોની અધમ એવા તમે નિંદા કરો છો. તે કારણથી તમે અમારા મહાશત્રુ છો. ।।૩૮૦।।

શ્લોક :-

यदि वो रोचते नान्तः, सद्धर्मोऽस्माकमीदृशः ।
ततोऽलं भवदीयेन, धर्मेण पुरुषाधमाः ! ।।३८१।।

શ્લોકાર્થ :-

જો આવા પ્રકારનો અમારો સદ્ધર્મ તમારા અંતઃકરણમાં રુચતો નથી, તો હે પુરુષાધમો ! તમારા ધર્મ વડે સર્યું.

મૂઢ જીવોને અકષાય ભાવરૂપ ધર્મ જચતો નથી. છતાં આ જીવોમાં કંઈક યોગ્યતા હશે, તેવી સંભાવનાથી ગુણવાન ગુરુ તેઓના અવિવેકવાળા ધર્મની નિંદા કરે અને વિવેકયુક્ત ધર્મ કરવાનું કહે ત્યારે મૂઢ જીવોના ચિત્તમાં દ્વેષ થાય છે. તેથી ક્વચિત્ સામર્થ્ય હોય તો ગુરુ પ્રત્યે તેઓ આક્રોશ કરે અને ક્વચિત્ ધર્મસભામાં ઘણા લોકની વચ્ચે તેઓ આક્રોશ કરવા અસમર્થ હોય તો તે વચનો સાંભળીને તેઓને દ્વેષ થાય છે; કેમ કે મુક્ત અવસ્થા ભોગરહિત હોવાથી તેઓને નિઃસાર જણાય છે. તેથી ગુસ્સામાં ઊભા થઈને સભાનો ત્યાગ કરે છે. **॥૩૮૧॥**

શ્લોક :-

इदमाकर्ण्य मुनयो, ब्रूयुर्यावत् कृपापराः ।
भूयो धर्मगतिं तावत्, कुपिताः प्रहरन्ति ते ।।३८२।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને કૃપાપર એવા મુનિઓ જ્યાં સુધી ફરી ધર્મની ગતિને બોલે છે=ધર્મની વિશેષ સુંદર ગતિને કહે છે, ત્યાં સુધી કોપ પામેલા તેઓ પ્રહાર કરે છે. ।।૩૮૨।।

શ્લોક :-

मुनयस्तानुपेक्षन्ते, निश्चित्यासाध्यतां ततः ।
न दोहने भवेद् भावो, गोर्वन्ध्यात्वे हि निश्चिते ।।३८३।।

શ્લોકાર્થ :-

તેથી અસાધ્યતાનો નિશ્ચય કરીને તેઓની=મૂઢ જીવોની, મુનિઓ ઉપેક્ષા કરે છે. हि=જે કારણથી, ગાયનું વંધ્યાપણું નિશ્ચિત થયે છતે દોહનમાં ભાવ થતો નથી.

આ ગાય વંધ્યા છે, તેવો નિર્ણય થયા પછી તેને દોહનનો પરિણામ વિવેકીને થતો નથી, તેમ મૂઢ જીવોની અનિવર્તનીય પરિણતિ જોઈને તેઓ પ્રત્યે ઉપેક્ષા થાય છે. **॥૩૮૩॥**

શ્લોક :-

श्राद्धानां भद्रकाणां च, भव्यमिथ्यादृशां ततः ।
भवेत् कृतार्थता नूनं, दिशा साधूपदिष्टया ।।३८४।।

શ્લોકાર્થ :-

તેથી=મૂઢ જીવો ઉપેક્ષા કરવા યોગ્ય છે તેથી, શ્રાવકોની અને ભદ્રક એવા ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવોની સાધુઉપદિષ્ટ દિશાથી ખરેખર કૃતાર્થતા થાય.

યોગ્ય અને હિતજ્ઞને કઈ રીતે ઉપકાર થાય છે. તેમ પૂર્વમાં બતાવ્યું અને અયોગ્ય જીવો ઉપેક્ષા કરવા યોગ્ય છે તેથી સુસાધુથી શ્રાવકોને સંયમનો પરિણામ થાય છે અને હિતજ્ઞ જેવા ભદ્રક ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવોને ઉચિત આચરણના ક્રમથી સાધુધર્મની પ્રાપ્તિ થાય છે. તે સર્વ સુસાધુથી બતાવાયેલા માર્ગથી તેઓને હિતની પ્રાપ્તિ છે. **॥૩૮૪॥**

શ્લોક :-

मूढास्तु सरुषा कर्मपरिणामेन भूभुजा ।
रत्नद्वीपान्नरभवान्निष्काश्यन्ते तमोभृताः ।।३८५।।

શ્લોકાર્થ :-

રુષવાળા એવા કર્મપરિણામરૂપ રાજા વડે તમોભૃત એવા મૂઢ જીવો રત્નદ્વીપરૂપ નરભવથી કાઢી મુકાય છે.

મૂઢ જીવો ગાઢ અંધકારથી ભરાયેલા છે, તેથી કિલષ્ટકર્મો બાંધીને રત્નદ્વીપ જેવા મનુષ્યભવને પામીને ભવરૂપી સમુદ્રમાં પડે છે. **॥૩૮૫॥**

શ્લોક :-

पात्यन्ते भवपाथोधौ, लभन्ते दुःखसन्ततिम् ।
इमं कथानकस्यार्थं, बुद्ध्वाऽसौ विरतो मुनिः ।।३८६।।

શ્લોકાર્થ :-

ભવરૂપી સમુદ્રમાં નંખાય છે=મૂઢ જીવો નંખાય છે, દુઃખની પરંપરાને

પામે છે, કથાનકનો આ અર્થ જાણી આ મુનિ=છઠ્ઠા મુનિ વિરત થયા=વિરતિવાળા થયા. ॥૩૮૬॥

શ્લોક :-

हेतावीदृग्विवेकस्य, कर्मवज्रविभेदने ।

श्रुते कथानके ह्यस्मिन्, को वा न विरतिं श्रयेत् ।।३८७।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારના વિવેકવાળા જીવને કર્મવજના વિભેદનમાં હેતુરૂપ આ કથાનક સાંભળ્યે છતે કોણ વિરતિનો આશ્રય ન કરે ?

જે પુરુષના તત્ત્વને જોવામાં બાધક ક્લિષ્ટ કર્મ શિથિલ થયાં છે, તેઓને સર્વ અનર્થની પરંપરાનું કારણ કષાયો છે અને કષાયોની વિરતિરૂપ જ સંયમ છે, તેવો સ્પષ્ટ નિર્ણય થવાથી તે મહાત્મા વિરતિની શક્તિ હોય તો વિરતિ ગ્રહણ કરે અને શક્તિનો સંચય ન થયો હોય તો સર્વ યત્નથી વિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે. **॥૩૮૭॥**

શ્લોક :-

को वा भृत्वाऽऽत्मबोहित्थं, भावरत्नैः शिवालयम् ।

न गच्छेन्नृभवं प्राप्य, रत्नद्वीपसमं कृती ।।३८८।।

શ્લોકાર્થ :-

અથવા ભાવરત્નો વડે આત્મરૂપી વહાણને ભરીને, રત્નદ્વીપ સમાન મનુષ્યભવને પ્રાપ્ત કરીને કોણ બુદ્ધિમાન શિવાલયમાં ન જ જાય ? ॥૩૮૮॥

શ્લોક :-

भद्रेऽगृहीतसंकेते !, ततस्तच्छृण्वतो मम ।

अकलङ्कवचो ह्रासं, बह्वी कर्मस्थितिर्गता ।।३८९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હે ભદ્રા અગૃહીતસંકેતા ! તે અકલંકના વચનને સાંભળતા

મારી ઘણી કર્મની સ્થિતિ હ્રાસને પામી.

અનુસુંદર ચક્રવર્તીનો જીવ ઘનવાહનના ભવમાં કંઈક તત્ત્વને અભિમુખ પરિણામવાળો છે તોપણ અકલંક જેવી નિર્મળ મતિ નથી. તેથી સાધુના તે વચનથી તેને કંઈક બોધ થયો નહિ, છતાં અકલંક પ્રત્યે પ્રીતિ હોવાથી અને અકલંક તેની બુદ્ધિને સ્પર્શે તે રીતે તે કથાનો ઉપનય કહે છે તેથી ઘનવાહનના જીવની તત્ત્વમાં બાધક ઘણી કર્મસ્થિતિ અલ્પ થઈ. **॥૩૮૯॥**

શ્લોક :-

भद्रकत्वमभूत् तन्मे, वचः किंचित् सुखायितम् ।
स्थितस्तथाऽप्यहं तूष्णीमकलङ्को मदन्वितः ।।३९०।।
सप्तमस्य मुनेः पार्श्वं, गतस्तं प्रणनाम च ।
प्रस्तावे सोऽपि वैराग्यहेतुं पृष्टो जगाद तम् ।।३९१।।

શ્લોકાર્થ :-

મારું ભદ્રકપણું થયું. તે વચન=અકલંકનું વચન, કંઈક સુખાયિત થયું=સુખનું કારણ થયું, તોપણ=વિરતિ પ્રત્યેનો તીવ્ર પક્ષપાત થયો નહિ, પરંતુ કંઈક તત્ત્વને અભિમુખ ભાવ થયો તોપણ, હું મૌન રહ્યો, મારાથી યુક્ત અકલંક સાતમા મુનિ પાસે ગયો અને તેમને પ્રણામ કર્યા. પ્રસ્તાવમાં=પ્રારંભમાં, તે પણ=સાતમા મુનિ પણ, વૈરાગ્યહેતુને પુછાયા. તેને=વૈરાગ્યહેતુને, તેમણે કહ્યું. ॥૩૯૦-૩૯૧॥

શ્લોક :-

संसृतिर्नाम नगरी, विद्यतेऽनादिरक्षया ।
हट्टमार्गस्तदीयो मे, जातो वैराग्यकारणम् ।।३९२।।

શ્લોકાર્થ :-

અનાદિ, અક્ષય એવી સંસૃતિ નામની નગરી છે. તેનો હટ્ટમાર્ગ મારા વૈરાગ્યનું કારણ થયું. ॥૩૯૨॥

શ્લોક :-

योऽयं ध्यानस्थितः साधुस्तेन मेऽसौ प्रदर्शितः ।
दीर्घस्थित्यापणश्रेणिर्जन्मसन्ताननामकः ।।३९३।।

શ્લોકાર્થ :-

જે આ ધ્યાનમાં રહેલ સાધુ છે, તેના વડે મને દીર્ઘ સ્થિતિવાળો, બજારોની શ્રેણીવાળો, જન્મસંતાન નામવાળો આ=હટ્ટમાર્ગ, બતાવાયો.

તે મુનિ વૈરાગ્યનું કારણ હટ્ટમાર્ગ કહે છે અને તે હટ્ટમાર્ગ જન્મસંતાન નામનો છે, તેથી જીવ તે તે અધ્યવસાય કરીને એક ભવમાંથી બીજા ભવમાં જાય છે, તે હટ્ટમાર્ગ છે. જે જીવની વિડંબના સ્વરૂપ છે માટે વૈરાગ્યનું કારણ છે. **॥૩૯૩॥**

શ્લોક :-

सुखदुःखाभिधैः पण्यैः, पूरितस्वार्थतत्परैः ।
आश्रितः संचयोद्युक्तैर्जीववाणिजकैः सदा ।।३९४।।

શ્લોકાર્થ :-

સુખ અને દુઃખ નામના પણ્ય વડે પૂરિત હટ્ટમાર્ગ છે, સ્વાર્થમાં તત્પર, સંચયમાં ઉદ્યુત એવા જીવરૂપી વાણિયાઓ વડે સદા આશ્રિત છે.

જેમ ધનથી સામગ્રીની ખરીદી થાય છે, તેમ જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે, ત્યારે પોતે બાંધેલાં કર્મો પ્રમાણે સુખદુઃખરૂપી સામગ્રીની ખરીદી કરે છે, તેથી તેનાથી તે હટ્ટમાર્ગ ભરાયેલો છે. વળી, બજારમાર્ગ વાણિયાઓથી આશ્રિત હોય છે, તેમ અંતરંગ બીજા ભવમાં જવાનો બજારમાર્ગ કર્મના સંચયમાં ઉદ્યુત, બાહ્ય, સ્વાર્થ સાધવામાં તત્પર એવા જીવરૂપી વાણિયાઓથી આશ્રિત હોય છે. તેથી તેવા જીવો સદા કર્મનો સંચય કરીને પાપ-પુણ્યરૂપ ધન એકઠું કરે છે. **॥૩૯૪॥**

શ્લોક :-

मूल्यैः पण्यानि लभ्यन्ते, जघन्योत्कृष्टमध्यमैः ।
भावैस्तदनुरूपाणि, तत्रोद्घाटापणे सदा ।।३९५।।

શ્લોકાર્થ :-

ત્યાં=હટ્ટમાર્ગમાં, ઉઘાડેલી દુકાનમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ એવા ભાવો રૂપ મૂલ્યો વડે તેને અનુરૂપ સામગ્રી સદા પ્રાપ્ત થાય છે.

એક ભવમાંથી બીજા ભવમાં જવા રૂપ જે હટ્ટમાર્ગ છે, ત્યાં બીજા ભવમાં દુકાનો ખૂલી છે, ત્યાં જીવ જઈને પોતાના પુણ્ય-પાપરૂપ મૂલ્ય ચૂકવીને તેને અનુરૂપ સુખ-દુઃખને પ્રાપ્ત કરે છે. **II૩૯૫II**

શ્લોક :-

तत्र नाम्ना महामोहो, बलाधिकृत उच्यते ।

कामादयश्च तद्भृत्या, रोरा निष्पुण्यका जनाः ।।३९६।।

શ્લોકાર્થ :-

ત્યાં નામથી મહામોહ બલાધિકૃત કહેવાય છે, કામાદિ તેના સેવકો છે, રાંકડાઓ નિષ્પુણ્યક જનો છે. II૩૯૬II

શ્લોક :-

तत्र जीवाधमर्णानां, धनिकैः कर्मनामकैः ।

विधीयते धरणकं, दुर्मोचं खेदकारणम् ।।३९७।।

શ્લોકાર્થ :-

ત્યાં=હટ્ટમાર્ગમાં, કર્મ નામના ધનિકો વડે જીવરૂપી દેવાદારોનું દુર્મોચ ખેદનું કારણ એવું ધરણક કરાય છે. II૩૯૭II

શ્લોક :-

मत्ताः कलकलायन्ते, कषायास्तत्र डिम्भकाः ।

भ्रमन्ति च प्रमादाख्याः, षिड्गाश्चित्रविलोकिनः ।।३९८।।

શ્લોકાર્થ :-

ત્યાં=હટ્ટમાર્ગમાં, મત્ત એવા કષાયોરૂપી બાળકો કલકલ કરે છે, ચિત્રને જોનારા પ્રમાદ નામના નપુંસકો ભમે છે.

જેમ હટ્ટમાર્ગમાં કોઈક તે સર્વની વ્યવસ્થા કરનાર બળવાન દાદાઓ હોય છે, તેમ એક ભવમાંથી બીજા ભવમાં જનાર હટ્ટમાર્ગમાં મહામોહ બલાધિકૃત છે, તેથી પોતાનું ઋણ ચૂકવ્યા વગર કોઈને ક્યાંય ખસવા ન દે, તેવો મહામોહનો પરિણામ વર્તે છે. વળી, તે હટ્ટમાર્ગની વ્યવસ્થા કરવા માટે નોકરો હોય છે, તેવા જીવમાં કામાદિ પરિણામો હોય છે. તે હટ્ટમાર્ગને સુરક્ષિત રાખે છે અને હટ્ટમાર્ગમાં જેમ રાંકડા ભિખારીઓ ફરતા હોય છે, તેમ આ બજારમાર્ગમાં પુણ્ય વગરના જીવો દુઃખિત થઈને ફરે છે.

વળી, જીવોએ જે પ્રકારનાં કર્મો બાંધ્યાં છે, તે કર્મો નામના લેણદારો છે અને જીવો તે કર્મો બાંધેલાં હોવાથી દેવાદાર છે અને દેવું ચૂકવ્યા વગર તેમને જવા ન દે તેવું કર્મ તેને પકડી રાખે છે. આથી જ નરકાદિમાં મરવાની ઇચ્છા હોવા છતાં તે કર્મો ભોગવ્યા વગર તે જીવો મરી શકતા નથી અને તે લેણદારો જીવને ખેદનું કારણ છે, દેવું ચૂકવ્યા વગર મૂકે તેમ નથી અને કર્મ ચૂકવવા અર્થે ધરણા લઈને બેઠું છે=ચૂકવ્યા વગર તને જવા નહિ દઉં, એ પ્રકારે ધરણા લઈને કર્મ બેઠું છે, તેથી કર્મ નામનો ધનિક=લેણદાર જીવ માટે ખેદનું કારણ છે. આથી જ વીર ભગવાને પણ નિરનુબંધ ક્લિષ્ટકર્મો બાંધેલાં તેથી તે કર્મોને ભોગવ્યા વગર તેમની મુક્તિ થઈ નહિ.

વળી, બજારમાં મત્ત બાળકો ફરતા હોય છે, તેમ હટ્ટમાર્ગમાં કષાયો કલકલ કરતા હોય છે. તેથી તે બજારમાર્ગ સતત કષાયોથી ગાજે છે. વળી, બજારમાં નપુંસક લોકો ચિત્રવિલોકન કરનારા હોય છે, તેમ જીવમાં પ્રમાદ નામનો પરિણામ તે બાહ્ય વૈભવને જોવામાં વ્યાપારવાળો હોય છે. પરંતુ અજ્ઞાનને વશ તે બજારમાર્ગના રૌદ્ર સ્વરૂપને જાણી શકતો નથી. **॥૩૯૮॥**

શ્લોક :-

अञ्जिते मुनिना ज्ञानाञ्जनेनात्र स्थितस्य मे ।
अनेनाक्षिण ततोऽत्रस्था, दृष्टाः सर्वेऽपि दुःखिताः ।।३९९।।

શ્લોકાર્થ :-

અહીં=હટ્ટમાર્ગમાં, રહેલા એવા મારી બે આંખો જ્ઞાનઅંજનથી

આ મુનિ વડે અંજિત કરાઈ તેથી અહીં રહેલા સર્વ પણ દુઃખિત જોવાયા. ॥૩૯૯॥

શ્લોક :-

ज्ञानाञ्जनस्य माहात्म्याद्, दृष्टो दूरे स्थितो मया ।
हट्टवीथिमतिक्रम्य, शिवसद्माभिधो मठः ।।४००।।

શ્લોકાર્થ :-

હટ્ટવીથિને અતિક્રમીને દૂરમાં રહેલ શિવસદ્મ નામનો મઠ મારા વડે જ્ઞાનઅંજનના માહાત્મ્યથી જોવાયો. ॥૪૦૦॥

શ્લોક :-

तत्र दृष्टा मयाऽनन्ताः, सिद्धा व्याधिविवर्जिताः ।
सर्वातिशयितानन्दा, उपयोगस्वलक्षणाः ।।४०१।।

શ્લોકાર્થ :-

ત્યાં=સદ્મ નામના મઠમાં, સર્વાતિશયત આનંદવાળા, ઉપયોગ સ્વલક્ષણવાળા વ્યાધિથી વિવર્જિત અનંતા સિદ્ધો મારા વડે જોવાયા. ॥૪૦૧॥

ભાવાર્થ :-

તે મહાત્માને ગુરુએ જ્ઞાનઅંજનથી આંજીને હટ્ટમાર્ગનું પારમાર્થિક સ્વરૂપ બતાવ્યું. તેથી તે મહાત્માને બજારમાર્ગમાં સુખદુઃખને ખરીદ કરનારા સર્વ જીવો કઈ રીતે કર્મથી વિડંબના પામે છે, તેનો બોધ થાય છે. વળી, તે ગુરુ વડે મુનિને કરાયેલા બોધથી સંપૂર્ણ નિરુપદ્રવવાળું મોક્ષ દેખાય છે, તેથી બજારમાર્ગ રૌદ્ર દેખાય છે અને મોક્ષ જીવની સ્વસ્થતારૂપ દેખાય છે. **॥૩૯૯થી ૪૦૧॥**

શ્લોક :-

ततो हट्टाध्वनो मेऽभून्निर्वेदो मठरागतः ।
उक्तश्चायं महाभागो, मया साधुः कृपाम्बुधिः ।।४०२।।

શ્લોકાર્થ :-

તેથી=જ્ઞાનઅંજનના માહાત્મ્યથી હટ્ટમાર્ગ જોવાયો અને મોક્ષ જોવાયો તેથી, મઠના રાગને કારણે હટ્ટમાર્ગથી મને નિર્વેદ થયો. આ મહાભાગ કૃપારૂપી અમ્બુધિ એવા સાધુ મારા વડે કહેવાયા. ।।૪૦૨।।

શ્લોક :-

जायते क्षणमप्यत्र, हट्टमार्गे रतिर्न मे ।
त्यक्त्वैनं तत् त्वया सार्द्धं, मठे यामि शिवालये ।।४०३।।

શ્લોકાર્થ :-

આ હટ્ટમાર્ગમાં ક્ષણ પણ મને રતિ થતી નથી, તે કારણથી આને છોડીને=*આ હટ્ટમાર્ગને છોડીને*, તમારી સાથે શિવાલયરૂપ મઠમાં હું આવું છું. ।।૪૦૩।।

શ્લોક :-

मुनिनोक्तं यियासुश्चेन्मठे दीक्षां गृहाण तत् ।
मयोक्तं दीयतां नाथ !, तेन दत्ता प्रसेदुषा ।।४०४।।

શ્લોકાર્થ :-

મુનિ વડે કહેવાયું. જો મઠમાં જવાની ઈચ્છાવાળો છે તો દીક્ષાને ગ્રહણ કર. મારા વડે કહેવાયું – હે નાથ ! અપાય, પ્રસાદવાળા એવા તેમના વડે અપાઈ. ।।૪૦૪।।

શ્લોક :-

उपदिष्टा मठप्राप्तेरितिकर्तव्यता च मे ।
तिष्ठामि तामहं कुर्वन्नकलङ्कस्ततोऽभ्यधात् ।।४०५।।

શ્લોકાર્થ :-

અને મઠપ્રાપ્તિની ઈતિકર્તવ્યતા મને બતાવાઈ, તેને કરતો=તે ઈતિકર્તવ્યતાને કરતો હું, રહું છું. તેથી અકલંકે કહ્યું. ।।૪૦૫।।

શ્લોક :-

कीदृशी गुरुणोक्ता ते, मठस्य प्रापिका क्रिया ।
मुनिराह महाभाग !, गुरुरित्थं ममादिशत् ।।४०६।।

શ્લોકાર્થ :-

ગુરુ વડે કેવા પ્રકારની મઠની પ્રાપિકા ક્રિયા તમને કહેવાઈ ? મુનિ કહે છે. હે મહાભાગ ! અકલંક ! ગુરુએ આ પ્રમાણે મને આદેશ કર્યો. ॥૪૦૬॥

શ્લોક :-

परिग्रहेऽस्ति ते, सौम्य ! वासापवरकः किल ।
कायाभिधानः पञ्चाक्षगवाक्षकृतविभ्रमः ।।४०७।।

શ્લોકાર્થ :-

હે સૌમ્ય ! તારા પરિગ્રહમાં, પંચાક્ષ ગવાક્ષથી કરાયેલા વિભ્રમવાળો કાય નામનો વાસરૂપી ઓરડો છે.

તું આત્મા છો અને તારા માટે વસવાના ઓરડારૂપ પરિગ્રહ છે અને તેનું કાયા એ પ્રકારનું નામ છે અને તે ઓરડામાં પાંચ ગવાક્ષો જેવી પાંચ ઇન્દ્રિયો છે. **॥૪૦૭॥**

શ્લોક :-

तत्र कार्मणतन्वाख्यमस्ति गर्भगृहं बृहत् ।
गवाक्षाभिमुखानेकक्षयोपशमरन्ध्रभृत् ।।४०८।।

શ્લોકાર્થ :-

ત્યાં=કાયા નામના ઓરડામાં, કાર્મણ શરીર નામનું ગવાક્ષને અભિમુખ=પાંચ ઈન્દ્રિયોને અભિમુખ, અનેક પ્રકારના ક્ષયોપશમરૂપ છિદ્રને ધારણ કરનારું મોટું ગર્ભગૃહ છે.

જીવનો એક પરિગ્રહ બાહ્ય ઔદારિક પુદ્ગલની કાયા છે અને તેને બીજું કાર્મણશરીરરૂપ ગર્ભગૃહ છે અને જેમાં પાંચેય ઇન્દ્રિયોના બોધને અનુકૂળ અનેક પ્રકારના ક્ષયોપશમભાવનાં છિદ્રો વર્તે છે. **॥૪૦૮॥**

શ્લોક :-

तत्रास्ति कपिरूपं च, चित्ताख्यमतिचञ्चलम् ।
सहैव तेन भवता, दीक्षा ग्राह्या सुखेच्छुना ।।४०९।।

શ્લોકાર્થ :-

ત્યાં=કાર્મણ શરીરમાં, ચિત્ત નામનો અતિચંચલ કપિરૂપ છે, તેની સાથે જ=ચિત્તની સાથે જ, સુખના ઈચ્છુ એવા તારે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ.

ગવાક્ષને અભિમુખ ક્ષયોપશમભાવરૂપ જે છિદ્ર છે, ત્યાં મતિજ્ઞાનના પરિણામરૂપ ચિત્ત નામનો અતિચંચલ કપિ જેવો પરિણામ છે, તેની સાથે મોક્ષના અર્થીએ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. **॥૪૦૯॥**

શ્લોક :-

नाकाण्डे शक्यते त्यक्तुं, तत् कर्तव्यं सुरक्षितम् ।
विद्यते गर्भगृहके, भूयांसोऽस्य ह्युपद्रवाः ।।४१०।।

શ્લોકાર્થ :-

અકાંડે છોડવા માટે શક્ય નથી=ચિત્તને ત્યાગ કરવા માટે શક્ય નથી, તે કારણથી, સુરક્ષિત કરવું જોઈએ. हि=જે કારણથી, આને=ચિત્તને, ગર્ભગૃહમાં ઘણા ઉપદ્રવો વિદ્યમાન છે.

ચિત્તને કેવલજ્ઞાન વખતે મહાત્માઓ ત્યાગ કરે છે, પરંતુ જ્યાં સુધી ઘાતિકર્મોનો નાશ થયો નથી, ત્યાં સુધી અકાંડ ચિત્તનો ત્યાગ શક્ય નથી. તેથી ગુરુ કહે છે તે ચિત્તને સુરક્ષિત કરવું જોઈએ; કેમ કે કાર્મણ શરીરરૂપ ગર્ભગૃહમાં ચિત્તને ઉપદ્રવ કરનારા ઘણા કષાયો, નોકષાયો આદિ ભાવો છે. તેનાથી ચિત્તને સુરક્ષિત કરવું જોઈએ. **॥૪૧૦॥**

શ્લોક :-

तत्रेदं भक्ष्यते दीनं, कषायैर्दुष्टमूषकैः ।
वृश्चिकैर्नोकषायैश्च, दशद्भिः परिपीड्यते ।।४११।।

શ્લોકાર્થ :-

ત્યાં=ગર્ભગૃહમાં, દીન એવો, આ=ચિત્ત, દુષ્ટ ઉંદરોરૂપ કષાયો વડે ભક્ષણ કરાય છે. નોકષાયોરૂપી વીંછીઓ વડે દંશોથી પરિપીડા કરાય છે. ।।૪૧૧।।

શ્લોક :-

मोहमार्जारदुःसंज्ञामार्जारीभिश्च खाद्यते ।
रागद्वेषाभिधश्यामोन्दुराभ्यां च विलुप्यते ।।४१२।।

શ્લોકાર્થ :-

મોહરૂપી બિલાડાઓ અને દુઃસંજ્ઞારૂપી બિલાડીઓથી ખવાય છે, રાગ-દ્વેષ નામનો શ્યામ ઉંદરોથી લોપ કરાય છે. ।।૪૧૨।।

શ્લોક :-

ताप्यते दंशमशकैरुपसर्गपरीषहैः ।
विह्वलीक्रियते वज्रतुण्डैर्दुर्बोधमत्कुणैः ।।४१३।।

શ્લોકાર્થ :-

ઉપસર્ગ પરિષહરૂપ દંશ દેનારા મચ્છરો વડે તાપ પામે છે, વજ્ર જેવા મોઢાવાળા દુર્બોધ નામના માંકણો વડે વિહ્વળ કરાય છે. ।।૪૧૩।।

શ્લોક :-

पीड्यतेऽलीकचिन्ताभिर्गृहगोधाभिरन्वहम् ।
कृकलासैः प्रमादाख्यैर्दारुणैरभिभूयते ।।४१४।।

શ્લોકાર્થ :-

ખોટી ચિંતારૂપ ગરોળી દ્વારા પ્રતિ દિવસ પીડા પામે છે, પ્રમાદ નામના દારુણ એવા કાચિંડા વડે અભિભવ પામે છે. ।।૪૧૪।।

શ્લોક :-

त्रोट्यते षट्पदीजालैरविरत्यभिधैः सदा ।
मिथ्यादर्शननाम्ना च, तमसा परिभूयते ।।४१५।।

શ્લોકાર્થ :-

અવિરતિ નામના જૂઓના સમૂહ વડે હંમેશાં પીડાય છે, મિથ્યાદર્શન નામના અંધકારથી પરાભવ પામે છે. ॥૪૧૫॥

શ્લોક :-

ततः पतति तद् भूरिवेदनाभरनिःसहम् ।
रौद्रध्यानमहागर्ते, दुष्टव्यालचतुष्टये ।।४१६।।

શ્લોકાર્થ :-

તેથી ઘણી વેદનાના સમૂહથી અસમર્થ એવો તે=ચિત્ત, દુષ્ટ વ્યાલ ચતુષ્ટય એવા રૌદ્રધ્યાનરૂપ મહાગર્તામાં પડે છે. ॥૪૧૬॥

શ્લોક :-

अप्रमत्तेन तदिदं, रक्षणीयं त्वया सदा ।
तस्यायं रक्षणोपायः, श्रूयतां शुद्धचेतसा ।।४१७।।

શ્લોકાર્થ :-

અપ્રમત્ત એવા તારા વડે સદા તે આ=ચિત્ત, રક્ષણીય છે, શુદ્ધ ચિત્તવાળા જીવોથી તેના રક્ષણનો આ ઉપાય સાંભળવો જોઈએ. ॥૪૧૭॥

શ્લોક :-

सन्ति तत्रापवरकगवाक्षद्वारपञ्चके ।
विस्तारभाजः पञ्चैव, विषया विषपादपाः ।।४१८।।

શ્લોકાર્થ :-

ત્યાં=કાય નામના શરીરમાં, ઓરડાના ગવાક્ષના દ્વારપંચકમાં વિસ્તારવાળા વિષયોરૂપી વિષવૃક્ષો છે. ॥૪૧૮॥

શ્લોક :-

दारुणास्ते स्वरूपेण, नाम्नाऽपि व्यथयन्त्यदः ।
घूर्णयन्त्यपि गन्धेन, चलयन्त्यपि दर्शनात् ।।४१९।।

શ્લોકાર્થ :-

તેઓ=વિષયોરૂપી વિષવૃક્ષો, સ્વરૂપથી દારુણ, નામથી પણ આને=ચિત્તને, પીડે છે, ગંધથી=વિષવૃક્ષોની ગંધથી, ચિત્તને નશો ચડાવે પણ છે, દર્શનથી ચલાયમાન પણ કરે છે=વિષવૃક્ષો પોતાના દર્શનથી ચિત્તને ચલાયમાન પણ કરે છે. ।।૪૧૯।।

શ્લોક :-

निघ्नन्ति स्मरणेनापि, स्पर्शनास्वादनोद्यतम् ।
निपातयन्ति यदिदं, तत्राश्चर्यं किमुच्यते ।।४२०।।

શ્લોકાર્થ :-

સ્મરણથી પણ સ્પર્શનમાં અને આસ્વાદનમાં ઉદ્યત એવા તેને=ચિત્તને, હણે છે, જે આને નિપાતન કરે છે=વિષયો ચિત્તને નિપાતન કરે છે, તેમાં શું આશ્ચર્ય કહેવાય છે ?।।૪૨૦।।

શ્લોક :-

ते चास्योपद्रवार्त्तस्य, भान्ति हृद्याम्रका इव ।
तानभ्येति गवाक्षैस्तैस्ततो गाढाभिलाषतः ।।४२१।।

શ્લોકાર્થ :-

ઉપદ્રવથી આર્ત્ત એવા આને=ચિત્તને, તે=વિષયોરૂપી વિષવૃક્ષો, હૃદયમાં આંબાની જેમ ભાસે છે. તેથી=વિષયોરૂપી વૃક્ષ આંબા જેવાં લાગે છે તેથી, ગાઢ અભિલાષને કારણે તે ગવાક્ષોથી=પાંચ ઈન્દ્રિયોરૂપી ગવાક્ષોથી, તેઓ તરફ જાય છે=વિષયો તરફ ચિત્ત જાય છે. ।।૪૨૧।।

શ્લોક :-

रज्यते सुन्दरत्वेन, केषुचित् तत्फलेषु तत् ।
विद्वेष्ट्यसुन्दराणीति, कानिचित् तत्फलानि च ।।४२२।।

શ્લોકાર્થ :-

કેટલાંક તેનાં ફળોમાં=વિષયોરૂપી વૃક્ષનાં ફળોમાં, સુંદરપણાને કારણે તે=ચિત્ત, રંજિત થાય છે અને કેટલાંક તેનાં ફળો=વિષયોરૂપી વિષવૃક્ષોનાં ફળો, અસુંદર છે એથી દ્વેષ કરે છે. ।।૪૨૨।।

શ્લોક :-

तच्छाखासु भ्रमत्युच्चैर्लोलुठीत्यर्थसञ्चये ।
तदधःपतिते पत्रफलपुष्परजोभरे ।।४२३।।

શ્લોકાર્થ :-

તેની શાખાઓમાં=વિષવૃક્ષોની શાખાઓમાં, અત્યંત ભમે છે=ચિત્ત ભમે છે, તેના નીચે પડેલા=વિષવૃક્ષની નીચે પડેલા, પત્ર, ફલ, પુષ્પ અને રજથી ભરેલા અર્થસંચયમાં અત્યંત આળોટે છે. ।।૪૨૩।।

શ્લોક :-

गुण्ड्यते कर्मसंज्ञेन, तत्पुष्पफलरेणुना ।
भोगस्नेहाभिधेनार्द्रीक्रियते च रसेन तत् ।।४२४।।

શ્લોકાર્થ :-

તેનાં પુષ્પ અને ફળની રેણુરૂપ કર્મસંજ્ઞા વડે વીંટાળાય છે અને ભોગના સ્નેહ નામના રસ વડે તે=ચિત્ત, આર્દ્ર કરાય છે. ।।૪૨૪।।

શ્લોક :-

चिन्तितं मयका चित्ते, भावार्थग्राहिणा ततः ।
सामान्यरूपाः शब्दाद्या, अभिप्रेता विषद्रुमाः ।।४२५।।

શ્લોકાર્થ :-

તેથી=ગુરુએ સાતમા મુનિને શ્લોક-૪૦૭થી માંડીને અત્યારસુધી કહ્યું તે સાંભળવાથી, ભાવાર્થગ્રાહિણ એવા મારા વડે=સાતમા મુનિ વડે, ચિત્તમાં વિચારાયું. સામાન્યરૂપ શબ્દાદિ વિષવૃક્ષો અભિપ્રેત છે.

પાંચેય ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો છે, તે સુંદર અસુંદર જે કંઈ હોય તે સર્વ સામાન્યરૂપ વિષવૃક્ષો છે; કેમ કે સુંદર શબ્દાદિથી પણ વિષ ચડે છે અને અસુંદરથી પણ વિષ ચડે છે. **॥૪૨૫॥**

શ્લોક :-

तद्विशेषाश्च कुसुमान्यस्फुटाः प्रकटाः पुनः ।

फलानि शाखाः स्थानानि, तदाधारस्य वस्तुनः ।।४२६।।

શ્લોકાર્થ :-

વળી, અસ્પષ્ટ એવા તેના વિશેષો=શબ્દાદિના વિશેષો, ફૂલો છે= વિષવૃક્ષોનાં ફૂલો છે વળી, પ્રકટ તેના વિશેષો ફળો છે, શાખાઓ તેના આધાર વસ્તુનાં સ્થાનો છે. ।।૪૨૬।।

શ્લોક :-

लोकोपचाराद् गदिता, तेषु चित्तकपेर्गतिः ।

वदन्ति हि जना व्यक्तं, मनोऽगादमुकत्र मे ।।४२७।।

શ્લોકાર્થ :-

લોકના ઉપચારથી તેઓમાં=શબ્દાદિ વિષયોમાં, ચિત્તરૂપી વાંદરાની ગતિ કહેવાઈ છે. हि=જે કારણથી, મારું મન અમુક ઠેકાણે ગયું એ પ્રમાણે લોકો વ્યક્ત બોલે છે.

ચિત્ત કાર્મણ શરીરથી નીકળીને બહાર જતું નથી, પરંતુ મતિજ્ઞાનના ઉપયોગરૂપ ક્ષયોપશમભાવનું ચિત્ત આત્મામાં જ રહે છે તોપણ લોકમાં તે પ્રકારનો ઉપચાર છે કે મારું ચિત્ત અમુક વિષયોમાં ગયું. તેથી લોકઉપચારથી ચિત્ત વિષયોમાં જાય છે, તેમ કહેલ છે. **॥૪૨૭॥**

શ્લોક :-

सोत्साहेनेति बुद्ध्वोच्चैर्मया प्रोक्तं गुरुं प्रति ।
अयं भावो मया बुद्धो, भाषितव्यमतः परम् ।।४२८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે જાણીને=શ્લોક-૪૨૫થી ૪૨૭માં કહ્યું એ પ્રકારે જાણીને, ઉત્સાહ સહિત એવા મારા વડે ગુરુ પ્રત્યે કહેવાયું. મારા વડે આ ભાવ જણાયો છે=તમે કહ્યું તેનો ભાવ જણાયો છે, હવે પછી કહેવું જોઈએ=હવે પછી શું કહેવાનું છે તે કહેવું જોઈએ. ।।૪૨૮।।

શ્લોક :-

गुरुराह ततश्चास्य, विषवृक्षरजःस्पृशः ।
महाक्षतानि जायन्ते, देहो दाहेन दह्यते ।।४२९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ગુરુ કહે છે, વિષવૃક્ષની રજના સ્પર્શવાળા એવા આને=ચિત્તને, મહાક્ષતો થાય છે. દાહથી દેહ બળે છે. ।।૪૨૯।।

શ્લોક :-

ततः क्वचिच्छरीरेऽस्य, जायते कृष्णरूपता ।
क्वचिच्च रक्तता गर्भगृहोक्तोपद्रवास्ततः ।।४३०।।

શ્લોકાર્થ :-

તેથી=દાહથી દેહ બળે છે તેથી, આના શરીરમાં=ચિત્તરૂપી વાનરના શરીરમાં, ક્વચિત્ કૃષ્ણરૂપતા થાય છે, ક્વચિત્ રક્તતા થાય છે. તેથી ગર્ભગૃહમાં કહેવાયેલા ઉપદ્રવો થાય છે. ।।૪૩૦।।

શ્લોક :-

तदप्रमादसंज्ञोग्रवज्रदण्डभृता त्वया ।
आस्फोट्य वीर्यहस्तेन, वारणीयं प्रसह्य तत् ।।४३१।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ગર્ભગૃહમાં ઉપદ્રવો થાય છે તે કારણથી, અપ્રમાદ સંજ્ઞાવાળા ઉગ્ર વજદંડને ધારણ કરનારા તારા વડે વીર્યરૂપ હસ્તથી આસ્ફોટન કરીને તેને=ચિત્તરૂપી વાનરને, અત્યંત વારણ કરવું જોઈએ. ॥૪૩૧॥

શ્લોક :-

बहिर्गवाक्षैर्निर्गच्छेत् फलानां भक्षणेच्छया ।
द्रुमेषु विषयाख्येषु, लौल्योद्रेकात् पुनः पुनः ।।४३२।।

શ્લોકાર્થ :-

લૌલ્યના ઉદ્રેકથી વિષયો નામનાં વૃક્ષોમાં ફરી ફરી ફળોના ભક્ષણની ઈચ્છાથી ઈન્દ્રિયોરૂપી ગવાક્ષો દ્વારા બહાર નીકળે=ચિત્ત બહાર નીકળે. ॥૪૩૨॥

શ્લોક :-

बहिःप्रचारहीनस्य, ततोऽस्यानभिलाषिणः ।
शोषं यास्यति देहस्य, भोगस्नेहकृताऽऽर्द्रता ।।४३३।।

શ્લોકાર્થ :-

તેથી=ચિત્તને વીર્યદંડથી વારણ કરવામાં આવે તેથી, અનભિલાષવાળા, બહારના પ્રચારથી હીન એવા આના=ચિત્તરૂપી કપિના, દેહની ભોગની સ્નેહકૃત આર્દ્રતા શોષને પામશે.

અપ્રમાદથી ચિત્તને વિષયો તરફ જતાં વારણ કરવામાં આવે તો ચિત્ત બાહ્ય વિષયોમાં અભિલાષ વગરનો બને છે; કેમ કે અંતરંગ ઉપશમભાવના સુખમાં લીન બને છે. તેથી વિષયોમાં જવાનું બંધ થવાથી પૂર્વમાં ભોગ પ્રત્યેના સ્નેહના પરિણામથી જે ચિત્તમાં આર્દ્રતા હતી, તે સુકાય છે. તેથી તે તે અંશથી ચિત્ત વીતરાગતાને અભિમુખ ગમન કરે છે. **॥૪૩૩॥**

શ્લોક :-

शटिष्यति ततो रौक्ष्यात्, तद्रजश्च प्रतिक्षणम् ।
क्षतान्यपि च रोक्ष्यन्ति, दाहोऽपि शममेष्यति ।।४३४।।

શ્લોકાર્થ :-

તેથી=સ્નેહ આર્દ્રતા સૂકાય છે તેથી, રુક્ષપણું થવાને કારણે તેની રજ=ચિત્ત ઉપર લાગેલી રજ, પ્રતિક્ષણ નાશ પામશે. ક્ષતો પણ=દેહ પર લાગેલા ઘા પણ, રુઝાશે, દાહ પણ=ચિત્તરૂપી વાનરના દેહમાં થયેલો દાહ પણ, શાંત થશે. ।।૪૩૪।।

શ્લોક :-

भविष्यति न कृष्णत्वं, रक्तता च विनङ्क्ष्यति ।
आविर्भविष्यति श्वैत्यं, स्थैर्यं च रमणीयता ।।४३५।।

શ્લોકાર્થ :-

કૃષ્ણત્વ થશે નહીં, રક્તતા વિનાશ પામશે, શ્વૈત્ય, સ્થૈર્ય અને રમણીયતા આવિર્ભાવ પામશે.

જો અપ્રમાદથી ચિત્તને વિષવૃક્ષો તરફ જતાં વારણ કરવામાં આવે તો પ્રતિકૂલ ભાવો પ્રત્યેના દ્વેષરૂપ કૃષ્ણપણું થાય નહિ; કેમ કે વિષયો તરફ જાય છે અને પ્રતિકૂળ વિષયો પ્રત્યે દ્વેષ કરે છે તેથી કૃષ્ણપણું થાય છે. વળી, વિષયો તરફ નહિ જવાથી વિષયો પ્રત્યેના સંશ્લેષરૂપ જે રાગ-પરિણતિ છે તે પણ ક્રમસર નાશ પામશે. તેથી આત્માના નિરાકુલ ભાવમાં સ્થિરતા, નિર્લેપ પરિણતિરૂપ શુભ પરિણતિરૂપ શ્વેતતા અને સ્વસ્થતારૂપ રમણીયતા પ્રગટ થશે. **।।૪૩૫।।**

શ્લોક :-

तेऽप्यप्रमाददण्डेन, निष्पेष्या मूषकादयः ।
ततो गर्भगृहस्थायि, निर्बाधं तद् भविष्यति ।।४३६।।

શ્લોકાર્થ :-

તે મૂષકાદિને પણ અપ્રમાદ દંડથી પીસવા જોઈએ, તેથી ગર્ભગૃહસ્થાયી

એવું તે=કાર્મણ શરીરમાં રહેલું એવું ચિત્ત, બાધા વગરનું થશે.

ચિત્તવૃત્તિમાં નોકષાયાદિના પરિણામરૂપ ઉંદરો છે, તે ચિત્તને પીડે છે, તેથી મુનિએ નોકષાયો ન ઊઠે એ પ્રકારે અપ્રમાદ દંડથી તેને પીડવા જોઈએ. જેથી મતિજ્ઞાનનો ઉપયોગ કષાય, નોકષાયની બાધા વગરનો સ્વસ્થ થશે, એમ મુનિને ગુરુ ઉપદેશ આપે છે. **॥૪૩૬॥**

શ્લોક :-

तदयं रक्षणोपायस्तस्य ते कीर्तितो मया ।

मयोक्तं रक्षितेनार्थः, कस्तेन भगवन् ! मम ।।४३७।।

શ્લોકાર્થ :-

તે આ તેના રક્ષણનો ઉપાય=ચિત્તના રક્ષણનો ઉપાય, તને મારા વડે કહેવાયો=ગુરુ વડે તે મહાત્માને કહેવાયો. મારા વડે કહેવાયું=સાતમા સાધુ વડે કહેવાયું, રક્ષિત એવા તેનાથી=કષાયો, નોકષાયોથી રક્ષિત એવા ચિત્તથી, હે ભગવન્ ! મને કયો અર્થ પ્રાપ્ત થશે ?॥૪૩૭॥

શ્લોક :-

गुरुराह शिवप्राप्तिः, स्यादित्थं रक्षितात् ततः ।

अरक्षितस्य तस्य स्याच्चक्रकाद् भ्रमणं भवे ।।४३८।।

શ્લોકાર્થ :-

ગુરુ કહે છે, આ રીતે રક્ષિત એવા તેનાથી=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે રક્ષણ કરાયેલા એવા ચિત્તથી, મોક્ષની પ્રાપ્તિ થાય. અરક્ષિત એવા તેના ચક્રથી ભવમાં ભ્રમણ થાય.

કષાયો-નોકષાયોથી રક્ષિત થયેલું ચિત્ત ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિક વીતરાગભાવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે અને કષાયો-નોકષાયોથી રક્ષણ નહીં કરાયેલું ચિત્ત ફરી ફરી કષાયો-નોકષાયોનાં ચક્રો કરીને ભવમાં ભ્રમણનું કારણ બને છે. **॥૪૩૮॥**

શ્લોક :-

तथाहि—

तत् तैरुपद्रवैर्गाढं, मूषकाद्यैः प्रपीडितम् ।

मूषकाद्याः प्रगल्भन्ते, भक्षणादेव तस्य ते ।।४३९।।

શ્લોકાર્થ :-

તે આ પ્રમાણે – ઉપદ્રવરૂપ એવા તે મૂષકાદિ વડે તે=ચિત્ત, ગાઢ પ્રપીડિત છે. તેના=ચિત્તના, ભક્ષણથી જ તે મૂષકાદિ કૂદાકૂદ કરે છે.

જેઓનું ચિત્ત અપ્રમાદ દંડથી રક્ષિત નથી, તેઓના ચિત્તમાં નોકષાયો આદિ ઉપદ્રવો કરે છે, તેનાથી તેનું ચિત્ત હંમેશા પીડિત હોય છે અને આત્માના નિરાકુળ સ્વભાવરૂપ ચિત્તનું નોકષાયો આદિ ભક્ષણ કરીને વૃદ્ધિ પામે છે; કેમ કે કષાયો, નોકષાયોના સંસ્કારો અત્યંત થવાથી સતત ચિત્તમાં તેનો પ્રવાહ ચાલે છે. **॥૪૩૯॥**

શ્લોક :-

भूयश्च पीड्यमानं तैराम्रकेष्वेव धावति ।

पुनर्गुण्डनमेवास्य, स्नेहेन पुनरार्द्रता ।।४४०।।

શ્લોકાર્થ :-

અને ફરી તેઓ વડે=ઉંદરો વડે, પીડા પામતું=ચિત્તરૂપી કપિ પીડા પામતું, આમ્રકોમાં જ દોડે છે. ફરી આનું=કપિરૂપ ચિત્તનું, ગુંડન=આમ્રવૃક્ષોની નીચે ધૂળમાં આળોટવું, સ્નેહથી ફરી આર્દ્રતા=ચિત્તમાં સ્નેહના પરિણામથી આર્દ્રતા. ॥૪૪૦॥

શ્લોક :-

पुनश्च क्षतसम्पत्तिः, पुनः सर्वेऽप्युपद्रवाः ।

अस्य वानररूपस्य, चक्रकं दुस्तरं ह्यदः ।।४४१।।

શ્લોકાર્થ :-

અને ફરી ઘાની પ્રાપ્તિ, ફરી સર્વ પણ ઉપદ્રવો, વાનરરૂપ એવા આનું=ચિત્તનું, આ ચક્રક દુસ્તર છે. ॥૪૪૧॥

શ્લોક :-

विधेयश्चक्रकोच्छेदो, रक्षता तददस्त्वया ।
उपायेन मदुक्तेन, शुद्धमार्गेण गच्छता ।।४४२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વાનરરૂપ ચિત્તનું ઉપદ્રવકારી ચક્રક દુસ્તર છે તે કારણથી, મારા વડે કહેવાયેલા ઉપાયરૂપ શુદ્ધ માર્ગથી જતા એવા આનું=ચિત્તનું, રક્ષણ કરતાં તારા વડે ચક્રકનો છેદ કરવો જોઈએ.

સાતમા મુનિને ગુરુ કહે છે, મેં કહ્યું એ પ્રકારે સંયમની ક્રિયા કરીને કષાયો-નોકષાયોથી ચિત્તનું રક્ષણ કરીને કષાયો-નોકષાયો રૂપ ચક્રકનો વિચ્છેદ-તારે કરવો જોઈએ. **॥૪૪૨॥**

શ્લોક :-

ततो भावार्थविदुषा, मयेदं परिचिन्तितम् ।
रागाद्युपद्रुतं चित्तं, विषयेषु प्रवर्तते ।।४४३।।

શ્લોકાર્થ :-

તેથી=ગુરુએ આ પ્રમાણે કહ્યું તેથી, ભાવાર્થને જાણનાર એવા મારા વડે=સાતમા સાધુ વડે, આ વિચારાયું. રાગાદિથી ઉપદ્રુત થયેલું ચિત્ત વિષયોમાં પ્રવર્તે છે. ।।૪૪૩।।

શ્લોક :-

प्रवृत्तस्य च तेष्वस्य, जायते कर्मगुण्डनम् ।
ततस्तस्यार्द्रता या स्यात्, सा भोगस्नेहवासना ।।४४४।।

શ્લોકાર્થ :-

અને તેઓમાં=વિષયોમાં, પ્રવૃત્ત એવા આને=ચિત્તને, કર્મગુંડન=લેપ થાય છે. તેથી=કર્મના લેપથી, તેને=જીવને, જે આર્દ્રતા થાય છે, તે ભોગના સ્નેહની વાસના છે. ।।૪૪૪।।

શ્લોક :-

ततो भवन्ति संसारसंस्काराश्च क्षतोपमाः ।
व्यथयन्ति ततश्चित्तं, सर्वे रागाद्युपद्रवाः ।।४४५।।

શ્લોકાર્થ :-

તેથી ઘાની ઉપમાવાળા સંસારના સંસ્કારો થાય છે=સંસારના પરિભ્રમણના કારણીભૂત મોહના સંસ્કારો થાય છે. તેથી=સંસારના સંસ્કારોથી, સર્વ રાગાદિ ઉપદ્રવો ચિત્તને વ્યથિત કરે છે. ।।૪૪૫।।

શ્લોક :-

मूषकाद्याः प्रगल्भन्ते, ततः सर्वे प्रतिक्षणम् ।
धावति प्रेर्यमाणं तैर्भूयश्च विषयेषु तत् ।।४४६।।

શ્લોકાર્થ :-

તેથી=ચિત્ત રાગાદિથી પીડિત થાય છે તેથી, પ્રતિક્ષણ સર્વ ઉંદરો વગેરે કૂદાકૂદ કરે છે. તેઓથી=ઉંદરોથી, પ્રેરણા પામતું તે=ચિત્ત, ફરી વિષયોમાં દોડે છે.

રાગાદિ ઉપદ્રવોને કારણે ચિત્તમાં નોકષાયો પ્રતિક્ષણ પ્રવર્તતા હોય છે. તેનાથી પ્રેરણા પામેલો જીવ ફરી વિષયોમાં જાય છે. ફરી તેના સંસ્કારો પડે છે. આ પ્રમાણે ચક્ર ચાલે છે. **।।૪૪૬।।**

શ્લોક :-

पुनः कर्म पुनः स्नेहः, पुनः सर्वेऽप्युपद्रवाः ।
तदस्मिन् चक्रके मग्नं, चित्तमेतन्न मुच्यते ।।४४७।।

શ્લોકાર્થ :-

ફરી કર્મ, ફરી સ્નેહ, ફરી સર્વ પણ ઉપદ્રવો. આ ચકકમાં મગ્ન થયેલું તે આ ચિત્ત મુકાતું નથી. ।।૪૪૭।।

શ્લોક :-

रक्षको वज्रदण्डोऽस्य, गुरुणा मेऽभ्यधायि यः ।
तमप्रमादमादाय, वारयिष्यामि तद् दृढम् ।।४४८।।

શ્લોકાર્થ :-

આનો=ચિત્તનો, રક્ષક વજ્રદંડ ગુરુ વડે જે મને કહેવાયો. અપ્રમાદ એવા તેને ગ્રહણ કરીને હું દૃઢ તેને=ઉપદ્રવોને, વારણ કરીશ.

સાતમા મુનિ વિચારે છે કે ગુરુએ અપ્રમાદ નામના વજ્રદંડને ચિત્તના રક્ષણનો ઉપાય કહ્યો. તેને હું ગ્રહણ કરીને ચિત્તના ઉપદ્રવકારી ઉંદરડાઓથી તેનું રક્ષણ કરીશ. **॥૪૪૮॥**

શ્લોક :-

भावयिष्यामि संसारविलासं स्वप्नसन्निभम् ।
निवर्त्स्यते ततश्चित्तबन्धो मे भवजालतः ।।४४९।।

શ્લોકાર્થ :-

સંસારનો વિલાસ સ્વપ્ન જેવો હું ભાવન કરીશ. તેથી મારા ચિત્તનો બંધ ભવજાળથી નિવર્તન પામશે. ।।૪૪૯।।

શ્લોક :-

अनाद्यभ्यासतस्तच्च, बहिर्गच्छत् पुनः पुनः ।
आत्मन्येव समाधाय, स्थापयिष्यामि यत्नतः ।।४५०।।

શ્લોકાર્થ :-

અને અનાદિ અભ્યાસથી બહિર્ જતા એવા તેને=ચિત્તને, ફરી ફરી યત્નથી સમાધાન કરીને આત્મામાં સ્થાપન કરીશ.

સંસારનો વિલાસ સ્વપ્ન જેવો ક્ષણિક છે. તેથી તેનું અત્યંત ભાવન કરીને તે વિલાસથી મારા ચિત્તને પર કરીશ અને અનાદિ અભ્યાસથી ચિત્ત વિષયો તરફ જાય છે, તેને હું સમજાવીશ કે વિષયોમાંથી તને કેવળ ક્લેશ મળે છે, કંઈ પ્રાપ્ત

થતું નથી. આ પ્રકારે સમાધાન કરીને આત્માના નિરાકુળ સ્વભાવમાં હું ચિત્તને સ્થાપન કરીશ, એમ મુનિ ભાવન કરે છે. **॥૪૫૦॥**

શ્લોક :-

तथेदं शिक्षयिष्यामि, बहिर्निर्यासि चित्त ! किम् ।
स्वरूपे तिष्ठ निभृतं, यथाऽऽनन्दे निमज्जसि ।।४५१।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે=આગળમાં કહે છે એ પ્રમાણે, આ શિક્ષા હું આપીશ. હે ચિત્ત ! તું કેમ બહાર જાય છે. સ્વરૂપમાં અત્યંત રહે. જે પ્રમાણે આનંદમાં તું નિમજ્જ પામીશ.

સાતમા મુનિ અકલંકને કહે છે. મેં આત્માને શિક્ષા આપવાનો વિચાર કર્યો છે અને મારા ચિત્તને હું અનુશાસન આપીશ કે તું બહિર્ કેમ જાય છે. આ પ્રકારે અનુશાસન આપીને ચિત્તને બહિર્ જતાં રોકે છે અને કહે છે કે શાંત એવા તારા સ્વરૂપમાં તું અત્યંત રહે. જેથી ઉપશમ ભાવના આનંદમાં તું અત્યંત મગ્ન રહીશ. **॥૪૫૧॥**

શ્લોક :-

किं बहिर्निधये स्वान्त !, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ।।४५२।।

શ્લોકાર્થ :-

હે સ્વઅંતઃકરણ ! બહિર્નિધિ માટે ભમીભમીને કેમ વિષાદ કરે છે ? સ્થિરતા સ્વસન્નિધિમાં જ નિધિને બતાવશે.

બાહ્ય ધનને નિધિ માનીને તેની પ્રાપ્તિ માટે તું ભમીભમીને વ્યર્થ શ્રમ કરે છે. ખરેખર સુખના કારણીભૂત ઉપશમભાવની નિધિ ચિત્તની સ્થિરતા જ તને પ્રાપ્ત કરાવશે. **॥૪૫૨॥**

શ્લોક :-

ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकूर्चकैः ।
अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरीभव ।।४५३।।

શ્લોકાર્થ :-

અમ્લ દ્રવ્યની જેમ અસ્થૈર્યથી લોભના વિક્ષોભના કૂર્ચકોથી જ્ઞાનરૂપી દૂધ વિનાશ થાય, એ પ્રમાણે માનીને તું સ્થિર થા.

અમ્લ દ્રવ્યથી દૂધ કૂચારૂપે થાય છે, તેના અસ્થૈર્યથી આત્માનું જ્ઞાનરૂપી દૂધ લોભના વિક્ષોભના કૂચારૂપે થાય છે માટે જ્ઞાનરૂપી દૂધનું રક્ષણ કરવા અર્થે તું સ્થિર થા. **II૪૫૩II**

શ્લોક :-

त्वयाऽन्तःस्थं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ।।४५४।।

શ્લોકાર્થ :-

અંદરમાં રહેલું અસ્થૈર્યરૂપી મહાશલ્ય જો તારા વડે ઉદ્ધાર કરાયું નહિ તો ગુણને નહિ આપતા ક્રિયારૂપી ઔષધનો શું દોષ છે ?=કોઈ દોષ નથી. ।।૪૫૪।।

શ્લોક :-

स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः संकल्पदीपजैः ।
तत्कुतर्कैरलं धूमैरलंधूमैस्तथाऽऽश्रवैः ।।४५५।।

શ્લોકાર્થ :-

સ્થૈર્યરત્નરૂપ દીવો જો પ્રદીપ્ત હોય તો સંકલ્પરૂપી દીવાથી થનારા ધૂમાડારૂપ કુતર્કો વડે સર્યું અને આશ્રવોરૂપ ધૂમાડાથી સર્યું. ।।૪૫૫।।

શ્લોક :-

उदीरयिष्यसि स्वान्त ! यद्यस्थैर्यमहाऽनिलम् ।
समाधेर्धर्ममेघस्य, घटां विघटयिष्यसि ।।४५६।।

શ્લોકાર્થ :-

હે સ્વઅંતઃકરણ ! જો અસ્થૈર્યરૂપી મહાપવનની તું ઉદીરણા કરીશ તો સમાધિરૂપ ધર્મમેઘની ઘટાનું તું વિઘટન કરીશ. ।।૪૫૬।।

શ્લોક :-

हित्वा बहिर्भ्रमं चित्त !, तदात्मन्येव संचर ।
तवात्मचारो निर्वाणं, बहिश्चारो भवोदधिः ।।४५७।।

શ્લોકાર્થ :-

હે ચિત્ત ! બહિર્ભ્રમણને છોડીને તે કારણથી આત્મામાં જ સંચાર કર. તારો આત્મામાં ચાર=સંચાર, નિર્વાણ છે. બહિશ્ચાર ભવોદધિ છે. ।।૪૫૭।।

શ્લોક :-

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
बहिश्च परवत्ता ते, सुखं स्वाधीनमात्मनि ।।४५८।।

શ્લોકાર્થ :-

સર્વ પરવશ દુઃખ છે. સર્વ આત્મવશ સુખ છે. તારી બહિર્ પરવત્તા છે=પરાધીનતા છે. આત્મામાં સ્વાધીન સુખ છે. ।।૪૫૮।।

શ્લોક :-

दंदह्यमानं भोगाग्नौ, बहिर्भ्रमसि संभ्रमात् ।
धृतं शमामृतभृते, किं चित्तात्मनि ताम्यसि ? ।।४५९।।

શ્લોકાર્થ :-

ભોગરૂપી અગ્નિમાં અત્યંત બળતો તું સંભ્રમથી બહિર્ ભમે છે. શમરૂપી અમૃતથી ભરાયેલા આત્મામાં ધૃત એવો તું હે ચિત્ત ! કેમ પીડા પામે છે ?

મુનિ આત્માને અનુશાસન આપતાં કહે છે બાહ્ય ભોગોમાં ઇચ્છાઓથી આકુળ થઈને સદા તું પીડિત થાય છે અને આત્માના શમપરિણામરૂપ સુખમાં સ્થિર થઈને રહેવામાં તું કેમ વિષાદ કરે છે ? વસ્તુતઃ આત્માના નિરાકુળ સ્વભાવનું ભાવન કરીને અત્યંત અનિચ્છાને અભિમુખ ચિત્ત બને તે રીતે આત્માને સંપન્ન કરવો જોઈએ. **।।૪૫૯।।**

શ્લોક :-

तिष्ठात्मन्येव तच्चित्त !, गुणपूर्णे निराकुलम् ।
अत्र स्थितस्य ते भोगस्नेहशोषाद् रजःक्षतिः ।।४६०।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે ચિત્ત ! ગુણપૂર્ણ એવા આત્મામાં જ તું નિરાકુળ રહે. અહીં=આત્મામાં, રહેલા તારા ભોગના સ્નેહનો શોષ થવાથી રજની ક્ષતિ થશે=બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ અલ્પ થવાથી કર્મનો નાશ થશે. ।।૪૬૦।।

શ્લોક :-

दुर्वासनाव्रणौघस्य, रोहणं च भविष्यति ।
ततस्ते व्याधिहीनस्य, भोगरागो विनङ्क्ष्यति ।।४६१।।

શ્લોકાર્થ :-

અને દુર્વાસનાના વ્રણના સમૂહની રોહણ=રુઝ આવશે. તેથી વ્યાધિહીન એવા તારો ભોગનો રાગ વિનાશ પામશે. ।।૪૬૧।।

શ્લોક :-

ये मुहूर्तं सुखाभासा, भुक्ताः स्युः क्षतवर्द्धनाः ।
न सेव्यास्ते त्वया भोगाः, कण्डूकण्डूयनोपमाः ।।४६२।।

શ્લોકાર્થ :-

મુહૂર્ત ભોગવાયેલા જે સુખના આભાસો ક્ષતને વર્ધન કરનારા થાય. તારા વડે ખણજને ખણવાની ઉપમાવાળા તે ભોગો સેવવા જોઈએ નહિ.

સંસારનાં બાહ્ય સુખો સુખના આભાસ જેવાં છે. મુહૂર્ત તે સુખોને સેવવામાં આવે ત્યારે હું સુખી છું, એવો આભાસ થાય છે તોપણ આત્મામાં ભોગની લાલસારૂપી ક્ષતો છે તેનું વર્ધન થાય છે. વળી તે ભોગો ખણજને ખણવાની ક્રિયા જેવા છે. તેથી ખણવાની ક્રિયામાં મધુરતા દેખાય છે. વાસ્તવિક તે રોગવાળી અવસ્થા છે. તેવા ભોગો છે તેમ ભાવન કરીને આત્માને સંબોધન

કરીને કહે છે કે તારે તે ભોગો સેવવા જોઈએ નહિ. આમ વિચારીને ભોગથી વિમુખ ઉત્તમ ચિત્તની નિષ્પત્તિ તે મહાત્મા કરે છે. **॥૪૬૨॥**

શ્લોક :-

संक्लिष्टवासनाध्यानदारुणक्षतकारकान् ।
हित्वा भोगान् निराबाधमध्यात्मपदमाश्रय ।।४६३।।

શ્લોકાર્થ :-

સંક્લિષ્ટ વાસનાના ધ્યાનથી દારુણ ક્ષતને કરનારા એવા ભોગોને છોડીને નિરાબાધ એવા અધ્યાત્મપદનો તું આશ્રય કર.

તે સાતમા મુનિ ભોગો સંક્લિષ્ટ વાસનાને કરનારા છે, તેમ વિચારીને આત્મામાં નિરાકુળ રહેવા સ્વરૂપ અધ્યાત્મપદનો આશ્રય કરવા પોતાના આત્માને ઉત્સાહિત કરે છે. **॥૪૬૩॥**

શ્લોક :-

शिक्षयित्वेदमित्येवं, चित्तं तद्रक्षणोद्यमम् ।
करिष्ये धारयिष्यामि, धारणापञ्जरे च तत् ।।४६४।।

શ્લોકાર્થ :-

આ=ઉપરમાં વર્ણન કર્યું એ, શિક્ષાને પામો. એ પ્રમાણે તેના રક્ષણમાં ઉદ્યમવાળું ચિત્ત હું કરીશ અને તેને=ચિત્તને, ધારણારૂપી પંજરમાં હું ધારણ કરીશ.

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે ચિત્તને હું શિક્ષા આપીશ અને તે રીતે શિક્ષા આપીને ચિત્તને કષાય-નોકષાયથી રક્ષણમાં હું ઉદ્યમવાળો કરીશ. આ પ્રકારે સાતમા મુનિ વિચારે છે અને પછી વિચારે છે કે તે ચિત્તને જિનવચનની ધારણારૂપ પંજરમાં હું ધારણ કરીશ. જેથી જિનવચનના નિયંત્રણથી અન્યત્ર ચિત્ત જશે નહીં. **॥૪૬૪॥**

શ્લોક :-

तत्पीडकान् कषायाद्यान्, हनिष्याम्यप्रमादतः ।
भावीदमित्थं विक्षिप्तयातायातदशोर्ध्वगम् ।।४६५।।

શ્લોકાર્થ :-

તત્પીડક કષાય આદિને=ચિત્તના પીડા કરનારા કષાય આદિને, અપ્રમાદથી હું હણીશ. આ રીતે=કષાયોને હું અપ્રમાદથી હણીશ એ રીતે, વિક્ષિપ્ત અને યાતાયાત દશાથી ઊર્ધ્વમાં જનાર, આ=ચિત્ત થશે.

તે સાધુ વિચારે છે કે ચિત્તને પીડા કરનારા કષાયોને હું હણીશ. તેથી વિક્ષિપ્ત ચિત્ત અને બહારમાં જતું અને અંદરમાં આવતું એવું યાતાયાત દશાવાળું ચિત્ત પૂર્વમાં હતું, તેનાથી ઊંચી ભૂમિકાવાળું ચિત્ત થશે. જેથી બાહ્ય વિક્ષેપો વગરનું સદ્અનુષ્ઠાનકાળમાં ક્ષણભર નિરાકુળ અવસ્થામાં અને ક્ષણભર બાહ્ય દશામાં જનારું ચિત્ત નાશ પામશે જેથી મારું સ્વાસ્થ્યવાળું ચિત્ત બનશે. **॥૪૬૫॥**

શ્લોક :-

श्लिष्टं भूत्वा ततः स्थाष्णुस्वरूपे स्वास्थ्यमाप्स्यति ।
यास्यन्ति प्रलयं सर्वे, ततो रागाद्युपद्रवाः ।।४६६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=યાતાયાત દશાથી ઊર્ધ્વદશાને ચિત્ત પામશે ત્યારપછી, સ્થાષ્ણુ સ્વરૂપમાં=સ્થિર રહેવાના સ્વભાવવાળા સ્વરૂપમાં, શ્લિષ્ટ થઈને= ચિત્ત એકાગ્ર થઈને, સ્વાસ્થ્યને પ્રાપ્ત કરશે. તેથી સર્વ રાગાદિ ઉપદ્રવો પ્રલયને પામશે.

યાતાયાત દશાથી ઊર્ધ્વ સ્થિરદશાને ચિત્ત પામશે, ત્યારપછી સાધુ તદ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાથી સર્વ અનુષ્ઠાનો કરીને તે તે સંયમની ક્રિયામાં શ્લિષ્ટ ચિત્તવાળા થઈને ઉપદ્રવ વગરની સ્વાસ્થ્યદશાને પ્રાપ્ત કરશે. ત્યારપછી ઉત્તર ઉત્તરદશાની વૃદ્ધિ દ્વારા રાગાદિ ઉપદ્રવો પ્રલય પામશે. **॥૪૬૬॥**

શ્લોક :-

विद्योदयेन ध्यानेन, प्रतिपक्षनिषेवया ।
उपद्रवेषु लीनेषु, सुलीनं तद् भविष्यति ।।४६७।।

શ્લોકાર્થ :-

વિદ્યાઉદયરૂપ ધ્યાન વડે પ્રતિપક્ષનું સેવન થવાથી=કષાયોના પ્રતિપક્ષનું

સેવન થવાથી, ઉપદ્રવો લીન થયે છતે=કષાયો-નોકષાયો રૂપ ઉપદ્રવો શાંત થયે છતે, સુલીન એવું તે=ચિત્ત થશે.

શ્લોક-૪૬૬માં કહ્યું એ પ્રમાણે વ્યક્ત કષાયોના ઉદયો પ્રલય પામે છે. જેનાથી વિદ્યાનો ઉદય થાય છે=આત્માનું નિરાકુળ સ્વરૂપ જ તત્ત્વ છે તેવું સ્પષ્ટ દેખાય છે. આ વિદ્યાના બળથી ધ્યાન પ્રાપ્ત થાય છે અને તેના કારણે ચિત્તમાં ચાંચલ્યથી પ્રતિપક્ષનું સેવન થાય છે. તેથી ચિત્ત સ્થિર-સ્થિરતર દશાને પામે છે, જેથી કષાય આપાદક કર્મો અત્યંત નષ્ટ જેવાં થાય છે. ફળસ્વરૂપે ચિત્ત *આત્માના નિરાકુળ સ્વભાવમાં અત્યંત લીન થશે તેમ મુનિ વિચારે છે.* **॥૪૬૭॥**

શ્લોક :-

विमुक्तविषयग्राममात्मारामामिदं ततः ।
घटिष्यते शिवायैव, शान्तरागाद्युपद्रवम् ।।४६८।।

શ્લોકાર્થ :-

તેથી=સુલીન ચિત્ત થશે તેથી, વિમુક્ત વિષયગ્રામવાળું=વિષયોના સ્પર્શ વગરનું, આત્મામાં વિશ્રાંત થતું આ=ચિત્ત, શાંત થયેલા રાગાદિ ઉપદ્રવોવાળું મોક્ષ માટે જ ઘટશે.

મુનિનું ચિત્ત જ્યારે સુલીન બને છે, ત્યારે બાહ્ય વિષયોના સંશ્લેષ વગરનું બને છે:-જેમ અમાંસાહારી જીવને માંસનું ભોજન લેશ પણ સંશ્લેષ કરતું નથી, પરંતુ માંસના વિષયમાં અનિચ્છાના પરિણામવાળું જ ચિત્ત રહે છે, તેમ મુનિનું ચિત્ત વિષયો પ્રત્યે સંપૂર્ણ અનિચ્છાવાળું રહે છે. આથી જ સુખદુઃખ, શત્રુમિત્ર સર્વ પ્રત્યે સમાન એવું ચિત્ત આત્માના પરિણામમાં વિશ્રાંત થાય છે. તેથી ચિત્તમાં રાગાદિ ઉપદ્રવો શાંત થાય છે અને તેવું ચિત્ત મોક્ષની પ્રાપ્તિ માટે જ ઘટે છે. આ પ્રમાણે સાતમા મુનિ અકલંકને કહે છે. **॥૪૬૮॥**

શ્લોક :-

तिष्ठामीत्याकलय्याहं, तथा कुर्वन्निहाधुना ।
अकलङ्कोऽवदद् बुद्धं, त्वया साधु गुरोर्वचः ।।४६९।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે જાણીને તે પ્રમાણે કરતો હું અહીં હમણાં રહું છું. અકલંક બોલ્યો. ગુરુનું વચન તમારા વડે સુંદર જણાયું.

સાતમા સાધુ અકલંકને કહે છે. આ પ્રમાણે ગુરુના મુખથી જે સર્વ જાણ્યું તે જાણીને સંસારના ઉપદ્રવોથી રક્ષણ અર્થે અને મોક્ષ અર્થે તે સર્વ તે પ્રમાણે કરતો હું રહું છું. તે સાંભળીને અકલંક તે મહાત્માના બોધની પ્રશંસા કરતાં કહે છે. ગુરુનું વચન તમે સુંદર જાણ્યું. **॥૪૬૯॥**

શ્લોક :-

प्रारब्धं तदनुष्ठानं, शोभनं च मयाऽप्यदः ।
भदन्त ! चक्रकं श्रुत्वा, कल्पितं चक्रकान्तरम् ।।४७०।।

શ્લોકાર્થ :-

તે અનુષ્ઠાન પ્રારંભ કરાયું=ગુરુના વચનને જાણીને સંસારના ઉચ્છેદને અનુકૂળ તે અનુષ્ઠાન તમારા વડે પ્રારંભ કરાયું અને મારા વડે પણ આ ચક્રક સાંભળીને હે ભદંત ! ચક્રકાંતર કલ્પિત કરાયું. ॥૪૭૦॥

શ્લોક :-

तत् किं युक्तमयुक्तं वा, मुनिराह निवेदय ।
अकलङ्कोऽवदच्चित्तं द्रव्यभावतया द्विधा ।।४७१।।

શ્લોકાર્થ :-

તે શું યુક્ત છે કે અયુક્ત છે ? (એમ અકલંક મુનિને પૂછે છે.) મુનિ કહે છે, નિવેદન કર. અકલંક બોલ્યો. ચિત્ત દ્રવ્ય અને ભાવપણાથી બે પ્રકારનું છે. ॥૪૭૧॥

શ્લોક :-

आद्यं पर्याप्तिमज्जीवगृहीतं पुद्गलात्मकम् ।
गीयते भावचित्तं च जीवस्तदुपयोगवान् ।।४७२।।

શ્લોકાર્થ :-

આદ્ય=દ્રવ્યચિત્ત, પર્યાપ્તિવાળું જીવથી ગૃહીત પુદ્ગલાત્મક છે અને તદ્ઉપયોગવાળો જીવ ભાવચિત્ત કહેવાય છે. ॥૪૭૨॥

શ્લોક :-

तद् भावचित्तं नियमाज्जीवो जीवश्च तन्न वा ।
येन केवलिनो भावचित्तहीनाः प्रकीर्तिताः ॥४७३॥

શ્લોકાર્થ :-

તે ભાવચિત્ત નિયમથી જીવ છે અને જીવ તે છે અથવા નથી=જીવ ભાવચિત્ત છે અથવા ભાવચિત્ત નથી. જે કારણથી કેવલી ભાવચિત્તહીન કહેવાયા છે. ॥૪૭૩॥

શ્લોક :-

इत्थं च कार्मणस्थैतद् विपर्यासविजृम्भितात् ।
आसक्तिमनिशं धत्ते, जीवो रागादिवस्तुषु ॥४७४॥

શ્લોકાર્થ :-

અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે ભાવચિત્ત જીવ છે અથવા જીવ નથી એ રીતે, કાર્મણશરીરમાં રહેલ આ=ભાવચિત્ત વિપર્યાસ વિજૃંભિત એવા મિથ્યાજ્ઞાનથી=શરીર જ હું છું એ પ્રકારના વિપર્યાસ વિજૃંભિત એવા મિથ્યાજ્ઞાનથી, જીવ રાગાદિ વસ્તુઓમાં હંમેશાં આસક્તિને ધારણ કરે છે=રાગાદિ આપાદક વસ્તુઓમાં હંમેશાં આસક્તિને કરે છે. ॥૪૭૪॥

શ્લોક :-

स्नेहतन्तुभिरादत्ते, ततः कर्माणुसंचयम् ।
जन्मान्तरं प्रारभते, ततस्तेन वशीकृतः ॥४७५॥

શ્લોકાર્થ :-

ત્યારપછી સ્નેહતંતુઓથી કર્મના અણુના સંચયને ગ્રહણ કરે છે.

ત્યારપછી=કર્મના અણુના સંચયને કરે છે ત્યારપછી, તેનાથી વશ કરાયેલો=સંચિત થયેલા કર્મઅણુઓથી વશ કરાયેલો, જન્માંતરનો પ્રારંભ કરે છે. ॥૪૭૫॥

શ્લોક :-

पुनस्तत्र विपर्यासः, पुना रागादिसन्ततिः ।
पुनश्च विषयाकाङ्क्षा, पुनस्ते स्नेहतन्तवः ।।४७६।।

શ્લોકાર્થ :-

ફરી ત્યાં વિપર્યાસ છે=કાર્મણ શરીરવાળો પોતે હોવાથી કાર્મણ શરીર હું છું એ પ્રકારનો વિપર્યાસ છે. ફરી રાગાદિ સંતતિ, ફરી વિષયની આકાંક્ષા, ફરી તે સ્નેહતંતુઓ. ॥૪૭૬॥

શ્લોક :-

पुनः कर्मसमादानं, पुनर्जन्मोद्भवस्ततः ।
पुनस्तत्र विपर्यासः, पुना रागादिकः क्रमः ।।४७७।।

શ્લોકાર્થ :-

ફરી કર્મનું સમાદાન=ગ્રહણ, તેથી=ફરી કર્મના ગ્રહણથી, ફરી જન્મનો ઉદ્ભવ, ફરી ત્યાં વિપર્યાસ, ફરી રાગાદિનો ક્રમ. ॥૪૭૭॥

શ્લોક :-

भवानिष्ठाकरमिदं, विपर्यासादि चक्रकम् ।
मयाऽभ्यूहितमत्रार्थे, संवादो मृग्यते तु वः ।।४७८।।

શ્લોકાર્થ :-

ભવની અનિષ્ઠાને કરનારું=અંત નહિ કરનારું, આ વિપર્યાસાદિ ચક્રક છે. આ અર્થમાં મારા વડે વિચારાયું=અકલંક વડે ચક્રકાંતર વિચારાયું, તમારો=મુનિનો, સંવાદ પુછાય છે. ॥૪૭૮॥

શ્લોક :-

मुनिराह महाभाग !, सत्यमेतन्न संशयः ।
शास्त्रार्थमार्गं नात्येति, मतिर्मार्गानुसारिणी ।।४७९।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, હે મહાભાગ ! આ સત્ય છે, સંશય નથી, માર્ગાનુસારી મતિ શાસ્ત્રાર્થ માર્ગને ઓળંગતી નથી. ।।૪૭૯।।

શ્લોક :-

मयाऽप्यभ्यूहितं ह्येतच्चक्रके गुरुभाषिते ।
समर्थितं च गुरुभिस्तदुक्तार्थानतिक्रमात् ।।४८०।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, મારા વડે પણ=સાતમા મુનિ વડે પણ, ગુરુભાષિત ચક્કમાં આ વિચારાયું અને તેમના કહેવાયેલા=ગુરુ વડે કહેવાયેલા, અર્થનો અનતિક્રમ હોવાથી, ગુરુ વડે સમર્થન કરાયું. ।।૪૮૦।।

શ્લોક :-

अनिष्ठितभवे हेतुर्विपर्यासादिचक्रकम् ।
अत एव समुच्छेद्यो, विपर्यासो मुमुक्षुणा ।।४८१।।

શ્લોકાર્થ :-

અનિષ્ઠિતભવમાં વિપર્યાસાદિ ચક્ક હેતુ છે, આથી જ મુમુક્ષુઓએ= મોક્ષ જવાની ઈચ્છાવાળાઓએ, વિપર્યાસનો ઉચ્છેદ કરવો જોઈએ.

અંત વગરના ભવ પ્રત્યે વિપર્યાસાદિ ચક્કો હેતુ છે=આત્મા દેહરૂપ છે અથવા કાર્મણ શરીરરૂપ છે અથવા આ બાહ્ય પદાર્થોથી સુખ થાય છે, ઇત્યાદિ વિપર્યાસરૂપ ચક્ક હેતુ છે. આથી જ મોક્ષના અર્થી જીવે તે સર્વનો યથાર્થ બોધ કરીને નિરાકુળ સ્વભાવરૂપ આત્માનો પારમાર્થિક બોધ કરીને વિપર્યાસનો ઉચ્છેદ કરવો જોઈએ. **।।૪૮૧।।**

શ્લોક :-

काष्टेयं तत्त्वबोधस्य, विवेकोऽयमनुत्तरः ।

अयं निराश्रवो धर्मो, यद् विपर्यासवर्जनम् ।।४८२।।

શ્લોકાર્થ :-

તત્ત્વબોધની આ કાષ્ઠા છે=પરાકાષ્ઠા છે, અનુત્તર એવો આ વિવેક છે, આ નિરાશ્રવ ધર્મ છે, જે વિપર્યાસનું વર્જન છે.

પદાર્થને યથાર્થ જોવામાં નિર્મળ દૃષ્ટિથી જો બોધ પ્રવર્તે તો વિપર્યાસનું વર્જન થાય અને તે વિપર્યાસનું વર્જન જ તત્ત્વ બોધની પરાકાષ્ઠા છે; કેમ કે તત્ત્વનો બોધ વિપર્યાસના વર્જન અર્થે જ કરાય છે. વળી, વિપર્યાસનું વર્જન શ્રેષ્ઠ કોટિનો વિવેક છે=ભેદજ્ઞાન છે. વળી, સાશ્રવ અને નિરાશ્રવ બે ધર્મમાંથી નિરાશ્રવ ધર્મ નિર્જરારૂપ છે અને તે વિપર્યાસના વર્જન સ્વરૂપ જ છે. **॥૪૮૨॥**

શ્લોક :-

अविपर्यस्तविज्ञातुरप्रमत्तस्य पश्यतः ।

स्वस्माद् भिन्नान् मनोभावान्, मोहशक्तिः प्रलीयते ।।४८३।।

શ્લોકાર્થ :-

પોતાનાથી ભિન્ન મનોભાવોને જોતા અપ્રમત્ત એવા અવિપર્યસ્ત વિજ્ઞાતાની મોહશક્તિ પ્રલીન થાય છે.

પોતાના મનમાં જે ભાવો થાય છે તે સર્વ ભાવો મારા નથી, પરંતુ કેવલી સદૃશ મનોભાવ રહિત હું છું, એ પ્રમાણે જે મહાત્મા જોનારા છે, તેથી કેવલીતુલ્ય થવાને અનુકૂળ અપ્રમાદવાળા છે. વળી, અવિપર્યસ્ત વિજ્ઞાન કરનારા છે. તેથી તેઓમાં વર્તતી મોહની શક્તિ સતત નાશ પામે છે. **॥૪૮૩॥**

શ્લોક :-

अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।

अयमेव च नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ।।४८४।।

શ્લોકાર્થ :-

'હું, મારું' એ પ્રકારનો મોહનો મંત્ર જગતના જીવોને અંધને કરનારો છે અને આ જ નઞ્પૂર્વક=નકારપૂર્વક, પ્રતિ મંત્ર મોહને જીતનાર છે.

શરીર હું છું અને બાહ્ય અનુકૂળ સામગ્રી મારી છે, એ પ્રકારની બુદ્ધિ મોહનો મંત્ર છે. તેનાથી અંધ થયેલા જીવો પોતાના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકતા નથી. વળી, જેઓ નિપુણ પ્રજ્ઞાથી હું દેહ નથી, પરંતુ દેહમાં રહેલો કેવલી સદૃશ શુદ્ધ આત્મા છું અને શુદ્ધ આત્માની અંતરંગ ગુણસંપદા જ મારી છે. એ પ્રકારે નિપુણ પ્રજ્ઞાથી જોઈને ભાવન કરે છે તેઓ મોહને જીતનાર બને છે. **॥૪૮૪॥**

શ્લોક :-

यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।
क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ।।४८५।।

શ્લોકાર્થ :-

ચિત્તરૂપી દર્પણમાં વિન્યસ્ત સમસ્ત આચારમાં ચારુ બુદ્ધિવાળો જે છે, તે અનુપયોગી એવા પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે.

સાધ્વાચારની સમસ્ત ક્રિયાઓ આત્માના નિર્મળ ભાવને પ્રગટ કરનારી છે. તેથી તેને સમ્યગ્ સેવીને આત્માના નિર્મળ ભાવને હું પ્રગટ કરું, એવો સુંદર બુદ્ધિવાળો પુરુષ અનુપયોગી એવા માન, ખ્યાતિ આદિ એવા બાહ્ય પદાર્થોમાં ક્યાંથી મોહ પામે. **॥૪૮૫॥**

શ્લોક :-

अमूढस्य च न द्वेषो, दुःखे नापि सुखे स्पृहा ।
संचिनोति न कर्माणि, रागद्वेषोज्झितः पुनः ।।४८६।।

શ્લોકાર્થ :-

અને અમૂઢને દુઃખમાં દ્વેષ નથી, વળી સુખમાં સ્પૃહા નથી, રાગ-દ્વેષથી રહિત વળી કર્મોનો સંચય કરતો નથી.

તત્ત્વ જોવામાં જેની દૃષ્ટિ અમૂઢ છે, તેને આત્માના સ્વાસ્થ્યરૂપ જ તત્ત્વ દેખાય છે. તેથી શરીરજન્ય અશાતામાં દ્વેષ થતો નથી કે શરીરજન્ય શાતાની સ્પૃહા થતી નથી, પરંતુ સર્વ ભાવો પ્રત્યે સમપરિણામવાળા તે મહાત્મા રાગ-દ્વેષથી પર થઈને કર્મનો સંચય કરતા નથી. **॥૪૮૬॥**

શ્લોક :-

ततोऽसौ बीजविरहान्नारभेत भवान्तरम् ।
ततश्च चक्रकोच्छेदो, जायतेऽनुद्भवात्मकः ।।४८७।।

શ્લોકાર્થ :-

તેથી=રાગ-દ્વેષ રહિત હોવાથી, બીજનો વિરહ હોવાને કારણે આ=તે મહાત્મા, ભવાંતરનો આરંભ કરતા નથી અને તેથી=ભવાંતરનો આરંભ કરતા નથી તેથી, અનુદ્ભવાત્મક ચક્કનો ઉચ્છેદ થાય છે. ।।૪૮૭।।

શ્લોક :-

द्वयोश्चक्रकयोर्वेत्ति, प्रवर्तननिवर्तनम् ।
योऽनयोस्तस्य संसारे, कथं स्याच्चित्तनिर्वृतिः ।।४८८।।

શ્લોકાર્થ :-

આ બે ચક્કનું પ્રવર્તન અને નિવર્તન જે જાણે છે, સંસારમાં તેના ચિત્તની નિષ્પત્તિ કેવી રીતે થાય ?=થાય નહિ.

પૂર્વમાં વર્ણન કરેલા કર્મબંધ અને ભવચક્રરૂપ બંનેનું પ્રવર્તન નિવર્તન જે જાણે છે, તેનું ચિત્ત સંસારના ભાવોમાં સંશ્લેષવાળું થતું નથી. **॥૪૮૮॥**

શ્લોક :-

भावाद् भवानिवृत्तस्तु, वेत्ति नो चक्रकद्वयम् ।
ज्ञानं सम्यक्प्रवृत्त्यैव, फलवत् ब्रुवते बुधाः ।।४८९।।

શ્લોકાર્થ :-

ભવથી અનિવૃત્ત પુરુષ ભાવથી ચક્કદ્વયને જાણતો નથી. જ્ઞાન

સમ્યક્ પ્રવૃત્તિથી જ ફળવાળું બુધ પુરુષો કહે છે.

જેઓએ પૂર્વમાં વર્ણન કરેલાં બે ચક્રકોનું પ્રવર્તન અને નિવર્તન જાણ્યું છે, છતાં ચિત્ત ભોગના સંશ્લેષથી પર થતું નથી, તેઓ ચક્રકદ્વયને ભાવથી=પરમાર્થથી જાણતા નથી; કેમ કે સમ્યક્પ્રવૃત્તિથી જ જ્ઞાન ફળવાળું છે. અન્યથા તે જ્ઞાન જ્ઞાન નથી તેમ બુધ પુરુષો કહે છે. માટે ચક્રકદ્વયનો બોધ કર્યા પછી અવશ્ય ભવથી નિવૃત્ત થવા માટે ચિત્તને અસંશ્લેષવાળું કરવું જોઈએ. **॥૪૮૯॥**

શ્લોક :-

सम्यगभ्यूहितं तेन, त्वयेदं भद्र ! चक्रकम् ।
उक्तोऽस्य गुरुणा नाशश्चित्तवानररक्षणात् ।।४९०।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે ભદ્ર ! તારા વડે=અકલંક વડે, આ ચક્રક સમ્યક્ વિચારાયું છે. ચિત્તરૂપી વાનરના રક્ષણથી આનો નાશ=ચક્રકનો નાશ, ગુરુ વડે કહેવાયો છે.

સાતમા મુનિ અકલંકને કહે છે. તારું ચિત્ત ભવથી નિવૃત્ત થયું છે. તેથી નક્કી થાય છે કે તેં આ જે ચક્રક વિચાર્યું છે, તે સમ્યક્ છે અને તે ચક્રકના નાશનો ઉપાય ચિત્તરૂપી વાનરનું રક્ષણ છે, એમ મુનિ અકલંકને કહે છે. **॥૪૯૦॥**

શ્લોક :-

अकलङ्कोऽवदत् केनोपायेन स्वान्तवानरम् ।
शिवालयमठे प्रोक्तं, गुरुणा नयनक्षमम् ।।४९१।।

શ્લોકાર્થ :-

અકલંકે કહ્યું – ગુરુ વડે સ્વઅંતઃકરણરૂપ વાનર કયા ઉપાયથી શિવાલય મઠમાં લઈ જવા સમર્થ કહેવાયું છે ? ।।૪૯૧।।

શ્લોક :-

मुनिराह स तत्रैतां, दिशं गुरुरदर्शयत् ।
सन्ति गर्भगृहे तत्र, लेश्याः षट् परिपालिकाः ।।४९२।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, ત્યાં=શિવાલય મઠ લઈ જવાના વિષયમાં, આ દિશાને તે ગુરુએ બતાવી, તે ગર્ભગૃહમાં છ લેશ્યાઓ પરિપાલિકાઓ છે. ||૪૯૨||

શ્લોક :-

क्रमात् क्रूरतमाः क्रूरतराः क्रूराः स्वरूपतः ।
तद्वानराहिता गर्भगृहानर्थप्रपञ्चिकाः ।।४९३।।

શ્લોકાર્થ :-

તે વાનરના અહિતને કરનારી, ગર્ભગૃહના અનર્થની પ્રપંચિકા સ્વરૂપથી ક્રૂરતમ, ક્રૂરતર, ક્રૂર ક્રમથી છે=ક્રમથી ત્રણ અશુભ લેશ્યાઓ છે. ||૪૯૩||

શ્લોક :-

दुःखाकुले हट्टमार्गे, तवाप्यत्रैव धारिकाः ।
निवारिका मठगतेस्तिस्त्रस्तत्रादिमाः स्मृताः ।।४९४।।

શ્લોકાર્થ :-

ત્યાં આદિની ત્રણ લેશ્યાઓ દુઃખોથી આકુલ એવા આ જ હટ્ટમાર્ગમાં તને પણ ધારિકા મઠગતિની=શિવાલયના ગમનની, નિવારિકા કહેવાઈ છે.

તે મુનિ અકલંકને કહે છે. ગર્ભગૃહમાં છ લેશ્યાઓ છે. તેમાંથી પ્રથમની ત્રણ લેશ્યાઓ ક્રૂરતમ, ક્રૂરતર અને ક્રૂર છે. જે કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ છે અને તે ત્રણેય લેશ્યા ચિત્તરૂપી વાનરના બચ્ચાના અહિતને કરનારી છે અને કાર્મણ શરીરરૂપ ગર્ભગૃહમાં કષાયો, નોકષાયોની વૃદ્ધિ કરવા દ્વારા અનર્થને કરનારી છે. એક ભવમાંથી બીજા ભવમાં જવારૂપ હટ્ટમાર્ગ દુઃખાકુલ છે. તેમાં જીવને ધારણ કરનારી છે. મોક્ષના ગમનનું નિવારણ કરનારી છે; કેમ કે અશુભ લેશ્યાથી સંસારનું પરિભ્રમણ થાય છે. **||૪૯૪||**

શ્લોક :-

उपरिस्थाः पुनः शुद्धविशुद्धातिविशुद्धकाः ।
चित्तस्य हितदा गर्भगृहशुद्धिविधायिकाः ।।४९५।।

શ્લોકાર્થ :-

વળી ઉપરની લેશ્યાઓ ચિત્તના હિતને દેનારી ગર્ભગૃહશુદ્ધિને કરનારી શુદ્ધ, વિશુદ્ધ અને અતિવિશુદ્ધક છે.

વળી પાછળની ત્રણ લેશ્યાઓ ક્રમસર શુદ્ધ, વિશુદ્ધ અને અતિવિશુદ્ધક છે અને ચિત્તના હિતને કરનારી છે; કેમ કે ક્લેશોનું શમન કરીને અકષાયભાવ તરફ જીવને લઈ જનારી છે. તેથી કાર્મણ શરીરરૂપ ગર્ભગૃહની પણ શુદ્ધિ થાય છે. **॥૪૯૫॥**

શ્લોક :-

निस्सारिकास्तवाप्यस्माद्धट्टमार्गाद् विगर्हितात् ।
तिस्रोऽनुकूला वर्तन्ते, शिवालयमठे गतेः ।।४९६।।

શ્લોકાર્થ :-

તને પણ=અકલંકને પણ, વિગર્હિત એવા આ હટ્ટમાર્ગથી નિસ્સારિકા=નિવારણ કરનારી, શિવાલય મઠમાં ગતિને અનુકૂળ ત્રણ લેશ્યાઓ વર્તે છે.

ત્રણ શુભલેશ્યાઓ જીવને મોક્ષમાર્ગને અભિમુખ કરે છે અને સંસારના પરિભ્રમણથી નિવારણ કરે છે. ફક્ત કોઈને ક્ષણભર તે શુભલેશ્યા થઈ જાય, તેટલા અંશથી કંઈક સંસારમાર્ગ ઘટે છે, તોપણ જે જીવોના ચિત્તમાં પ્રચુર અશુભલેશ્યા છે, તેઓની ક્ષણભર થયેલી શુભલેશ્યા કંઈક સંસારને ક્ષીણ કરવા છતાં સંસારમાર્ગથી નિવર્તન કરવા સમર્થ બનતી નથી. **॥૪૯૬॥**

શ્લોક :-

परिणामाभिधः षड्भिरप्यमूभिश्च दर्दरः ।
कृतोऽस्ति गर्भगेहेऽस्मिन्नुपर्यारोहणार्थकः ।।४९७।।

શ્લોકાર્થ :-

આ છ વડે પણ=આ છ લેશ્યાઓ વડે પણ, આ ગર્ભગૃહમાં પરિણામ નામનો દાદરો ઉપર આરોહણ માટે કરાયેલો છે.

કાર્મણ શરીરમાં પરિણામ નામનો દાદર છે અને તે છ લેશ્યા સ્વરૂપ છે. સૌથી અધઃ લેશ્યા કૃષ્ણલેશ્યા છે. ત્યાંથી ઉપર ઉપર આરોહણ કરવા માટે ઉપર ઉપરની લેશ્યા છે. **॥૪૯૭॥**

શ્લોક :-

तत्रोद्र्ध्वमध्यवसितिस्थानाख्याः पदिकाः कृताः ।
पृथक् पृथगसंख्याताः, स्वस्ववर्णसमत्विषः ।।४९८।।

શ્લોકાર્થ :-

ત્યાં=પરિણામ નામના દાદરમાં, ઊર્ધ્વ અધ્યવસાય સ્થાન નામની સ્વ સ્વ વર્ણના સમાન કાંતિવાળી=છ લેશ્યાઓની સાથે સમાન વર્ણની કાંતિવાળી, પૃથક્ પૃથક્ અસંખ્યાતા પદિકાઓ કરાઈ છે.

ચિત્તમાં જે છ લેશ્યાઓ છે, તે છએ લેશ્યાઓમાંથી દરેક લેશ્યાઓનાં અસંખ્યાતાં અધ્યવસાય સ્થાનો છે, તે પદિકાઓ જેવાં છે=તે પદો દ્વારા જીવ નીચેથી ઉપર ઉપરમાં આરોહણ કરે છે. **॥૪૯૮॥**

શ્લોક :-

संस्थितं तत्र पदिकास्वाद्यत्रयकृतासु तत् ।
चित्तवानरमुत्प्लुत्य, विषवृक्षेषु धावति ।।४९९।।

શ્લોકાર્થ :-

ત્યાં=પરિણામ નામના દાદરમાં, આદ્ય ત્રય લેશ્યાકૃત પદિકાઓમાં રહેલું એવું તે ચિત્તરૂપી વાનર કૂદકા મારીને વિષરૂપી વૃક્ષમાં દોડે છે.

પ્રથમની ત્રણ લેશ્યાઓમાં જે અધ્યવસાય સ્થાનો છે, તે અધ્યવસાય સ્થાનોમાં વર્તતું ચિત્ત વિષયોમાં પ્રવર્તે છે. તેથી તે અશુભ લેશ્યા સ્વરૂપ છે. **॥૪૯૯॥**

શ્લોક :-

ततो भवत्यनर्थानां, भाजनं प्रोक्तया दिशा ।
क्वचिन्नष्टं क्वचिल्लीनं, क्वचित् तप्तं क्वचिज्जडम् ।।५००।।

શ્લોકાર્થ :-

તેથી=વિષવૃક્ષોમાં જાય છે તેથી, પૂર્વમાં કહેલી દિશાથી અનર્થોનું ભાજન થાય છે=ચિત્ત અનર્થોનું ભાજન થાય છે, કેવા અનર્થોનું ભાજન થાય છે ? તે બતાવે છે. ક્વચિત્ નષ્ટ, ક્વચિત્ લીન, ક્વચિત્ તપ્ત, ક્વચિત્ જડ ચિત્ત થાય છે.

ત્રણ અશુભ લેશ્યાથી વિષયોમાં જનારું ચિત્ત અનર્થોનું ભાજન બને છે. તેથી તે ચિત્ત ક્યારેક વિષયો પ્રત્યેના અત્યંત સંશ્લેષને કારણે અત્યંત નષ્ટ બને છે, જેથી દુરંત સંસારની પ્રાપ્તિ થાય છે. ક્વચિત્ વિષયોમાં લીન બને છે, જેથી ક્લિષ્ટ કર્મો બાંધે છે. ક્વચિત્ પ્રતિકૂલ ભાવોમાં તપ્ત બને છે. ક્વચિત્ વિષયોમાં મૂઢ થવાથી જડ જેવું બને છે. **॥૫૦૦॥**

શ્લોક :-

आरोहणीयं तेनोर्ध्वं, ताभ्यो निस्सार्य तत् त्वया ।
आरोहतस्ततस्तुर्यपदिकासु प्रतिक्षणम् ।।५०१।।
यास्यन्त्युपद्रवाः कार्श्यं, तापः स्तोको भविष्यति ।
तस्याम्रकाभिलाषश्च, मनागल्पीभविष्यति ।।५०२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ત્રણ લેશ્યાઓથી અનર્થો થાય છે તે કારણથી, તેઓથી=પ્રથમની ત્રણ લેશ્યાઓથી, તેનું=ચિત્તનું, નિસ્સારણ કરીને, તારા વડે ઊર્ધ્વ આરોહણ કરવું જોઈએ. તેથી ચોથી પદિકામાં=ચોથી લેશ્યામાં, પ્રતિક્ષણ આરોહણ કરતાં તેના=ચિત્તના, ઉપદ્રવો ક્ષીણ થશે, તાપ= કષાયોનો તાપ, ઓછો થશે, થોડો આમ્રનો અભિલાષ અલ્પ થશે.

ગુરુએ તે મુનિને શિવાલય જવાના માર્ગ સ્વરૂપે છ લેશ્યાઓ બતાવી અને કહ્યું કે ત્રણ લેશ્યાઓ અનર્થકારી છે, તેથી તે ત્રણ લેશ્યાઓનો ત્યાગ કરીને, ચોથી લેશ્યાઓનાં સ્થાનોમાં તું આરોહણ કરીશ તો કષાયો, નોકષાયોના ઉપદ્રવો ચિત્તમાં અલ્પ થશે; કેમ કે ચોથી લેશ્યા મધ્યસ્થભાવ તરફ જનાર હોવાથી કષાયોની શક્તિ ક્ષીણ કરે છે, તેથી કષાયોનો તાપ પણ અલ્પ થશે

અને વિષયોમાં જવાનો અભિલાષ પણ તે શુભલેશ્યાના બળથી થોડોક અલ્પ થશે. **॥૫૦૧-૫૦૨॥**

શ્લોક :-

शोषं यास्यत्यार्द्रतेषद्, रजः किंचिच्छटिष्यति ।

ततो मनाक् सुखं लब्ध्वा, तद् भविष्यति भास्वरम् ।।५०३।।

શ્લોકાર્થ :-

ઈષદ્ આર્દ્રતા શોષને પામશે, કંઈક રજ છૂટી થશે, તેથી થોડુંક સુખ પામીને તે=ચિત્ત, ભાસ્વર થશે.

ચોથી લેશ્યામાં વર્તતાં જીવનું ચિત્ત મધ્યસ્થ પરિણતિની પ્રારંભિક ભૂમિકામાં હોય છે. તેથી ચિત્તમાં જે ભોગાદિના સંશ્લેષરૂપ આર્દ્રતા હતી, તે કંઈક અલ્પ થાય છે, કર્મરજ કંઈક અલ્પ થાય છે, મધ્યસ્થ પરિણતિરૂપ થોડાક સુખને પામીને તે ચિત્ત સુંદર બનશે. **॥૫૦૩॥**

શ્લોક :-

कृतास्वारोहणीयं तत्, ततः पञ्चमलेश्यया ।

पदिकास्वस्य सन्तापो, भावी स्तोकतरस्तदा ।।५०४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પાંચમી લેશ્યાથી કરાયેલી પદિકાઓમાં તેને=ચિત્તને, આરોહણ કરાવું જોઈએ. ત્યારે આનો=ચિત્તનો, સંતાપ સ્તોકતર થશે.

ચોથી લેશ્યા સુઅભ્યસ્ત થઈ જાય ત્યારપછી પાંચમી લેશ્યા વડે કરાયેલી પદિકાઓમાં ચિત્તને રમાડવું જોઈએ. જેથી વિશિષ્ટ પ્રકારની મધ્યસ્થ પરિણતિને પ્રગટ થશે તેના કારણે કષાયકૃત સંતાપ પૂર્વ કરતાં પણ અત્યંત અલ્પ થશે. **॥૫૦૪॥**

શ્લોક :-

उपद्रवास्तनुतरा, भविष्यन्ति तनीयसी ।

भविष्यत्याम्रवाञ्छा च, देहः शुष्कतरस्तथा ।५०५।।

શ્લોકાર્થ :-

ઉપદ્રવો અલ્પતર થશે, આમ્રફળની ઈચ્છા અતિ અલ્પ થશે. દેહ= વાનરનો દેહ, શુષ્કતર થશે. ।।૫૦૫।।

શ્લોક :-

मनाक् क्षतानि रोक्ष्यन्ति, रजो भूरि पतिष्यति ।
प्राप्स्यत्येतन्महाह्लादं, धावल्यं धारयिष्यति ।।५०६।।

શ્લોકાર્થ :-

થોડાક ક્ષતો રુઝાશે, કર્મરજ ઘણી પડશે=અલ્પ થશે. આ=ચિત્ત, મહાઆહ્લાદને પામશે, ધવલપણાને ધારણ કરશે.

પાંચમી લેશ્યાવાળા જીવો દીર્ઘકાળ તે લેશ્યામાં રમે તો કષાયોના ઉપદ્રવો અલ્પ, અલ્પતર થાય છે; કેમ કે મધ્યસ્થ પરિણતિના સંસ્કારો સ્થિર થાય છે, તેથી વિષવૃક્ષોમાં જઈને આમ્રના ફળને ખાવાની ઇચ્છા અલ્પતર થાય છે. વળી, બળવાન નિમિત્તથી ક્યારેક વિષવૃક્ષોમાં જવાનો પ્રસંગ આવે, પરંતુ સામાન્યથી વિષયોમાં જવાની ઇચ્છા થાય નહિ. વળી, ચિત્ત સંશ્લેષની પરિણતિ વગરનું થવાથી ચિત્ત શુષ્કતર થાય છે અને ચિત્તમાં અનાદિ કુસંસ્કારો રૂપી જે ક્ષતો છે, તે રુઝાય છે. આત્મા ઉપર કર્મોની ઘણી રજ હતી તે દૂર થાય છે. તેથી જીવ હળુકર્મી બને છે અને શુભલેશ્યાના મહાન આહ્લાદને પ્રાપ્ત કરે છે અને શુભલેશ્યાને કારણે તેનું ચિત્ત હંમેશાં રમ્ય બને છે. **।।૫૦૬।।**

શ્લોક :-

वर्धिष्यते तदङ्गेन, भविष्यति महोन्नतम् ।
आरोहणीयं तत् षष्ठपदिकासु ततस्त्वया ।।५०७।।

શ્લોકાર્થ :-

અંગથી=શરીરથી, તે=ચિત્તરૂપી વાનર, વધશે, મહાઉન્નતવાળું થશે. ત્યારપછી તારા વડે છઠ્ઠી પદિકાઓમાં=છઠ્ઠી લેશ્યાની પદિકાઓમાં, તેને=ચિત્તને, આરોહણ કરાવું જોઈએ. ।।૫૦૭।।

શ્લોક :-

तासु चारोहतस्तस्य, लयं यास्यन्त्युपद्रवाः ।
दुःखासिका स्तोकतमीभविष्यति च सर्वथा ।।५०८।।

શ્લોકાર્થ :-

અને તેમાં=છઠ્ઠી લેશ્યાની પદિકાઓમાં, આરોહણ કરતા એવા તેના=ચિત્તના, ઉપદ્રવો લયને પામશે અને દુઃખાસિકા સર્વથા સ્તોકતમ થશે.

પાંચમી લેશ્યાથી સંચિત્તવીર્યવાળા મહાત્માએ છઠ્ઠી લેશ્યામાં આરોહણ કરવું જોઈએ, જે શુક્લલેશ્યા સ્વરૂપ છે. વળી, તે છઠ્ઠી લેશ્યાની પદિકાઓ શુક્લધ્યાનને આસન્ન ચિત્તની નિષ્પત્તિ થાય તેવી મધ્યસ્થ પરિણતિ સ્વરૂપ છે, તેથી ચિત્તમાં કષાયોના ઉપદ્રવો લય પામે છે અને સૂક્ષ્મ કષાયોના ઉપદ્રવો કૃત દુઃખો પણ સર્વથા અલ્પ થાય છે. **।।૫૦૮।।**

શ્લોક :-

अत्यल्पतमतां यास्यत्याम्रवृक्षाभिलाषिता ।
तद्रजःपङ्कनिकरे, लुठनेच्छा त्रुटिष्यति ।।५०९।।

શ્લોકાર્થ :-

આમ્રવૃક્ષની અભિલાષિતા અતિ અલ્પતમતાને પામશે. તેથી રજના કાદવના સમૂહમાં આળોટવાની ઈચ્છા દૂર થશે.

છઠ્ઠી લેશ્યામાં જવાથી બાહ્ય વિષયોની ઇચ્છા અત્યંત નષ્ટપ્રાયઃ બનશે, ક્વચિત્ બલવાન નિમિત્તથી બાહ્ય વિષયમાં જવાની શક્યતા રહે છે તે અંશથી જ તે ઇચ્છા નષ્ટ થઈ નથી માટે વિષયોમાં અભિલાષ અત્યંત અલ્પ થાય છે. વળી, કર્મબંધ થાય તેવા કર્મોરૂપી કાદવોમાં આળોટવાની ઇચ્છા દૂર થાય છે; કેમ કે મધ્યસ્થભાવ જ સુખાકારી જણાય છે. **।।૫૦૯।।**

શ્લોક :-

कार्त्स्न्येन चार्द्रता शोषं, प्रयास्यति तदङ्गतः ।
भूयिष्ठो रेणुनिचयस्ततः परिपतिष्यति ।।५१०।।

શ્લોકાર્થ :-

તેના અંગથી=ચિત્તરૂપી વાનરના અંગથી, આર્દ્રતા સર્વાંશથી શોષતાને પામશે, તેથી=આર્દ્રતા અલ્પ થવાથી, ઘણાં કર્મોનો સમૂહ પડશે=આત્માથી છૂટો પડશે. ।।૫૧૦।।

શ્લોક :-

भविष्यति सदानन्दं, शुद्धस्फटिकनिर्मलम् ।
आप्यायितं च तत् तत्र, धर्मध्यानेन वायुना ।।५११।।

શ્લોકાર્થ :-

શુદ્ધ સ્ફટિકના જેવું નિર્મલ સદાનંદ થશે અને ત્યાં=સદાઆનંદવાળી અવસ્થામાં તે=ચિત્ત, ધર્મધ્યાનરૂપી વાયુથી શીતલતાને પામશે.

છઠ્ઠી લેશ્યામાં વર્તતા મહાત્મા અત્યંત મધ્યસ્થ પરિણતિવાળા હોય છે. તેથી શુદ્ધ સ્ફટિક જેવું નિર્મલ ચિત્ત હોય છે અને મધ્યસ્થ પરિણતિના કારણે શ્રેષ્ઠ કોટિના આનંદનો અનુભવ કરશે અને તે પ્રકારે યત્ન કરતાં કરતાં એકાગ્રતા આવે ત્યારે ધર્મધ્યાનરૂપી વાયુથી શીતલતાનો અનુભવ થાય છે. જેના બળથી ક્ષપકશ્રેણીને અનુકૂળ બલસંચય થાય છે. **।।૫૧૧।।**

શ્લોક :-

सुखकारितया मन्दः, शीतः सन्तापनाशनात् ।
गुणाम्बुजरजःसङ्गात्, सुरभिश्च समेति सः ।।५१२।।

શ્લોકાર્થ :-

સુખાકારીપણાને કારણે મંદ, સંતાપના નાશથી શીતલ, ગુણરૂપી કમળના રજના સંગથી સુરભિ એવા તે થાય છે=શુક્લલેશ્યાવાળા મહાત્મા થાય છે.

ધર્મધ્યાનમાં વર્તતા મહાત્માનું ચિત્ત નિરાકુળ અવસ્થામાં વિશ્રાંત થનારું હોવાથી પ્રવૃત્તિઓ મંદ બને છે. જેના કારણે ચિત્તનું સ્વાસ્થ્ય વધે છે તેથી સુખનો અનુભવ અતિશય થાય છે. કષાયોનો સંતાપ નાશ થવાથી શીતલ બને છે, આત્માના ગુણોનો સંગ થવાથી સુરભિ બને છે. **।।૫૧૨।।**

શ્લોક :-

अस्ति वानरयूथं च, तत्रोच्चपदिकात्रये ।
संलीनं विषवृक्षेषु, सर्वथा विगतस्पृहम् ।।५१३।।

શ્લોકાર્થ :-

અને ત્યાં=પરિણામરૂપ દાદરના આરોહણમાં, ઉચ્ચ પદિકા ત્રણમાં= ઉપરની ત્રણ લેશ્યામાં, વિષવૃક્ષોમાં સર્વથા વિગત સ્પૃહાવાળું સંલીન વાનરયૂથ છે. ।।૫૧૩।।

શ્લોક :-

शमसन्तोषसत्याद्यैर्वानरैः परिवारितम् ।
वानरीभिर्धृतिश्रद्धाधारणाद्याभिराश्रितम् ।।५१४।।
समाधिब्रह्मशौचादिवरवानरराजितम् ।
तस्य वानरजीवस्य, तदत्यन्तहितावहम् ।।५१५।।

શ્લોકાર્થ :-

શમ, સંતોષ, સત્યાદિ વાનરોથી પરિવારિત, ધૃતિ, શ્રદ્ધા, ધારણા આદિ વાનરીઓથી આશ્રિત વાનરયૂથ છે એમ શ્લોક-૫૧૩ સાથે સંબંધ છે. સમાધિ, બ્રહ્મ, શૌચાદિ શ્રેષ્ઠ વાનરોથી શોભતું તે વાનરજીવનું અત્યંત હિતાવહ એવું તે=વાનરયૂથ છે.

તે વાનરજીવને અત્યંત હિત કરે તેવા શમ, સંતોષ આદિ વાનરોથી યુક્ત અને ધૃતિ, શ્રદ્ધા આદિ વાંદરીઓથી આશ્રિત વાનરોનું યૂથ છેલ્લી ત્રણ લેશ્યાઓમાં આગળ જતાં પ્રગટ થાય છે. જે જીવરૂપી વાનરને ગુણકારી પરિણતિરૂપ હોવાથી અત્યંત હિતને કરનાર છે. **।।૫૧૪-૫૧૫।।**

શ્લોક :-

आरूढस्योच्चपदिकास्वाविर्भूय करिष्यति ।
शुक्लध्यानाख्यगोशीर्षचन्दनद्रवसेचनम् ।।५१६।।

શ્લોકાર્થ :-

ઉચ્ચ પદિકાઓમાં આરૂઢ એવા વાનરરૂપ જીવને પ્રગટ થઈને=વાનરયૂથ પ્રગટ થઈને, શુક્લધ્યાન નામના ગોશીર્ષ ચંદનના પ્રવાહીનું સિંચન કરશે.

શમ, સંવેગાદિ ગુણો જીવને શીતલ પરિણતિરૂપ શુક્લધ્યાનને પ્રાપ્ત કરાવે છે. **॥૫૧૬॥**

શ્લોક :-

ततोऽर्धमार्गेऽतिक्रान्ते, गाढानन्देन निर्भरम् ।
नात्युच्चपदिकास्वेतत्, समारोक्ष्यति निःसहम् ।।५१७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી, અર્ધ માર્ગ અતિક્રાંત થયે છતે ગાઢ આનંદથી નિર્ભર આ=વાનરનું બચ્ચું, ઉચ્ચ પદિકામાં નિઃસહ આરોહણ કરશે નહીં=સહાય વગર આરોહણ કરશે નહીં. ॥૫૧૭॥

શ્લોક :-

आत्मभूतेन तेनोच्चैर्नीतस्त्वं तावतीं भुवम् ।
त्निस्सहं तत्र तन्मुक्त्वा, गच्छेरूर्ध्वं समाधिमान् ।।५१८।।

શ્લોકાર્થ :-

આત્મભૂત એવા તેના વડે=વાનરયૂથ વડે, તું તેટલી ભૂમિમાં ઉપર લઈ જવાયો. ત્યાં=શુક્લધ્યાનના અર્ધમાર્ગમાં, તેને છોડીને=વાનરયૂથને છોડીને, સમાધિવાળો એવો તું નિઃસહ=સહાય વગરનો ઊર્ધ્વમાં જા. ॥૫૧૮॥

શ્લોક :-

पर्यन्ते पदिकामार्गमपि त्यक्त्वा स्वशक्तितः ।
पञ्चह्रस्वाक्षरोच्चारकालं स्थित्वा विहायसि ।।५१९।।

निरालम्बेन रूपेणोड्डीय गन्तव्यमुच्चकैः ।
शिवालयमठे स्थेयं, शाश्वतानन्दशालिना ।।५२०।।

શ્લોકાર્થ :-

પર્યંતમાં પદિકામાર્ગને પણ સ્વશક્તિથી છોડીને, પંચહ્રસ્વાક્ષર ઉચ્ચારકાલ આકાશમાં રહીને, નિરાલંબન રૂપથી ઊડીને શિવાલયમઠમાં અત્યંત જવું જોઈએ. શાશ્વત આનંદશાલીથી રહેવું જોઈએ. ।।૫૧૯-૫૨૦।।

શ્લોક :-

दिशाऽनया वानरकं, तन्मठे नयनक्षमम् ।
इति मे गुरुणा प्रोक्तं, तदाज्ञा क्रियते मया ।।५२१।।

શ્લોકાર્થ :-

આ દિશા વડે=પૂર્વમાં વર્ણન કર્યું એ દિશા વડે, વાનરક=ચિત્તરૂપી વાનરક, તે મઠમાં=શિવાલયમઠમાં લઈ જવા સમર્થ છે એ પ્રમાણે ગુરુ વડે મને કહેવાયું. મારા વડે=સાતમા મુનિ વડે, તેમની=ગુરુની આજ્ઞા કરાય છે=ગુરુની આજ્ઞાનું પાલન કરાય છે. ।।૫૨૧।।

શ્લોક :-

अथाकलङ्को मौनीन्द्रवचोभावविदब्रवीत् ।
चारु चारूपदिष्टं ते, गुरुणा ज्ञानभानुना ।।५२२।।

શ્લોકાર્થ :-

હવે મૌનીન્દ્ર વચનના ભાવને જાણનારો અકલંક બોલ્યો. જ્ઞાનરૂપી સૂર્ય જેવા ગુરુ વડે તમને સુંદર સુંદર ઉપદેશ કરાયો.

અકલંક ભગવાનના શાસનના વચનના ભાવને જાણનારો છે. તેથી મુનિના વચનથી કઈ રીતે આ ચિત્તરૂપી વાનર મોક્ષમાં જાય છે, તેના પરમાર્થને જાણી શકે છે. તેથી હર્ષમાં આવીને કહે છે કે જ્ઞાનરૂપી સૂર્ય જેવા ગુરુ વડે તમને સુંદર માર્ગ બતાવાયો. **।।૫૨૨।।**

શ્લોક :-

चारु तद्वचनं कर्तुं, मुनिराज ! प्रवर्तसे ।
प्रत्यासीदति मुक्तिस्त्वां, कृतेदृशमनोजयम् ।।५२३।।

શ્લોકાર્થ :-

હે મુનિરાજ ! ચારુ એવા તેમના વચનને કરવા માટે તમે પ્રવર્તો છો. કરાયેલા આવા પ્રકારના મનોજયવાળા તમને મુક્તિ પાસે આવે છે.

તમે ગુરુના વચનાનુસાર જે ઉચિત પ્રવૃત્તિ કરો છો, તેથી તમે આવા પ્રકારનો મનોજય કર્યો છે. જેથી વિષયોથી પરાઙ્મુખ થઈને શુભલેશ્યાની પદિકાઓમાં વર્તો છો. જેથી મુક્તિ તમને નજીક આવે છે, એમ અકલંક કહે છે. **।।૫૨૩।।**

શ્લોક :-

ततोऽगृहीतसंकेते !, सोऽकलङ्को महाशयः ।
आर्द्रीकर्तुं मम मनो, ववर्षेमां वचःसुधाम् ।।५२४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=આ પ્રમાણે મુનિને કહ્યા પછી, હે અગૃહીતસંકેતા ! મહાશયવાળા તે અકલંકે મારા મનને આર્દ્ર કરવા માટે આ વચનરૂપી અમૃતને વરસાવ્યું. ।।૫૨૪।।

શ્લોક :-

स्फुटाक्षरैरनेनेत्थं, मुनिना यन्निवेदितम् ।
तद् भद्र ! भवताऽबोधि, किं न वा घनवाहन ! ।।५२५।।

શ્લોકાર્થ :-

આ મુનિ દ્વારા આ રીતે સ્ફુટાક્ષરોથી જે નિવેદન કરાયું. હે ભદ્ર ! ઘનવાહન ! તે તારા વડે જણાયું અથવા હે ઘનવાહન ! શું નથી જણાયું. ।।૫૨૫।।

શ્લોક :-

चित्तमेव समाख्यातमनेन क्लेशवर्जितम् ।
मोक्षस्य प्रापकं मुख्यं, सामग्र्यन्या तदर्थिका ।।५२६।।

શ્લોકાર્થ :-

આના દ્વારા=મુનિ દ્વારા, ક્લેશવર્જિત ચિત્ત જ મોક્ષનું મુખ્ય પ્રાપક કહેવાયું. અન્ય સામગ્રી તદ્અર્થિકા છે=ક્લેશવર્જિત ચિત્તને અર્થે છે. ।।૫૨૬।।

શ્લોક :-

लेश्यानां परिणामेन, तत् क्लेशत्याजनक्षमम् ।
शुद्धेष्वध्यवसायेषु, गच्छदेवोपपद्यते ।।५२७।।

શ્લોકાર્થ :-

શુદ્ધ અધ્યવસાયોમાં જતું જ એવું તે=ચિત્ત, લેશ્યાના પરિણામથી ક્લેશ ત્યાજનમાં સમર્થ ઉપપન્ન થાય છે.

અકલંક ઘનવાહનને મુનિના કથનનો સંક્ષેપસાર બતાવતાં કહે છે. ક્લેશવર્જિત ચિત્ત જ મોક્ષપ્રાપક છે, અન્ય સર્વ સદ્ક્રિયાઓરૂપ સામગ્રી ક્લેશરહિત ચિત્તની નિષ્પત્તિ માટે છે અને શુદ્ધ અધ્યવસાયમાં ચિત્ત જતું હોય, ત્યારે શ્રેષ્ઠ લેશ્યાઓના પરિણામથી ક્લેશનો ત્યાગ કરવામાં સમર્થ બને છે. **।।૫૨૭।।**

શ્લોક :-

इदं हेतुर्भवस्यापि, शिवस्यैव न केवलम् ।
यत् पूर्वपदिकारूढं, हट्टमार्गे नयत्यदः ।।५२८।।

શ્લોકાર્થ :-

આ=ચિત્ત, ભવનો પણ હેતુ છે, કેવલ મોક્ષનો જ નહિ. જે કારણથી પૂર્વપદિકામાં આરૂઢ આ=ચિત્ત, હટ્ટમાર્ગમાં લઈ જાય છે.

ચિત્ત મોક્ષનો કઈ રીતે પ્રાપક છે, તેમ અકલંકે બતાવ્યું. હવે ઘનવાહનને કહે છે તે ચિત્ત ભવનો પણ હેતુ છે; કેમ કે પૂર્વની ત્રણ લેશ્યાઓમાં આરૂઢ

થયેલું ચિત્ત એક ભવમાંથી બીજા ભવમાં જવારૂપ હટ્ટમાર્ગમાં લઈ જાય છે. **॥૫૨૮॥**

શ્લોક :-

असंख्याध्यवसायेषु, चरत् तत् चित्तवानरम् ।
विचित्रयोनिरूपस्य, संसारस्य विधायकम् ।।५२९।।

શ્લોકાર્થ :-

અસંખ્યાત અધ્યવસાયોમાં ભટકતું તે ચિત્તરૂપી વાનર વિચિત્ર યોનિરૂપ સંસારનું વિધાયક છે. ॥૫૨૯॥

શ્લોક :-

पदिकायां समारुह्य, मरणोत्प्लवनं हि तत् ।
करोति प्राणभाजस्तत्पदिकास्थभवे नयेत् ।।५३०।।

શ્લોકાર્થ :-

પદિકામાં આરોહણ કરીને શરીરધારી જીવોનું તે=ચિત્ત, મરણના ઉત્પ્લવનને કરે છે=મરણની પ્રાપ્તિ કરાવે છે, જીવને તે પદિકામાં રહેલા એવા ભવમાં લઈ જાય છે.

જીવ જે લેશ્યામાં આરોહણ કરીને મૃત્યુ પામે છે, તે લેશ્યાવાળા ભવમાં તે જીવ જાય છે, તેથી અશુભલેશ્યામાં મરીને નરક-તિર્યંચાદિ અશુભભવમાં જાય છે. શુભલેશ્યાને પામીને દેવગતિ આદિ ભવોમાં જાય છે. **॥૫૩૦॥**

શ્લોક :-

सदोषं भवहेतुस्तत् निर्दोषं मोक्षदं मनः ।
अत एव परेऽपीत्थमामनन्ति मनीषिणः ।।५३१।।

શ્લોકાર્થ :-

સદોષ એવું તે=મન, ભવનો હેતુ છે. નિર્દોષ એવું મન મોક્ષને દેનારું છે. આથી જ પર પણ મનીષીઓ=પરદર્શનવાળા પણ બુદ્ધિમાન પુરુષો, આ પ્રમાણે=આગળમાં કહે છે એ પ્રમાણે, માને છે. ॥૫૩૧॥

શ્લોક :-

चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते ।।५३२।।

શ્લોકાર્થ :-

રાગાદિ ક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે. તે જ=ચિત્ત જ, તેનાથી વિનિર્મુક્ત=રાગાદિથી રહિત, ભવનો અંત એ પ્રમાણે કહેવાય છે. ।।૫૩૨।।

શ્લોક :-

गुह्याद् गुह्यतरं तत्त्वं, तदिदं कथयामि ते ।
चित्तमेव हि सद्रत्नं, रक्षणीयं प्रयत्नतः ।।५३३।।

શ્લોકાર્થ :-

ગુહ્યથી પણ ગુહ્યતર તત્ત્વ તે આ હું તને કહું છું. જે કારણથી પ્રયત્નથી સદ્‌રત્ન એવા ચિત્તને જ રક્ષણ કરવું જોઈએ.

અકલંક ઘનવાહનને કહે છે. અત્યંત ગુહ્ય પદાર્થો સામાન્ય જીવો જાણી શકતા નથી. તે સર્વ કરતાં પણ અત્યંત ગુહ્યતર તત્ત્વ પ્રાજ્ઞ જીવોને પણ પ્રાપ્ત થવું દુષ્કર છે તેવું તત્ત્વ હું તને કહું છું. જે સદ્ રત્ન જેવા ચિત્તનું તારે પ્રયત્નથી રક્ષણ કરવું જોઈએ. સ્થૂલ બુદ્ધિવાળા જીવો તેના હાર્દને જાણી શકે નહિ. તેથી આ અત્યંત ગુહ્યતર છે, તેમ કહીને ચિત્તને રક્ષણ કરવા માટેનો ગંભીર ઉપાય ભાવન કરવો જોઈએ અને તે રીતે ભાવન કરીને તેનું રક્ષણ કરવું જોઈએ. એમ અકલંક ઘનવાહનને સૂચન કરે છે. **।।૫૩૩।।**

શ્લોક :-

यावद्धावति चित्तं ते, जवनं पवनादपि ।
कामेषु सुखगन्धोऽपि, तावत् तव न विद्यते ।।५३४।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી પવનથી પણ વેગવાળું તારું ચિત્ત કામોમાં=વિષયોમાં, દોડે છે, ત્યાં સુધી તને સુખનો ગંધ પણ વિધમાન નથી.

વિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી. પરંતુ વિષયોનું આકર્ષણ ચિત્તને ગતિશીલ કરીને સતત નવા નવા વિષયોમાં ભટકાવે છે. ત્યાં સુધી જીવને સ્વસ્થતાના સુખની ગંધ પણ પ્રાપ્ત થતી નથી. **॥૫૩૪॥**

શ્લોક :-

यदा बहिर्भ्रमं त्यक्त्वा, स्थिरीभावं प्रपद्य च ।

निःस्पृहं भावि चित्तं ते, तदा ते परमं सुखम् ।।५३५।।

શ્લોકાર્થ :-

જ્યારે બહારના ભ્રમનો ત્યાગ કરીને=બાહ્ય પદાર્થોમાં સુખ છે એ પ્રકારના ભ્રમનો ત્યાગ કરીને, સ્થિરીભાવને સ્વીકારીને=આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિરીભાવને સ્વીકારીને, તારું ચિત્ત નિઃસ્પૃહ થશે ત્યારે તને પરમ સુખ છે. ।।૫૩૫।।

શ્લોક :-

यदा ध्यानसरोमध्ये, निलीनं स्वगुणाम्बुजे ।

भविष्यत्यलिवच्चित्तं, तदा ते परमं सुखम् ।।५३६।।

શ્લોકાર્થ :-

જ્યારે ધ્યાનરૂપી સરોવરના મધ્યમાં પોતાના ગુણરૂપી કમળમાં ભમરાની જેમ ચિત્ત નિલીન થશે, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૩૬।।

શ્લોક :-

अभिरामासु रामासु, श्यामासु च मषीषु ते ।

यदा समं भवेच्चित्तं, तदा ते परमं सुखम् ।।५३७।।

શ્લોકાર્થ :-

સુંદર સ્ત્રીઓમાં અને મષી જેવી કાળી સ્ત્રીઓમાં જ્યારે તારું સમાન ચિત્ત થાય ત્યારે તને પરમ સુખ થાય. ।।૫૩૭।।

શ્લોક :-

प्रत्यवस्थातरि क्रुद्धे, स्वान्तशुद्धे च सज्जने ।
यदा मनस्ते निर्भेदं, तदा ते परमं सुखम् ।।५३८।।

શ્લોકાર્થ :-

ક્રોધવાળા એવા શત્રુમાં અને સ્વાંત શુદ્ધ એવા સજ્જનમાં જ્યારે તારું મન નિર્ભેદ થાય=સમાન થાય ત્યારે તને પરમ સુખ છે. ।।૫૩૮।।

શ્લોક :-

स्फुरत्कान्तिषु रत्नेषु, मृत्स्नायां च न भेदिनी ।
यदा ते स्यान्मनोवृत्तिस्तदा ते परमं सुखम् ।।५३९।।

શ્લોકાર્થ :-

સ્ફુરત કાંતિવાળાં રત્નોમાં અને માટીમાં જ્યારે તારી ભેદ કરનારી મનોવૃત્તિ ન થાય ત્યારે તને પરમ સુખ છે. ।।૫૩૯।।

શ્લોક :-

अनभ्रानुपरागेन्दुनिर्मलं ते यदा मनः ।
रजस्तमोऽनभिभवात्, तदा ते परमं सुखम् ।।५४०।।

શ્લોકાર્થ :-

રજ અને તમના અનભિભવથી=રાગ, દ્વેષના અસ્પર્શથી, વાદળા વગરના અને ઉપરાગ વગરના ચંદ્ર જેવું નિર્મલ તારું મન જ્યારે થશે ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૦।।

શ્લોક :-

प्रतिष्ठा शौकरी विष्टा, राज्यं चित्ते यदा रजः ।
भोगा रोगा इवाभान्ति, तदा ते परमं सुखम् ।।५४१।।

શ્લોકાર્થ :-

પ્રતિષ્ઠારૂપી ભૂંડણ વિષ્ટા છે. જ્યારે ચિત્તમાં રાજ્ય રજ છે. ભોગો રોગો જેવા ભાસે છે, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૧।।

શ્લોક :-

व्याघ्रादिवान्यनिन्दायाः, परद्रोहादहेरिव ।
यदा बिभेति चित्तं ते, तदा ते परमं सुखम् ।।५४२।।

શ્લોકાર્થ :-

અન્યની નિંદાથી વાઘની જેમ અને પરદ્રોહથી સાપની જેમ જ્યારે તારું ચિત્ત ભય પામે છે=અન્ય જીવોની નિંદાથી અને પરદ્રોહથી વિરામ પામેલું ચિત્ત થશે, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૨।।

શ્લોક :-

धर्मश्चित्ते परिणमेच्चन्दने गन्धवद् यदा ।
आकालमेकभावेन, तदा ते परमं सुखम् ।।५४३।।

શ્લોકાર્થ :-

ચંદનમાં ગંધની જેમ જ્યારે ચિત્તમાં ધર્મ આકાલ=સદા એક ભાવથી પરિણમન પામે ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૩।।

શ્લોક :-

शीततापादिभिर्भावैः, स्याच्चित्तस्यानुपद्रुता ।
सर्वसहा यदा वृत्तिस्तदा ते परमं सुखम् ।।५४४।।

શ્લોકાર્થ :-

શીત તાપાદિ ભાવોથી ચિત્તને અનુપદ્રુતા થાય=ઉપદ્રવો ન થાય. જ્યારે સર્વ સહવૃત્તિ છે=બધા ભાવોને સહન કરવાની વૃત્તિ છે, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૪।।

શ્લોક :-

यदा न प्रेर्यते चित्तं, चिन्मात्रप्रतिबन्धतः ।
अनादिवासनावातैस्तदा ते परमं सुखम् ।।५४५।।

શ્લોકાર્થ :-

ચિન્માત્રના પ્રતિબંધને કારણે=નિરાકુળ જ્ઞાન સ્વભાવના રાગને કારણે, જ્યારે અનાદિ વાસનારૂપી પવનો વડે ચિત્ત પ્રેરાતું નથી, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૫।।

શ્લોક :-

ज्ञाननीरैर्व्रतक्षारैर्धौतपापमलं यदा ।
चित्तवस्त्रं भवेच्छुद्धं, तदा ते परमं सुखम् ।।५४६।।

શ્લોકાર્થ :-

જ્ઞાનરૂપી પાણીથી અને વ્રતરૂપી ક્ષારોથી ધોવાયેલા પાપમલવાળું ચિત્તવસ્ત્ર જ્યારે શુદ્ધ થાય, ત્યારે તને પરમ સુખ છે. ।।૫૪૬।।

શ્લોક :-

संपूर्य ब्रह्मणा सर्वं, सममुच्चावचं जगत् ।
यदा ध्यायति ते चित्तं, तदा ते परमं सुखम् ।।५४७।।

શ્લોકાર્થ :-

ઊંચું-નીચું એવું જગત બ્રહ્મ વડે સર્વ પૂરીને જ્યારે તારું ચિત્ત ધ્યાન કરે છે=બ્રહ્મ સ્વરૂપે ધ્યાન કરે છે, ત્યારે તને પરમ સુખ છે.

જગતવર્તી જીવો ચાર ગતિઓની વિડંબના સ્વરૂપ છે. તે સર્વ બ્રહ્મ સ્વરૂપે સમાન છે, એ પ્રમાણે સૂક્ષ્મ અવલોકન કરીને જગતના જીવમાત્રને બ્રહ્મ સ્વરૂપે સ્થિર જોવાની દૃષ્ટિ જ્યારે પ્રગટે છે, ત્યારે જગતના ભાવો કૃત ક્લેશનો સ્પર્શ નહિ થવાથી જીવને પરમ સુખ થાય છે. **।।૫૪૭।।**

શ્લોક :-

संहृत्य बुद्बुदप्रायान्, भावान् सांसारिकान् यदा ।
चित्तोदधिः स्थिरस्ते स्यात्, तदा ते परमं सुखम् ।।५४८।।

શ્લોકાર્થ :-

બુદ્‌બુદપ્રાયઃ=પરપોટા જેવા, સાંસારિક ભાવોને જ્યારે સંહરણ કરીને તારો ચિત્તરૂપી સમુદ્ર સ્થિર થાય ત્યારે તને પરમ સુખ છે.

સમુદ્રના પાણીમાં પરપોટાઓ થાય છે તેના જેવા ચિત્તરૂપી સમુદ્રમાં વિકલ્પો રૂપી ભાવો થાય છે. તત્ત્વના ભાવનથી તેનું સંહરણ કરીને ચિત્તરૂપી સમુદ્ર સ્થિર થાય છે, ત્યારે પરમ સ્વાસ્થ્યરૂપ શ્રેષ્ઠ સુખ થાય છે. **॥૫૪૮॥**

શ્લોક :-

परास्यप्रेक्षितां त्यक्त्वा, दासतां लप्स्यते मनः ।
यदाऽनुभवसाम्राज्यं, तदा ते परमं सुखम् ।।५४९।।

શ્લોકાર્થ :-

પરના મુખને જોનારી દાસતાનો ત્યાગ કરીને જ્યારે મન અનુભવ-સામ્રાજ્ય પ્રાપ્ત કરશે, ત્યારે તને પરમ સુખ છે.

જીવ પુદ્‌ગલના મુખને જોનારો બને છે, ત્યારે પુદ્‌ગલનો દાસ બને છે. જ્યારે તે દાસ ભાવનો ત્યાગ કરીને પોતાના નિરાકુળ અનુભવસામ્રાજ્યને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને પરમ સુખ થાય છે. **॥૫૪૯॥**

શ્લોક :-

न सुषुप्तं यदा चित्तं, न सुप्तं नापि जागरम् ।
तुर्यावस्थानुभवभृत्, तदा ते परमं सुखम् ।।५५०।।

શ્લોકાર્થ :-

જ્યારે ચિત્ત સુષુપ્ત નથી, સુપ્ત નથી, જાગર પણ નથી, ચોથી અવસ્થાના અનુભવથી ભરાયેલું છે, ત્યારે તને પરમ સુખ છે.

જીવની ગાઢ મિથ્યાત્વ અવસ્થા સુષુપ્ત છે. અવિરત સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત સુપ્ત છે; કેમ કે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવા છતાં વિષયોમાં પ્રવૃત્ત છે. વળી, અપ્રમત્ત મુનિનું ચિત્ત જાગરદશાવાળું છે; કેમ કે સંસારને અત્યંત નિર્ગુણ જાણે છે અને તેના ઉચ્છેદ માટે અત્યંત અપ્રમાદવાળા છે. વીતરાગ ચોથી

અવસ્થાના અનુભવવાળા છે. પૂર્વની ત્રણ અવસ્થાનો ત્યાગ કરીને ચોથી અવસ્થાને પામેલ વીતરાગ પરમ સુખને અનુભવે છે. **॥૫૫૦॥**

શ્લોક :-

इति चित्तं विना नान्यः, सुखहेतुर्जगत्त्रये ।
चित्तवृत्तिं ततो रक्ष, लक्षयन् वास्तवीं स्थितिम् ।।५५१।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, જગત્ત્રયમાં ચિત્ત વગર અન્ય સુખનો હેતુ નથી. તેથી વાસ્તવિક સ્થિતિને જાણતો તું ચિત્તવૃત્તિનું રક્ષણ કર.

અકલંક ઘનવાહનને તત્ત્વને અભિમુખ કરવા અર્થે કહે છે કે જગત્ત્રયમાં સુખ ચિત્ત સિવાય અન્ય કંઈ નથી; કેમ કે ધનાદિમાં સુખનું વેદન નથી, ચિત્તમાં સુખનું વેદન છે અને ધનાદિમાં સંશ્લેષવાળું વ્યાકુળ ચિત્ત છે. તેથી સુખદુઃખની વાસ્તવિક સ્થિતિને જાણતો એવો તું ચિત્તવૃત્તિનું કષાયોના ઉપદ્રવોથી રક્ષણ કર. **॥૫૫૧॥**

શ્લોક :-

ततोऽहमकलङ्कस्य, सिक्तस्तैर्वचनामृतैः ।
शर्मागृहीतसंकेते, मनाक् चित्तेऽनुभूतवान् ।।५५२।।

શ્લોકાર્થ :-

તેથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે અકલંકે કહ્યું તેથી, અકલંકના તે વચનના અમૃતથી સિંચાયેલા એવા મેં હે અગૃહીતસંકેતા ! ચિત્તમાં મનાક્ સુખનો અનુભવ કર્યો.

ઘનવાહનના ભવમાં કંઈક તત્ત્વને અભિમુખ ચિત્ત છે તોપણ અકલંક જેવું નિર્મળ ચિત્ત નથી. તેથી અકલંકનાં પુનઃ પુનઃ વચનોના બળથી કંઈક અંતરંગ સ્વસ્થતાને અભિમુખ ચિત્ત બને છે. તેથી કંઈક કષાયની મંદતારૂપ સુખનો અનુભવ ઘનવાહનને થાય છે. **॥૫૫૨॥**

શ્લોક :-

भिन्नं मे कर्मपटलं, तद्दृष्टान्तैरयोघनैः ।

अतीत्याहं स्थितिं बह्वीं, कर्मग्रन्थ्यन्तिके स्थितः ।।५५३।।

શ્લોકાર્થ :-

હથોડા જેવાં તે દૃષ્ટાંતોથી મારું કર્મરૂપી પટલ ભેદાયું, ઘણી સ્થિતિને ઓળંગીને હું કર્મગ્રંથિના અંતિકમાં રહ્યો.

હથોડા જેવાં અકલંકનાં તે દૃષ્ટાંતોથી ઘનવાહનનું કર્મપટલ કંઈક ભેદાયું, જેથી સત્તામાં જે કર્મની ઘણી સ્થિતિ હતી, તે અલ્પ થઈ. તેથી મિથ્યાત્વની ગ્રંથિને ભેદવાની નજીકની સ્થિતિમાં ઘનવાહનનો જીવ આવે છે. **॥૫૫૩॥**

શ્લોક :-

इतश्च सैन्यं चारित्रधर्मराजस्य यत् स्थितम् ।

चित्तवृत्तिमहाटव्यां, निरुद्धं मोहसेनया ।।५५४।।

तदा तत् तादृशं दृष्ट्वा, पीडितं शत्रुभिर्बलम् ।

सद्बोधमन्त्री चारित्रधर्मभूपमभाषत ।।५५५।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ ચિત્તવૃત્તિ મહાટવીમાં મોહની સેના વડે જે ચારિત્રધર્મનું સૈન્ય નિરુદ્ધ રહેલું, ત્યારે શત્રુઓથી=મહામોહાદિ શત્રુઓથી, પીડિત તેવા પ્રકારના તે સૈન્યને જોઈને=કંઈક તત્ત્વને અભિમુખ હોવાથી મહામોહના સૈન્યથી ચારિત્રનું સૈન્ય પૂર્વ કરતાં કંઈક અલ્પ પીડિત જોઈને, સદ્બોધ મંત્રીએ ચારિત્રધર્મને કહ્યું. ॥૫૫૪-૫૫૫॥

શ્લોક :-

कर्तव्यो देव ! नो खेदो, दृश्यते कुसुमोद्गमः ।

अस्मन्मनोरथतरोः, संसार्यस्ति यदुन्मुखः ।।५५६।।

શ્લોકાર્થ :-

હે દેવ !=ચારિત્રધર્મ રાજા ! ખેદ કરવો જોઈએ નહિ. અમારા મનોરથરૂપી વૃક્ષના કુસુમનો ઉદ્‌ગમ દેખાય છે, જે કારણથી સંસારી જીવ ઉન્મુખ છે.

ઘનવાહનની ચિત્તવૃત્તિમાં ચારિત્રધર્મનું સૈન્ય શત્રુઓથી અત્યંત ઘેરાયેલું હતું. તે કંઈક અલ્પ ઘેરાયેલું થયું. તેથી ઘનવાહનના ચિત્તમાં વર્તતો સદ્‌બોધ કંઈક તત્ત્વને અભિમુખ થયો. તેથી ચારિત્રધર્મને કહે છે, આપણા મનોરથો પૂર્ણ થશે. તેની પૂર્વભૂમિકા થઈ છે; કેમ કે ઘનવાહનનો જીવ કંઈક સંસારના ભાવોથી ઉન્મુખ થયો છે. **॥૫૫૬॥**

શ્લોક :-

दृष्ट्वाऽधुना मनाक् शुभ्रां, चित्तवृत्तिमहाटवीम् ।
ऊहे संसारिजीवस्यास्मद्ज्ञानाभ्यर्णवर्तिताम् ।।५५७।।

શ્લોકાર્થ :-

સંસારી જીવની થોડીક શુભ્ર ચિત્તવૃત્તિ મહાટવીને જોઈને હમણાં હું= સદ્‌બોધ, અમારા જ્ઞાનની અભ્યર્ણવર્તિતાનો=ઘનવાહનના જીવને ચારિત્રધર્માદિનું જ્ઞાન થશે તેવી નજીકની ભૂમિકાનો, ઊહ કરું છું.

સદ્‌બોધને જણાય છે કે ઘનવાહન હવે સદ્‌બોધને, ચારિત્રધર્મને અને તેના સૈન્યને અલ્પકાળમાં જોનારો થશે; કેમ કે અકલંકના વચનથી તેની ચિત્તવૃત્તિ કંઈક શુભ્ર બની છે. **॥૫૫૭॥**

શ્લોક :-

अस्य दृष्टौ च शक्तिर्नः, शत्रुघाते स्फुरिष्यति ।
मन्त्राधिष्ठायकस्येव, मन्त्रशक्तिर्महीयसी ।।५५८।।

શ્લોકાર્થ :-

આની દૃષ્ટિ હોતે છતે=ઘનવાહનની દૃષ્ટિ હોતે છતે, અમારી=સદ્‌બોધ આદિની, શક્તિ શત્રુઘાતમાં સ્ફુરાયમાન થશે. જેમ મંત્રાધિષ્ઠાયકની

જ મહાન એવી મંત્રશક્તિ શત્રુઘાતમાં સ્ફુરાયમાન થાય છે.

સદ્બોધ ચારિત્રધર્મને કહે છે કે ઘનવાહનની દૃષ્ટિ થોડીક આપણી સન્મુખ થઈ. તેથી આપણી શક્તિ મહામોહના ઘાતમાં સમર્થ થશે; કેમ કે જીવ જેના પક્ષમાં રહે છે, તે બળવાન બને છે. **॥૫૫૮॥**

શ્લોક :-

तमापृच्छ्य ततः कर्मपरिणाममहीभुजम् ।
पार्श्वे संसारिजीवस्य, प्रेष्यतां कोऽपि मानवः ।।५५९।।

શ્લોકાર્થ :-

તેથી=આપણી શત્રુઘાતમાં શક્તિ સ્ફુરણ થશે તેવી સંભાવના છે તેથી, તે કર્મપરિણામ રાજાને પૂછીને સંસારી જીવ પાસે કોઈક માનવ= ચારિત્રસૈન્યનો કોઈક માનવ, મોકલાવાઓ.

સદ્બોધ મંત્રી કહે છે કે ઘનવાહનનાં કર્મો કંઈક અલ્પ થયાં છે. તેથી તેનાં કર્મોને તે પ્રકારે જાણીને ચારિત્રધર્મનો કોઈક પરિણામ સંસારી જીવ પાસે મોકલવો જોઈએ. જેથી આપણી શત્રુઘાતમાં શક્તિ શીઘ્ર સ્ફુરણ થાય. **॥૫૫૯॥**

શ્લોક :-

भूयसाऽनेहसा बाढं, ततस्तेनानुकूलितः ।
सतृष्णो दर्शनेऽस्माकं, स निर्मिथ्यं भविष्यति ।।५६०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=કોઈક માણસ મોકલાવાયા પછી, તેના વડે=તે માનવ વડે, ઘણા કાળ સુધી અત્યંત અનુકૂળ કરાયેલો તે=ઘનવાહનનો જીવ, અમારા દર્શનમાં તૃષ્ણાવાળો નિર્મિથ્યા થશે.

સદ્બોધ મંત્રી કહે છે કે ઘનવાહનની પાસે આપણો કોઈક મનુષ્ય મોકલાય. જે મનુષ્યના સંપર્કથી ઘનવાહનનો જીવ સદ્બોધ આદિ પ્રત્યે કંઈક અનુકૂળ થશે. તેથી પારમાર્થિક રીતે આપણા દર્શન માટે તૃષ્ણાવાળો થશે. જેથી શત્રુઘાતમાં આપણે સમર્થ બનશું. **॥૫૬૦॥**

શ્લોક :-

ततश्चारित्रधर्मेण, प्रोक्तं कः प्रेषणोचितः ।
सद्बोधः प्राह सर्वेषामुपकारी सदागमः ।।५६१।।

શ્લોકાર્થ :-

તેથી=સદ્બોધે ચારિત્રધર્મને કહ્યું કે સંસારી જીવ પાસે કોઈક મનુષ્ય મોકલવો જોઈએ તેથી, ચારિત્રધર્મ વડે કહેવાયું – મોકલવાને ઉચિત કોણ છે ? સદ્બોધ કહે છે બધાનો ઉપકારી સદાગમ છે.

સદ્બોધ કહે છે કે સદાગમને મોકલવો જોઈએ, તે આપણા બધાનો ઉપકારી થશે. **॥૫૬૧॥**

શ્લોક :-

संस्तवात् सोऽस्य बहुशो, दिदृक्षुर्नो भविष्यति ।
तस्मै कर्मपरिणामस्ततोऽस्मान् ज्ञापयिष्यति ।।५६२।।

શ્લોકાર્થ :-

આના=સદાગમના, અનેક વખતના સંસ્તવથી તે=સંસારી જીવ, અમોને જોવાની ઈચ્છાવાળો થશે. ત્યારપછી કર્મપરિણામ તેને=સંસારી જીવને, અમોને ઓળખાવશે.

દ્રવ્યશ્રુતરૂપ સદાગમ સંસારી જીવને પ્રાપ્ત થશે અને તે દ્રવ્યશ્રુત હંમેશાં ચારિત્રધર્મના ગુણગાન કરનાર અને સદ્બોધના ગુણગાન કરનાર હશે. તેથી સંસારી જીવને પારમાર્થિક ચારિત્રધર્મ અને પારમાર્થિક સદ્બોધ પ્રત્યે કંઈક રાગ થશે. તેથી તેને જોવાની ઇચ્છા થશે, તે વખતે સદ્બોધની પ્રાપ્તિ અને ચારિત્રના સૂક્ષ્મ બોધની પ્રાપ્તિમાં બાધક કર્મપરિણામો ક્ષયોપશમભાવવાળા થશે. તેનાથી જીવને ભગવાનનો સદ્બોધ પારમાર્થિક કેવા સ્વરૂપવાળો છે અને ભગવાનનું ચારિત્ર પારમાર્થિક કેવા સ્વરૂપવાળું છે, તેવો બોધ થશે. **॥૫૬૨॥**

શ્લોક :-

ततो वयं हनिष्यामः, शत्रून् श्रुत्वेति मन्त्रिणः ।
वाचं नृपो मदभ्यर्णे, प्रजिघाय सदागमम् ।।५६३।।

શ્લોકાર્થ :-

તેથી=કર્મપરિણામ રાજા સંસારી જીવને અમોને ઓળખાવશે તેથી, અમે=સદ્બોધ આદિ, શત્રુઓને હણશું એ પ્રકારે સદ્બોધ મંત્રીનું વચન સાંભળીને રાજાએ=ચારિત્રધર્મ રાજાએ, મારી પાસે સદાગમને મોકલ્યો. ।।૫૬૩।।

શ્લોક :-

प्रत्यब्रवीच्च सचिवं, सम्यग्दर्शननामकः ।
अनेन सार्धमेषोऽपि, किं न प्रेष्यो महत्तमः ।।५६४।।

શ્લોકાર્થ :-

સદ્બોધ મંત્રી પ્રત્યે કહ્યું=રાજાએ કહ્યું, આની સાથે=સદાગમની સાથે, સમ્યગ્દર્શન નામનો આ પણ મહત્તમ કેમ મોકલવા યોગ્ય નથી ?

ચારિત્રધર્મ રાજા સદ્બોધને કહે છે. સદાગમની સાથે સમ્યગ્દર્શન પણ મોકલવાથી અધિક લાભ થશે માટે તેને કેમ મોકલવાનું તું કહેતો નથી ? **।।૫૬૪।।**

શ્લોક :-

सद्बोधः प्राह भात्युच्चैर्युक्तोऽनेन सदागमः ।
प्रस्तावाभावतः किन्तु, नाधुनैष प्रहीयते ।।५६५।।

શ્લોકાર્થ :-

સદ્બોધ કહે છે, આની સાથે=સમ્યગ્દર્શનની સાથે, સદાગમ અત્યંત ભાસે છે=જો સદાગમ સાથે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો જીવને સદાગમ જ અત્યંત હિતકારી ભાસે છે તેથી તેને મોકલવો યુક્ત જ છે. પરંતુ પ્રસ્તાવનો અભાવ હોવાથી=ઘનવાહનના જીવમાં તે પ્રકારનાં કર્મો અલ્પ થયેલાં નહીં હોવાથી, હમણાં આ=સમ્યગ્દર્શન, મોકલવા યોગ્ય નથી.

સદ્બોધ રાજાને કહે છે. સદાગમની સાથે સમ્યગ્દર્શન મોકલવો યુક્ત છે, પરંતુ ઘનવાહનનાં કર્મો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે તેવાં મંદ થયાં નથી. તેથી પ્રસ્તાવ નથી માટે હમણાં મોકલાવાતો નથી. **।।૫૬૫।।**

શ્લોક :-

भूपः प्राह कदा मन्त्रिन् ! प्रस्तावोऽस्य भविष्यति ।
मन्त्र्याहोच्चैर्यदा गन्ता, रागमेष सदागमे ।।५६६।।
तदैव प्रेषणीयोऽयं, तस्य पार्श्वे महत्तमः ।
भूयः सदागमासंगाद्, योग्यता सा भविष्यति ।।५६७।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે, હે મંત્રી ! આનો=સમ્યગ્દર્શનનો, પ્રસ્તાવ ક્યારે થશે ? મંત્રી કહે છે, જ્યારે આ=સંસારી જીવ, સદાગમમાં અત્યંત રાગને પામશે, ત્યારે જ આ=મહત્તમ=સમ્યગ્દર્શન, તેની પાસે મોકલવા યોગ્ય છે. સદાગમના સંગથી વળી, તે યોગ્યતા થશે.

સદ્બોધને રાજા પૂછે છે સમ્યગ્દર્શનનો મોકલવાનો પ્રસ્તાવ ક્યારે થશે તેથી મંત્રી કહે છે કે જીવને સદાગમના હાર્દને જાણવાને અનુકૂળ અત્યંત રાગ થશે ત્યારે તત્ત્વના દર્શનનાં આવારક કર્મો ક્ષીણપ્રાયઃ હોવાથી સમ્યગ્દર્શન મોકલવા યોગ્ય થશે અને તેવી યોગ્યતા સદાગમના સંગથી આ જીવને થશે; કેમ કે કંઈક મિથ્યાત્વ મંદ થયું છે તેથી સદાગમનું વચન કંઈક તત્ત્વને સ્પર્શશે તે રીતે સાંભળશે જેથી સદાગમના રહસ્યને સાંભળવાની ઉત્કટ ઇચ્છા થશે. **॥૫૬૬-૫૬૭॥**

શ્લોક :-

यथा रत्ने शतक्षारपुटशोध्ये फलावहः ।
उत्तरेण श्रमः प्राच्यस्तथा ज्ञेयः सदागमे ।।५६८।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે સેંકડો ક્ષારના પુટથી શોધ્ય એવા રત્નમાં પૂર્વનો શ્રમ ઉત્તરથી ફલાવહ છે=ઉત્તરના શોધન માટે ફલાવહ છે, તે પ્રમાણે સદાગમમાં જાણવો.

સદાગમમાં અનેક વખત યત્ન કરશે, ત્યારપછી કંઈક શુદ્ધિને પામેલો તે જીવ સમ્યગ્દર્શનને અનુકૂળ આત્માના શોધન કરવા માટે સમર્થ બનશે. **॥૫૬૮॥**

શ્લોક :-

प्राप्नोति जीवः संसारी, भूयो भूयः सदागमात् ।
वीर्यं यदाऽस्यावसरस्तदा सम्यक्त्वयोजने ।।५६९।।

શ્લોકાર્થ :-

સંસારી જીવ ફરી ફરી સદાગમથી જ્યારે વીર્યને પ્રાપ્ત કરે છે ત્યારે સમ્યક્ત્વ યોજનમાં આનો=સમ્યગ્દર્શનનો, અવસર છે.

દીર્ઘકાળ સદાગમના પરિચયને કારણે જ્યારે જીવનું મિથ્યાત્વ ક્ષીણપ્રાયઃ થશે ત્યારે જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ અવસરને પ્રાપ્ત કરશે. **॥૫૬૯॥**

શ્લોક :-

प्रपन्ने मन्त्रिवचने, ततस्तेन महीभुजा ।
सदागमः सन्निधानं, क्रमान्मम समागतः ।।५७०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે રાજા વડે મંત્રીનું વચન સ્વીકાર કરાયે છતે ક્રમથી મારા સન્નિધાનને સદાગમ આવ્યો.

મંત્રીનું વચન સ્વીકારીને ઘનવાહન પાસે સદાગમ મોકલવાનો પ્રારંભ કરાય છે, ત્યારે તત્ક્ષણ જ સદાગમ આવતો નથી. પરંતુ અકલંકનાં પુનઃ પુનઃ વચન સાંભળીને કંઈક કંઈક અંશથી સદાગમને આવારક કર્મોનો ક્ષયોપશમ થાય છે. ત્યારપછી સદાગમ પ્રાપ્ત થાય છે. **॥૫૭૦॥**

શ્લોક :-

ज्ञानसंवरणो नाम, महामोहनियुक्तकः ।
लीनः स्थितस्ततो दृष्ट्वा सदागमसमागमम् ।।५७१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મહામોહથી નિયુક્તક એવો જ્ઞાનસંવરણ સદાગમના આગમને જોઈને લીન રહ્યો.

સદાગમના સ્થૂલ બોધનો આવારક એવો જ્ઞાનસંવરણ કંઈક કંઈક ક્ષીણ થવા લાગ્યો. **॥૫૭૧॥**

શ્લોક :-

अकलङ्कोऽथ संप्राप्तो, ध्यानारूढस्य सन्निधौ ।
मया सह निषण्णश्च, तं प्रणम्य महामुनिम् ।।५७२।।

શ્લોકાર્થ :-

હવે, અકલંક ધ્યાન આરૂઢ મુનિની સંનિધિમાં મારી સાથે પ્રાપ્ત થયો અને તે મહામુનિને નમસ્કાર કરીને બેઠો. ।।૫૭૨।।

શ્લોક :-

धर्मलाभाशिषं दत्त्वा, पूर्णध्यानः स देशनाम् ।
अकलङ्काय दत्ते स्म, मोहमत्तेभकेसरी ।।५७३।।

શ્લોકાર્થ :-

ધર્મલાભ આશિષને આપીને મોહમત્ત હાથીને માટે કેસરી જેવા પૂર્ણ ધ્યાનવાળા તેમણે=મુનિએ, અકલંકને દેશના આપી. ।।૫૭૩।।

શ્લોક :-

तस्य पार्श्वे मया दृष्टः, स महात्मा सदागमः ।
ज्ञापितश्चाकलङ्केन, वयस्यायं सदागमः ।।५७४।।

શ્લોકાર્થ :-

તેમની પાસે=તે મુનિની પાસે, મારા વડે=ઘનવાહન વડે, તે સદાગમ મહાત્મા જોવાયા. અકલંક વડે જણાવાયું. હે મિત્ર ! આ સદાગમ છે. ।।૫૭૪।।

શ્લોક :-

एते हि मुनयोऽस्याज्ञां, लङ्घयन्ति न कर्हिचित् ।
सूरिरेषोऽस्य जानीते, महिमानमुदारधीः ।।५७५।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, આ મુનિઓ આની=સદાગમની, આજ્ઞાને ક્યારેય ઉલ્લંઘન કરતા નથી. ઉદાર બુદ્ધિવાળા આ સૂરિ આના મહિમાને= સદાગમના મહિમાને, જાણે છે.

અકલંક જે મહાત્મા પાસે આવ્યો છે તે મહાત્મા ગીતાર્થ છે. તે સર્વ મુનિઓને ઉચિત અનુશાસન આપે છે. તે સદાગમ સ્વરૂપ છે અને મુનિઓ તે અનુશાસન ક્યારેય ઉલ્લંઘન કરતા નથી અને ઉદાર બુદ્ધિવાળા આ સૂરિ સદાગમનો મહિમા જાણે છે કે આ સદાગમના અનુશાસનથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ છે. **॥૫૭૫॥**

શ્લોક :-

सर्वेषां जायते ज्ञानमस्मादेव सदागमात् ।
त्वमप्येनं प्रपद्यस्व, कोविदाचार्यसेवया ।।५७६।।

શ્લોકાર્થ :-

આ જ સદાગમથી બધાને=સાધુઓને, શ્રાવકોને કે અન્ય એવા સર્વોને જ્ઞાન થાય છે, તું પણ=ઘનવાહન પણ, કોવિદ આચાર્યની સેવાથી=બુદ્ધિમાન એવા આચાર્યની સેવાથી, આને=સદાગમને, સ્વીકાર કર, એમ અકલંક કહે છે.

અકલંક કહે છે કે આ આચાર્ય ગીતાર્થ છે, તેમાં સદાગમ રહેલો છે. એનાથી જ બધાને સમ્યગ્જ્ઞાન થાય છે માટે આ વિદ્વાન આચાર્યએ જે ઉપદેશ આપ્યો છે, તે રૂપ સદાગમને તું સ્વીકાર કર. **॥૫૭૬॥**

શ્લોક :-

मया तदनुरोधेन, प्रतिपन्नः सदागमः ।
मुदितेन ततः किंचिद् विरलीभूतकर्मणा ।।५७७।।

શ્લોકાર્થ :-

તેથી=અકલંકે ઘનવાહનને સદાગમ સ્વીકારવાનું કહ્યું તેથી, તેના

અનુરોધથી=અકલંકના અનુરોધથી, આનંદિત થયેલા, કંઈક અલ્પ થયેલા કર્મવાળા એવા મારા વડે સદાગમ સ્વીકારાયો.

અકલંકે ઘનવાહનને સદાગમ સ્વીકારવાનું કહ્યું તેથી તેના આગ્રહથી ઘનવાહન કંઈક ખુશ થાય છે. તેના કારણે દ્રવ્યથી સદાગમની પ્રાપ્તિનાં બાધક ક્લિષ્ટ કર્મો કંઈક અલ્પ થાય છે તેથી ઘનવાહનને સૂરિએ આપેલા ઉપદેશરૂપ સદાગમ પ્રાપ્ત થાય છે=કંઈક અંશથી સદાગમ પરિણમન પામે છે. **॥૫૭૭॥**

શ્લોક :-

तद्गुणान् कोविदाचार्यो, मम कांश्चिदबोधयत् ।
भद्रकत्वं ततः किंचिज्जातं श्रद्धानवर्जितम् ।।५७८।।

શ્લોકાર્થ :-

કોવિદ આચાર્યએ મને કેટલાક તેના ગુણોનો=સદાગમના ગુણોનો, બોધ કરાવ્યો. તેથી શ્રદ્ધાનવર્જિત કંઈક ભદ્રકપણું થયું.

તે સૂરિએ ઘનવાહનને સદાગમના કંઈક ગુણોનો બોધ કરાવ્યો. જેથી આ સદાગમના વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી આત્માનું હિત થાય છે, તેવો બોધ ઘનવાહનને થયો તોપણ સમ્યગ્દર્શનથી રહિત કંઈક ભદ્રકપણું થયું. **॥૫૭૮॥**

શ્લોક :-

साधुदाननमस्कारपाठार्हद्वन्दनादिकम् ।
अकलङ्कानुरोधेन, मया किंचित् तदा कृतम् ।।५७९।।

શ્લોકાર્થ :-

કંઈક સાધુદાન, નમસ્કારપાઠ, અર્હત્‌ને વંદનાદિ અકલંકના અનુરોધથી મારા વડે ત્યારે કરાયું. ॥૫૭૯॥

શ્લોક :-

अकलङ्कस्तु संपृच्छ्य, मातापित्रादिकं जनम् ।
जग्राह कोविदाचार्यसन्निधौ संयमं तदा ।।५८०।।

શ્લોકાર્થ :-

વળી, ત્યારે અકલંકે માતા, પિતાદિક જનને પૂછીને કોવિદ આચાર્યની સન્નિધિમાં સંયમ ગ્રહણ કર્યું. ।।૫૮૦।।

શ્લોક :-

विजहार च तेनैव, सार्द्धमन्यत्र शुद्धधीः ।
नष्टाज्ञानः शिवाकाङ्क्षी, कष्टानुष्ठानकारकः ।५८१।।

શ્લોકાર્થ :-

અને તેની જ સાથે=કોવિદાચાર્યની સાથે, શુદ્ધબુદ્ધિવાળા, નષ્ટ અજ્ઞાનવાળા, મોક્ષના આકાંક્ષી, કષ્ટાનુષ્ઠાનના કારક એવા અકલંકે અન્યત્ર વિહાર કર્યો. ।।૫૮૧।।

શ્લોક :-

इतश्चाह महामोहं, सदागमहतच्छविम् ।
ज्ञानसंवरणं ज्ञात्वा, रागकेसरिमन्त्रिराट् ।।५८२।।

શ્લોકાર્થ :-

અને આબાજુ સદાગમથી હણાયેલી કાંતિવાળા જ્ઞાનસંવરણને જાણીને રાગકેસરીના મંત્રીએ મહામોહને કહ્યું.

ઘનવાહનને કંઈક સદાગમની પ્રાપ્તિ થઈ, તેથી તેનું જ્ઞાનાવરણીયકર્મ કંઈક શિથિલ થયું તે જાણીને વિષયાભિલાષ મંત્રી મહામોહને કહે છે. શું કહે છે, તે આગળ બતાવે છે. **।।૫૮૨।।**

શ્લોક :-

इयन्तं यद्बलात् कालं, वयं चिन्तोज्झिताः स्थिताः ।
ज्ञानसंवरणो भीतः, स समेतात् सदागमात् ।।५८३।।

શ્લોકાર્થ :-

જેના બળથી=જે જ્ઞાનસંવરણના બળથી, આટલો કાળ આપણે

ચિંતારહિત રહેલા તે જ્ઞાનસંવરણ સમ્યગ્ આવેલા સદાગમથી ભય પામેલો છે.

વિષયાભિલાષ મહામોહને કહે છે. અત્યારસુધી તત્ત્વને જોવામાં બાધક જ્ઞાનસંવરણ કર્મ ઘનવાહનમાં દૃઢ હતું, તેથી આપણને ચારિત્રધર્મના સૈન્યથી કોઈ ભય ન હતો, પરંતુ હમણાં અકલંકના ઉપદેશાદિના બળથી ઘનવાહનમાં કંઈક સદાગમનો પ્રવેશ થયો છે. તેથી તે જ્ઞાનસંવરણ અલ્પ થયું છે માટે મહામોહની ચિંતાનો વિષય છે. **॥૫૮૩॥**

શ્લોક :-

असौ संसारिजीवस्य, तन्नोपेक्ष्यः स्थितोऽन्तिके ।
नखच्छेद्यं हि न प्राज्ञः, कुठारच्छेद्यतां नयेत् ।।५८४।।

શ્લોકાર્થ :-

તે કારણથી=જ્ઞાનસંવરણ સદાગમથી ભય પામ્યો છે તે કારણથી, સંસારી જીવની પાસે રહેલો એવો આ=સદાગમ, ઉપેક્ષ્ય નથી, હિ=જે કારણથી, પ્રાજ્ઞ પુરુષ નખછેધને કુઠારછેધતાને પ્રાપ્ત થવા દે નહિ.

વિષયાભિલાષ અને મહામોહ વિચારણા કરે છે કે હજી ઘનવાહનમાં આદ્યભૂમિકાના સદાગમનો પ્રવેશ છે. જો અત્યારે જ તે સદાગમને દૂર કરવામાં આવે તો આપણે નિશ્ચિત થઈએ. જો તે વૃદ્ધિ પામશે તો મુશ્કેલીથી છેદ્ય બનશે. **॥૫૮૪॥**

શ્લોક :-

इदं मन्त्रिवचः श्रुत्वा, महामोहसभाऽखिला ।
क्षुब्धा योधा महाक्रोधाः, सर्वे जाता रणोद्यताः ।।५८५।।

શ્લોકાર્થ :-

આ મંત્રીના વચનને સાંભળીને અખિલ મહામોહની સભા ક્ષોભ પામી. યોદ્ધાઓ સર્વ મહાક્રોધવાળા રણઉદ્યત થયા.

ઘનવાહનની ચિત્તવૃત્તિમાં કંઈક સદાગમનો પ્રવેશ થયો છે, તેવો પરિણામ

જોઈને તેના ચિત્તમાં વર્તતા વિષયાભિલાષ મંત્રીએ મહામોહને કહ્યું, તે સાંભળીને મહામોહના સૈન્યના સર્વ યોદ્ધાઓ સદાગમને દૂર કરવા માટે તત્પર થયા. **॥૫૮૫॥**

શ્લોક :-

हन्तव्यः स महापापो, मया गत्वा सदागमः ।
इति प्रत्येकमुक्त्वा ते, स्थिता नृपमुखेक्षिणः ।।५८६।।

શ્લોકાર્થ :-

તે મહાપાપ સદાગમ મારા વડે જઈને=મહામોહના યોદ્ધાઓ વડે જઈને, હણવો જોઈએ. એ પ્રમાણે પ્રત્યેક મહામોહના યોદ્ધાઓએ કહીને મહામોહરૂપી રાજાના મુખને જોનારા એવા તેઓ=તે મહામોહના યોદ્ધાઓ, રહ્યા. ।।૫૮૬।।

શ્લોક :-

महामोहोऽवदद् वत्सा !, यूयं कर्तुमिदं क्षमाः ।
मया हतो हतो नूनं, सर्वैर्युष्माभिरेव सः ।।५८७।।

શ્લોકાર્થ :-

મહામોહ બોલ્યો, હે વત્સો ! તમે આ કરવા સમર્થ છો, મારા વડે હણાયેલો તે=સદાગમ, ખરેખર સર્વ તમારા વડે જ હણાયો છે.

જીવમાં અન્ય કષાયોના પરિણામો તો સદાગમને દૂર કરવા સમર્થ છે, પરંતુ મહામોહ ચિત્તમાં વિપર્યાસ કરે છે. તેથી સદાગમનો કંઈક પ્રવેશ થયેલો તે મહામોહથી સુખપૂર્વક નાશ પામે છે, તેથી મહામોહ સ્વયં ઘનવાહનના ચિત્તમાં સદાગમનો નાશ કરવા તત્પર બને છે. **॥૫૮૭॥**

શ્લોક :-

अतोऽहं यामि तं हन्तुं, यूयमत्रैव तिष्ठत ।
प्रतिजागरणं कार्यं, युष्माभिर्मेऽन्तराऽन्तरा ।।५८८।।

શ્લોકાર્થ :-

આથી હું=મહામોહ, તેને=સદાગમને, હણવા માટે જાઉં છું, તમે અહીં

જ=ચિત્તરૂપી અટવીમાં જ, રહો. તમારા વડે મને વચવચમાં પ્રતિજાગરણ કરવું.

મહામોહ સદાગમનો નાશ કરવા સમર્થ છે તોપણ કોઈક નિમિત્તના બળથી સદાગમ બળવાન બને તો સદાગમનો નાશ મહામોહ કરી શકે નહિ. તેથી વચવચમાં વિષયાભિલાષાદિ અન્ય યોધાઓ પણ સહાય કરે તો સુખપૂર્વક સદાગમનો નાશ થઈ શકે, એ પ્રકારે મહામોહ કહે છે. **॥૫૮૮॥**

શ્લોક :-

परिग्रहं नयाम्येकं, स्वाङ्गभूतमिमं सह ।
रागकेसरिपुत्रस्य, सागरस्य वयस्यकम् ।।५८९।।

શ્લોકાર્થ :-

રાગકેસરીપુત્રના સાગરના મિત્રને એવા આ એક પરિગ્રહને હું સ્વઅંગભૂતરૂપે સાથે લઈ જાઉં છું.

જે જીવમાં જે પરિણામ પ્રચુર સ્પર્શે તેવો છે, તે પરિણામના બળથી મહામોહ સદાગમને દૂર કરવા ઇચ્છે છે અને ઘનવાહનમાં પરિગ્રહનો પરિણામ પ્રચુર છે. તેથી તેને સાથે લઈને સદાગમને દૂર કરવા તત્પર થાય છે. આથી જે જીવમાં જે પ્રકારનો વિકાર પ્રચુર હોય તે વિકારને કારણે જ સદાગમનો બોધ વિશેષથી થતો નથી અને કોઈક રીતે કંઈક સદાગમનો બોધ થયેલ હોય તે પણ તે વિકારને કારણે નાશ થાય છે. આથી જ સંયમી મહાત્માને પણ કોઈક રીતે માનખ્યાતિ આદિનો ભાવ પ્રચુર થાય ત્યારે સદાગમનાં વચનો સ્પર્શતાં નથી. માનખ્યાતિ આદિમાં જ સુખ દેખાય છે. **॥૫૮૯॥**

શ્લોક :-

ज्ञात्वा निर्बन्धमखिलैः, प्रतिपन्नं वचोऽस्य तत् ।
ममागतौ ततः पार्श्वे, महामोहपरिग्रहौ ।।५९०।।

શ્લોકાર્થ :-

નિર્બંધને જાણીને=મહામોહના આગ્રહને જાણીને, બધા વડે=મહામોહના

અન્ય રાજાઓ વડે, આનું તે વચન="હું સદાગમને હણવા જાઉં છું" એ રૂપ મહામોહનું વચન, સ્વીકારાયું. તેથી મારી પાસે મહામોહ અને પરિગ્રહ આવ્યા. ।।૫૯૦।।

શ્લોક :-

वीक्षितौ तौ मया स्नेहः, सह ताभ्यामभून्मम ।
अनाद्यभ्यासयोगेन, दूतेन कृतनिर्भरः ।।५९१।।

શ્લોકાર્થ :-

મારા વડે તે બંને=મહામોહ અને પરિગ્રહ, જોવાયા, દૂત એવા અનાદિના અભ્યાસના યોગથી=ઊઠેલા અનાદિના અભ્યાસના યોગથી, તે બંને સાથે કરાયેલો નિર્ભર સ્નેહ થયો.

ઘનવાહનનું ચિત્ત મહામોહ અને પરિગ્રહને અભિમુખ થાય છે અને અનાદિકાળથી તે બે સાથે ઘણો પરિચય છે તેથી તે પરિચયનો પરિણામ ચિત્તમાં ઊઠેલો હોવાને કારણે મહામોહ અને પરિગ્રહ પ્રત્યે ઘનવાહનને અત્યંત સ્નેહ થાય છે. **।।૫૯૧।।**

શ્લોક :-

इतश्चाभूद् यशःशेषो, जीमूतो भूमिवासवः ।
स्थापितोऽहं च साम्राज्ये, मन्त्रिबन्धुमहत्तमैः ।।५९२।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ જીમૂત ભૂમિવાસવ=રાજા, યશઃશેષ થયો=મૃત્યુ પામ્યો અને હું=ઘનવાહન, મંત્રી, બંધુ અને મહત્તમો વડે સામ્રાજ્યમાં સ્થાપિત કરાયો. ।।૫૯૨।।

શ્લોક :-

जातः सीमान्तभूपालभालचुम्बितपत्कजः ।
दिनस्यार्क इवोर्जस्वी, राज्यस्य परिणामतः ।।५९३।।

શ્લોકાર્થ :-

દિવસનો સૂર્ય જેમ ઊર્જસ્વી હોય, તેમ રાજ્યના પરિણામથી સીમાના અંત સુધીના રાજાઓના ભાલથી ચુંબિત ચરણકમળવાળો હું ઊર્જસ્વી થયો. ।।૫૯૩।।

શ્લોક :-

तत्र पुण्योदयो हेतुर्मया मोहान्न लक्षितः ।
विषयेष्वथ मुह्यन्तं, मामाचष्टे सदागमः ।।५९४।।

શ્લોકાર્થ :-

તેમાં=શ્લોક-૫૯૩માં કહ્યું એ પ્રમાણે પ્રતિષ્ઠાવાળો ઘનવાહન થયો તેમાં, પુણ્યનો ઉદય હેતુ છે તે મોહને કારણે જણાયો નહીં=ઘનવાહનને પુણ્યના ઉદયથી આ મારો બાહ્ય ઉત્કર્ષ છે તે જણાયું નહીં, હવે વિષયોમાં મોહ પામતા એવા મને સદાગમ કહે છે. શું કહે છે તે આગળ બતાવે છે. ।।૫૯૪।।

શ્લોક :-

बहिश्चरेषु भावेषु, तुच्छेषु घनवाहन ! ।
माकार्षीर्निःस्वभावेषु, मूर्च्छां दुःखैकधामसु ।।५९५।।
गर्जद्ज्ञानगजोत्तुंगरङ्गद्ध्यानतुरङ्गमाः ।
चित्ताबन्धाय युक्तास्ते, शमसाम्राज्यसम्पदः ।।५९६।।

શ્લોકાર્થ :-

હે ઘનવાહન ! દુઃખના એક ધામરૂપ, નિસ્સાર સ્વભાવવાળા, તુચ્છ બહિર્ભાવોમાં=બાહ્ય રાજ્યાદિ ભાવોમાં, મૂર્ચ્છા કર નહિ.

ગર્જન કરતા જ્ઞાનરૂપી હાથી અને ઊંચા કૂદતા ધ્યાનરૂપી ઘોડાઓ, શમસામ્રાજ્યની સંપત્તિ તારા ચિત્તના સંશ્લેષ માટે યુક્ત છે.

ઘનવાહનને સદાગમનાં વચનો સ્મરણ થાય છે. તેથી બહિર્ભાવોમાં સ્નેહ કરવો જોઈએ નહિ અને જ્ઞાનાભ્યાસમાં અને ધ્યાનાભ્યાસમાં, ઉદ્યમ કરવો

જોઈએ અને શમસામ્રાજ્યની પ્રાપ્તિ માટે ચિત્તને તત્પર કરવું જોઈએ, એવું સ્મરણ થાય છે. **॥૫૯૫-૫૯૬॥**

શ્લોક :-

भूतिसाम्राज्यभोगादि, महामोहस्तु मेऽखिलम् ।
वक्ति वस्तु स्थिरं पूर्णमात्मनीनं सुखात्मकम् ।।५९७।।

શ્લોકાર્થ :-

વળી મહામોહ મને વૈભવ, સામ્રાજ્ય, ભોગાદિ સર્વ વસ્તુ સ્થિર, પૂર્ણ, આત્માનું હિત કરનારી સુખાત્મક કહે છે. ॥૫૯૭॥

શ્લોક :-

दत्ते हितोपदेशं च, नास्ति जीवो न निर्वृतिः ।
न पुण्यपापे न स्वर्गो, भूतमात्रमिदं जगत् ।।५९८।।

શ્લોકાર્થ :-

અને હિતોપદેશ આપે છે=મહામોહ હિતોપદેશ આપે છે, જીવ નથી, મોક્ષ નથી, પુણ્ય અને પાપ નથી, સ્વર્ગ નથી, ભૂતમાત્ર આ જગત છે. ॥૫૯૮॥

શ્લોક :-

अतो यथेष्टं चेष्टस्व, भोगान् भुङ्क्ष्व दिवाऽनिशम् ।
मा मूढवचनं कृत्वा, वृथा भूः सुखवञ्चितः ।।५९९।।

શ્લોકાર્થ :-

આથી યથેષ્ટ તું ચેષ્ટા કર, રાત-દિવસ ભોગોને ભોગવ, મૂઢના વચનને=મૂઢ એવા સદાગમના વચનને કરીને વૃથા સુખવંચિત થા નહિ.

ધનવાહનના ચિત્તમાં સદાગમ શું કહે છે, તે શ્લોક-૫૯૪થી ૫૯૬ સુધી બતાવ્યું અને મહામોહ શું કહે છે, તે ૫૯૭થી ૫૯૯ સુધી બતાવેલ છે. **॥૫૯૯॥**

શ્લોક :-

परिग्रहस्तु मां ब्रूते, कुरु स्वर्णादिसंग्रहम् ।
असन्तुष्टोऽर्थलाभे हि, जायते सुखभाजनम् ।।६००।।

શ્લોકાર્થ :-

વળી, પરિગ્રહ મને=ધનવાહનને, કહે છે. સ્વર્ણાદિના સંગ્રહને કર. हि=જે કારણથી, અર્થના લાભમાં અસંતુષ્ટ સુખનું ભાજન થાય છે.

જીવને પરિગ્રહની સંજ્ઞા ધનપ્રાપ્તિમાં અસંતોષ જ સુખનું કારણ છે, તેમ બોધ કરાવે છે. **॥૬૦૦॥**

શ્લોક :-

अहं त्वाकर्ण्य वचनं, त्रयाणामपि तादृशम् ।
चित्ते दोलायितो यावद्, वाताधूत इव द्रूमः ।।६०१।।
ज्ञानसंवरणो राजा, तावदाक्रम्य मां स्थितः ।
महामोहप्रसादार्थी, तत्सैन्यबलपोषकः ।।६०२।।

શ્લોકાર્થ :-

હું=ધનવાહન, ત્રણેયના પણ=સદાગમ, મહામોહ અને પરિગ્રહ ત્રણેયના પણ, તેવા પ્રકારના વચનને સાંભળીને=પૂર્વમાં કહ્યું તેવા પ્રકારના વચનને સાંભળીને, જ્યાં સુધી વાતથી ધૂનન કરાયેલા વૃક્ષની જેમ ચિત્તમાં ડોલાયમાન થયો ત્યાં સુધી મહામોહના પ્રસાદનો અર્થી તેના સૈન્યના બલનો પોષક જ્ઞાનસંવરણ રાજા મને આક્રમણ કરીને રહ્યો.

જીવમાં સદાગમની પ્રાપ્તિથી થયેલો ક્ષયોપશમભાવ જીવને બોધ કરાવે છે કે જ્ઞાન, ધ્યાનમાં યત્ન કરીને શમમાં યત્ન કરવો જોઈએ. મહામોહ બોધ કરાવે છે કે ભોગવિલાસમાં સુખ છે અને પરિગ્રહ ધનસંચયમાં યત્ન કરવાનો બોધ કરાવે છે. આ રીતે ક્રમસર ત્રણેય પ્રકારના ભાવો ધનવાહનના ચિત્તમાં થાય છે, તેથી સદાગમ પ્રમાણે કરવું કે મહામોહ કે પરિગ્રહને અનુસરવું તેવો નિર્ણય ધનવાહનને થતો નથી. તે વખતે તત્ત્વનાં બાધક એવાં જ્ઞાનાવરણીય

કર્મોનો વિપાક બળવાન થયો, જે મહામોહને પ્રસાદ કરનારો છે, મહામોહના સૈન્યને પોષનારો છે. તેનો ઉદય થવાથી ઘનવાહન મહામોહ અને પરિગ્રહના વચનનું અનુસરણ કરે છે. **॥૬૦૧-૬૦૨॥**

શ્લોક :-

ततः सदागमप्रोक्तं, मया वाक्यं न बुध्यते ।

परिग्रहमहामोहवाक्यास्वादस्तु लभ्यते ।।६०३।।

શ્લોકાર્થ :-

તેથી=જ્ઞાનસંવરણ વિપાકમાં આવે છે તેથી, સદાગમથી કહેવાયેલું વાક્ય મારા વડે જણાતું નથી. પરંતુ પરિગ્રહ અને મહામોહના વાક્યનો આસ્વાદ પ્રાપ્ત થાય છે.

તત્ત્વને જોવામાં બાધક જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે ઘનવાહનને સદાગમનું વાક્ય સ્મૃત થયેલું હોવા છતાં નિઃસાર જણાય છે અને પરિગ્રહ અને મહામોહનાં વાક્ય સુખાકારી જણાય છે; કેમ કે વિપર્યાસ આપાદક જ્ઞાનાવરણીયકર્મનો ઉદય તે પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન કરે છે. **॥૬૦૩॥**

શ્લોક :-

ततो धर्मक्रियां त्यक्त्वा, जातोऽहं भोगमूर्च्छितः ।

निवार्य साधुदानादि, धनसंग्रहणे रतः ।।६०४।।

શ્લોકાર્થ :-

તેથી=પરિગ્રહ અને મહામોહનું વાક્ય ઘનવાહનને રુચ્યું તેથી, ધર્મક્રિયાને છોડીને હું ભોગમાં મૂર્છિત થયો. સાધુ દાનાદિનું નિવારણ કરીને ધનસંગ્રહમાં રત થયો.

ઘનવાહનને સદાગમનું વચન અસાર જણાયું. પરિગ્રહ અને મહામોહનું વાક્ય મધુર જણાયું. તેથી પૂર્વમાં જે સદાગમના વચનથી ધર્મક્રિયા કરતો હતો, તેનો ત્યાગ કર્યો અને ભોગવિલાસમાં તત્પર થયો અને પરિગ્રહના વશથી દાનાદિ ધર્મનો ત્યાગ કર્યો. ધનસંગ્રહમાં રત થયો. **॥૬૦૪॥**

શ્લોક :-

करेण पीडिता लोकास्ततो मूर्च्छाभृता मया ।
नारोचत महामोहदोषान्मह्यं सदागमः ।।६०५।।

શ્લોકાર્થ :-

તેથી=પરિગ્રહના વચનથી ધનના સંગ્રહમાં રત થયો તેથી, મૂર્ચ્છાથી ભરાયેલા મારા વડે લોકો કરથી પીડિત કરાયા. મહામોહના દોષથી મને સદાગમ રુચતો નથી. ।।૬૦૫।।

શ્લોક :-

परिग्रहस्य वीर्येण, पूर्णा तृष्णा न मे धनैः ।
सदागमो गतो दूरे, मत्वा मां तादृशं ततः ।।६०६।।

શ્લોકાર્થ :-

પરિગ્રહના વીર્યથી, ધનોથી મારી તૃષ્ણા પૂરી થઈ નહિ. ત્યારપછી તેવા પ્રકારના મને માનીને=મહામોહ અને પરિગ્રહને વશ મને માનીને, સદાગમ દૂર ગયો.

ધનવાહનને સદાગમનો ઉપદેશ પૂર્વે કંઈક સ્પર્શતો હતો. હવે તત્સંબંધી વિચાર પણ થતો નથી. તેથી તદ્આવારક કર્મો વિપાકમાં વર્તે છે. **।।૬૦૬।।**

શ્લોક :-

निष्कण्टकौ ततस्तुष्टौ, महामोहपरिग्रहौ ।
आगतः कोविदः सूरिरकलङ्कयुतोऽन्यदा ।।६०७।।

શ્લોકાર્થ :-

તેથી=સદાગમ દૂર થયો તેથી, નિષ્કંટક એવા મહામોહ પરિગ્રહ તોષ પામ્યા=જીવમાં મહામોહ અને પરિગ્રહની સંજ્ઞા ઉત્કટ થઈ. અન્યદા અકલંકયુક્ત કોવિદસૂરિ આવ્યા. ।।૬૦૭।।

શ્લોક :-

तस्याकलङ्कदाक्षिण्याद्, गतोऽहं नतिहेतवे ।
स सूरिरकलङ्कश्च, ससाधुर्वन्दितो मया ।।६०८।।

શ્લોકાર્થ :-

અકલંકના દાક્ષિણ્યથી=અકલંક પ્રત્યેની લાગણીથી, તેને નમવા માટે હું ગયો. તે સૂરિ અને સાધુ સહિત અકલંક મારા વડે વંદન કરાયા. ।।૬૦૮।।

શ્લોક :-

इतश्च दुश्चरित्रं मे, ज्ञातं कोविदसूरिणा ।
ज्ञानालोकेन लोकोक्तेरकलङ्केन चाखिलम् ।।६०९।।

શ્લોકાર્થ :-

આ બાજુ મારું દુશ્ચરિત્ર જ્ઞાનના ઉપયોગથી કોવિદસૂરિ વડે જણાયું અને લોકોક્તિથી અકલંક વડે અખિલ જણાયું. ।।૬૦૯।।

શ્લોક :-

ततो व्यजिज्ञपत् सूरिमकलङ्को निवेद्यताम् ।
सदागमस्य महिमा, खलसंगे च दूषणम् ।।६१०।।
धनवाहनभूपाय, यथाऽसौ सुखमश्नुते ।
भक्तः सदागमे दुष्टसंगत्यागी विशेषवित् ।।६११।।

શ્લોકાર્થ :-

તેથી=અકલંકે લોકોક્તિથી સંપૂર્ણ જાણ્યું તેથી, અકલંકે સૂરિને વિનંતી કરી. સદાગમનો મહિમા અને ખલના સંગમમાં દૂષણને ધનવાહન રાજાને નિવેદન કરો. જે પ્રમાણે આ=ધનવાહન, સદાગમમાં ભક્ત, દુષ્ટ સંગનો ત્યાગી, વિશેષને જાણનાર સુખને પ્રાપ્ત કરે.

અકલંકે સૂરિને કહ્યું કે ધનવાહનને સદાગમનો મહિમા કહો અને ખલ એવા મહામોહ અને પરિગ્રહના દૂષણને કહો. જેથી ફરી ધનવાહન સદાગમનું

અનુસરણ કરે અને સદાગમ પ્રત્યે ભક્ત થઈને દુષ્ટના સંગનો ત્યાગી બને અને વિશેષને જાણનારો બને. જેથી સ્વાસ્થ્યના સુખને પ્રાપ્ત કરે. **॥૬૧૦-૬૧૧॥**

શ્લોક :-

सूरिराह शृणोत्वेष, प्रह्वः श्रोतुमहं स्थितः ।
ततोऽकलङ्कदाक्षिण्यादथ सूरीन्दुरभ्यधात् ।।६१२।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે. આ સાંભળો. તેથી અકલંકના દાક્ષિણ્યને કારણે કંઈક નમેલો હું સાંભળવા માટે સ્થિત થયો. હવે ચંદ્ર જેવા સૂરિ બોલ્યા.

અકલંકના કહેવાથી સૂરિએ ઘનવાહનને કહ્યું. આ સાંભળ. તેથી અકલંકના અનુરોધથી અનુસુંદર ચક્રવર્તી કહે છે, કંઈક નમેલો એવો હું ઘનવાહનનો જીવ સાંભળવા તત્પર થયો=સૂરિનાં વચનોને કંઈક ઝીલે તે રીતે હું સાંભળવા તત્પર થયો અને સૂરિએ કહ્યું. શું કહ્યું તે આગળ બતાવે છે. **॥૬૧૨॥**

શ્લોક :-

क्षमातलपुरे राजा, विद्यते मलसंचयः ।
मलपक्त्यभिधा तस्य, देवी जातौ तयोः सुतौ ।।६१३।।

શ્લોકાર્થ :-

ક્ષમાતલનગરમાં મલસંચય નામનો રાજા વિદ્યમાન છે. તેની મલપક્તિ નામની દેવી છે. તે બંનેને બે પુત્રો થયા.

પૃથ્વીરૂપી તલ એટલે ચૌદ રાજલોક અને તેમાં વર્તતો જીવોનો કર્મરૂપી મલનો સંચય તે રાજા છે અને મલનો પાક=કર્મમલનો વિપાક, તેની પત્ની છે. મલસંચય અને મલપક્તિ તે બેના યોગથી બે પ્રકારના પુત્રો ઉત્પન્ન થાય છે. **॥૬૧૩॥**

શ્લોક :-

कोविदो बालिशश्च द्वौ, तत्र जन्मान्तरेऽजनि ।
सार्द्धं सदागमेनोच्चैः, कोविदस्यातिसंस्तवः ।।६१४।।

શ્લોકાર્થ :-

કોવિદ અને બાલિશ બે પુત્રો થયા, તેમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ત્યાં=બે પુત્રોમાં, કોવિદને જન્માંતરમાં સદાગમની સાથે અત્યંત અતિસંસ્તવ થયેલો.

મલસંચય અને મલપક્તિથી જન્મેલ કોવિદે પૂર્વના ભવમાં સદાગમનો અતિપરિચય થયેલો અને સદાગમથી અતિભાવિત મતિવાળા હતા. આથી જ આ ભવમાં જન્મતાની સાથે જ તેવી નિર્મળ બુદ્ધિ પ્રગટે છે કે જેથી કોવિદ એ પ્રકારે ગુણને અનુરૂપ તેમનું નામ પાડે છે. **॥૬૧૪॥**

શ્લોક :-

ततो यावत् पुनर्दृष्टस्तावदूहादि कुर्वतः ।
जाता जातिस्मृतिस्तस्य, हितत्वेनादृतश्च सः ।।६१५।।

શ્લોકાર્થ :-

તેથી=જન્માંતરમાં સદાગમ સાથે અતિપરિચય છે તેથી, જ્યાં સુધી ફરી જોવાયા=સદાગમ ફરી જોવાયા, ત્યાં સુધી ઊહાદિને કરતાં તેને= કોવિદને, જાતિની સ્મૃતિ થઈ=પૂર્વભવોનું સ્મરણ થયું અને હિતપણાથી તે=સદાગમ સ્વીકારાયો.

કોવિદના જીવે પૂર્વભવમાં સદાગમનો અતિપરિચય કરેલ. જેથી વર્તમાનમાં કોઈક મહાત્મા પાસે સદાગમને સાંભળવાનો પ્રસંગ આવ્યો. તરત જ આવું મેં ક્યાંક સાંભળ્યું છે, એ પ્રકારે ઊહ થવાથી કોવિદને પૂર્વભવનું સ્મરણ થયું. તેથી આ સદાગમ જ હિત છે, એ પ્રકારે માનીને સદાગમ પ્રત્યે વલણવાળા થાય છે. **॥૬૧૫॥**

શ્લોક :-

तेन स्वरूपं तस्योच्चैर्बालिशाय निवेदितम् ।
न तेन प्रतिपन्नं तु, समाक्रान्तेन पाप्मना ।।६१६।।

શ્લોકાર્થ :-

તેના વડે=કોવિદ વડે, તેનું સ્વરૂપ=સદાગમનું સ્વરૂપ, બાલિશને અત્યંત નિવેદન કર્યું. પાપથી સમાક્રાંત એવા તેના વડે=બાલિશ વડે, સ્વીકારાયું નહિ.

કોવિદ અને બાલિશ બંને ભાઈઓ છે, તેથી કોવિદને સદાગમ હિતરૂપે જણાવાથી બાલિશને સદાગમ કઈ રીતે હિતકારી છે એ બતાવે છે. પરંતુ બાલિશ જીવ ગાઢ વિપર્યાસવાળો છે, તેથી તેને તે વચનો રુચતાં નથી. **॥૬૧૬॥**

શ્લોક :-

इतश्च प्रहिता कर्मपरिणामेन भूभुजा ।
स्वयंवरा श्रुतिः कन्या, प्रति कोविदबालिशौ ।।६१७।।

શ્લોકાર્થ :-

આ બાજુ કર્મપરિણામ રાજા વડે કોવિદ બાલિશ પ્રત્યે શ્રુતિ નામની સ્વયંવરા કન્યા મોકલાવાઈ. ॥૬૧૭॥

શ્લોક :-

दासः संगाभिधो वष्टस्तस्याश्च प्रहितोऽग्रगः ।
पटुः सम्बन्धघटने, तौ द्वावपि समागतौ ।।६१८।।

શ્લોકાર્થ :-

તેણીના આગળમાં જનારો=શ્રુતિના પૂર્વમાં જનારો, સંબંધઘટનમાં પટુ સંગ નામનો વંઠેલો દાસ મોકલાવાયો. તે બંને પણ આવ્યાં=શ્રુતિ અને સંગ નામનો દાસ બંને પણ આવ્યાં. ॥૬૧૮॥

શ્લોક :-

वृतौ तौ भ्रातरौ श्रुत्या, तयोरस्ति परिग्रहे ।
पर्वतो निजदेहाख्यो, मूर्द्धाख्यं तस्य सानु च ।।६१९।।

શ્લોકાર્થ :-

તે બંને ભાઈઓ=કોવિદ અને બાલિશ, શ્રુતિની સાથે પરણ્યા. તે

બંનેને=કોવિદ અને બાલિશને, પરિગ્રહમાં નિજદેહ નામનો પર્વત છે, તેનું=દેહનું, મૂર્ધન નામનું સાનુ=પર્વત ઉપરની સપાટ જમીન જેવું વન છે. ॥૬૧૯॥

શ્લોક :-

विद्येते सपरिक्षेपे, तस्य चोभयपार्श्वयोः ।
श्रवणाख्यापवरिके, तया ते प्रविलोकिते ॥६२०॥

શ્લોકાર્થ :-

તેના=મસ્તકના, પરિક્ષેપ સહિત ઉભય બાજુમાં શ્રવણ નામના અપવરક છે=બે ઓરડા છે. તેણી વડે=શ્રુતિ વડે, તે બે=તે બે ઓરડા, જોવાયા. ॥૬૨૦॥

શ્લોક :-

निवासो रुचितस्तस्यास्तयोर्भर्त्रोरनुज्ञया ।
स्थिता तयोः सा व्यलसत्, ताभ्यां सिद्धेहिता सह ॥६२१॥

શ્લોકાર્થ :-

તે બે ભર્તાની અનુજ્ઞાથી=કોવિદ અને બાલિશની અનુજ્ઞાથી, શ્રુતિને નિવાસ રુચ્યો=શ્રવણ નામના બે ઓરડામાં નિવાસ રુચ્યો. તે બેમાં રહેલી=બે ઓરડામાં રહેલી, સિદ્ધ ઇચ્છાવાળી તે=શ્રુતિ, તે બંને સાથે=કોવિદ અને બાલિશ સાથે, વિલાસ કરવા લાગી.

કોવિદ અને બાલિશ એ બંનેને કર્મપરિણામ રાજાથી શ્રોત્રેન્દ્રિયની ઉપલબ્ધિ થઈ છે અને તે તેઓના દેહરૂપ પરિગ્રહના એક દેશરૂપ મસ્તકના સ્થાનમાં બે શ્રોત્રેન્દ્રિયો છે. તેમાં રહેનારી બોધને અનુકૂળ ક્ષયોપશમરૂપ શ્રુતિ કન્યા છે. તે શ્રુતિ કોવિદ અને બાલિશ બંને સાથે વિચરે છે. **॥૬૨૧॥**

શ્લોક :-

अथ तां प्राप्य मुदितो, दध्यौ चेतसि बालिशः ।
धन्योऽहं यस्य सम्पन्ना, श्रुतिर्भार्या मनोहरा ॥६२२॥

શ્લોકાર્થ :-

હવે તેને પ્રાપ્ત કરીને=શ્રુતિને પ્રાપ્ત કરીને, હર્ષિત થયેલા બાલિશે ચિત્તમાં વિચાર્યું. હું ધન્ય છું, જેને મનોહર શ્રુતિરૂપી ભાર્યા પ્રાપ્ત થઈ. ।।૬૨૨।।

શ્લોક :-

ततो मत्वा श्रुतौ रक्तं, तं संगः समभाषत ।
दम्पत्योर्युवयोः स्नेहः, सम्पन्नो घटमानकः ।।६२३।।

શ્લોકાર્થ :-

તેથી=બાલિશને શ્રુતિ પ્રત્યે પ્રીતિ થઈ તેથી, શ્રુતિમાં રક્ત માનીને તેને=બાલિશને, સંગ બોલ્યો. તમારો દંપતીનો=બાલિશ અને શ્રુતિનો, સ્નેહ ઘટમાન થયો. ।।૬૨૩।।

શ્લોક :-

परं संवर्धनीयोऽयं, प्रियसम्पादनात् त्वया ।
बालिशोऽभिदधेऽस्याः किं, प्रियं संग ! निवेदय ।।६२४।।

શ્લોકાર્થ :-

પરંતુ પ્રિયના સંપાદનથી=શ્રુતિને જે પ્રિય હોય તેના સંપાદનથી, તારા વડે=બાલિશ વડે, આ=સ્નેહ વધારવો જોઈએ. બાલિશ કહે છે. હે સંગ ! આને શું પ્રિય છે, તું નિવેદન કર. ।।૬૨૪।।

શ્લોક :-

संगेन भाषितं नाथ !, प्रियोऽस्या मधुरध्वनिः ।
बालिशः प्राह यद्येवं, पूरयिष्यामि तं ततः ।।६२५।।

શ્લોકાર્થ :-

સંગ વડે કહેવાયું. હે નાથ ! આને=શ્રુતિને, મધુર ધ્વનિ પ્રિય છે. બાલિશ કહે છે. જો આ પ્રમાણે છે=શ્રુતિને મધુર ધ્વનિ પ્રિય છે એ

પ્રમાણે છે, તો તેને=મધુર ધ્વનિને હું પૂરીશ.

જીવમાં ઇષ્ટ વિષયોનો સંગ કરવાનો પરિણામ છે તે પરિણામ બાલિશને કહે છે. શ્રોત્રેન્દ્રિયને મધુર ધ્વનિ પ્રિય છે અને બાલિશ જીવો સંગના વચનને સાંભળીને શ્રોત્રેન્દ્રિયની તે ઇચ્છાને પૂર્ણ કરે છે. **॥૬૨૫॥**

શ્લોક :-

अथ तं दारकं तुष्टं, दधार हृदि बालिशः ।

श्रुतिं चालालयद् बाढं, वीणादीनां कलस्वनैः ।।६२६।।

શ્લોકાર્થ :-

હવે તુષ્ટ એવા તે દારકને=સંગને, બાલિશે હૃદયમાં ધારણ કર્યો અને વીણાદિના સુંદર ધ્વનિઓ વડે શ્રુતિનું અત્યંત લાલન કર્યું.

બાલિશ જીવો સંગના પરિણામને ચિત્તમાં અત્યંત ધારણ કરે છે અને તેના કારણે જ શ્રોત્રેન્દ્રિયને સુંદર સંગીતો આદિથી પોષે છે. **॥૬૨૬॥**

શ્લોક :-

श्रुतेः स लालने सक्तः, संगदासवशंवदः ।

धर्माद् दूरे स्थितः षिड्गो, जातो हास्यो विवेकिनाम् ।।६२७।।

શ્લોકાર્થ :-

સંગ નામના દાસને વશ થયેલો એવો તે=બાલિશ, શ્રુતિના લાલનમાં આસક્ત થયો. ધર્મથી દૂર રહેલો નપુંસક વિવેકીઓને હસવા યોગ્ય થયો. ।।૬૨૭।।

શ્લોક :-

इतश्च कोविदेनापि, पृष्टः शिष्टः सदागमः ।

एषा प्रिया मम हिता, किं वा नेति निगद्यताम् ।।६२८।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ કોવિદ વડે પણ શિષ્ટ સદાગમ પુછાયો. મારી આ પ્રિયા શું હિતકારી છે અથવા નહિ એ કહો. ।।૬૨૮।।

શ્લોક :-

सदागमोऽवदन्नेयं, ससंगा ते हिता प्रिया ।
इयं जगद् वशीकर्तुं, प्रहिता रागमन्त्रिणा ।।६२९।।

શ્લોકાર્થ :-

સદાગમ બોલ્યા. સંગવાળી એવી તારી આ પ્રિયા હિત નથી. આ=શ્રુતિ, જગતને વશ કરવા માટે રાગકેસરીના મંત્રી વડે=વિષયાભિલાષ મંત્રી વડે, મોકલાઈ છે. ।।૬૨૯।।

શ્લોક :-

शुभाशुभकरः कर्मपरिणामो नृपोऽस्ति यः ।
विश्वासभूर्नृणां तस्य, भ्रातृव्यो रागकेसरी ।।६३०।।

શ્લોકાર્થ :-

શુભ-અશુભને કરનાર જે કર્મપરિણામ રાજા છે, તેનો ભત્રીજો, મનુષ્યના વિશ્વાસની ભૂમિ રાગકેસરી છે.

જીવનું શુભ-અશુભ કરનાર કર્મપરિણામ રાજા છે અને તેનો ભાઈ મહામોહ અને તેનો પુત્ર રાગકેસરી છે, જે સંસારી જીવોને વિશ્વાસની ભૂમિ છે; કેમ કે જીવોને મધુર લાગે છે. **।।૬૩૦।।**

શ્લોક :-

प्रसिद्धश्चरटो लोके, तस्यामात्यो विशेषतः ।
तत्पुत्रीयं श्रुतिर्भद्र !, विश्ववञ्चनतत्परा ।।६३१।।

શ્લોકાર્થ :-

તેનો=રાગકેસરીનો, અમાત્ય=વિષયાભિલાષ, વિશેષથી લોકમાં ચોરટો પ્રસિદ્ધ છે. હે ભદ્ર કોવિદ ! તેની પુત્રી આ શ્રુતિ વિશ્વવંચનમાં તત્પર છે. ।।૬૩૧।।

શ્લોક :-

इयं चरटकन्येति, लोको मा भूदनादृतः ।
महाराजसुतात्वेन, संगोऽमूं ख्यापयत्यतः ।।६३२।।

શ્લોકાર્થ :-

આ ચોરટાની કન્યા છે. એથી લોક અનાદરવાળો ન થાવ. આથી સંગ આને=શ્રુતિને, મહારાજાની પુત્રીપણાથી ખ્યાપન કરે છે.

શ્રુતિ જીવને અહિત કરનારી હોવાથી અને ચોરટાની કન્યા હોવાથી લોકો તેના પ્રત્યે અનાદરવાળા થાય, તેથી જીવમાં જે સંગનો પરિણામ છે તે સંગનો પરિણામ આ રાજપુત્રી સુખનું કારણ છે, એ પ્રકારે બોધ કરાવે છે. **॥૬૩૨॥**

શ્લોક :-

न हितेयं यतो भार्या, भवतो भर्तृवैरिणी ।
विश्वासमस्यां मा कार्षीः, सर्पिण्यामिव सर्वथा ।।६३३।।

શ્લોકાર્થ :-

જે કારણથી ભર્તાની વૈરી એવી આ ભાર્યા તારા હિત માટે નથી. સાપણની જેમ આમાં=શ્રુતિમાં, સર્વથા વિશ્વાસ કર નહિ.

સદાગમ કોવિદને કહે છે કે આ તારી ભાર્યા પતિનો વિનાશ કરનારી છે; કેમ કે સંગ કરાવીને કર્મબંધ પ્રાપ્ત કરાવે છે અને દુર્ગતિઓની પરંપરા પ્રાપ્ત કરાવે છે માટે સાપણ જેવી આમાં તું સર્વથા વિશ્વાસ કરીશ નહિ. તેથી કોવિદને તે ભાર્યા પ્રત્યે વિરક્તભાવ થાય છે. **॥૬૩૩॥**

શ્લોક :-

अकाण्डे शक्यते नेयं, त्यक्तुं त्याज्यस्तु सर्वथा ।
दासः संगाभिधो येन, नेयं स्याद् दुःखकारिणी ।।६३४।।

શ્લોકાર્થ :-

અકાંડે આ=શ્રુતિ, ત્યાગ કરવી શક્ય નથી. વળી સંગ નામનો

દાસ=શ્રુતિનો દાસ, સર્વથા ત્યાજ્ય છે. જેથી આ=શ્રુતિ, દુઃખને કરનારી ન થાય.

સદાગમ કોવિદને કહે છે મોક્ષપ્રાપ્તિકાળ સુધી શ્રુતિનો સંભવ છે, તેના પૂર્વે તેનો ત્યાગ શક્ય નથી. પરંતુ શ્રોત્રેન્દ્રિયના સંગનો પરિણામ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. જેથી સંશ્લેષના પરિણામરૂપ દુઃખ થાય નહિ અને કર્મબંધ દ્વારા અનર્થની પરંપરા થાય નહિ. **॥૬૩૪॥**

શ્લોક :-

संगेनैव श्रुतिर्दुष्टा, वाटिकेव विषद्रुणा ।

तद्विहीना तु माध्यस्थान्न ते तात ! विबाधिका ।।६३५।।

શ્લોકાર્થ :-

સંગથી જ શ્રુતિ દુષ્ટ છે. વિષનાં વૃક્ષોથી વાટિકા જેમ દુષ્ટ છે તેનાથી વિહીન=સંગના પરિણામથી રહિત, માધ્યસ્થને કારણે=શ્રુતિના વિષયમાં માધ્યસ્થને કારણે, હે તાત ! કોવિદ ! તને બાધિકા નથી=શ્રુતિ અનર્થ કરનાર નથી.

શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું શ્રવણ થાય છે, ત્યારે જીવને તે શબ્દો સાથે સંગ થાય છે અને પ્રિય શબ્દમાં પ્રીતિ અને અપ્રિય શબ્દમાં અપ્રીતિ થાય છે. તે સંગને કારણે શ્રુતિ દુષ્ટ છે. જેઓનું ચિત્ત મધ્યસ્થ પરિણતિવાળું છે, તેઓને ઇષ્ટ-અનિષ્ટ શબ્દોમાં રાગ-દ્વેષનો પરિણામ થતો નથી. તેથી શબ્દના શ્રવણથી કષાયોના સંશ્લેષરૂપ બાધ થતો નથી અને કર્મબંધ પણ થતો નથી. **॥૬૩૫॥**

શ્લોક :-

त्यागमर्हति तद् दुष्टो, वष्टोऽयं संगदारकः ।

सदागमस्य वचनं, प्रपन्नं कोविदेन तत् ।।६३६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સંગથી જ શ્રુતિ દુષ્ટ છે તે કારણથી, દુષ્ટ, વષ્ટ=વંઠેલો એવો આ સંગદારક ત્યાગ યોગ્ય છે. સદાગમનું તે વચન કોવિદ વડે સ્વીકારાયું. ॥૬૩૬॥

શ્લોક :-

दासस्त्यक्तः श्रुतेः संगस्ततः श्लाघ्योऽभवद् भुवि ।
श्रावयन्नप्यसौ शब्दान्, श्रुतेरौत्सुक्यवर्जितः ।।६३७।।

શ્લોકાર્થ :-

શ્રુતિનો સંગ નામનો દાસ ત્યાગ કરાયો. તેથી શ્રુતિના ઔત્સુક્યથી વર્જિત એવો આ=કોવિદ, શબ્દોને સાંભળતો પણ જગતમાં શ્લાઘ્ય થયો. ।।૬૩૭।।

શ્લોક :-

इत्थं च ललमानौ तौ, श्रुत्या कोविदबालिशौ ।
त्यक्तसंगान्यथाभूतौ, जातौ लब्धसुखासुखौ ।।६३८।।

શ્લોકાર્થ :-

અને આ રીતે શ્રુતિ સાથે રમતા ત્યક્ત સંગ અને અન્યથાભૂત એવા તે કોવિદ અને બાલિશ લબ્ધ સુખ-અસુખવાળા થયા.

કોવિદે સદાગમનું સાંભળ્યું અને બાલિશે સંગનું સાંભળ્યું. એ રીતે કોવિદ ત્યક્ત સંગવાળો થયો અને બાલિશ સંગની પરિણતિવાળો થયો. તેથી શ્રુતિ દ્વારા કોવિદને મધ્યસ્થ પરિણતિને કારણે સુખ થાય છે અને બાલિશને વિષયોમાં સંશ્લેષને કારણે વિષયોકૃત આકુળતારૂપ દુઃખ થાય છે. **।।૬૩૮।।**

શ્લોક :-

अन्यदा तौ समारूढौ, बहिरङ्गे महागिरौ ।
तुङ्गशृङ्गेऽस्ति तत्रैकं, रन्ध्रं देवविनिर्मितम् ।।६३९।।

શ્લોકાર્થ :-

અન્યદા તે બંને=કોવિદ અને બાલિશ, બહિરંગ મહાગિરિમાં સમારૂઢ થયા. ત્યાં=મહાગિરિમાં, તુંગના શૃંગમાં=મહાગિરિના ઊંચા શિખરમાં, દેવનિર્મિત એક છિદ્ર છે. ।।૬૩૯।।

શ્લોક :-

अदृष्टमूलं मनुजैर्विशालं भूतले गतम् ।
गान्धर्वं कैन्नरं चेति, यद् गातुं तत्र यामलम् ।।६४०।।

શ્લોકાર્થ :-

મનુષ્યોથી અદૃષ્ટમૂલવાળું, ભૂતલમાં ગયેલું વિશાલદેવનિર્મિત એક છિદ્ર છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. જે કારણથી ત્યાં=તે શિખરમાં, ગાવા માટે ગંધર્વ સંબંધી અને કિન્નર સંબંધી યુગલ છે. ।।૬૪૦।।

શ્લોક :-

ततो द्वे विहिते रन्ध्रे, दैविके तत्परीक्षकैः ।
अथ तत्र तदाऽऽयातं, जिगीषुमिथुनद्वयम् ।।६४१।।

શ્લોકાર્થ :-

તેથી=ગાવા માટે ગંધર્વ અને કિન્નર સંબંધી યુગલ છે તેથી, તેના પરીક્ષકો વડે દૈવિક એવાં બે છિદ્રો કરાયાં. હવે ત્યાં=તે શિખર ઉપર, કોવિદ અને બાલિશ ગયા, ત્યારે જીતવાની ઈચ્છાવાળું મિથુનદ્વય આવ્યું=ગીતમાં કોણ અધિક છે, તેનો નિર્ણય કરવા માટે મિથુન યુગલ આવ્યું. ।।૬૪૧।।

શ્લોક :-

ताभ्यां गीतं समारब्धं, मधुरं श्रुतिसौख्यकृत् ।
परस्परेर्ष्यया ग्रामरामणीयकमूर्च्छितम् ।।६४२।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા=જીતવાની ઈચ્છાવાળા મિથુનદ્વય દ્વારા, પરસ્પર ઈર્ષ્યાથી શ્રુતિના સુખને કરનારું ગ્રામરામણીયક મૂર્ચ્છિત એવું મધુર ગીત આરંભ કરાયું. ।।૬૪૨।।

શ્લોક :-

तावद्रिशिखरारूढौ, ततः कोविदबालिशौ ।
बाढं रन्ध्रस्थमिथुनगीतश्रुत्या प्रबोधितौ ।।६४३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેટલામાં કોવિદ અને બાલિશ શિખરમાં આરૂઢ થયા. રન્ધ્રમાં રહેલા મિથુનના ગીતની શ્રુતિથી અત્યંત તે બંને પ્રબોધિત થયા. ।।૬૪૩।।

શ્લોક :-

ततश्च हृदयस्थेन, संगेन प्रेरितो न्यधात् ।
श्रुतिं तां बालिशो द्वारे, गीताकर्णनतत्पराम् ।।६४४।।

શ્લોકાર્થ :-

અને તેથી હૃદયમાં રહેલા સંગથી પ્રેરાયેલા બાલિશે દ્વારમાં ગીતઆકર્ણનમાં તત્પર એવી તે શ્રુતિને સ્થાપન કરી. ।।૬૪૪।।

શ્લોક :-

तथा कृतः स संगेन, श्रुतिलौल्येन शून्यहृत् ।
यथा द्राट्कृत्य पतितो, रन्ध्रे शैलशिलोपमः ।।६४५।।

શ્લોકાર્થ :-

સંગથી શ્રુતિના લૌલ્યને કારણે તે=બાલિશ, તે પ્રકારે શૂન્યહૃદય કરાયો. જે પ્રકારે શૈલની શિલાની ઉપમાવાળો બાલિશ ધબ દઈને છિદ્રમાં પડ્યો. ।।૬૪૫।।

શ્લોક :-

तदास्फोटेन कुपितैः, सर्वैर्गन्धर्वकिन्नरैः ।
चूर्णितो बालिशस्तत्र, दुःखमारेण मारितः ।।६४६।।

શ્લોકાર્થ :-

તેના આસ્ફોટથી કુપિત એવા સર્વ ગંધર્વ-કિન્નરો વડે ત્યાં=છિદ્રમાં, બાલિશ ચૂર્ણ કરાયો. દુઃખમારથી મારી નંખાયો. ॥૬૪૬॥

શ્લોક :-

कोविदस्तु तदा मूर्च्छां, श्रुतियुक्तोऽपि नो ययौ ।
गीते सदागमादेशात्, तत्र संगेन वर्जितः ।।६४७।।

શ્લોકાર્થ :-

ત્યારે શ્રુતિયુક્ત પણ સંગવર્જિત એવો કોવિદ સદાગમના આદેશથી તે ગીતમાં મૂર્છાને પામ્યો નહિ. ॥૬૪૭॥

શ્લોક :-

ततस्तं बालिशं दृष्ट्वा, हन्यमानं स कोविदः ।
गिरिशृङ्गादपक्रान्तः, परं संवेगमागतः ।।६४८।।

શ્લોકાર્થ :-

તેથી તે બાલિશને હણાતો જોઈને ગિરિશૃંગથી પાછો ફરેલો તે કોવિદ પરમ સંવેગને પામ્યો. ॥૬૪૮॥

શ્લોક :-

धर्मघोषाभिधं प्राप्य, सूरिं तस्यान्तिके ललौ ।
दीक्षां तेन निजे स्थाने, क्रमाच्चासौ निवेशितः ।।६४९।।

શ્લોકાર્થ :-

ધર્મઘોષ નામના સૂરિને પ્રાપ્ત કરીને તેમની પાસે દીક્ષાને ગ્રહણ કરી. તેમના વડે=ધર્મઘોષસૂરિ વડે, નિજસ્થાનમાં ક્રમથી આ=કોવિદ, નિવેશિત કરાયા.

સદાગમનો આશ્રય કરનાર કોવિદ હંમેશાં ઇન્દ્રિયોની અનર્થકારિતાને જાણનારો હોય છે અને સાક્ષાત્ શ્રોત્રેન્દ્રિયની અનર્થકારિતા બાલિશમાં જોઈને કોવિદને

તીવ્ર સંવેગ થાય છે. તેથી ઇન્દ્રિયોનું ઔત્સુક્ય અત્યંત શાંત થાય છે. આથી જ દીક્ષા ગ્રહણ કરીને શાસ્ત્રઅધ્યયન દ્વારા ક્રમસર તે મહાત્મા સૂરિ થયા. **॥૬૪૯॥**

શ્લોક :-

स एषोऽहं महीपाल !, विज्ञेयः कोविदस्त्वया ।
भ्राता मे बालिशः संगकुमित्रेण विनाशितः ।।६५०।।

શ્લોકાર્થ :-

તે જ હું કોવિદ હે મહીપાલ ઘનવાહન ! તારા વડે જાણવો. મારો ભાઈ બાલિશ સંગ કુમિત્રથી વિનાશ કરાયો. ।।૬૫૦।।

શ્લોક :-

अहं सदागमेनैव, दुःखजालाद् विमोचितः ।
सम्प्रत्यपि करोम्याज्ञामतोऽस्यैव हितैषिणः ।।६५१।।

શ્લોકાર્થ :-

હું સદાગમ વડે જ દુઃખજાલથી મુક્ત કરાયો. આથી=સદાગમ દ્વારા દુઃખથી મુક્ત કરાયો આથી, હમણાં પણ હિતૈષી એવો હું=કોવિદ, આની જ=સદાગમની જ, આજ્ઞાને કરું છું. ।।૬૫૧।।

શ્લોક :-

दुष्टः संगस्ततस्त्याज्यो, न त्याज्यश्च सदागमः ।
हितैषिणामिदं तत्त्वं, स्वचरित्रेण दर्शितम् ।।६५२।।

શ્લોકાર્થ :-

તેથી દુષ્ટ સંગનો ત્યાગ કરવો જોઈએ. સદાગમનો ત્યાગ કરવો જોઈએ નહિ. સ્વચરિત્રથી=પોતાના ચરિત્રથી, હિતૈષીઓને આ તત્ત્વ બતાવાયું=દુષ્ટ સંગનો ત્યાગ કરવો જોઈએ એ તત્ત્વ બતાવાયું. ।।૬૫૨।।

શ્લોક :-

आकर्ण्येदं गुरोर्वाक्यं, मयेदं परिभावितम् ।
त्याजयत्येष मां हन्त, महामोहपरिग्रहौ ।।६५३।।

શ્લોકાર્થ :-

ગુરુનું આ વાક્ય સાંભળીને=કોવિદસૂરિનું પૂર્વનું કથન સાંભળીને, મારા વડે=ઘનવાહન વડે, આ પરિભાવન કરાયું. ખરેખર આ=કોવિદસૂરિ, મને મહામોહ અને પરિગ્રહનો ત્યાગ કરાવે છે. ।।૬૫૩।।

શ્લોક :-

सदागमेन सार्द्धं च, संस्तवं कारयत्यलम् ।
ततः किं करवाणीति, यावच्चिन्तापरः स्थितः ।।६५४।।

શ્લોકાર્થ :-

અને સદાગમની સાથે અત્યંત સંસ્તવ કરાવે છે=પરિચિત કરાવે છે. તેથી શું કરું એ પ્રમાણે જ્યાં સુધી ચિંતા પર રહ્યો. ।।૬૫૪।।

શ્લોક :-

भावं ज्ञात्वाऽकलङ्केन, तावन्मां प्रति जल्पितम् ।
बुद्धं भागवतं वाक्यं, किं न वा घनवाहन ! ।।६५५।।

શ્લોકાર્થ :-

ત્યાં સુધી ભાવને જાણીને અકલંક વડે મારા પ્રત્યે કહેવાયું. હે ઘનવાહન ! ભગવાનનું વાક્ય શું જણાયું કે નહિ ? ।।૬૫૫।।

શ્લોક :-

मयोक्तं सुष्ठु बुद्धं स, प्राह तत् क्रियतामिदम् ।
अकलङ्काश्रयप्रेम्णो, गाढरूढतया ततः ।।६५६।।
अचिन्त्यत्वात् प्रभावस्य, कोविदाचार्यसन्निधेः ।
कर्मग्रन्थेः पुनः प्रत्यासन्नत्वादुत्तराक्षमः ।।६५७।।
अकलङ्कस्य वचनमहं तत् प्रतिपन्नवान् ।
भूयः सदागमोऽभ्यर्णे, तदा मम समागतः ।।६५८।।

શ્લોકાર્થ :-

મારા વડે=ઘનવાહન વડે, કહેવાયું. સુંદર જણાયું. તે=અકલંક, કહે છે, તો આ કરાય=ગુરુનાં વચનો સ્વીકારાય. તેથી=અકલંકે આ પ્રમાણે કહ્યું તેથી, અકલંકના આશ્રયવાળા પ્રેમનું ગાઢ રૂઢપણું હોવાને કારણે, કોવિદાચાર્યની સન્નિધિના પ્રભાવનું અચિંત્યપણું હોવાને કારણે, વળી, કર્મગ્રંથિનું પ્રત્યાસન્નપણું હોવાથી ઉત્તરમાં અસમર્થ એવા મેં=ઘનવાહને, અકલંકના તે વચનને સ્વીકાર્યું. ત્યારે ફરી મારી નજીકમાં સદાગમ આવ્યો.

ઘનવાહનને અકલંક સાથે ગાઢ પ્રેમ હોવાથી તેના વચનને સાંભળવાનો સન્મુખભાવ થાય છે. કોવિદાચાર્ય વિશિષ્ટ પ્રભાવશાળી આચાર્ય છે, તેથી તેના પ્રભાવની પણ અસર ઘનવાહન ઉપર પડે છે. તેથી મહામોહને વશ થઈને પાપમિત્ર એવા મહામોહનો અને પરિગ્રહનો ત્યાગ કરવા જે કોવિદાચાર્ય કહે છે, તેનો ઉત્તર આપવા ઘનવાહન સમર્થ થતો નથી. તે વખતે તેનાં કર્મો પણ કંઈક અલ્પ થાય છે, તેથી અકલંકનું વચન સ્વીકારે છે. માટે કર્મની અલ્પતા થવામાં અકલંકનો સ્નેહ અને કોવિદાચાર્યનું સાંનિધ્ય બલવાન નિમિત્ત છે અને કર્મ કંઈક અલ્પ થયાં તેથી ફરી સદાગમ પાસે આવે છે=મિથ્યાત્વની મંદતાથી કંઈક દ્રવ્ય આચરણા કરવાને અભિમુખ ઘનવાહનને પરિણામ થાય છે. **II૬૫૬થી ૬૫૮II**

શ્લોક :-

શીલિતા સકલા ચૈત્યવન્દનાદિક્રિયા પુનઃ ।
गुणितं पूर्वपठितं, नमस्कारादि किञ्चन ।।६५९।।

શ્લોકાર્થ :-

વળી, સકલ ચૈત્યવંદનાદિક ક્રિયા અભ્યાસ કરાઈ. પૂર્વમાં ભણેલ નમસ્કારાદિ કંઈક ભણાયું. II૬૫૯II

શ્લોક :-

प्रवर्तितं च दानादि, पात्रेषु श्रमणादिषु ।
दूरीभूतौ मनाग् मत्तौ, महामोहपरिग्रहौ ।।६६०।।

શ્લોકાર્થ :-

શ્રમણાદિ પાત્રોમાં દાનાદિ પ્રવર્તન કરાયાં. મારાથી થોડાક મહામોહ અને પરિગ્રહ દૂર થયા. ।।૬૬૦।।

શ્લોક :-

लज्जयेत्यकलङ्कस्य, श्राद्धोऽहं द्रव्यतोऽभवम् ।
निर्मूर्च्छ इव संसारे, सन्तुष्ट इव वैभवे ।।६६१।।

શ્લોકાર્થ :-

इति=એ હેતુથી=મહામોહ અને પરિગ્રહ કંઈક દૂર થયા એ હેતુથી, અકલંકની લજ્જાથી સંસારમાં મૂર્ચ્છા વગરની જેમ અને વૈભવમાં સંતુષ્ટની જેમ હું દ્રવ્યથી શ્રાવક થયો.

અકલંકના આગ્રહથી ફરી કંઈક ઘનવાહન ધર્મની પ્રવૃત્તિ કરે છે. તેથી મહામોહ અને પરિગ્રહ ચિત્તમાં પૂર્વે કંઈક વૃદ્ધિ પામેલા તે કંઈક અલ્પ થાય છે. તેથી સંસારમાં જાણે મૂર્ચ્છા નથી અને પ્રાપ્ત થયેલા વૈભવમાં જાણે સંતુષ્ટ છે એવી આચરણા કરતો ઘનવાહન દ્રવ્યથી શ્રાવક થયો. **।।૬૬૧।।**

શ્લોક :-

ततो मां तादृशं ज्ञात्वा, सोऽन्यत्र सह सूरिणा ।
विजहाराकलङ्कोऽथ, महामोहपरिग्रहौ ।।६६२।।
मत्वा तं दूरगं पार्श्वे, मम प्रोल्लसितौ पुनः ।
गतः सदागमो दूरे, क्रिया सा शिथिलीकृता ।।६६३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેવા પ્રકારના મને જાણીને=ઘનવાહન ફરી ધર્મ કરવા યત્નશીલ થયેલ છે તેવા પ્રકારનો મને જાણીને, તેણે=અકલંકે સૂરિ સાથે અન્યત્ર વિહાર કર્યો. હવે તેને=અકલંકને, દૂર માનીને મારી પાસે ફરી મહામોહ અને પરિગ્રહ ઉલ્લસિત થયા. સદાગમ દૂરમાં ગયો. તે ક્રિયા શિથિલ કરાઈ. ।।૬૬૨-૬૬૩।।

શ્લોક :-

जातोऽहं भोगमूर्च्छान्धो, धनसंग्रहतत्परः ।
कृतानि स्त्रीसहस्राणि, हेमकूपा मया भृताः ।।६६४।।

શ્લોકાર્થ :-

ધનસંગ્રહમાં તત્પર, ભોગમૂર્ચ્છામાં અંધ હું થયો. હજારો સ્ત્રીઓ કરાઈ. સુવર્ણના કૂવાઓ મારા વડે ભરાયા. ।।૬૬૪।।

શ્લોક :-

अहिरण्या कृता पृथ्वी, मयाऽन्यधनहारिणा ।
न कृतं यन्मया मोहात्, तत् पापं नास्ति भूतले ।।६६५।।

શ્લોકાર્થ :-

અન્ય ધનને હરનારા એવા મારા વડે પૃથ્વી અહિરણ્યવાળી કરાઈ. તે પાપ ભૂતલમાં નથી જે મોહથી મારા વડે કરાયું નહિ. ।।૬૬૫।।

શ્લોક :-

ततः पुण्योदयः क्रुद्धो, दृष्ट्वा दुश्चरितं मम ।
मृता शूलान्महादेवी, नाम्ना मदनसुन्दरी ।।६६६।।

શ્લોકાર્થ :-

તેથી મારા દુશ્ચરિત્રને જોઈને પુણ્યોદય ક્રોધ પામ્યો. શૂલથી મદનસુંદરી નામની મહાદેવી મરી ગઈ.

અતિપાપને કારણે ધનવાહનનું પુણ્ય ક્ષીણ થવાથી તેના ચિત્તને અત્યંત દુઃખી કરે તેવી મદનસુંદરીનું મૃત્યુ થયું. તેથી ફલિત થાય કે વર્તમાનમાં પાપ કરવાથી તત્કાલ અનર્થ કરે તેવી પાપપ્રકૃતિઓ જાગૃત થાય છે. ફક્ત મૂઢ જીવોને વર્તમાનના મારા કૃત્યનું આ ફળ છે તેમ જણાતું નથી. **।।૬૬૬।।**

શ્લોક :-

अत्रान्तरे महामोहपार्श्वे भृत्यः समागतः ।
शोकाख्योऽवसरं ज्ञात्वा, स मामालिङ्गति स्म च ।।६६७।।

શ્લોકાર્થ :-

એટલામાં મહામોહ પાસે અવસરને જાણીને શોક નામનો સેવક આવ્યો અને તેણે=શોકે, મને આલિંગન કર્યું.

ધનવાહનનું પુણ્ય અલ્પ થવાથી મદનસુંદરીનું મૃત્યુ થયું. તે નિમિત્તને પામીને ધનવાહનના ચિત્તમાં જે મહામોહ હતો તેની પાસે શોકનો પરિણામ આવે છે; કેમ કે જીવમાં જ્યારે મહામોહ વર્તે છે. ત્યારે અવસરે શોક પણ આવે છે અને આવીને ધનવાહનના શરીરમાં પ્રવેશે છે. **॥૬૬૭॥**

શ્લોક :-

स्मृत्वा स्मृत्वा ततो देवीं, प्राणेभ्योऽप्यतिवल्लभाम् ।
मुक्तकण्ठं रुदन् दीनो, जातोऽहं दुःखपूरितः ।।६६८।।

શ્લોકાર્થ :-

તેથી=શોકે ધનવાહનને આલિંગન કર્યું તેથી, પ્રાણથી પણ અતિવલ્લભ દેવીને વારંવાર સ્મરણ કરીને મુક્ત કંઠથી રડતો દીન હું દુઃખપૂરિત થયો. ॥૬૬૮॥

શ્લોક :-

राज्यकार्यं परित्यक्तं, संस्कारश्च तनोरपि ।
ग्रहाविष्टसमानोऽहं, जातो विह्वलमानसः ।।६६९।।

શ્લોકાર્થ :-

રાજ્યકાર્ય ત્યાગ કરાયું. શરીરના પણ સંસ્કારો ત્યાગ કરાયા. ગ્રહ આવિષ્ટ સમાન, વિહ્વલ માનસવાળો હું થયો. ॥૬૬૯॥

શ્લોક :-

श्रुत्वाऽकलङ्कस्तां वार्तां, लोकास्यान्मामुपाययौ ।
दृष्ट्वा माममतिशोकार्तं, कृपयेदमभाषत ।।६७०।।

શ્લોકાર્થ :-

લોકોના મુખથી તે વાર્તાને સાંભળીને=ઘનવાહન અતિ શોકાતુર છે એ વાર્તાને સાંભળીને, અકલંક મારી પાસે આવ્યો. અતિ શોકથી આર્ત મને જોઈને કૃપાથી આ બોલ્યો. ।।૬૭૦।।

શ્લોક :-

घनवाहन ! किं कर्तुमारब्धमसमञ्जसम् ।
शोकदावाग्निजलदो, विस्मृतः किं सदागमः ।।६७१।।

શ્લોકાર્થ :-

હે ઘનવાહન ! શોકદાવાનળથી બળતા એવા તેં કેમ અસંમજસ કરવા માટે આરંભ કરાયું ? શું સદાગમ વિસ્મૃત થયો ?

સદાગમના વચનનું સ્મરણ કરીને તારે શોક કરવો જોઈએ નહિ, એમ અકલંક કહે છે. **।।૬૭૧।।**

શ્લોક :-

शोकोऽयं तव संस्मार्य, देवीं मदनसुन्दरीम् ।
स्वान्तं यद् बाधते भद्र !, तद्बीजं किं न बुद्ध्यसे ।।६७२।।

શ્લોકાર્થ :-

મદનસુંદરી દેવીને સ્મરણ કરીને તારો આ શોક જે સ્વાંતને બાધ કરે છે, હે ભદ્ર ! ઘનવાહન તેના બીજને તું કેમ જાણતો નથી.

તું વારંવાર મદનસુંદરીનું સ્મરણ કરે છે. એથી જ તારું ચિત્ત બાધિત થાય છે માટે તેનું સ્મરણ કરવાનું તું ત્યાગ કર, એ પ્રમાણે અકલંક કહે છે. **।।૬૭૨।।**

શ્લોક :-

कृतान्ताहिमुखे सर्वे, पतिताः सन्ति जन्तवः ।
जीव्यते क्षणमप्येतैर्यत् तदेव महाद्भुतम् ।।६७३।।

શ્લોકાર્થ :-

કૃતાંતરૂપી=યમરાજરૂપી, સાપના મુખમાં સર્વ જીવો પડેલા છે. એમના વડે=સર્વ જીવો વડે, જે ક્ષણ પણ જીવાય છે તે જ મહાઅદ્ભુત છે.

બધા જીવો ગમે ત્યારે મૃત્યુ પામી શકે છે, છતાં જે કંઈ જીવે છે તે જ આશ્ચર્ય છે, એ પ્રકારે માર્ગાનુસારી દૃષ્ટિથી ભાવન કરવામાં આવે તો કોઈના મૃત્યુમાં લેશ પણ શોક થાય નહિ. તેથી શોકના નિવારણ અર્થે અકલંક મહાત્મા ઘનવાહનને આ પ્રમાણે ઉપદેશ આપે છે. **॥૬૭૩॥**

શ્લોક :-

अपेक्षते दशां नैष, प्रेमसम्बन्धबन्धुराम् ।
सर्वान्निर्दलयत्येव, जनान् सर्वंकषो यमः ।।६७४।।

શ્લોકાર્થ :-

આ=કૃતાંત, પ્રેમ સંબંધથી બંધુર એવી દશાની અપેક્ષા રાખતો નથી. સર્વમ્કષ એવો યમ=બધાનો વિનાશ કરે એવો યમ, સર્વ લોકોને નિર્દલન કરે જ છે. ॥૬૭૪॥

શ્લોક :-

मृत्युर्न भेषजैश्चित्रैर्नापनेयः सुरैरपि ।
इत्यशक्यप्रतीकारे, तत्र को विह्वलो भवेत् ।।६७५।।

શ્લોકાર્થ :-

દેવતાઓ વડે પણ ચિત્ર ઔષધોથી મૃત્યુ અપનેય નથી=દૂર કરી શકાય તેમ નથી. એથી અશક્ય પ્રતિકારવાળા એવા તેમાં=મૃત્યુમાં, કોણ વિહ્વલ થાય ? ॥૬૭૫॥

શ્લોક :-

अन्तं स्वकर्मणा नीतां, तां देवीं मुग्ध ! मा शुचः ।
आत्मैवान्तं त्वया शोच्यो, नेष्यमाणः स्वकर्मणा ।।६७६।।

શ્લોકાર્થ :-

હે મુગ્ધ ! સ્વકર્મથી અંતને લઈ જવાયેલી તે દેવીનો શોક તું કર નહિ. સ્વકર્મથી અંતને લઈ જવાનારો આત્મા જ તારા વડે શોચ્ય છે= એક દિવસ તારો આત્મા પણ આ રીતે અંતને પામશે તેની વિચારણા કરીને આત્મહિત સાધવા જ યત્ન કરવો જોઈએ.

અકલંક ઘનવાહનને કહે છે, પોતાના કર્મથી દેવી મૃત્યુ પામી છે માટે તેનો શોક કરવો ઉચિત નથી. પરંતુ તારા કર્મથી તારા જીવનનો જ એક દિવસ અંત આવશે. તેની ચિંતા કરીને મનુષ્યભવ સફળ થાય તેવો યત્ન કરવો જોઈએ. **॥૬૭૬॥**

શ્લોક :-

करोत्येवमविश्रान्तः, स सुधीर्धर्मदेशनाम् ।
दृढशोकानुवृत्त्या तु, तामहं लक्षयामि न ।।६७७।।

શ્લોકાર્થ :-

આ રીતે અવિશ્રાંત સુંદર બુદ્ધિવાળા એવા તે=અકલંક, ધર્મદેશનાને કરે છે. પરંતુ દઢ શોકની અનુવૃત્તિથી તેને=અકલંકની ધર્મદેશનાને હું=ઘનવાહન, લક્ષમાં લેતો નથી. ॥૬૭૭॥

શ્લોક :-

प्रलपामि च हा बाले !, हा चार्वङ्गि ! वरानने ! ।
हा सुभ्रु ! हा विशालाक्षि !, हा रम्भोरु ! प्रियंवदे ! ।।६७८।।
हा भर्तृवत्सले देवि !, हा हा मदनसुन्दरि ! ।
क्व गताऽसि रुदन्तं मां, विहाय घनवाहनम् ।।६७९।।

શ્લોકાર્થ :-

હું પ્રલાપ કરું છું. હા બાલા !, હા ચાર્વંગી !, હા વરાનના !, હા સુભ્રુ !, હા વિશાલાક્ષિ !, હા રમ્ભોરુ !, હા પ્રિયંવદા !, હા ભર્તૃવત્સલ એવી દેવી ! હા હા મદનસુંદરી ! રડતા ઘનવાહન એવા મને છોડીને તું ક્યાં ગઈ ? ॥૬૭૮-૬૭૯॥

શ્લોક :-

दीयतां दर्शनं देवि !, पीयतां त्वद्वचो मया ।
लीयतां मम देहे च, त्वया शोकोऽपनीयताम् ।।६८०।।

શ્લોકાર્થ :-

હે દેવી ! દર્શન આપ. તારું વચન મારા વડે પિવાય. મારા દેહમાં લીન થા=તું લીન થા. તારા વડે શોક દૂર કરાય=મારો શોક દૂર કરાય. ।।૬૮૦।।

શ્લોક :-

अकलङ्कस्य वचनमिति प्रलपता मया ।
नादृतं स पुनः प्राह, मां कृपार्द्रमना मुनिः ।।६८१।।

શ્લોકાર્થ :-

આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, બોલતા મારા વડે અકલંકનું વચન સ્વીકારાયું નહિ. કૃપાથી આર્દ્ર કરાયેલા મનવાળા તે મુનિ=અકલંક મુનિ, ફરી મારા પ્રત્યે કહે છે. ।।૬૮૧।।

શ્લોક :-

विधातुं बालचरितं, नेदं युक्तं भवादृशाम् ।
घनवाहन ! धीरत्वं, भज क्लैब्यं परित्यज ।।६८२।।

શ્લોકાર્થ :-

તારા જેવાને આ બાલચરિત્ર કરવું યુક્ત નથી. હે ઘનવાહન ! ધીરત્વનો સ્વીકાર કર. નપુંસકપણાનો ત્યાગ કર. ।।૬૮૨।।

શ્લોક :-

स्मरात्मानं कुरु स्वस्थं, मनो मोहमपाकुरु ।
परिग्रहेण सहितं, शोकं च शिथिलीकुरु ।।६८३।।

શ્લોકાર્થ :-

આત્માનું સ્મરણ કર. મનને સ્વસ્થ કર. મોહને દૂર કર અને પરિગ્રહ

સહિત શોકને શિથિલ કર=સ્ત્રીરૂપ પરિગ્રહ સહિત સ્ત્રી વિષયક શોકને તું શિથિલ કર. ||૬૮૩||

શ્લોક :-

समाचरोपदेशं मे, सदागममनुव्रज ।

भवप्रदीपनादीन् किं, दृष्टान्तान्न स्मरस्यहो ? ||६८४||

શ્લોકાર્થ :-

મારા ઉપદેશનું આચરણ કર. સદાગમનું શરણું સ્વીકાર કર. ભવપ્રદીપનાદિ દૃષ્ટાંતોને કેમ સ્મરણ કરતો નથી ? ||૬૮૪||

શ્લોક :-

व्यसनानि करस्थानि, भवस्थानां हि देहिनाम् ।

वियोगाः सुलभास्तीव्रव्याधयश्चाविदूरगाः ||६८५||

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, સંસારી જીવોને વ્યસનો=આપત્તિ, હાથમાં છે. વિયોગો સુલભ છે. તીવ્ર વ્યાધિઓ દૂર રહેલી નથી. ||૬૮૫||

શ્લોક :-

प्रत्यासन्नानि दुःखानि, ध्रुवा च यमयातना ।

विना विवेकं न त्राणं, पुरुषस्य किलापरम् ||६८६||

શ્લોકાર્થ :-

દુઃખો પ્રત્યાસન્ન છે અને મૃત્યુની યાતના ધ્રુવ છે. વિવેક વગર પુરુષને ખરેખર બીજું ત્રાણ નથી.

અકલંક ઘનવાહનને કહે છે, સંસારમાં દુઃખો પ્રત્યાસન્ન છે; કેમ કે જીવ કર્મને પરતંત્ર છે. તેથી પુણ્ય અલ્પ થાય ત્યારે દુઃખ આપાદક પાપકર્મો વિપાકમાં આવે છે. વળી, મૃત્યુની પીડા સર્વ જીવોને ધ્રુવ છે. તેથી વિવેક જ તે આપત્તિઓમાં જીવને સ્વસ્થ રાખવા માટે પ્રબળ કારણ છે; કેમ કે ભેદજ્ઞાન વર્તતું હોય તો

બાહ્ય દુઃખો ચિત્તમાં ક્લેશ કરાવતાં નથી, પરંતુ વિવેકને કારણે સમભાવનું સુખ વર્તે છે. જ્યારે વિવેક વગર વિપરીત સંયોગમાં જીવનું કોઈ રક્ષણ કરવા સમર્થ નથી. **॥૬૮૬॥**

શ્લોક :-

ततोऽगृहीतसंकेते !, सीधुमत्तो भयादिव ।
मन्त्रादिवाहिना दष्टः, सुप्तो बोधध्वनेरिव ।।६८७।।
ततोऽकलङ्कवचनाज्जातोऽहं लब्धचेतनः ।
नत्वा प्रोक्तोऽथ शोकेन, मोहो देव ! व्रजाम्यहम् ।।६८८।।

શ્લોકાર્થ :-

તેથી=અકલંક મુનિએ અનેક રીતે મને ઉપદેશ આપ્યો તેથી, હે અગૃહીતસંકેતા ! દારૂથી મત્ત થયેલો જેમ ભયથી લબ્ધ ચેતનવાળો થાય છે, દંશાયેલો=સાપથી દંશાયેલો, સૂતેલો પુરુષ મંત્રાદિવાહી દ્વારા બોધધ્વનિથી જેમ લબ્ધ ચેતનવાળો થાય છે, તેમ તે અકલંકના વચનથી હું લબ્ધ ચેતનાવાળો થયો, તેથી નમીને શોક વડે મોહ કહેવાયો. હે દેવ=મોહરાજા ! હું જાઉં છું.

અકલંકનાં તે તે વચનોથી કંઈક ચેતના પામેલ ઘનવાહનમાં શોકનો પરિણામ દૂર થાય છે; કેમ કે ઉપદેશના સ્પર્શથી શોકઆપાદક મોહ ક્ષીણ થાય છે. તેથી મોહને શોક કહે છે. હું હવે જાઉં છું. **॥૬૮૭-૬૮૮॥**

શ્લોક :-

न ममात्रासितुं दत्तेऽकलङ्कः प्राह मोहराट् ।
दुष्टोऽयं भावि नो विघ्नः, किमस्मादावयोरपि ।।६८९।।

શ્લોકાર્થ :-

અહીં=ઘનવાહનમાં, અકલંક મને=શોકને, રહેવા દેતો નથી, તેથી હું જાઉં છું, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. મોહરાજા કહે છે. આ=અકલંક, દુષ્ટ છે. આનાથી=અકલંકથી, આપણા બંનેનું પણ=મોહનું અને શોકનું

પણ, ભાવિ શું છે ? હું જાણતો નથી.

ઘનવાહનમાંથી શોક જવાને કારણે મોહને ભય લાગે છે કે આ રીતે અકલંક ઘનવાહનના આત્મામાંથી આપણે બંનેને પણ કાઢી મૂકે તેવી સંભાવના છે; કેમ કે અકલંકના ઉપદેશથી ઘનવાહન કંઈક ભાવિત થાય છે. તેથી મોહનો નાશ પણ થવાની સંભાવના રહે છે. **II૬૮૯II**

શ્લોક :-

घनवाहनमेषोऽमुं, प्रतारयति तद् व्रज ।
अधुना त्वं पुनः कार्यं, प्रतिजागरणं मम ।।६९०।।

શ્લોકાર્થ :-

આ ઘનવાહનને આ=અકલંક, ઠગે છે, તે કારણથી તું જા=શોકને મોહ કહે છે કે તું જા. હવે તારે=શોકે, ફરી મારું પ્રતિજાગરણ કરવું જોઈએ=અવકાશ મળે ત્યારે અવશ્ય ઘનવાહનમાં આવીને મોહને તેજસ્વી કરવો જોઈએ. II૬૯૦II

શ્લોક :-

तथेत्युक्त्वा गतः शोको, मया तत् स्वीकृतं वचः ।
आकलङ्कं धृतश्चित्ते, प्रियत्वेन सदागमः ।।६९१।।

શ્લોકાર્થ :-

'તથા' એ પ્રમાણે કહીને=મોહે શોકને કહ્યું કે તારે મારું પ્રતિજાગરણ કરવું જોઈએ. તે વચનને સ્વીકારવા રૂપે 'તહત્તિ' એ પ્રમાણે કહીને, શોક ગયો. મારા વડે અકલંક સંબંધી તે વચન સ્વીકારાયું. ચિત્તમાં પ્રિયપણાથી સદાગમ ધારણ કરાયો.

અકલંકના વચનથી ઘનવાહનમાં ક્રમસર કંઈક ચેતના આવે છે. તેથી શોક દૂર થાય છે, એટલું જ નહીં પણ તે વચનો સદાગમરૂપ હોવાથી સદાગમ પ્રત્યે ઘનવાહનને કંઈક પ્રીતિ થાય છે. **II૬૯૧II**

શ્લોક :-

स्मारितं पूर्वपठितं, मनाग् मोहपरिग्रहौ ।
त्यक्तौ कियान् कृतोऽपूर्वश्रुतस्य ग्रहणादरः ।।६९२।।

શ્લોકાર્થ :-

પૂર્વ પઠિતનું સ્મરણ કરાયું. મોહ અને પરિગ્રહ થોડાક ત્યાગ કરાયા. અપૂર્વ શ્રુતના ગ્રહણનો કંઈક આદર કરાયો.

ધનવાહન અકલંક પાસે આવીને રુચિપૂર્વક સદ્‌શાસ્ત્રો સાંભળવા તત્પર થયો. **॥૬૯૨॥**

શ્લોક :-

कारिता जिनचैत्यैर्भूः, शुभ्रा यात्राः प्रवर्तिताः ।
तुष्टोऽकलङ्को जातो मे, श्रमोऽत्र फलवानिति ।।६९३।।

શ્લોકાર્થ :-

જિનચૈત્યોથી ભૂમિ શુભ્ર કરાઈ, યાત્રાઓ પ્રવર્તાવી, અહીં= ધનવાહનમાં, મારો શ્રમ ફલવાળો થયો, એ પ્રમાણે અકલંક તોષ પામ્યો.

ધનવાહન અપૂર્વશ્રુત ગ્રહણ કરે છે. તેથી ધર્મભાવ વૃદ્ધિ પામે છે. તેથી જિનચૈત્યો, શુભ યાત્રાઓ વગેરે કરે છે. જેથી અકલંક મુનિને સંતોષ થાય છે. આનાથી ફલિત થાય કે કંઈક યોગ્યતાને પામેલા પણ જીવને બળવાન સદ્‌આલંબન મળે તો કંઈક કંઈક માર્ગને અભિમુખ થાય છે અને બળવાન નિધિ દૂર થાય ત્યારે ચિત્તમાં સંસ્કારરૂપે રહેલા મોહ આદિના ભાવો ફરી ફરી જાગૃત થાય છે. તેથી કલ્યાણના અર્થી જીવે સતત સદ્‌આલંબનો ગ્રહણ કરવાં જોઈએ જેથી સંસારમાં ત્રાણ બને. **॥૬૯૩॥**

શ્લોક :-

परिग्रहस्य मित्रस्य, विरहार्त्तेन मेऽन्तिके ।
आगन्तुं सागरेणाथ, प्रश्नितो रागकेसरी ।।६९४।।

आज्ञां तस्य ददौ सोऽपि, ततो बहुलिकाऽवदत् ।
छायेव सागरस्याहमनुगच्छामि तेन तम् ।।६९५।।

શ્લોકાર્થ :-

હવે પરિગ્રહ મિત્રના વિરહથી પીડિત એવા સાગર વડે મારી નજીક આવવા માટે=ઘનવાહન પાસે આવવા માટે, રાગકેસરી પુછાવાયો. તેને=સાગરને, તેણે પણ=રાગકેસરીએ પણ, આજ્ઞા આપી=ઘનવાહન પાસે જવા માટે આજ્ઞા આપી, તેથી બહુલિકા બોલી, સાગરની છાયા જેવી હું છું, તે કારણથી તેને=સાગરને, અનુસરુ છું.

ઘનવાહનમાં પરિગ્રહનો પરિણામ અકલંકના વચનથી કંઈક અલ્પ થયેલો, તોપણ વિદ્યમાન હતો અને પરિગ્રહના પરિણામ સાથે લોભના પરિણામને અત્યંત મૈત્રી છે. આથી પરિગ્રહના અર્થી જીવો લોભને વશ ખોટું-સાચું પણ કરે છે. તેથી ઘનવાહનમાં પરિગ્રહની સાથે સાગરનો પરિણામ પ્રગટ થવાને અનુકૂળ પરિણતિ વર્તે છે અને લોભના પરિણામ સાથે માયાનો પરિણામ પ્રાયઃ છાયાની જેમ રહે છે. તેથી ઘનવાહન પાસે સાગર સાથે માયાનો પરિણામ પણ આવવા માટે તત્પર થાય છે. **॥૬૯૪-૬૯૫॥**

શ્લોક :-

रागकेसरिणा प्रोक्तं, वत्से ! यातु भवत्यपि ।
प्राणभूता कृपणताऽप्यनुगच्छतु सागरम् ।।६९६।।
समागतानि मत्पार्श्वे, ततस्तानि तदाज्ञया ।
हृष्टौ तद्दर्शनाद् बाढं महामोहपरिग्रहौ ।।६९७।।

શ્લોકાર્થ :-

રાગકેસરી વડે કહેવાયું. હે વત્સ બહુલિકા ! તું પણ જા=ઘનવાહન પાસે જા, પ્રાણભૂત કૃપણતા પણ=સાગરની પ્રાણભૂત કૃપણતા પણ, સાગરને અનુસરો.

ત્યારપછી તેની આજ્ઞાથી=રાગકેસરીની આજ્ઞાથી, તેઓ મારી પાસે આવ્યા=સાગર, બહુલિકા અને કૃપણતા મારી પાસે આવ્યાં. તેઓના

દર્શનથી મહામોહ અને પરિગ્રહ અત્યંત હર્ષિત થયા.

ધનવાહનમાં વર્તતા રાગના પરિણામથી પરિગ્રહનો પરિણામ થયેલ હતો, તે અતિશય થવાથી સાગર=લોભનો પરિણામ આવ્યો. સાગર સાથે માયાને અતિ સંબંધ છે. તેથી માયાનો પરિણામ આવ્યો અને સાગરની સાથે પ્રાણભૂત એવી કૃપણતા પણ આવી. તેથી મહામોહ અને પરિગ્રહના પરિણામની અત્યંત વૃદ્ધિ થઈ. **॥૬૯૬-૬૯૭॥**

શ્લોક :-

मामालिलिङ्ग सोत्साहमादौ कृपणता ततः ।
जाता धीः किमदृष्टार्थं, ममेयद्द्रविणव्ययैः ।।६९८।।

શ્લોકાર્થ :-

મને=ધનવાહનને, ઉત્સાહપૂર્વક આદિમાં=ત્રણેયના આગમની આદિમાં, કૃપણતાએ આલિંગન આપ્યું, તેથી બુદ્ધિ થઈ, અદષ્ટ અર્થે=પરલોક અર્થે, આટલા ધનવ્યયથી મને શું ?

ધનવાહનમાં કૃપણતા આવવાને કારણે સદાગમના વચનાનુસાર સત્કાર્યો કરતો હતો તે નહીં કરવાની બુદ્ધિ કૃપણતાએ આપી. **॥૬૯૮॥**

શ્લોક :-

अकलङ्कश्च मामेष, प्रोत्साहयति सर्वदा ।
यदि भावस्तवेऽशक्तस्ततो द्रव्यस्तवं कुरु ।।६९९।।

શ્લોકાર્થ :-

અને મને=ધનવાહનને, આ અકલંક સર્વદા પ્રોત્સાહન આપે છે. જો ભાવસ્તવમાં અશક્ત છો=ચારિત્રના ગ્રહણમાં અશક્ત છો, તો દ્રવ્યસ્તવ કર. ॥૬૯૯॥

શ્લોક :-

तद्द्वारा व्ययितं भूयो, धनं किं करवाण्यथ ।
ध्यायन्तमालिलिङ्गेत्थं, स्नेहाद् बहुलिकाऽथ माम् ।।७००।।

શ્લોકાર્થ :-

તેના દ્વારા=દ્રવ્યસ્તવ દ્વારા, ઘણું ધન વ્યય કરાયું. હવે શું કરું, આ પ્રમાણે વિચાર કરતા મને=પરલોક અર્થે ધનવ્યય કરવાથી શું અને અકલંક દ્રવ્યસ્તવ કરવાની પ્રેરણા કરે છે આ રીતે વિચાર કરતા એવા ધનવાહનને, સ્નેહથી બહુલિકાએ આલિંગન આપ્યું.

ધનવ્યય પોતાને રુચતો નથી અને અકલંક દ્રવ્યસ્તવ કરવાનું કહે છે, ત્યારે કૃપણતાને કારણે માયાનો પરિણામ ધનવાહનમાં સ્ફુરણ થાય છે. **॥૭૦૦॥**

શ્લોક :-

ततः कुबुद्धिर्जाता मे, यथेतः कर्षयाम्यमुम् ।
अकलङ्कं स्निग्धगिरा, यथा न स्याद् धनव्ययः ।।७०१।।

શ્લોકાર્થ :-

તેથી=માયાએ આલિંગન આપ્યું તેથી, મને કુબુદ્ધિ થઈ, જે આ પ્રમાણે અહીંથી આ અકલંકને સ્નિગ્ધ વાણીથી અન્યત્ર મોકલું, જે પ્રમાણે ધનવ્યય ન થાય. ॥૭૦૧॥

શ્લોક :-

ततोऽकलङ्कोऽभिहितो, मया यूयं समागताः ।
उपकाराय युष्माभिः, स च सम्पादितो मम ।।७०२।।

શ્લોકાર્થ :-

તેથી મારા વડે=ધનવાહન વડે, અકલંક કહેવાયો. તમે ઉપકાર માટે આવ્યા છો અને તમારા વડે મારો તે=ઉપકાર, સંપાદન કરાયો. ॥૭૦૨॥

શ્લોક :-

सम्पूर्णो मासकल्पो वो यूयं विहरतेत्यथ ।
सूरयो मोन्मनीभूवन्, मोपालम्भश्च भून्मम ।।७०३।।

શ્લોકાર્થ :-

તમારો માસકલ્પ સંપૂર્ણ થયો છે, હવે તમે વિહાર કરો. સૂરિઓ ઉન્મનીભાવવાળા ન થાઓ, મને ઉપાલંભ ન થાઓ=ધનવાહનને કારણે માસકલ્પ પૂરો થયો છે છતાં અકલંક સાધુને રહેવું પડે છે એ રીતે સૂરિ વિપરીત ભાવવાળા ન થાઓ અને તે નિમિત્તે મને ઉપાલંભ ન આપે માટે તમે વિહાર કરો એમ ધનવાહન કહે છે.

ધનવાહનના ચિત્તમાં અકલંક પ્રત્યે રાગ હોવા છતાં બળવાન કૃપણતાને કારણે માયાનો પરિણામ પ્રગટ થાય છે, તેથી કુશળતાપૂર્વક માયા કરીને અકલંકને વિહાર કરવાની પ્રેરણા કરે છે. **॥૭૦૩॥**

શ્લોક :-

चिन्ता न कार्या निर्देशं, करिष्ये भवतामहम् ।
अकलङ्को निशम्येदं, विहृतो गुरुमभ्यगात् ।।७०४।।

શ્લોકાર્થ :-

ચિંતા કરવી નહિ, તમારો=અકલંકનો, હું નિર્દેશ કરીશ, આ સાંભળીને અકલંક સાધુએ વિહાર કર્યો. ગુરુ પાસે આવ્યા. ॥૭૦૪॥

શ્લોક :-

ततो निवार्य भूयोऽपि, धर्महेतोर्धनव्ययम् ।
रक्तः परिग्रहे जातः, सागरस्याहमाज्ञया ।।७०५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=અકલંક મુનિએ વિહાર કર્યો ત્યારપછી, ધર્મહેતુથી ધનવ્યયનું ફરી પણ નિવારણ કરીને સાગરની આજ્ઞાથી હું પરિગ્રહમાં રક્ત થયો. ॥૭૦૫॥

શ્લોક :-

ततः परिग्रहेणोक्तः, सागरः साध्वहं त्वया ।
रक्षितः क्षीयमाणाङ्गो, वैद्येनैव रुजाऽर्दितः ।।७०६।।

શ્લોકાર્થ :-

તેથી=સાગરની આજ્ઞાથી ધનવાહને ધનવ્યયનો ત્યાગ કર્યો તેથી, પરિગ્રહ વડે સાગર કહેવાયો. તારા વડે=સાગર વડે, હું સુંદર રક્ષણ કરાયો. જેમ રોગથી પીડિત ક્ષીણ થતા અંગવાળો વૈદ્યથી રક્ષણ કરાય છે.

ધનવાહનમાં પરિગ્રહનો પરિણામ હતો તોપણ દ્રવ્યસ્તવ દ્વારા ભાવસ્તવની શક્તિનો સંચય ધનવાહન કરતો હતો, તેથી પરિગ્રહ સંજ્ઞા ધનવાહનમાં ક્ષીણ થતી હતી અને લોભનો પરિણામ પ્રગટ થવાથી ધનવાહને દ્રવ્યસ્તવનો ત્યાગ કર્યો. તેથી પરિગ્રહની સંજ્ઞા ક્ષીણ થતી અટકી. **॥૭૦૬॥**

શ્લોક :-

त्वत्तोऽप्येषा कृपणता, प्राणदाऽभून्ममाधिका ।
हिता बहुलिकाऽप्यासीद्, यया निर्वासितो रिपुः ।।७०७।।

શ્લોકાર્થ :-

તારાથી પણ=સાગરથી પણ, આ કૃપણતા મને=પરિગ્રહને, અધિક પ્રાણને દેનારી થઈ, બહુલિકા પણ હિતને કરનારી હતી, જેણી વડે=જે બહુલિકા વડે, શત્રુ=અકલંક, દૂર કરાયો.

પરિગ્રહ લોભને કહે છે, તારા કારણે હું રક્ષણ કરાયો. તેના કરતાં પણ ધનવાહનમાં કૃપણતા આવી તેથી, પરિગ્રહના પ્રાણનું રક્ષણ થયું; કેમ કે કૃપણતાને કારણે પરિગ્રહ સંજ્ઞા પુષ્ટ, પુષ્ટતર થાય છે. વળી, ધનવાહનમાં થયેલી માયાએ પણ પરિગ્રહના શત્રુ એવા અકલંકને દૂર કર્યો. તેથી જીવમાં જ્યારે કૃપણતાદિ ભાવો આવે છે, ત્યારે તેઓ એકબીજાનું હિત કરીને મોહની વૃદ્ધિ કરે છે. **॥૭૦૭॥**

શ્લોક :-

तच्चारु चारु विहितं, त्वयाऽऽगत्य नरोत्तम ! ।
भक्तिस्तवेयं सद्भावसौहृदद्रुममञ्जरी ।।७०८।।

શ્લોકાર્થ :-

તેથી=સાગર અને કૃપણતા આવીને પરિગ્રહનું રક્ષણ કરે છે અને બહુલિકા શત્રુને દૂર કરે છે તેથી, તારા વડે=સાગર વડે, આવીને હે નરોત્તમ ! સુંદર કરાયું. તારી આ ભક્તિ=સાગરની પરિગ્રહ પ્રત્યેની આ ભક્તિ, સદ્‌ભાવના સૌહૃદરૂપી વૃક્ષની મંજરી છે=મારા પ્રત્યે તારી જે ભક્તિ છે, તેનું આ ચિહ્ન છે. ॥૭૦૮॥

શ્લોક :-

एवं ब्रुवाणं प्रत्याह, महामोहः परिग्रहम् ।
साधूदितं त्वया वत्स !, सागरोऽयं ममासवः ।।७०९।।

શ્લોકાર્થ :-

આ બોલતાં પરિગ્રહ પ્રત્યે મહામોહ કહે છે=પૂર્વમાં કહ્યું એ રીતે પરિગ્રહ સાગરના આગમનને સત્કારે છે એ રીતે બોલતાં પરિગ્રહને મહામોહ કહે છે, હે વત્સ પરિગ્રહ ! તારા વડે સુંદર કહેવાયું, આ સાગર મારો આસવ=મહામોહનો નશો છે. ॥૭૦૯॥

શ્લોક :-

निर्मिथ्यो मम भक्तोऽयं, न्यासस्थानं ममौजसः ।
मत्पुत्रराज्ययोग्योऽयमयं रक्षाक्षमस्तव ।।७१०।।

શ્લોકાર્થ :-

મારો=મહામોહનો, નિર્મિથ્યા ભક્ત આ=સાગર છે, મારા તેજના ન્યાસનું સ્થાન છે, મારા પુત્ર રાગકેસરીના રાજ્યને યોગ્ય આ છે=મહામોહના પુત્ર રાગકેસરીના રાજ્યને યોગ્ય આ સાગર છે, આ=સાગર, તારી=પરિગ્રહની, રક્ષામાં સમર્થ છે. ॥૭૧૦॥

શ્લોક :-

महामोहेन तेनैव, सागरो गीतगौरवः ।
परिभूय मम स्वान्तं, बाधते स्म सदागमम् ।।७११।।

શ્લોકાર્થ :-

તે જ મહામોહ વડે ગુણગાન કરાયેલા ગૌરવવાળા એવા સાગરે મારા સ્વાન્તઃકરણનો પરાભવ કરીને સદાગમને બાધિત કર્યું.

ઘનવાહનમાં પૂર્વે પરિગ્રહ હતો, પરંતુ સાગર ન હતો. હવે મહામોહથી પુષ્ટ કરાયેલા સાગરે ઘનવાહનના ચિત્તને પોતાને વશ કરીને ઘનવાહનમાં જે સદાગમ પ્રત્યે કંઈક ચિત્ત હતું તેનો નાશ કર્યો. **॥૭૧૧॥**

શ્લોક :-

ततः स्फीतधनाकाङ्क्षो, बहिष्कृतसदागमः ।
जातोऽहं पूर्ववत् त्यक्तधर्मा विषयभिक्षुकः ।।७१२।।

શ્લોકાર્થ :-

તેથી વિસ્તાર પામેલી ધનની આકાંક્ષાવાળો, બહિષ્કાર કરાયેલા સદાગમવાળો હું પૂર્વની જેમ ત્યાગ કરાયેલા ધર્મવાળો વિષયનો ભિખારી થયો. ।।૭૧૨।।

શ્લોક :-

ततस्तं मम वृत्तान्तमाकर्ण्य करुणोदधिः ।
सोऽकलङ्को मदभ्यर्णमागन्तुं पुनरैहत ।।७१३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મારા તે વૃત્તાંતને સાંભળીને કરુણાના સમુદ્ર એવા તે અકલંક મુનિ મારી પાસે ફરી આવવા માટે ઈચ્છે છે. ।।૭૧૩।।

શ્લોક :-

विज्ञप्ताः कोविदाचार्यास्ततस्तेन प्रणेमुषा ।
घनवाहनबोधाय, व्रजामीत्यथ तेऽवदन् ।।७१४।।

શ્લોકાર્થ :-

તેથી નમેલા એવા તેના વડે=અકલંક મુનિ વડે, ઘનવાહનના બોધ

માટે હું જાઉં છું એ પ્રમાણે કોવિદ આચાર્ય વિજ્ઞપ્તિ કરાયા. હવે, તેઓ બોલ્યા. ||૭૧૪||

શ્લોક :-

मा गास्तदन्तिकं क्लेशस्तवायं निष्फलो यतः ।
तत्पार्श्वे जागरुकौ स्तो महामोहपरिग्रहौ ।।७१५।।

શ્લોકાર્થ :-

તેની પાસે=ઘનવાહનની પાસે જા નહીં, જે કારણથી તારો આ નિષ્ફળ ક્લેશ છે. તેની પાસે મહામોહ અને પરિગ્રહ જાગરુક રહ્યા છે. ||૭૧૫||

શ્લોક :-

तयोः पार्श्वे समायान्ति, सागराद्याः पुनः पुनः ।
मूर्च्छाशोषादिका दोषाः, प्रलापज्वरयोरिव ।।७१६।।

શ્લોકાર્થ :-

તે બેની પાસે=મહામોહ અને પરિગ્રહની પાસે, સાગરાદિ ફરી ફરી આવે છે. જેમ પ્રલાપજ્વરમાં મૂર્છા, શોષાદિક દોષો આવે છે.

કોઈકને બકવાદ કરે તેવો તાવ આવતો હોય ત્યારે વારંવાર મૂર્છા અને જીભ સુકાવાદિ દોષો પ્રાપ્ત થાય છે, તેમ ઘનવાહન પાસે મહામોહ અને પરિગ્રહની વિદ્યમાનતા છે અને તેને અતિશય કરવા માટે લોભ, કૃપણતાદિ ભાવો તે તે નિમિત્તથી ફરી ફરી આવે છે. **||૭૧૬||**

શ્લોક :-

तेषामाश्रयभूतौ तावब्धिनद्याविवाम्भसाम् ।
तद्वशस्य च तस्य स्यात्, क्व सदागममीलकः ।।७१७।।

શ્લોકાર્થ :-

જેમ સમુદ્ર અને નદી પાણીનાં આશ્રયભૂત છે, તેમ તેઓના=સાગરાદિના, આશ્રયભૂત મહામોહ અને પરિગ્રહ છે અને તેને=મહામોહ

અને પરિગ્રહને, વશ એવા ઘનવાહનને, સદાગમનો મેળાપ ક્યાંથી થાય ?

જે જીવોમાં મહામોહ અને પરિગ્રહ હોવા છતાં લોભાદિ દોષો નથી, તેઓને સદાગમનો મેળાપ થાય ત્યારે મહામોહ અને પરિગ્રહ અલ્પ અલ્પતર થાય છે. પરંતુ ઘનવાહનના મહામોહ અને પરિગ્રહ સાગરાદિના આશ્રયભૂત છે. તેથી લોભાદિ પરિણામને કારણે સતત વૃદ્ધિ પામનારા છે માટે અકલંક સાધુના ઉપદેશના નિમિત્તને વશ પણ સદાગમ તેમને સ્પર્શી શકે તેમ નથી. એ પ્રમાણે કોવિદાચાર્ય અકલંકને કહે છે. **II૭૧૭II**

શ્લોક :-

ऊषरे बीजवपनमन्धायादर्शदर्शनम् ।
उद्वर्तनं शवस्येदं, तस्य या धर्मदेशना ।।७१८।।

શ્લોકાર્થ :-

ઊષર ભૂમિમાં બીજનું વપન, આંધળા માટે દર્પણનું દર્શન, મડદાને ઉદ્વર્તન એ તેને=ઘનવાહનને, જે ધર્મદેશના છે.

ઊષર ભૂમિમાં બીજવપન જેમ નિષ્ફળ છે, તેમ પ્રવર્ધમાન મહામોહ અને પરિગ્રહ હોવાને કારણે ઘનવાહનને અકલંક સાધુ દ્વારા હવે પછીની દેશના નિષ્ફળ છે, એમ કોવિદાચાર્ય કહે છે. **II૭૧૮II**

શ્લોક :-

अत्यल्पस्तस्य संस्कारः, पूरयेत् त्वद्‌गिरा वपन्(भवन्) ।
न स्वाध्यायक्षतिं गुर्वीं, कूपं जलमिवाञ्जलेः ।।७१९।।
घनवाहनपार्श्वे तत्, पर्याप्तं गमनेन ते ।
विपरीतफले कार्ये, निष्फले च यतेत कः ।।७२०।।

શ્લોકાર્થ :-

તારી=અકલંકમુનિની, વાણીથી=ઉપદેશરૂપ વાણીથી, તેનો=ઘન-વાહનનો, વપન કરાતો અત્યંત અલ્પ સંસ્કાર પૂરાશે, કૂવાને પૂરવા જેમ અંજલીમાં રહેલું જળ પૂરી શકે નહીં તેમ મોટી સ્વાધ્યાયની ક્ષતિને

પૂરી શકાય નહીં. તે કારણથી=ઘનવાહનને ઉપદેશથી વિશેષ લાભ થાય તેમ નથી તે કારણથી, ઘનવાહન પાસે તારા ગમનથી સર્યું, વિપરીત ફળવાળા અને નિષ્ફળ કાર્યમાં કોણ યત્ન કરે ?=બુદ્ધિમાન યત્ન કરે નહિ અર્થાત્ પોતાના સ્વાધ્યાયનો ઘણો નાશ એ રૂપ વિપરીત ફળવાળા કાર્યમાં અને ઘનવાહનને અતિઅલ્પ લાભ થશે એ રૂપ નિષ્ફળ કાર્યમાં યત્ન કરવો ઉચિત નથી, એમ સૂરિ કહે છે. ॥૭૧૯-૭૨૦॥

શ્લોક :-

अकलङ्कस्ततः प्राह, कदैताभ्यां वियोक्ष्यते ।
घनवाहनराजोऽयमथ सूरिरभाषत ।।७२१।।

શ્લોકાર્થ :-

તેથી=કોવિદ આચાર્યએ અકલંકને જવાનો નિષેધ કર્યો તેથી, અકલંક કહે છે. આ ઘનવાહન રાજા ક્યારે આ બંનેથી=મહામોહ અને પરિગ્રહથી, વિયોગને પામશે ? હવે સૂરિ બોલ્યા. ॥૭૨૧॥

શ્લોક :-

चारित्रधर्मस्य नरेश्वरस्य, महत्तमो योऽस्ति जगत्प्रसिद्धः ।
विद्याभिधानाऽस्ति तदीयकन्या, मनोभवा ज्ञातजगत्स्वभावा ।।७२२।।

શ્લોકાર્થ :-

ચારિત્રધર્મ રાજાનો જે જગત્પ્રસિદ્ધ મહત્તમ છે, મનમાં થનારી, જ્ઞાત જગતના સ્વભાવને જાણનારી વિદ્યા નામની તેની કન્યા છે.

સૂરિ અકલંકને કહે છે. ચારિત્રધર્મ રાજાનો જગત્પ્રસિદ્ધ સમ્યગ્દર્શન નામનો મહત્તમ છે, તેની વિદ્યા નામની કન્યા છે જે મનમાં થનારી છે અને જગતના વાસ્તવિક સ્વરૂપને જોનારી છે. **॥૭૨૨॥**

શ્લોક :-

जगत्त्रयातीतवरेण्यपुण्यलावण्यलीलागुणकल्पवल्लिः ।
ब्रह्मव्रतस्थैर्यभृतां पदं सा, धत्ते मुनीनामपि मानसेषु ।।७२३।।

શ્લોકાર્થ :-

જગતત્રયથી અતીત શ્રેષ્ઠ પુણ્યની અને લાવણ્યની લીલાના ગુણથી કલ્પની વેલડીરૂપ તે=વિદ્યા, બ્રહ્મવ્રતમાં સ્થૈર્યથી ભરાયેલા મુનિઓના પણ માનસમાં સ્થાન પ્રાપ્ત કરે છે=બ્રહ્મવ્રતમાં સ્થૈર્યવાળા મુનિઓના માનસમાં પણ તે વિદ્યા પ્રત્યે અનહદ રાગ વર્તે છે, તેથી તેઆના ચિત્તમાં સ્થાન પ્રાપ્ત કરે છે. ||૭૨૩||

શ્લોક :-

तारुण्यमेषा विषयावभासं, व्यतीत्य बाल्यं रुचिरं बिभर्ति ।
आत्मावभासं शुचिभावकान्तिविस्तारविक्षोभितरागिवर्गम् ।।७२४।।

શ્લોકાર્થ :-

આ=વિદ્યા, મનોહર એવા બાળભાવને પસાર કરીને પવિત્ર ભાવની કાંતિના વિસ્તારથી વિક્ષોભિત કર્યા છે રાગીવર્ગ જેણે એવા આત્મા-વભાસરૂપ વિષયના *અવભાસવાળા તારુણ્યને* ધારણ કરે છે.

મુનિના ચિત્તને આકર્ષણ કરે તેવી વિદ્યા પ્રથમ બાલ્ય અવસ્થામાં હોય છે અને ત્યારપછી યુવાન અવસ્થામાં આવે છે, તે વખતે તે વિદ્યા નિરાકુળ સ્વભાવવાળા આત્માનો જ સ્પષ્ટ બોધ કરાવે છે અને તેવા બોધરૂપ જ વિષયના અવભાસરૂપ વિદ્યાનું તારુણ્ય છે અને તે તારુણ્ય સુંદર ભાવની કાન્તિના વિસ્તારથી રાગીવર્ગને વિક્ષોભિત કરે છે=જેને વિદ્યાના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે રાગ છે, તેને તેવા સ્વરૂપવાળી વિદ્યા પ્રત્યે આકર્ષણ થાય છે. **||૭૨૪||**

શ્લોક :-

अस्या वपुर्भूषणतां बिभर्ति, तत्त्वावभासो विनिवृत्तिरूपः ।
बाह्यं पुरो यस्य सुवर्णरत्नविभूषणं भाति सतां न किञ्चित् ।।७२५।।

શ્લોકાર્થ :-

તત્ત્વના અવભાસ અને વિનિવૃત્તિરૂપ આણીનું શરીર ભૂષણતાને ધારણ કરે છે જેની આગળ સુવર્ણરત્નના વિભૂષણવાળું બાહ્ય=બાહ્ય શરીર, સંતોને કંઈ ભાસતું નથી.

વિદ્યાનું શરીર આત્માના પારમાર્થિક તત્ત્વના અવભાસ સ્વરૂપ છે અને પાપના વિશિષ્ટ પ્રકારની નિવૃત્તિ સ્વરૂપ છે. તેનાથી જ તેનું શરીર શોભાયમાન જણાય છે. આથી જ સુવર્ણરત્નની વિભૂષા સંત પુરુષોને અકિંચિત્કર જણાય છે અને વિદ્યાનું શરીર સ્વયં જ વિભૂષાવાળું જણાય છે. **॥૭૨૫॥**

શ્લોક :-

इमं जगत्क्षेमवनाम्बुधारा, धर्मान्तरायद्रुमपर्शुधारा ।
आनन्दसन्दोहकरी बुधानां, विश्रामभूमिर्मनसां पवित्रा ।।७२६।।

શ્લોકાર્થ :-

આ=વિદ્યાનું શરીર, જગતના જીવોના કલ્યાણરૂપી વન માટે અમ્બુની ધારા છે. ધર્મના અંતરાયરૂપી વૃક્ષને માટે પર્શુની ધારા છે, બુધ જીવોના આનંદના સંદોહને કરનારી છે. મનની પવિત્ર વિશ્રામભૂમિ છે.

વિદ્યાનું શરીર જગતના જીવોને કુશળ કરનારા એવા ઉત્તમ ભાવોરૂપ જે બગીચો છે, તેને માટે પાણીની ધારા જેવું છે. તેથી જેઓ વિદ્યાના સ્વરૂપને પુનઃ પુનઃ ભાવન કરે છે, તેઓનું ચિત્ત સતત કુશળની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, જીવને ધર્મ પ્રગટ કરવામાં અંતરાય કરનારાં બાધક મોહનીય કર્મ છે, તે સર્વને છેદવા માટે પર્શુની ધારા જેવું વિદ્યાનું શરીર છે. આથી જેઓ સતત ચિત્તમાં વિદ્યાને ગ્રહણ કરે છે, તેઓનાં ધર્મને પ્રગટ કરવામાં બાધક કર્મો સતત ક્ષય પામે છે. વળી, બુધ પુરુષોને વિદ્યાનો દેહ અત્યંત રમણીય જણાય છે. તેથી આનંદના સમૂહને કરનાર વિદ્યાનું શરીર છે, જેમ સંસારી જીવોને સુંદર સ્ત્રી આદિનું સ્વરૂપ આનંદને કરે છે. વળી, વિદ્યાનું શરીર મનને આત્માના નિરાકુળ સ્વરૂપમાં વિશ્રાંત કરનાર હોવાથી પવિત્ર વિશ્રામભૂમિ છે; કેમ કે વિદ્યા એટલે જીવને નિરાકુળ એવા આત્માના પારમાર્થિક સ્વરૂપનો બોધ છે. **॥૭૨૬॥**

શ્લોક :-

भिन्नो महाभाग्यभृतः किलास्याः, प्राप्नोति नेच्छन्नपि चाटुशर्म ।
भृङ्गं विनाऽन्यो न वसन्तफुल्लवासन्तिकासौरभभोगयोग्यः ।।७२७।।

શ્લોકાર્થ :-

મહાભાગ્યશાળી પુરુષથી ભિન્ન પુરુષ આણીના=વિદ્યાના, ચાટુશર્મને ઈચ્છતા પણ પ્રાપ્ત કરતા નથી=કેટલાક જીવો વિદ્યાના પારમાર્થિક સ્વરૂપને જાણીને ઈચ્છે કે હું વિદ્યાના સુખને પ્રાપ્ત કરું પરંતુ વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમભાવરૂપ પુણ્ય વગરના જીવો વિદ્યાના સુખને પ્રાપ્ત કરી શકતા નથી, (જેમ) વસંતના પુષ્પવાસંતિકના સૌરભના ભોગને યોગ્ય ભમરાને છોડીને અન્ય નથી. ।।૭૨૭।।

શ્લોક :-

यदा वदान्यः परिणेष्यतीमां,
कन्यां नरेन्द्रो घनवाहनोऽयम् ।
अस्मात् तदा यास्यति मोहदोषो,
मलः सुवर्णादिव शुद्धिभाजः ।।७२८।।

શ્લોકાર્થ :-

જ્યારે વદાન્ય એવો આ ઘનવાહન રાજા=પોતાના વર્તનથી કન્યાના પિતાને ખુશ કરનાર એવો આ ઘનવાહન રાજા, આ કન્યાને=વિદ્યાને, પરણશે, ત્યારે આનાથી=વિદ્યા કન્યાને પરણવાથી, મોહનો દોષ જશે. જેમ શુદ્ધિને ભજનારા સુવર્ણથી મલનો દોષ દૂર થાય છે.

કોવિદ આચાર્ય અકલંકને કહે છે. જ્યારે ઘનવાહન વિદ્યા કન્યાને પરણશે ત્યારે વિદ્યા સાથે એકત્વભાવને પામશે. જેથી દેહ આદિ સાથે એકત્વભાવ રૂપ મોહનો દોષ દૂર થશે. **।।૭૨૮।।**

શ્લોક :-

बिभर्ति मोहेन समं विरोधं, छायेव सा यद् ध्रुवमातपेन ।
दवाग्निनेवाम्बुदवारिधारा, दौर्गत्यदुःखेन सहेव लक्ष्मीः ।।७२९।।

શ્લોકાર્થ :-

જે કારણથી તડકાની સાથે છાયાની જેમ મોહની સાથે તે=વિદ્યા,

વિરોધને ધારણ કરે છે. જેમ દાવાનળની સાથે વરસાદની ધારા વિરોધને ધારણ કરે છે, દૌર્ગત્યના દુઃખની સાથે લક્ષ્મી વિરોધને ધારણ કરે છે.

મોહ બાહ્ય પદાર્થોના સંશ્લેષરૂપ છે અને વિદ્યા આત્માના નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંતિ સ્વરૂપ છે, તેથી મોહની સાથે વિદ્યાનો વિરોધ છે. **॥૭૨૯॥**

શ્લોક :-

चारित्रधर्मस्य तथाऽस्ति कन्या, निरीहता नाम निधिर्गुणानाम्।
भ्रात्रोरभीष्टा विरतेश्च कुक्षिसमुद्भवा राज्यविवृद्धिकर्त्री ।।७३०।।

શ્લોકાર્થ :-

અને વિરતિની કુક્ષિમાંથી ઉત્પન્ન થયેલી રાજ્યની વિવૃદ્ધિને કરનારી, બે ભાઈઓને અભીષ્ટ ગુણોની નિધિ એવી નિરીહતા નામની ચારિત્રધર્મની કન્યા છે.

જીવમાં ચારિત્રધર્મનો પરિણામ જેમ જેમ વૃદ્ધિ પામે છે, તેમ તેમ અનિચ્છા સ્થિર સ્થિરતર થાય છે. તેથી ચારિત્રધર્મ અને તેની વિરતિ પત્નીથી ઉત્પન્ન થયેલી નિરીહતા નામની પુત્રી છે અને જેમ જેમ નિરીહતા વૃદ્ધિ પામે છે, તેમ તેમ ગુણોની વૃદ્ધિ થાય છે તેવી નિરીહતા ગુણોની નિધિ છે. વળી, તે નિરીહતા આત્માના સામ્રાજ્યરૂપ ચારિત્રની વૃદ્ધિને કરનારી છે અને યતિધર્મ અને ગૃહસ્થધર્મરૂપ બે ભાઈઓને અત્યંત પ્રિય છે. આથી જ શ્રાવકો પણ સતત અનિચ્છારૂપ નિરીહતાથી જ આત્માને ભાવિત કરે છે. **॥૭૩૦॥**

શ્લોક :-

प्रवर्द्धिता मन्त्रिमहत्तमाभ्यां, सन्तोषनाम्नाऽपि च तन्त्रपेन ।
उदारभावार्णवपूर्णिमेन्दुज्योत्स्ना जगद्दुःखलताकृपाणी ।।७३१।।

શ્લોકાર્થ :-

ઉદારભાવરૂપ સમુદ્રમાં પૂર્ણચંદ્રની જ્યોત્સ્નારૂપ, જગતના દુઃખની લતાને છેદવામાં દાંતરડારૂપ નિરીહતા સદ્બોધ મંત્રી અને મહત્તમરૂપ સમ્યગ્દર્શન દ્વારા અને સંતોષનામના તંત્રપાલ વડે પણ પ્રવર્દ્ધિત કરાઈ છે.

જીવમાં વર્તતી નિરીહતા સદ્બોધ અને સમ્યગ્દર્શન દ્વારા વૃદ્ધિ પામે છે અને સંતોષના પરિણામથી પણ સતત વૃદ્ધિ પામે છે; કેમ કે યથાર્થ તત્ત્વનો બોધ, યથાર્થ પદાર્થનું દર્શન અને અનિચ્છારૂપ સંતોષ એ પરસ્પર કાર્ય-કારણભાવરૂપે અત્યંત જોડાયેલા છે અને તે ત્રણ ભાવો જેનામાં અતિશયથી વર્તે છે તે જીવાને નિરીહતા જ પરમ સુખરૂપે દેખાય છે. સુખનો અર્થી જીવ સુખને માટે જ સદા યત્ન કરે છે. વળી, તે નિરીહતા જીવમાં ઉદાર ભાવને પ્રગટ કરનાર છે. તેથી સમુદ્રમાં પૂર્ણચંદ્રની જ્યોત્સ્નાની જેમ ઉદારભાવ નિરીહતાવાળા જીવોમાં પ્રવર્તે છે. વળી, જેનામાં નિરીહતા આવે છે, તે સંસારનાં દુઃખોની લતાનો નાશ કરનાર છે. **॥૭૩૧॥**

શ્લોક :-

स्वभावरम्या न हि वाञ्छतीयं,
रत्नादिसाध्यानि विभूषणानि ।
दूष्याणि भूष्याण्यपि तानि नास्याः,
कुतस्तरां भूषणताऽस्तु तेषु ।।७३२।।

શ્લોકાર્થ :-

સ્વભાવરમ્ય એવી આ=નિરીહતા, રત્નાદિથી સાધ્ય ભૂષણોને ઈચ્છતી નથી. તે ભૂષણો પણ=રત્નાદિથી સાધ્ય ભૂષણો પણ, આને=નિરીહતાને, દૂષણો છે=મલિન કરનારાં છે. તેઓમાં=રત્નાદિથી સાધ્ય ભૂષણોમાં, ભૂષણતા ક્યાંથી હોય ?

નિરીહતા એ આત્માનો શ્રેષ્ઠ ગુણ છે, સ્વયં ભૂષણરૂપ છે. તેથી સ્વભાવથી રમ્ય છે માટે નિરીહતાવાળા મહાત્મા રત્નાદિ ભૂષણોને ઇચ્છતા નથી અને રત્નાદિ ભૂષણો નિરીહતાને મલિન કરનાર હોવાથી તેના માટે દૂષણ છે અને જે દૂષણ હોય તેમાં ભૂષણતા ક્યાંથી હોય ? **॥૭૩૨॥**

શ્લોક :-

स्वर्णैर्न रूप्यैर्न न रत्नपूगैः, कदाऽपि सा लोभयितुं च शक्या ।
एकं विना भाग्यमिहैव साधोः, स्वर्गापवर्गोचितशर्मदायि।।७३३।।

શ્લોકાર્થ :-

એક ભાગ્ય વિના સાધુને અહીં જ=સંસારમાં, સ્વર્ગના અને મોક્ષના ઉચિત સુખને દેનારી તે=નિરીહતા છે. તે=નિરીહતા, ક્યારેય પણ સુવર્ણોથી લોભાવવા માટે શક્ય નથી, ચાંદીથી લોભાવવા માટે શક્ય નથી, રત્નોના ઢગલાથી લોભાવવા માટે શક્ય નથી.

જે સાધુને નિરીહતા અત્યંત પરિણમન પામી છે, તે સાધુને સર્વાર્થસિદ્ધનાં સુખોથી અધિક સુખ અહીં સ્વસંવેદનથી વર્તે છે. તેથી ફક્ત તે પ્રકારનું પુણ્ય નહીં હોવાથી તે સાધુ સ્વર્ગમાં નથી અને તે પ્રકારનું ભાગ્ય નહીં હોવાથી મુક્ત અવસ્થામાં નથી. તેવા શ્રેષ્ઠ સુખને દેનારી નિરીહતાને સુવર્ણાદિથી ક્યારેય લોભ ઉત્પન્ન કરાવી શકાતો નથી. આથી જ સુસાધુમાં નિરીહતા વર્તતી હોવાથી સુવર્ણ આદિને જોઈને પણ તેઓને લોભ થતો નથી. **॥૭૩૩॥**

શ્લોક :-

सहस्त्रशः सन्त्यधिभूमि कन्याः, सा रत्नभूर्ग्रावभुवस्तदन्याः ।
न कास्तटिन्यः कलुषं वहन्ति, जगत् पुनीते सुरसिन्धुरेका ।।७३४।।

શ્લોકાર્થ :-

ભૂમિઓમાં=સંસારમાં, હજારો કન્યાઓ છે. તે=નિરીહતા, રત્નની ભૂમિ છે, તેનાથી અન્ય=નિરીહતાથી અન્ય કન્યાઓ, પથ્થરની ભૂમિઓ છે. કઈ નદીઓ કલુષને વહન કરતી નથી. એક ગંગા નદી જગતને પવિત્ર કરે છે.

સંસારમાં સુંદર દેખાવડી હજારો કન્યાઓ છે, પરંતુ નિરીહતા કન્યા રત્નની ભૂમિ છે; કેમ કે જીવને ગુણરત્નમય બનાવે છે. વળી, અન્ય સંસારની કન્યાઓ પથ્થરની ભૂમિ છે; કેમ કે સંસારી જીવને મોહ પમાડીને જડ કરે છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે, કઈ નદીઓ કલુષને વહન કરતી નથી=બધી નદીઓમાં કચરારૂપ કલુષ હોય છે, તેમ સંસારી સ્ત્રીઓમાં અનેક પ્રકારના કષાયોનું કાલુષ્ય હોય છે. એક ગંગા નદી જ જગતને પવિત્ર કરે છે, તેમ નિરીહતા જેનામાં પ્રગટ થાય છે, તેને પવિત્ર કરે છે. **॥૭૩૪॥**

શ્લોક :-

कलत्रमेषा यदि नाम लब्धा, राज्येन किं भूरिधनेन किं वा ।
कलत्रमेषा यदि नैव लब्धा, राज्येन किं भूरिधनेन किं वा ।।७३५।।

શ્લોકાર્થ :-

આ=નિરીહતા, સ્ત્રી જો પ્રાપ્ત થઈ, તો રાજ્યથી શું અથવા ઘણા ધનથી શું ? આ નિરીહતા સ્ત્રી જો પ્રાપ્ત થઈ નહિ જ તો રાજ્યથી શું અથવા ઘણા ધનથી શું ?

નિરીહતા=સર્વથા અનિચ્છા, જીવની પરિણતિ છે અને તે જેને પ્રાપ્ત થાય તેના માટે રાજ્ય કે ઘણું ધન કોઈ પ્રયોજનવાળું નથી; કેમ કે નિરીહતાથી જ સર્વ સુખની પ્રાપ્તિ છે અને જેને લેશ પણ નિરીહતાની પ્રાપ્તિ નથી, તેને રાજ્ય પ્રાપ્ત થાય કે ઘણું ધન પ્રાપ્ત થાય તોપણ સુખ ક્યાંથી હોય ? તેથી રાજ્ય કે ધનની પ્રાપ્તિ સુખનાં કારણ નથી. **II૭૩૫II**

શ્લોક :-

अस्या नरेन्द्रो घनवाहनोऽसौ, यदा विवाहाद् भविता कृतार्थः ।
परिग्रहस्त्यक्ष्यति पार्श्वमस्य, तदैव दैवव्यतिवृत्तिभीतः ।।७३६।।

શ્લોકાર્થ :-

આ-ઘનવાહન નરેન્દ્ર જ્યારે આણીના=નિરીહતાના, વિવાહથી કૃતાર્થ થશે, ત્યારે જ દૈવની વ્યતિવૃત્તિથી ભય પામેલો પરિગ્રહ આના= ઘનવાહનના, પડખાને છોડશે.

જ્યારે ઘનવાહન નિરીહતાને પ્રાપ્ત કરશે ત્યારે કૃતાર્થ થશે અને પરિગ્રહના પરિણામથી વિપરીત ક્ષયોપશમભાવવાળું કર્મ વિદ્યમાન થશે, ત્યારે તે ક્ષયોપશમભાવથી ભય પામેલો પરિગ્રહનો પરિણામ ઘનવાહનના પડખાનો ત્યાગ કરશે. **II૭૩૬II**

શ્લોક :-

अकलङ्कोऽवदन्नाथ, कदा ते परिणेष्यति ।
अयं कन्ये गुरुः प्राह, कालेनाद्यापि भूयसा ।।७३७।।

શ્લોકાર્થ :-

અકલંક મુનિ બોલ્યા, હે નાથ ! ક્યારે તે બે કન્યાને=વિદ્યા અને નિરીહતાને, પરણશે ?=ઘનવાહન પરણશે ? ગુરુ કહે છે, હજી પણ ઘણા કાળથી આ=ઘનવાહન, બે કન્યાને પરણશે. ||૭૩૭||

શ્લોક :-

प्रत्यूचेऽथाकलङ्कस्तं, ते कन्ये लम्भयाम्यहम् ।
गुरुराहाधिकारोऽत्र, नाद्याप्यस्ति भवादृशाम् ।।७३८।।

શ્લોકાર્થ :-

હવે અકલંક મુનિએ કહ્યું, તેને=ઘનવાહનને, તે બે કન્યા હું પ્રાપ્ત કરાવું, ગુરુ કહે છે, અહીં=ઘનવાહનને બે કન્યાની પ્રાપ્તિ કરાવવામાં, હજી પણ તારા જેવાનો અધિકાર નથી.

જ્યાં સુધી ઘનવાહનનાં કર્મો તેવા પ્રકારનાં અલ્પ થયાં ન હોય ત્યાં સુધી સાક્ષાત્ તીર્થંકરો પણ તે જીવને નિરીહતા અને વિદ્યા પ્રાપ્ત કરાવી શકતા નથી, તેમ અકલંક મુનિ પણ યોગ્ય જીવોને તે બે કન્યા પ્રાપ્ત કરાવા સમર્થ હોવા છતાં ઘનવાહનને તે બે કન્યા પ્રાપ્ત કરાવામાં અકલંકમુનિને હમણાં અધિકાર પ્રાપ્ત થયો નથી. **||૭૩૮||**

શ્લોક :-

दापयिष्यति ते कर्मपरिणामो महीपतिः ।
तस्मै कन्ये परः कोऽपि, तयोरस्ति न दायकः ।।७३९।।

શ્લોકાર્થ :-

કર્મપરિણામ રાજા તેને=ઘનવાહનને, તે બે કન્યા આપશે. બીજો કોઈ પણ તે બંનેનો દાયક=આપનાર, નથી.

પરમાર્થથી વિચારીએ તો ઘનવાહનનાં તે પ્રકારનાં ક્ષયોપશમભાવવાળાં કર્મો થાય ત્યારે જ તેને નિરીહતા અને વિદ્યાની પ્રાપ્તિ સંભવે છે, અન્ય કોઈ તે કાર્ય કરવા સમર્થ નથી. **||૭૩૯||**

શ્લોક :-

दापनायोद्यते तस्मिन्, सति युष्मादृशा अपि ।
हेतुभावं व्रजन्त्येव, तदत्रास्यैव निर्भरः ।।७४०।।

શ્લોકાર્થ :-

આપવા માટે તે અર્થાત્ કર્મપરિણામ ઉદ્યત થયે છતે=ઘનવાહનને બે કન્યાને આપવા માટે કર્મપરિણામ ઉદ્યત થયે છતે, તમારા જેવા પણ હેતુભાવને=બે કન્યાની પ્રાપ્તિમાં નિમિત્તભાવને, પામે જ છે, તે કારણથી અહીં=ઘનવાહનને બે કન્યાને આપવાના વિષયમાં, આનો જ=કર્મપરિણામ રાજાનો જ, નિર્ભર છે=આશ્રય છે.

ઘનવાહનનો કર્મપરિણામ=તે બે કન્યાને અનુકૂળ ક્ષયોપશમભાવ પામે તેવો વિદ્યમાન હોય ત્યારે અકલંક જેવા જીવો ઉપદેશ આદિ દ્વારા તે સોપક્રમ કર્મોને ક્ષયોપશમભાવ રૂપે પમાડે છે, પરંતુ જ્યાં સુધી ઘનવાહનનાં કર્મો તે પ્રકારનો ક્ષયોપશમભાવ પામે તેમ ન હોય ત્યાં સુધી તે કર્મો ક્ષયોપશમભાવને અનુકૂળ બને તેની જ રાહ જોવી આવશ્યક છે. **॥૭૪૦॥**

શ્લોક :-

तत् त्यक्त्वा वस्तुनिर्बन्धं, तिष्ठ त्वं स्वस्थमानसः ।
ततोऽकलङ्कः स्वीकृत्य, तत् तथेति स्थितः सुखम् ।।७४१।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ઘનવાહનને તે બે કન્યાની પ્રાપ્તિને અનુકૂળ સોપક્રમ કર્મો અત્યારે નથી તે કારણથી, વસ્તુના આગ્રહને છોડીને=ઘનવાહનને બે કન્યાની પ્રાપ્તિ હું કરાવું એ પ્રકારના વસ્તુના આગ્રહને છોડીને, તું=અકલંક, સ્વસ્થ માનસવાળો રહે. તેથી તેને=ગુરુના વચનને, તે પ્રમાણે સ્વીકારીને અકલંકસાધુ સુખે રહ્યા. ।।૭૪૧।।

શ્લોક :-

अहं पुनर्महामोहपरिग्रहसमाश्रितः ।
तद्भृत्यैः पीडितोऽनेकैर्भूयो भूयो गतागतैः ।।७४२।।

શ્લોકાર્થ :-

વળી મહામોહ અને પરિગ્રહને આશ્રિત એવો હું=ઘનવાહન, ફરી ફરી જતા-આવતા અનેક તેના સેવકોથી પીડાયો. ।।૭૪૨।।

શ્લોક :-

एके गच्छन्ति तद्भृत्याः, प्रत्यागच्छन्ति चापरे ।
सामुद्रा इव कल्लोला, वनवत् प्लावयन्ति माम् ।।७४३।।

શ્લોકાર્થ :-

એક તેના=મહામોહ અને પરિગ્રહના, સેવકો જાય છે અને બીજા આવે છે, સમુદ્રના કલ્લોલ વનને જેમ પ્લાવિત કરે છે, તેમ મને પ્લાવિત કરે છે.

ઘનવાહનમાં મહામોહ અને પરિગ્રહ પ્રચુર માત્રામાં વૃદ્ધિ પામે છે. તેથી તે તે નિમિત્તે ક્યારેક કૃપણતા આવે છે, ક્યારેક ક્રૂરતા આવે છે. વળી, તે નિમિત્ત જવાથી તે ભાવ જાય છે અને અન્ય નિમિત્ત અનુસાર અન્ય ભાવો આવે છે. વળી, જેમ સમુદ્રના કલ્લોલો વનને પાણીથી પ્લાવિત કરે છે, તેમ મહામોહ અને પરિગ્રહના તે તે ભાવો આવવા જવા દ્વારા ઘનવાહનના ચિત્તને અતિરંજિત કરે છે. **।।૭૪૩।।**

શ્લોક :-

तदा मम महामोहे, पार्श्वस्थे सर्वनायके ।
नास्थात् तत्सैनिकः कोऽपि, येन नाहं समाश्रितः ।।७४४।।

શ્લોકાર્થ :-

ત્યારે મારી પાસે સર્વનાયક મહામોહ હોતે છતે, કોઈ પણ તેનો સૈનિક=મહામોહનો સૈનિક, રહ્યો નહિ, જેનાથી હું આશ્રિત થયો નહીં. ।।૭૪૪।।

શ્લોક :-

मूर्च्छितो बाह्यभावेषु, महामूढतया कृतः ।
मिथ्यादर्शनसंज्ञेन, त्याजितोऽहं सदागमम् ।।७४५।।

શ્લોકાર્થ :-

બાહ્ય ભાવોમાં મહામૂઢતા વડે હું મૂર્છિત કરાયો, મિથ્યાદર્શન સંજ્ઞા વડે હું સદાગમનો ત્યાગ કરાવાયો. ||૭૪૫||

શ્લોક :-

पापानि धर्मबुद्ध्याऽहं, कारितस्तन्महेलया ।
कुदृष्ट्या विषयेष्वास्था, रागकेसरिणा कृता ।।७४६।।

શ્લોકાર્થ :-

તેની=મિથ્યાદર્શનની, સ્ત્રી એવી કુદૃષ્ટિ વડે ધર્મબુદ્ધિથી હું પાપો કરાવાયો, રાગકેસરી વડે વિષયોમાં આસ્થા કરાઈ. ||૭૪૬||

શ્લોક :-

तद्भार्यया मूढतया, हृता मे भवदोषधीः ।
तथा द्वेषगजेन्द्रोऽन्तस्तापं कुर्वन् व्यजृम्भत ।।७४७।।

શ્લોકાર્થ :-

તેની ભાર્યા મૂઢતા વડે=રાગકેસરીની ભાર્યા મૂઢતા વડે, મારી ભવના દોષની બુદ્ધિ હરાઈ=ભવભ્રમણ દોષરૂપ છે એ બુદ્ધિ નાશ કરાઈ અને અંતઃસ્તાપને કરતો દ્વેષગજેન્દ્ર પ્રગટ થયો. ||૭૪૭||

શ્લોક :-

तस्याविवेकिता भार्या, विवेकं संजहार मे ।
प्रवर्तितोऽहं भोगेषु, रागकेसरिमन्त्रिणा ।।७४८।।

શ્લોકાર્થ :-

તેની અવિવેકિતા ભાર્યાએ મારા વિવેકનો ત્યાગ કરાવ્યો, રાગકેસરીના મંત્રી એવા વિષયાભિલાષ વડે હું ભોગોમાં પ્રવર્તાવાયો. ||૭૪૮||

શ્લોક :-

विडम्बितः पुनस्तस्य, भार्यया भोगतृष्णया ।
भोगानां मूर्च्छयाऽऽप्तानामनाप्तानां च काङ्क्षया ।।७४९।।

શ્લોકાર્થ :-

વળી તેની=રાગકેસરીના મંત્રી વિષયાભિલાષની, ભોગતૃષ્ણા ભાર્યા વડે પ્રાપ્ત થયેલા ભોગોની મૂર્ચ્છાથી અને નહીં પ્રાપ્ત થયેલા ભોગોની કાંક્ષાથી વિડંબિત કરાયો. ।।૭૪૯।।

શ્લોક :-

हासेन हासितोऽनर्थं, गाम्भीर्यं नाशितं च मे ।
गात्रेषु रमितो रत्या, मलपूर्णेषु योषिताम् ।।७५०।।

શ્લોકાર્થ :-

અનર્થ=નિષ્પ્રયોજન, હાસ વડે હસાયો, મારું ગાંભીર્ય નાશ કરાયું, રતિ વડે મલપૂર્ણ સ્ત્રીઓના ગાત્રમાં રમાયો. ।।૭૫૦।।

શ્લોક :-

अरत्याऽपि कृतो भद्रे !, सन्तापोद्वेगविह्वलः ।
नाटितश्च भयेनाहं, राज्यभ्रंशादिशङ्कया ।।७५१।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! અગૃહીતસંકેતા ! અરતિથી પણ હું સંતાપના ઉદ્વેગથી વિહ્વલ કરાયો અને રાજ્યભ્રંશાદિની શંકાથી ભય વડે નચાવાયો. ।।૭૫૧।।

શ્લોક :-

शोकेनाप्यभिभूतोऽहं, धननाशादिहेतुना ।
जुगुप्सयाऽपि दलिता, तत्त्वमार्गमतिर्मम ।।७५२।।

શ્લોકાર્થ :-

ધનનાશાદિ હેતુથી શોક વડે હું અભિભૂત થયો. મારા તત્ત્વમાર્ગની મતિ=સંસારનું આ સ્વરૂપ છે કે ક્યારે તે પુદ્ગલો રમ્ય પરિણમન પામે છે અને તે જ પુદ્ગલો ક્યારે અરમ્ય પરિણમન પામે છે તેમાં જુગુપ્સા કરવી ઉચિત નથી એ પ્રકારની તત્ત્વમાર્ગની મતિ, જુગુપ્સા વડે દલિત કરાઈ. ।।૭૫૨।।

શ્લોક :-

सुतैर्द्वेषगजेन्द्रस्य, रागकेसरिणस्तथा ।
विहितं यत् कषायैर्मे, तत्तु वक्तुं न पार्यते ।।७५३।।

શ્લોકાર્થ :-

દ્વેષગજેન્દ્રના અને રાગકેસરીના પુત્ર એવા કષાયો વડે જે મારું કરાયું, તે કહેવા માટે શક્ય નથી. ॥૭૫૩॥

શ્લોક :-

ज्ञानसंवरणेनापि, हृतो ज्ञानलवोऽपि मे ।
दर्शनावरणेनाहं, स्वापितो गाढनिद्रया ।।७५४।।

શ્લોકાર્થ :-

જ્ઞાનસંવરણથી પણ=જ્ઞાનના આવરણથી પણ, મારો જ્ઞાનલવ હરણ કરાયો, દર્શનાવરણથી હું ગાઢ નિદ્રાથી સૂતો. ॥૭૫૪॥

શ્લોક :-

क्वचिदाह्लादितः क्वापि, वेदनीयेन तापितः ।
घनवाहनरूपेण, धारितश्चायुषा तदा ।।७५५।।

શ્લોકાર્થ :-

ક્યારેક આહ્લાદિત કરાયો, ક્યારેક વેદનીયથી તાપિત કરાયો, ત્યારે ઘનવાહનરૂપે આયુષ્ય ધારણ કરાયું. ॥૭૫૫॥

શ્લોક :-

नामनाम्ना स्ववीर्यं च, शरीरे मम दर्शितम् ।
तथा गोत्रान्तरायाभ्यां, स्वस्वकार्यैर्विनाटितः ।।७५६।।

શ્લોકાર્થ :-

નામનામનાં કર્મો વડે મારા શરીરમાં સ્વવીર્ય બતાવાયું અને ગોત્ર અને અંતરાય દ્વારા સ્વસ્વકાર્યોથી હું નચાવાયો. ॥૭૫૬॥

શ્લોક :-

रौद्रार्त्तध्यानकलुषः, कृतो दुष्टाभिसन्धिना ।
अन्यैरपि बलं मोहभटैः स्वं स्वं प्रदर्शितम् ।।७५७।।

શ્લોકાર્થ :-

દુષ્ટાભિસંધિ વડે રૌદ્ર અને આર્ત્તધ્યાનથી કલુષિત કરાયો, અન્ય પણ મોહભટો વડે પોતપોતાનું બળ બતાવાયું. ।।૭૫૭।।

શ્લોક :-

अथायातो नितान्तं मां, कदर्थयितुमन्यदा ।
महामोहमहीशक्रसमीपे मकरध्वजः ।।७५८।।

શ્લોકાર્થ :-

હવે, મને અત્યંત કદર્થના કરાવવા માટે અન્યદા મકરધ્વજ=કામદેવ, મહામોહ રાજાના સમીપમાં આવ્યો. ।।૭૫૮।।

શ્લોક :-

तुष्टो मोहः समायातं, तं दृष्ट्वा सपरिच्छदम् ।
सोऽपि तद्दर्शनात् तुष्टः, शिखीव घनदर्शनात् ।।७५९।।

શ્લોકાર્થ :-

પરિવાર સહિત તેને આવેલો જોઈને=કામદેવને આવેલો જોઈને, મોહ તુષ્ટ થયો, તે પણ=કામદેવ પણ, તેના દર્શનથી=મહામોહના દર્શનથી, તોષ પામ્યો, જેમ મેઘના દર્શનથી મોર તોષ પામે. ।।૭૫૯।।

શ્લોક :-

गन्धेभ इव सन्नद्धो, महामोहस्तदन्वितः ।
विधाय विषयैरन्धं, मामत्यन्तमपीडयत् ।।७६०।।

શ્લોકાર્થ :-

તૈયાર થયેલા એવા ગંધહસ્તિની જેમ તેનાથી યુક્ત એવા=કામદેવથી યુક્ત એવા, મહામોહે વિષયોથી અંધ કરીને મને અત્યંત પીડ્યો. ॥૭૬૦॥

શ્લોક :-

मग्नो भोगपुरीषेऽहं, ततो रात्रिंदिवं स्थितः ।
भूयसाऽपि न कालेन, तृप्तिर्मे समपद्यत ॥७६१॥

શ્લોકાર્થ :-

તેથી હું રાત-દિવસ ભોગરૂપી મલમાં મગ્ન રહ્યો. ઘણા પણ કાલથી મને તૃપ્તિ થઈ નહીં. ॥૭૬૧॥

શ્લોક :-

भोगेनैव च भोगानां, वृद्धा मे भोगतृष्णिका ।
तस्यामौर्वानले साधूपदेशोऽम्भ इवाभवत् ॥७६२॥

શ્લોકાર્થ :-

અને ભોગોના ભોગથી જ મારી ભોગતૃષ્ણિકા વૃદ્ધિ પામી, તે ઔર્વાનલમાં=વડવાગ્નિમાં, સાધુનો ઉપદેશ પાણીની જેમ થયો=નિષ્ફળ થયો. ॥૭૬૨॥

શ્લોક :-

ततः सदागमो नष्टः, सिद्ध्यन्ति च मनोरथाः ।
मम पुण्योदयस्तत्र, हेतुर्बुद्धो मया न सः ॥७६३॥

શ્લોકાર્થ :-

તેથી સદાગમ નાસ્યો, મનોરથો સિદ્ધ થાય છે તેમાં=મારા મનોરથો સિદ્ધ થાય છે તેમાં, મારો પુણ્યોદય હેતુ છે, તે મારા વડે જણાયો નહીં. ॥૭૬૩॥

શ્લોક :-

ततो विधूय निखिलं, राज्यकार्यं दिवानिशम् ।
स्त्रैणमन्तःपुरगतं, भुञ्जानोऽहं मुदा स्थितः ।।७६४।।

શ્લોકાર્થ :-

તેથી નિખિલ રાજ્યકાર્યને છોડીને, દિવસ-રાત અંતઃપુરમાં રહેલી સ્ત્રીઓને ભોગવતો હું હર્ષ વડે રહ્યો. ||૭૬૪||

શ્લોક :-

तथा या या मया दृष्टा, कुलजाऽकुलजाऽथवा ।
सुरूपा स्त्री समाकृष्य, सा सा स्वान्तःपुरे धृता ।।७६५।।

શ્લોકાર્થ :-

અને કુળમાં ઉત્પન્ન થયેલી કે અકુળમાં ઉત્પન્ન થયેલી જે જે સુરૂપ સ્ત્રી મારા વડે જોવાઈ, ગ્રહણ કરીને તે તે સ્ત્રી સ્વાન્તઃપુરમાં ધારણ કરાઈ. ||૭૬૫||

શ્લોક :-

गणितं न मया पापं, कलङ्कं ददता कुले ।
निवारकाणां वचनं, मन्त्रिणामप्युपेक्षितम् ।।७६६।।

શ્લોકાર્થ :-

કુળમાં કલંકને આપતા એવા મારા વડે પાપ ગણાયું નહીં, નિવારક એવા મંત્રીઓનું વચન પણ ઉપેક્ષિત કરાયું. ||૭૬૬||

શ્લોક :-

ततो मे बान्धवा ह्रीणा, मद्दुश्चरितवीक्षिणः ।
विरक्ताः सर्वसामन्ता, निर्विण्णं चाखिलं पुरम् ।।७६७।।

શ્લોકાર્થ :-

તેથી મારા દુશ્ચરિત્રને જોનારા મારા બાંધવો લજ્જા પામ્યા. સર્વ સામંતો વિરક્ત થયા, આખું નગર નિર્વેદ પામ્યું. ||૭૬૭||

શ્લોક :-

भृत्या अपि निनिन्दुर्मां, गुणाः पूज्या न संस्तवः ।
मया तु लोकगर्हा सा, नादृता भोगभिक्षुणा ।।७६८।।

શ્લોકાર્થ :-

નોકરો પણ મારી નિંદા કરવા લાગ્યા. ગુણો પૂજ્ય છે, સંસ્તવ નહીં=રાજા તરીકેનો સંસ્તવ પૂજ્ય નથી, તેથી ભૃત્યો પણ નિંદા કરવા લાગ્યા એમ અન્વય છે, ભોગના ભિખારી એવા મારા વડે તે લોકની ગર્હાનો આદર કરાયો નહીં. ॥૭૬૮॥

શ્લોક :-

अथासीन्मे कनिष्ठो यो, भ्राता नीरदवाहनः ।
पराक्रमी त्रपाशीलो, विनीतो नीतिपारगः ।।७६९।।

શ્લોકાર્થ :-

પરાક્રમી, ત્રપાશીલ=અનુચિત પ્રવૃત્તિ કરવામાં લજ્જાશીલ, વિનીત, નીતિમાં પારગ જે નીરદવાહન મારો કનિષ્ઠ ભાઈ હતો. ॥૭૬૯॥

શ્લોક :-

सर्वैर्विरक्तैर्मत्तोऽसौ, पौरमन्त्रिमहत्तमैः ।
एकवाक्यैश्च सामन्तैर्भाषितो रहसि स्थितः ।।७७०।।

શ્લોકાર્થ :-

મારાથી વિરક્ત એવા સર્વ પૌરમંત્રી અને મહત્તમો વડે અને એકવાક્ય એવા સામંતો વડે=મંત્રી આદિ સાથે સંમત એવા સામંતો વડે, આ=નીરદવાહન, એકાંતમાં રહેલો કહેવાયો. ॥૭૭૦॥

શ્લોક :-

अगम्यगामी मूढात्मा, निर्लज्जो धर्मवर्जितः ।
श्वेव राज्यश्रियो नायं, योग्योऽस्ति घनवाहनः ।।७७१।।

શ્લોકાર્થ :-

કૂતરાની જેમ અગમ્યગામી, મૂઢાત્મા, નિર્લજ્જ, ધર્મવર્જિત, આ ધનવાહન રાજ્યની લક્ષ્મીને યોગ્ય નથી. ||૭૭૧||

શ્લોક :-

अयं स्ववंशदाहाय, समुत्पन्नो दवानलः ।
विध्यापयितुमर्हस्तत्, त्वद्राज्यस्नात्रवारिभिः ।।७७२।।

શ્લોકાર્થ :-

સ્વવંશના દાહ માટે આ=ધનવાહન, દાવાનળ ઉત્પન્ન થયો. તે કારણથી તેના રાજ્યના ગ્રહણરૂપ પાણીથી બુઝાવવા માટે તું યોગ્ય છો=સ્વવંશના દાહ માટે ઉત્પન્ન થયેલા દાવાનલને બુઝાવવા માટે તું યોગ્ય છો. ||૭૭૨||

શ્લોક :-

यावन्न प्रतिराज्येषु, वृत्तान्तोऽयं प्रसर्पति ।
विचार्य कार्यं राजा त्वं, तावद् भवितुमर्हसि ।।७७३।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી વિરોધી રાજ્યોમાં આ વૃત્તાંત=ધનવાહનના અનુચિત કૃત્યનો વૃત્તાંત, પ્રસર્પણ પામતો નથી, ત્યાં સુધી કાર્યનો વિચાર કરીને તું=નીરદવાહન, રાજા થવા માટે યોગ્ય છો. ||૭૭૩||

શ્લોક :-

नो चेत् तवैष न भ्राता, न राज्यं न विभूतयः ।
न वयं न यशः शुभ्रं, पुरं नेदं भविष्यति ।।७७४।।

શ્લોકાર્થ :-

જો ન સ્વીકારે તો=નીરદવાહન રાજ્ય ન સ્વીકારે તો, તારો આ ભાઈ નથી=નીરદવાહનનો ભાઈ નથી, રાજ્ય નથી, વિભૂતિઓ નથી, અમે નથી, યશ નથી. આ નગર શુભ્ર થશે નહીં.

મંત્રી આદિ મહત્તમોએ નીરદવાહનને રાજ્ય ગ્રહણ કરવા માટે આગ્રહ કરતાં કહ્યું કે ભાઈનું રાજ્ય હું ન લઉં એમ તું કહીશ તો આ સર્વ વિનાશ પામશે. **॥૭૭૪॥**

શ્લોક :-

यथोक्तचेष्टं तं दृष्ट्वा, पर्यालोचं चकार सः ।
नष्टो मम दुराचीर्णोद्विग्नः पुण्योदयस्तदा ।।७७५।।

શ્લોકાર્થ :-

યથોક્ત ચેષ્ટાવાળા તેને=ઘનવાહનને, જોઈને તેણે=નીરદવાહને, પર્યાલોચન કર્યું=મંત્રીઓનું વચન પર્યાલોચન કર્યું. મારા દુરાચીર્ણથી ઉદ્વિગ્ન પુણ્યોદય ત્યારે નાશ પામ્યો.

ભૂતકાળમાં ઘનવાહને જે પુણ્ય ઉપાર્જન કરેલું તે તેના અનુચિત વર્તનથી ક્રમસર ક્ષીણ ક્ષીણતર થાય છે. તેથી ત્યારે તેનું પુણ્ય નાશ પામ્યું. આથી જ તેને રાજ્ય ઉપરથી દૂર કરવા મંત્રી વગેરે સર્વ તૈયાર થાય છે. **॥૭૭૫॥**

શ્લોક :-

पापमत्यर्गलीभूतं, वृद्धं भावद्विषां बलम् ।
स्थितिर्द्राघीयसी चाभूत्, सर्वेषां कर्मणां पुनः ।।७७६।।

શ્લોકાર્થ :-

પાપ અતિશય થયું. ભાવશત્રુઓનું બળ વૃદ્ધિ પામ્યું. વળી સર્વ કર્મોની સ્થિતિ દીર્ઘ થઈ.

ઘનવાહન અતિ અનુચિત પ્રવૃત્તિ કરે છે, તેથી તેના ચિત્તમાં પાપ અતિશય થયું. કષાયોનું બળ કંઈક અકલંકના ઉપદેશથી શિથિલ થયેલું, તે સર્વ વૃદ્ધિ પામ્યું. સદ્અનુષ્ઠાનના સેવનથી કર્મોની સ્થિતિ કંઈક અલ્પ થયેલી તે સર્વ વૃદ્ધિ પામી. **॥૭૭૬॥**

શ્લોક :-

ततस्तद्वचनं लग्नं, भ्रातुश्चेतसि संगतम् ।
एवमस्त्विति तेनोक्ते, क्षीवो बद्धो जनैरहम् ।।७७७।।

શ્લોકાર્થ :-

તેથી=ઘનવાહનનું પુણ્ય નાશ પામ્યું અને પાપ અતિશય થયું તેથી, તેઓનું વચન=મંત્રી આદિનું વચન, ભાઈના ચિત્તમાં સંગત જણાયું. એ પ્રમાણે થાવ=ઘનવાહનનું રાજ્ય હું સ્વીકારીશ, એ પ્રમાણે તેના વડે કહેવાયે છતે=નીરદવાહન વડે કહેવાયે છતે, મત્ત એવો હું=ઘનવાહન લોકો વડે બંધાયો.

નીરદવાહન નીતિમાન સજ્જન પુરુષ છે, તેથી ભાઈનું રાજ્ય લેવા તત્પર થાય તેમ નથી તોપણ ઘનવાહનનો પાપનો ઉદય જાગ્યો છે, તેથી મંત્રીઓનું વચન નીરદવાહનને સંગત જણાય છે. તેથી લોકોએ મત્ત એવા ઘનવાહનને દોરડાઓ વડે બાંધ્યો. **II૭૭૭II**

શ્લોક :-

मध्ये मत्परिवारस्य, निषेद्धा कोऽपि नोत्थितः ।
क्षिप्तोऽहं चारके क्रूरैस्ततो मन्त्रिमहत्तमैः ।।७७८।।

શ્લોકાર્થ :-

મારા પરિવારના મધ્યમાં નિષેધ કરનાર કોઈ પણ ઊઠ્યો નહીં. ત્યારપછી હું ક્રૂર એવા મંત્રી મહત્તમો વડે કેદખાનામાં નંખાયો. ।।૭૭૮।।

શ્લોક :-

राज्ये च स्थापितो हर्षपूर्णैर्नीरदवाहनः ।
तुष्टाः कुस्वामिनाशेन, लोकाः सुस्वामिनो गुणैः ।।७७९।।

શ્લોકાર્થ :-

અને હર્ષ પૂર્ણ એવા મંત્રીઓ વડે નીરદવાહન રાજ્યમાં સ્થાપન કરાયો. કુસ્વામીના નાશથી અને સુસ્વામીના ગુણોથી લોકો તુષ્ટ પામ્યા. ।।૭૭૯।।

શ્લોક :-

चारकेऽहं स्थितस्तत्र, पङ्कविण्मूत्रपिच्छले ।
तृषितः क्षुधितो बद्धस्ताडितो बालकैरपि ।।७८०।।

શ્લોકાર્થ :-

કાદવ, વિષ્ટા, મૂત્રથી પિચ્છલ તે કેદખાનામાં રહેલો હું તૃષાવાળો, ક્ષુધાવાળો બંધાયેલો બાળકોથી પણ તાડન કરાયો. ||૭૮૦||

શ્લોક :-

राज्यभ्रंशसमुत्थेन, महादैन्येन पीडितः ।
प्राप्तो नारकवत् तापं, शारीरं मानसं तथा ।।७८१।।

શ્લોકાર્થ :-

રાજ્યભ્રંશથી ઊઠેલા, મહાદૈન્યથી પીડિત નારકની જેમ શારીરિક અને માનસિક તાપને પામ્યો. ||૭૮૧||

શ્લોક :-

तथाऽपि मोहदोषेण, निर्विण्णो न भवादहम् ।
सुचिरं चारके तत्र, दुःखान्यनुभवन् भृशम् ।।७८२।।

શ્લોકાર્થ :-

તોપણ તે કેદખાનામાં લાંબા સમય સુધી અત્યંત દુઃખોને અનુભવતો હું મોહના દોષથી ભવથી નિર્વેદ પામ્યો નહીં.

નિમિત્તોને પામીને કંઈક જેનો મોહ શિથિલ થાય તેવો છે તેવા કેટલાક જીવો ઘનવાહનની જેમ ખરાબ સ્થિતિને પામે ત્યારે ભવથી નિર્વેદ પામે છે, પરંતુ ઘનવાહને પૂર્વમાં કંઈક ધર્મ સેવેલો હોવા છતાં વર્તમાનમાં મોહનો પ્રચુર ભાવ વર્તે છે, તેથી મેં આ અનુચિત કર્યું તેથી જ આ દુઃખો થયાં તેવો વિચાર આવતો નથી. પરંતુ તે ખરાબ સ્થિતિમાં પણ મોહધારાની જ વૃદ્ધિ થાય છે. **||૭૮૨||**

શ્લોક :-

क्रोधान्धः सर्वलोकेषु, नानासंकल्पकीलितः ।
रौद्रध्यानशिलाक्रान्तो, भूरिकालमहं स्थितः ।।७८३।।

શ્લોકાર્થ :-

સર્વ લોકોમાં ક્રોધાંધ, વિવિધ સંકલ્પોથી ક્લેશ પામતો રૌદ્રધ્યાનની શિલાથી આક્રાંત ઘણો કાળ હું રહ્યો. ॥૭૮૩॥

શ્લોક :-

अथ गुटिका जीर्णा सा, प्राक्तनी भवितव्यता ।
दत्त्वाऽपरां तां पापिष्ठावासपुर्यां निनाय माम् ॥७८४॥

શ્લોકાર્થ :-

હવે પૂર્વની તે ગુટિકા જીર્ણ થઈ. ભવિતવ્યતા તે અપર ગુટિકા આપીને મને પાપિષ્ઠ આવાસ નગરીમાં લઈ ગઈ. ॥૭૮૪॥

શ્લોક :-

सप्तमे पाटके तत्राप्रतिष्ठानगृहे स्थितः ।
सागराणि त्रयस्त्रिंशन्निर्भिन्नो वज्रकण्टकैः ॥७८५॥

શ્લોકાર્થ :-

ત્યાં સાતમા પાડારૂપ અપ્રતિષ્ઠાન ગૃહમાં તેત્રીશ સાગરોપમ વજ્રકંટકોથી ભેદાયેલો હું રહ્યો. ॥૭૮૫॥

શ્લોક :-

पञ्चाक्षपशुसंस्थाने, ततश्च शफरोऽभवम् ।
पुनर्गतोऽप्रतिष्ठानं, शार्दूलोऽहं ततोऽभवम् ॥७८६॥

શ્લોકાર્થ :-

અને ત્યારપછી હું પંચાક્ષ પશુસંસ્થાનમાં શફર=માછલું થયો. ફરી અપ્રતિષ્ઠાનરૂપ સાતમી નરકમાં ગયો. ત્યારપછી હું શાર્દૂલ થયો=વાઘ થયો. ॥૭૮૬॥

શ્લોક :-

ततः पापिष्ठवासायां, गतोऽहं तुर्यपाटके ।
ततो मार्जारतां प्राप्तः, सोढं दुःखं मयाऽतुलम् ॥७८७॥

શ્લોકાર્થ :-

ત્યાંથી=વાઘમાંથી પાપિષ્ઠ પાડારૂપ ચોથા પાડામાં=ચોથી નરકમાં, હું ગયો. ત્યારપછી બિલાડાને પ્રાપ્ત થયો. મારા વડે અતુલ દુઃખો સહન કરાયાં. ||૭૮૭||

શ્લોક :-

मुक्त्वाऽसंव्यवहाराख्यं, नगरं भवितव्यता ।
इत्थं स्थानेषु सर्वेषु, परिभ्रमयति स्म माम् ।।७८८।।

શ્લોકાર્થ :-

અસંવ્યવહાર નામના નગરને છોડીને આ રીતે ભવિતવ્યતાએ મને સર્વ સ્થાનોમાં પરિભ્રમણ કરાવ્યું. ||૭૮૮||

શ્લોક :-

भोजयन्त्या महामोहपरिग्रहफलान्यहम् ।
तयाऽगृहीतसंकेते !, योनौ योनौ विडम्बितः ।।७८९।।

શ્લોકાર્થ :-

મહામોહનાં અને પરિગ્રહનાં ફળોનો ભોગ કરાવતી એવી તેણી વડે=ભવિતવ્યતા વડે, હે અગૃહીતસંકેતા ! હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, દરેક યોનિમાં વિડંબિત કરાયો. ||૭૮૯||

શ્લોક :-

भ्रमतोऽनन्तकालं मे, तुष्टाऽथ भवितव्यता ।
श्रान्ता इव तनूभूता, मोहाद्या अपि विद्विषः ।।७९०।।

શ્લોકાર્થ :-

હવે અનંતકાલ ભમતાં મારી ભવિતવ્યતા તોષ પામી. શ્રાંત થયેલાની જેમ મોહાદિ શત્રુઓ પણ અલ્પ થયા. ||૭૯૦||

શ્લોક :-

पुनर्ग्रन्थिसमीपस्था, जाता मे कर्मणः स्थितिः ।
नीतोऽहं भरतक्षेत्रे, भवितव्यतया ततः ।।७९१।।

શ્લોકાર્થ :-

ફરી મારી કર્મની સ્થિતિ ગ્રંથિ સમીપસ્થ થઈ. ત્યારપછી ભવિતવ્યતા વડે ભરતક્ષેત્રમાં હું લઈ જવાયો.

અનુસુંદર ચક્રવર્તીના જીવને ઘનવાહનના ભવમાં વૃદ્ધિ પામેલા મોહાદિભાવો વિવેકપૂર્વકના પ્રયત્ન વગર પણ ઘણાં કષ્ટોના વેદનને કારણે કંઈક અલ્પ થાય છે, તેથી અકલંકના બળથી જેમ ગ્રંથિ સમીપ કર્મની સ્થિતિ ઘનવાહનના ભવમાં પ્રાપ્ત થયેલી તેમ અકામ નિર્જરાથી તે પ્રકારની અલ્પ સ્થિતિ થઈ. **||૭૯૧||**

શ્લોક :-

साकेतनगरे नन्दवणिजो जनितः सुतः ।
भार्याया धनसुन्दर्या, गुटिकादानयोगतः ।।७९२।।

શ્લોકાર્થ :-

સાકેતનગરમાં ગુટિકાના દાનના યોગથી=એક ભવવેધ ગુટિકાના દાનના યોગથી, ધનસુંદરી ભાર્યાનો અને નંદ વાણિયાનો હું પુત્ર થયો. ||૭૯૨||

શ્લોક :-

अमृतोदर इत्याख्या, मम पित्रा प्रतिष्ठिता ।
प्राप्तोऽहं यौवनं हृद्यं, स्मरसिंहगुहोपमम् ।।७९३।।

શ્લોકાર્થ :-

અમૃતઉદર એ પ્રમાણે મારું નામ પિતા વડે પ્રતિષ્ઠિત કરાયું. હું હૃદયને ગમે એવા, કામરૂપી સિંહની ગુફાવાળા યૌવનને પામ્યો. ||૭૯૩||

શ્લોક :-

दृष्टः सुदर्शनः साधुर्मयोद्याने दिदेश सः ।
धर्मं तदा तदभ्यर्णे, भूयो दृष्टः सदागमः ।।७९४।।

શ્લોકાર્થ :-

ઉદ્યાનમાં મારા વડે જોવાયેલા સુદર્શન સાધુએ ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારે તેમની સમીપમાં તે સદાગમ ફરી જોવાયો.

પૂર્વમાં અકલંકની પ્રેરણાથી કોવિદાચાર્યના ઉપદેશ દ્વારા મિથ્યાત્વની મંદતાજન્ય સદાગમનું દર્શન થયેલું. હવે ફરી તે સુદર્શનસૂરિના ઉપદેશથી મિથ્યાત્વની મંદતાજન્ય સદાગમની પ્રાપ્તિ અનુસુંદર ચક્રવર્તીના જીવને થાય છે. **II૭૯૪II**

શ્લોક :-

किञ्चिद् भद्रकभावेन, नमस्कारादिपाठकृत् ।
द्रव्यश्राद्धस्ततो जातो, गतो मृत्वा सुरालये ।।७९५।।

શ્લોકાર્થ :-

તેથી=સદાગમ ફરી પ્રાપ્ત થયા તેથી, કંઈક ભદ્રકભાવથી નમસ્કાર આદિ પાઠને કરનાર હું દ્રવ્યશ્રાવક થયો. મરીને દેવલોકમાં ગયો.

ભદ્રકભાવથી નમસ્કાર આદિ પાઠો કર્યા. તેનાથી સદાગમના કંઈક સંસ્કારો પડ્યા; મિથ્યાત્વ મંદ હતું. નાશને સન્મુખ હતું તોપણ વિશેષ સદ્વીર્ય ફોરવીને અમૃતોદરે તે ભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી નહીં. તેથી મોક્ષમાર્ગની કંઈક સ્થૂલથી પ્રાપ્તિ હોવા છતાં સૂક્ષ્મથી મોક્ષમાર્ગની અપ્રાપ્તિ જ રહી. **II૭૯૫II**

શ્લોક :-

स्थितो भवनवासित्वे, सार्द्धपल्योपमस्थितिः ।
सुखानि तत्र भुञ्जानो, विस्मृत्यैव सदागमम् ।।७९६।।

શ્લોકાર્થ :-

ત્યાં ભવનવાસીપણામાં દોઢ પલ્યોપમ સ્થિતિવાળો હું સદાગમની વિસ્મૃતિથી જ સુખોને ભોગવતો રહ્યો.

મનુષ્યભવમાં સદાગમની પ્રાપ્તિ થવા છતાં દૃઢ સંસ્કારો નહીં હોવાથી અને પ્રમાદ સ્વભાવની પ્રચુરતા હોવાને કારણે દેવભવમાં સદાગમની પ્રાપ્તિ થઈ નહીં. **॥૭૯૬॥**

શ્લોક :-

भार्यया पुनरानीतः, पुरेऽहं मानवालये ।
बन्धुदत्तवणिग्भार्या, तत्रासीत् प्रियदर्शना ।।७९७।।

શ્લોકાર્થ :-

ફરી માનવાલય નગરમાં પત્ની વડે=ભવિતવ્યતા વડે, હું લવાયો. ત્યાં=માનવાવાસમાં, બંધુદત્ત વણિકની ભાર્યા પ્રિયદર્શના હતી. ॥૭૯૭॥

શ્લોક :-

तस्यास्तनयभावेन, कृतोऽहं बन्धुनामकः ।
संप्राप्तयौवनोऽद्राक्षं, सुसाधुं सुन्दराभिधम् ।।७९८।।

શ્લોકાર્થ :-

બંધુ નામવાળો હું તેણીના=પ્રિયદર્શનના, પુત્રભાવથી કરાયો. સંપ્રાપ્ત યૌવનવાળા એવા મેં સુંદર નામના સુસાધુને જોયા. ॥૭૯૮॥

શ્લોક :-

मया तस्य समीपस्थो, दृष्टो भूयः सदागमः ।
पुनरप्यस्य सम्बन्धि, ज्ञानमल्पं च शिक्षितम् ।।७९९।।

શ્લોકાર્થ :-

તે સુસાધુની સમીપમાં રહેલો સદાગમ મારા વડે ફરી જોવાયો. ફરી પણ આના સંબંધી=સદાગમ સંબંધી, અલ્પજ્ઞાન ભણાયો.

પૂર્વના ઘનવાહનના ભવમાં સદાગમ જોવાયો ત્યારે મિથ્યાત્વ મંદ હતું છતાં નિમિત્તને પામીને ઘનવાહન ઉન્માર્ગમાં પ્રસ્થિત થયો. તેથી નરકની પ્રાપ્તિ થઈ અને અનંતકાળ પછી કંઈક કર્મો હળુ થયાં. તેથી અમૃતોદરના ભવમાં ફરી

મિથ્યાત્વ મંદ થયું અને સાધુના દર્શનથી સદાગમની પ્રાપ્તિ થઈ. છતાં, સમ્યક્ત્વની પ્રાપ્તિને બાધક પ્રચુર કર્મોને કારણે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નહિ. છતાં ભદ્રકભાવમાં રહીને દેવગતિમાં જાય છે. પ્રમાદવશ સદાગમ પ્રાપ્ત થયો નહિ તોપણ ફરી મનુષ્યભવમાં સદાગમ પ્રાપ્ત થયો. તેથી ઘનવાહનની જેમ ઉન્માર્ગમાં પ્રસ્થિત થયા વગર ફરી સદાગમને અભિમુખ જીવની પરિણતિ થાય છે. **॥૭૯૯॥**

શ્લોક :-

ततोऽहं श्रमणो जातो, द्रव्यतस्तत्प्रभावतः ।
महर्द्धिर्व्यन्तरो देवो, जातोऽहं विबुधालये ।।८००।।

શ્લોકાર્થ :-

તેથી=સદાગમની પ્રાપ્તિને કારણે કંઈક જ્ઞાન અધ્યયન કરાયું તેથી, હું=બંધુ નામનો અનુસુંદરનો જીવ, દ્રવ્યથી શ્રમણ થયો. તેના પ્રભાવથી વિબુધાલયમાં હું મહર્દ્ધિ વ્યંતર દેવ થયો.

મિથ્યાત્વની મંદતામાં સાધ્વાચારો પાલન કરીને કંઈક શુભ ભાવો થયા. તેથી મહાન ઋદ્ધિવાળો વ્યંતર દેવ થાય છે. **॥૮૦૦॥**

શ્લોક :-

विस्मृतत्वेन नो नीतो, मया तत्र सदागमः ।
-पुनश्च मानवावासे, गतेन प्रविलोकितः ।।८०१।।

શ્લોકાર્થ :-

વિસ્મૃતપણું થવાને કારણે=પૂર્વભવમાં જે સાધુપણું પાળ્યું છે તેનું વિસ્મરણ થવાને કારણે, ત્યાં=દેવભવમાં, મારા વડે સદાગમ લઈ જવાયો નહીં અને ફરી માનવાવાસમાં રહેલા મારા વડે જોવાયો=સદાગમ જોવાયો. ॥૮૦૧॥

શ્લોક :-

इत्थं चानन्तशः कालमनन्तं भ्रमता भवे ।
मया सदागमो दृष्टो, विस्मृतश्च पुनः पुनः ।।८०२।।

શ્લોકાર્થ :-

અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અનંતકાળ ભવમાં ભમતાં અનંત વખત, મારા વડે સદાગમ જોવાયો અને ફરી ફરી વિસ્મરણ થયું.

મિથ્યાત્વની મંદતામાં પણ જે જીવો વિશિષ્ટ પરાક્રમ કરીને સમ્યક્ત્વ પામી શકે તેવા ક્ષયોપશમવાળા થતા નથી, તેઓ વારંવાર દ્રવ્યથી ભગવાનના વચનને પ્રાપ્ત કરે છે, કંઈક શુભભાવથી સેવે છે અને તે રીતે અનંતી વખત તે ક્રિયાઓના બળથી મનુષ્યભવ અને દેવભવ પ્રાપ્ત કરે છે અને વારંવાર સદાગમને ભૂલી જાય છે અને વારંવાર સદાગમને પ્રાપ્ત કરે છે. **॥૮૦૨॥**

શ્લોક :-

विस्मृतेऽस्मिन् मया भ्रान्तं, भवचक्रं निरन्तरम् ।
द्रव्यश्राद्धयतित्वेन, पुनर्दैवादलम्भि सः ।।८०३।।

શ્લોકાર્થ :-

આ વિસ્મૃત થયે છતે=સદાગમ વિસ્મૃત થયે છતે, મારા વડે નિરંતર ભવચક્ર ભમાયું. દ્રવ્ય શ્રાવક અને દ્રવ્ય યતિપણાથી તે=સદાગમ, ફરી ભાગ્યથી મેં પ્રાપ્ત કર્યો. ।।૮૦૩।।

શ્લોક :-

क्वचिद् दीर्घा क्वचिद् ह्रस्वा, भ्रमतो भवचक्रके ।
जाता कर्मस्थितिर्जाताः, क्वचिन्मे प्रबला द्विषः ।।८०४।।

શ્લોકાર્થ :-

ભવચક્રમાં ભમતાં ક્યારેક દીર્ઘ, કર્મસ્થિતિ થઈ, ક્યારેક હ્રસ્વ કર્મસ્થિતિ થઈ. ક્યારેક મારા શત્રુઓ પ્રબળ થયા. ।।૮૦૪।।

શ્લોક :-

क्वचित् सदागमो जातः, प्रबलस्तन्निवारकः ।
इत्थं चानन्तकालीनोऽभ्यासो जातः सदागमे ।।८०५।।

શ્લોકાર્થ :-

ક્યારેક તેનો નિવારક=શત્રુનો નિવારક, સદાગમ પ્રબળ થયો અને આ રીતે=શ્લોક-૮૦૪ અને ૮૦૫ના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, સદાગમમાં અનંતકાલીન અભ્યાસ થયો.

ઘણા ભવો સુધી મંદ મિથ્યાત્વ અવસ્થામાં અનુસુંદર ચક્રવર્તીના જીવની ક્યારેક કર્મની દીર્ઘ સ્થિતિ થાય છે, ત્યારે ખરાબ ભવોના પ્રવાહમાં પડે છે, ક્યારેક કર્મની અલ્પ સ્થિતિ થાય છે, ત્યારે સદાગમને પામીને કંઈક સુંદર ભવો પ્રાપ્ત કરે છે, ત્યારે કષાયો અલ્પ થાય છે અને જ્યારે દીર્ઘ સ્થિતિ થાય છે ત્યારે કષાયો પ્રચુર થાય છે અને જ્યારે સદાગમ પ્રાપ્ત થાય છે, ત્યારે તે પ્રબળ કષાયોનું નિવારણ કરે છે. આ રીતે ગ્રંથિદેશમાં આગમન અને ગ્રંથિદેશથી દીર્ઘ સ્થિતિમાં ગમન અનંતકાળ સુધી તે જીવે કર્યું. આમ કરતાં કરતાં સદાગમનો કંઈક અભ્યાસ થયો. **॥૮૦૫॥**

શ્લોક :-

ततश्च निर्मलां दृष्ट्वा, चित्तवृत्तिमहाटवीम् ।
सद्बोधमवदत् सम्यग्दर्शनाख्यो महत्तमः ।।८०६।।

શ્લોકાર્થ :-

અને ત્યારપછી નિર્મળ ચિત્તવૃત્તિ મહાઅટવીને જોઈને સદ્બોધ મંત્રીને સમ્યગ્દર્શન નામના મહત્તમે કહ્યું.

અનંતી વખત ગ્રંથિદેશમાં આગમનને કારણે કંઈક કંઈક જિનવચનાનુસાર બોધ થાય છે તેથી મિથ્યાત્વ કંઈક કંઈક ક્ષીણ થાય છે તેના કારણે અનુસુંદર ચક્રવર્તીના ચિત્તમાં સમ્યક્ત્વને અનુકૂળ નિર્મળતા આવે છે. તેથી એ જીવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિને અનુકૂળ જે પરિણતિ છે, તે સદ્બોધને કહે છે. **॥૮૦૬॥**

શ્લોક :-

आर्य ! विज्ञप्यतां देवः, प्रस्तावो गमनस्य मे ।
पार्श्वे संसारिजीवस्य, त्वदुक्तो वर्ततेऽधुना ।।८०७।।

શ્લોકાર્થ :-

હે આર્ય ! સદ્‌બોધ, સંસારી જીવની પાસે મારા ગમનનો પ્રસ્તાવ દેવ એવા ચારિત્રધર્મને વિજ્ઞાપન કરો. હમણાં તારા વડે કહેવાયેલો= સદ્‌બોધ વડે કહેવાયેલો, સદાગમ વર્તે છે=સદાગમ સંસારી જીવ પાસે વર્તે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની ઉચિત ભૂમિકા સંસારી જીવમાં વર્તે છે. તેથી સમ્યગ્દર્શન સદ્‌બોધ મંત્રીને કહે છે. મારા ગમનનો અવસર થયો છે, તે પ્રકારે ચારિત્રધર્મ રાજાને કહો અને હમણાં સદ્‌બોધે મોકલેલ સદાગમ તે જીવમાં વર્તે છે. તેથી એ પ્રાપ્ત થાય કે સદાગમનો પરિણામ તે પ્રકારનો ઉત્કર્ષવાળો થયો છે કે જેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિને અનુકૂળ ક્ષયોપશમ થાય તેવી સંસારી જીવની ચિત્તવૃત્તિ વર્તે છે. **॥૮૦૭॥**

શ્લોક :-

सद्बोधेनोदितं सम्यक्, त्वया संलक्षितोऽवधिः ।
तद्विज्ञप्तेन स ततो, राज्ञा मे प्रहितोऽन्तिके ।।८०८।।

શ્લોકાર્થ :-

સદ્‌બોધ વડે કહેવાયું. તારા વડે=સમ્યગ્દર્શન વડે, અવધિ=સંસારી જીવ પાસે જવાનો કાળ, સમ્યગ્ જોવાઈ. ત્યારપછી તેનાથી વિજ્ઞપ્ત એવા રાજા વડે=સદ્‌બોધથી વિજ્ઞાપના કરાયેલ ચારિત્રધર્મ રાજા વડે, તે=સમ્યગ્દર્શન, મારી પાસે=સંસારી જીવ પાસે, મોકલાવાયો, ।।૮૦૮।।

શ્લોક :-

तेनोक्तं देव ! विद्येयं, प्राभृतीक्रियते यदि ।
तदा संसारिजीवस्य, सन्तोषो जायते महान् ।।८०९।।

શ્લોકાર્થ :-

તેના વડે કહેવાયું=સમ્યગ્દર્શન વડે કહેવાયું. હે દેવ ચારિત્રધર્મ રાજા ! જો આ વિદ્યા=સમ્યગ્દર્શનની પુત્રી, ભેટણું કરાય છે તો સંસારી જીવને મહાન સંતોષ થાય છે.

પ્રસ્તુત જીવને સમ્યગ્દર્શનના પ્રાપ્તિકાળમાં જ અત્યંત સૂક્ષ્મ બોધની પાપ્તિ કરાવે તેવી વિદ્યા પ્રાપ્ત થાય તો આખો સંસાર સ્પષ્ટ ઇન્દ્રજાળ જેવો દેખાય અને સંસારની કષાયજન્ય સર્વ પ્રવૃત્તિઓ જીવની વિડંબના સ્વરૂપ દેખાય અને તેવો ક્ષયોપશમ થાય તો જીવને સંતોષ થાય. પરંતુ પ્રસ્તુત જીવને વિદ્યાને અનુકૂળ ક્ષયોપશમ થયો નથી. માત્ર સમ્યગ્દર્શનને અનુકૂળ ક્ષયોપશમ થયો છે, તે બતાવવા અર્થે કહે છે કે જો વિદ્યા પણ ભેટણા રૂપે આપવામાં આવે તો સંસારી જીવને મહાન સંતોષ થાય. **॥૮૦૯॥**

શ્લોક :-

सद्बोधोऽवोचताद्यापि, प्रस्तावोऽस्या न विद्यते ।
येन संसारिजीवस्त्वां, सामान्येनैव भोत्स्यते ॥८१०॥

શ્લોકાર્થ :-

સદ્બોધ બોલ્યો. આનો=વિદ્યાનો, હજુ પણ પ્રસ્તાવ નથી. જે કારણથી, સંસારી જીવ તને=સમ્યગ્દર્શનને સામાન્યથી જ જાણશે.

પ્રસ્તુત સંસારી જીવમાં મિથ્યાત્વના ક્ષયોપશમનો પ્રસ્તાવ છે. તેથી સમ્યગ્દર્શનના પ્રાપ્તિકાળમાં જીવ સામાન્યથી જ સમ્યક્ત્વને પામે છે અને વિદ્યાના પ્રાપ્તિકાળમાં સૂક્ષ્મ તત્ત્વના પરમાર્થને અત્યંત નિર્મળતર જોનાર બને છે. **॥૮૧૦॥**

શ્લોક :-

विशेषतश्च त्वद्रूपं, यावत् तेन न बुध्यते ।
न तावद् युज्यते दातुं, तस्मै कन्येयमुत्तमा ॥८११॥

શ્લોકાર્થ :-

અને વિશેષથી તારું રૂપ=સમ્યગ્દર્શનનું રૂપ, જ્યાં સુધી તેના વડે= સંસારી જીવ વડે, જણાતું નથી ત્યાં સુધી તેને=સંસારી જીવને, આ ઉત્તમ કન્યા આપવી ઘટતી નથી.

જે જીવોમાં મિથ્યાત્વ આપાદક કર્મોનો ક્ષયોપશમ થાય તેટલી જ યોગ્યતા પ્રગટી છે, તેઓમાં વિદ્યાને અનુકૂળ ક્ષયોપશમ થયો નથી અને જ્યારે તે જીવો

સમ્યગ્દર્શનના બળથી તત્ત્વનું ભાવન કરી કરીને સમ્યગ્દર્શનનું વિશેષથી સ્વરૂપ જાણે છે, ત્યારે જ ઇન્દ્રજાળતુલ્ય જગતના દેખાવાને અનુકૂળ વિદ્યાની પ્રાપ્તિને અનુરૂપ ક્ષયોપશમભાવ પ્રગટે છે. **॥૮૧૧॥**

શ્લોક :-

अज्ञातकुलशीलोऽस्याः, कुर्याच्चेत् स पराभवम् ।
तन्निमित्तं तदा शल्यं, स्यादस्माकं दुरुद्धरम् ।।८१२।।

શ્લોકાર્થ :-

અજ્ઞાત કુલશીલવાળો તે=સંસારી જીવ, આનો=વિદ્યાનો, જો પરાભવ કરે ત્યારે તદ્‌નિમિત્તક અમારું શલ્ય=સદ્‌બોધાદિનું શલ્ય, દુરુદ્ધર થાય.

જેમ ચારિત્રના પરમાર્થને લેશ પણ સ્પર્શી ન શકે તેવા જીવોને ચારિત્રનું કુળ અને શીલ અજ્ઞાત હોય છે અને તેઓને ચારિત્ર આપવામાં આવે તો યથાતથા સેવીને તેઓ ચારિત્રનો પરાભવ જ કરે છે જેના નિમિત્તે તેઓને દુરંત સંસારની પ્રાપ્તિ થાય છે. તેથી તેને ચારિત્ર આપનાર ગુરુને જ દુરુદ્ધર એવા શલ્યની પ્રાપ્તિ થાય છે તેમ સદ્‌બોધ કહે છે. પ્રસ્તુત સંસારી જીવ વિદ્યાના સૂક્ષ્મ ભાવોને જાણવાને અનુકૂળ ક્ષયોપશમ ભાવવાળો નથી. તેથી તેને વિદ્યા આપવામાં આવે તો તે વિદ્યાનો પરાભવ કરે અને તેનાથી જે તેનું અહિત થાય, તેમાં આપનાર એવા સદ્‌બોધને જ તે શલ્યની પ્રાપ્તિ થાય. માટે વિવેકી સદ્‌બોધ વિદ્યાને મોકલવાનો નિષેધ કરે છે. **॥૮૧૨॥**

શ્લોક :-

तद् गच्छ त्वं विना विद्यां, चन्द्रः पूर्णकलामिव ।
भूयसाऽनेहसा रूपं, भोत्स्यतेऽसौ तव स्फुटम् ।।८१३।।

શ્લોકાર્થ :-

તે કારણથી=અત્યારે સંસારી જીવ પાસે વિદ્યા મોકલવી ઉચિત નથી તે કારણથી, તું=સમ્યગ્દર્શન, વિદ્યા વગર જા. જેમ ચંદ્ર પૂર્ણકલાને ઘણા કાળથી પ્રાપ્ત કરે છે તેમ આ=સંસારી જીવ, તારું રૂપ ઘણા કાળથી, સ્પષ્ટ જાણશે.

સદ્બોધ સમ્યગ્દર્શનને કહે છે. હમણાં વિદ્યાને મોકલવી ઉચિત નથી. તેથી વિદ્યા વગર તું જા અને સંસારી જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યા પછી સમ્યગ્દર્શનનું અત્યંત સ્પષ્ટ સ્વરૂપ જાણશે, ત્યારે વિદ્યાને અનુકૂળ તેનો ક્ષયોપશમભાવ પ્રગટ થશે. **॥૮૧૩॥**

શ્લોક :-

आदायाहं तदा विद्यामागमिष्यामि तेऽन्तिके ।

स लप्स्यते शरच्चन्द्रज्योत्स्नोत्सवमुदं तदा ।।८१४।।

શ્લોકાર્થ :-

ત્યારે=સમ્યગ્દર્શનનો સ્પષ્ટ બોધ સંસારી જીવને થશે ત્યારે, હું=સદ્બોધ, વિદ્યાને ગ્રહણ કરીને તારી પાસે=સમ્યગ્દર્શનની પાસે, આવીશ. ત્યારે તે=સંસારી જીવ, શરદઋતુના ચંદ્રની જ્યોત્સ્નાના ઉત્સવના આનંદને પ્રાપ્ત કરશે.

જેમ શરદઋતુના ચંદ્રની જ્યોત્સ્ના શીતલતાનો અનુભવ કરાવે છે, તેમ જ્યારે તે જીવની યોગ્યતા પ્રગટશે ત્યારે સદ્બોધ વિદ્યા કન્યા લઈને આવશે. તેથી સંસારી જીવમાં વિદ્યાના બળથી અત્યંત શીતલતાના અનુભવની પ્રાપ્તિ થશે. **॥૮૧૪॥**

શ્લોક :-

सदागमस्य सान्निध्यं, मोहादीनां च तानवम् ।

भवजन्तोः शमलवास्वादो देवदिदृक्षुता ।।८१५।।

हृदि स्त्रोतसिका खेदविश्रामश्चेत्यमी गुणाः ।

विद्यां विनाऽपि भवतो, गच्छतस्तत्र भाविनः ।।८१६।।

શ્લોકાર્થ :-

સદાગમનું સાન્નિધ્ય, મોહાદિનું અલ્પપણું, શમલવનો આસ્વાદ, દેવને જોવાની ઈચ્છા=ચારિત્રધર્મના પારમાર્થિક સ્વરૂપને જોવાની ઈચ્છા, હૃદયમાં સ્રોતસિકા=હૃદયમાં તત્ત્વને અનુકૂળ પ્રવાહ, ખેદનો વિશ્રામ=સંસારમાં

થતા ક્લેશોને કારણે થતો ખેદનો વિશ્રામ, વિદ્યા વગર પણ આ ગુણો ત્યાં જતા તારાથી ભવજંતુને થશે.

સદ્બોધ સમ્યગ્દર્શનને કહે છે, તું સંસારી જીવ પાસે જઈશ તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી તે જીવ સદાગમનું વિશેષથી સાન્નિધ્ય કરશે, મોહાદિને અલ્પ કરશે, અનંતાનુબંધી કષાયના ઉપશમજન્ય શમલવનું આસ્વાદન કરશે. તેથી સોળે કષાયોના ક્ષયોપશમભાવરૂપ ચારિત્રને જોવાની ઉત્કટ ઇચ્છા થશે. હૃદયમાં મોહનો વિપરીત સ્રોત દૂર થશે અને તત્ત્વને અનુકૂળ પ્રવાહ પ્રગટ થશે. સંસારની નિરર્થક પ્રવૃત્તિઓ કરીને સદા ખેદનો અનુભવ થતો હતો તે ખેદ દૂર થશે અને કષાયોના ઉપશમને અનુકૂળ શ્રમ કરશે. આ સર્વ ગુણો સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી થશે માટે સદ્બોધ કહે છે. સંસારી જીવ પાસે તું જા. **॥૮૧૫-૮૧૬॥**

શ્લોક :-

ततो महामन्त्रिवचो, राज्ञश्चाज्ञां प्रमाणयन् ।
एक एवागतस्तूर्णं, मत्पार्श्वं स महत्तमः ॥८१७॥

શ્લોકાર્થ :-

તેથી=સદ્બોધે કહ્યું કે વિદ્યા મોકલવાનો હજુ અવસર નથી તેથી, મહામંત્રી એવા સદ્બોધના વચનને અને રાજાની આજ્ઞાને=ચારિત્રધર્મ રાજાની આજ્ઞાને, પ્રમાણ કરતો=સ્વીકાર કરતો, તે મહત્તમ=સમ્યગ્દર્શન મહત્તમ, એક જ શીઘ્ર આવ્યો=પ્રસ્તુત સંસારી જીવ પાસે આવ્યો. ॥૮૧૭॥

શ્લોક :-

इतश्चानन्दनन्दिन्योः, सूनुर्नाम्ना विरोचनः ।
जातोऽहं मानवावासे, संप्राप्तश्चारु यौवनम् ॥८१८॥

શ્લોકાર્થ :-

અને આ બાજુ આનંદ અને નંદીનો વિરોચન નામનો પુત્ર માનવાવાસમાં થયો. સુંદર યૌવનને પ્રાપ્ત થયો. ॥૮૧૮॥

શ્લોક :-

गतोऽहं कानने चित्तनन्दने तत्र संयतः ।
धर्मघोषो मया दृष्टः, तदाऽभूत् कर्मतानवम् ।।८१९।।

શ્લોકાર્થ :-

ચિત્તનંદન નામના બગીચામાં હું ગયો. ત્યાં=બગીચામાં, સંયત એવા ધર્મઘોષ સાધુ મારા વડે જોવાયા. ત્યારે કર્મનું અલ્પપણું થયું.

પ્રસ્તુત સંસારી જીવને મુનિના દર્શનથી જે પ્રીતિ થઈ, તેનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિને અનુકૂળ એવા કર્મનું અલ્પપણું થયું. **॥૮૧૯॥**

શ્લોક :-

निषण्णस्तं महाभागं, वन्दित्वा शुद्धभूतले ।
तेन मां भद्रकं ज्ञात्वा, कृता सद्धर्मदेशना ।।८२०।।

શ્લોકાર્થ :-

તે મહાભાગને=તે મુનિને, વંદન કરીને શુદ્ધ ભૂતલમાં હું બેઠો. તેમના વડે=તે મુનિ વડે, મને ભદ્રક જાણીને સદ્ધર્મ દેશના કરાઈ. ॥૮૨૦॥

શ્લોક :-

अत्रान्तरे प्रादुरभूत्, पुनर्मम सदागमः ।
रुचितं तद्वचः पृष्टो, मुनिः किमुचितं मम ।।८२१।।

શ્લોકાર્થ :-

એટલામાં મને ફરી સદાગમ પ્રાદુર્ભૂત થયો. તેમનું વચન રુચિનો વિષય થયું. મુનિ પુછાયા મને ઉચિત શું છે ?

મુનિની દેશના સાંભળીને મિથ્યાત્વની મંદતાની અવસ્થામાં જે પૂર્વમાં સદાગમ પ્રાપ્ત થયો હતો, તેમ દેશના સાંભળીને મિથ્યાત્વની મંદતા થવાથી જિનવચન પ્રત્યે ઓઘથી રુચિ થાય તેવા પરિણામરૂપ સદાગમની પ્રાપ્તિ થઈ. તેથી વિરોચને પોતાને શું કરવું જોઈએ તે મુનિને પૂછે છે. **॥૮૨૧॥**

શ્લોક :-

मुनिराह त्वया चिन्त्या, दोषाः संसारगोचराः ।
आराध्यः परमात्मा च, सिद्धानन्तचतुष्टयः ।८२२।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે. તારા વડે સંસારના વિષયવાળા દોષો વિચારવા જોઈએ. સિદ્ધ અનંત ચતુષ્ટયવાળા પરમાત્માની આરાધના કરવી જોઈએ. ।।૮૨૨।।

શ્લોક :-

वन्द्यास्तदुपदिष्टाध्वगामिनो मुनयोऽनघाः ।
ज्ञेयानि नव तत्त्वानि, पेयं जिनवचोऽमृतम् ।।८२३।।
नेयं तदङ्गाङ्गीभावमनुष्ठेयं हितं निजम् ।
उपचेयं शुभोपायैः, पुण्यं पुण्यानुबन्धि च ।।८२४।।
विधेयं निर्मलं स्वान्तं, हेयं संकल्पमण्डलम् ।
ज्ञेयं गुरुवचः सारं, देयं चेतस्तदादरे ।।८२५।।
अवगेयं खलवचः, स्थेयमक्षुब्धचेतसा ।
इत्थं ब्रुवाणे सूरीन्द्रे, संप्राप्तोऽसौ महत्तमः ।।८२६।।

શ્લોકાર્થ :-

તેમના ઉપદેશ કરાયેલા માર્ગમાં જનારા નિર્દોષ મુનિઓને વંદન કરવું જોઈએ. નવ તત્ત્વોને જાણવાં જોઈએ. જિનવચનરૂપી અમૃતનું પાન કરવું જોઈએ. તેનો અંગાંગીભાવ પ્રાપ્ત કરવો જોઈએ, પોતાનું હિત સેવવું જોઈએ, શુભ ઉપાયોથી પુણ્યાનુબંધી પુણ્યનો ઉપચય કરવો જોઈએ, સ્વઅંતઃકરણ નિર્મળ કરવું જોઈએ, સંકલ્પરૂપી મંડલનો ત્યાગ કરવો જોઈએ=આ મને ઈષ્ટ છે, આ મને અનિષ્ટ છે ઈત્યાદિ સંકલ્પના સમૂહનો ત્યાગ કરવો જોઈએ, ગુરુવચનના સારને જાણવું જોઈએ. તેના આદરમાં ચિત્તને પ્રવર્તાવવું જોઈએ. ખલ વચનની અવગણના કરવી જોઈએ, અક્ષુબ્ધ ચિત્તથી રહેવું જોઈએ. આ પ્રમાણે સૂરીન્દ્ર બોલ્યે છતે

આ મહત્તમ પ્રાપ્ત થયો=શ્લોક-૮૧૭માં કહેલ સમ્યગ્દર્શન મહત્તમ વિરોચનને પ્રાપ્ત થયો.

વિરોચન મુનિને જોઈને દેશના સાંભળે છે, ત્યારે ફરી ગ્રંથિદેશને પામીને સદાગમને પ્રાપ્ત કરે છે છતાં તે વખતે સમ્યગ્દર્શનની અતિ આસન્નની ભૂમિકા વર્તે છે. તેથી પોતાને જીવનમાં શું કરવું ઉચિત છે, તે પ્રકારે મુનિને પૂછે છે અને મુનિ પણ તે જીવની યોગ્યતા અને તે જીવનો ક્ષયોપશમ કેવો છે, તેને સ્મૃતિમાં રાખીને કહે છે, ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસાર જીવની વિડંબના સ્વરૂપ છે, જેમાં રહેલા જીવોને અંતરંગ કષાયોનો ઉપદ્રવ થાય છે. બહિરંગ જન્મ, જરા, મરણાદિ ઉપદ્રવો થાય છે માટે સંસારના નિર્ગુણ સ્વરૂપને અત્યંત ભાવન કરવું જોઈએ, યોગ્ય જીવને તેટલું માત્ર સાંભળવાથી પણ સમ્યગ્દર્શન થાય છે, પરંતુ વિરોચનને તે સાંભળવાથી સમ્યક્ત્વને અભિમુખ ભાવ અતિશય બને છે; કેમ કે નિવર્તનીય પણ સમ્યગ્દર્શનનાં કર્મો કંઈક વિશેષ પ્રયત્નથી નિવર્તન પામે તેવાં છે. તેથી ફરી મુનિ કહે છે કે અનંત ચતુષ્ટયવાળા સિદ્ધ ભગવંતોની આરાધના કરવી જોઈએ. તે સાંભળીને સિદ્ધ અવસ્થા પ્રત્યે વિરોચનને રાગ ઉલ્લસિત થાય છે. વળી, પરમ ગુરુ વડે બતાવાયેલા માર્ગમાં જનારા મુનિઓને વંદન કરવું જોઈએ, તેમ કહેવાથી તેવા નિર્દોષ મુનિઓના સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે અને વંદનનો અધ્યવસાય થાય છે. જેનાથી મિથ્યાત્વ મંદ મંદતર થાય છે. વળી નવતત્ત્વ જાણવાં જોઈએ, તેમ કહેવાથી તે તત્ત્વોને જાણવાને અત્યંત અભિમુખ ભાવ થાય છે. જિનવચનરૂપી અમૃત પીવું જોઈએ. તે સાંભળીને વિરોચનને જિનવચનના હાર્દને જાણવાની ઉત્કટ ઇચ્છા થાય છે અને જિનવચનને માત્ર સાંભળવાથી કલ્યાણ થતું નથી, પરંતુ સ્વનામની જેમ સ્થિર પરિચિત કરવાથી કલ્યાણ થાય છે. તેથી તેને અંગાંગીભાવ કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે. વળી, હંમેશાં હિતની આચરણા કરવી જોઈએ. તેવું મુનિનું વચન સાંભળીને વિરોચનનું હિતને અનુકૂળ કંઈક વીર્ય ઉલ્લસિત થાય છે. વળી, મહાત્મા કહે છે કે શુભ ઉપાયોથી પુણ્યાનુબંધી પુણ્યનો ઉપચય કરવો જોઈએ, જેથી જિનવચનાનુસાર પ્રશસ્ત રાગ કરીને આત્મહિત સાધવાની બળવાન ઇચ્છા વિરોચનને થાય છે. વળી, મહાત્મા કહે છે કે અંતઃકરણ

નિર્મળ કરવું જોઈએ=તત્ત્વના ભાવનથી ચિત્તને સદા વાસિત કરવું જોઈએ. આ બાહ્ય પદાર્થો શુભ છે, અશુભ છે, એવો સંકલ્પોનો ત્યાગ કરવો જોઈએ અને ગુરુના વચનનો સાર સ્વભૂમિકાનુસાર અપ્રમાદસેવન છે, તેને જાણવા અંતરંગ યત્ન કરવો જોઈએ અને તેને સેવન કરવા સદા તત્પર રહેવું જોઈએ. વળી, ધર્મના નામે કહેવાતા ખલ પુરુષોનાં વચનોની અવગણના કરવી જોઈએ. જેથી અધર્મમાં ધર્મબુદ્ધિ થાય નહિ. વળી, કષાયોનો ક્ષોભ ન થાય તે પ્રકારે ચિત્તને પ્રવર્તાવવું જોઈએ. આ રીતે વિરોચનને સૂરિ ઉપદેશ આપે છે, ત્યારે તે મહાત્માના ઉપદેશના શ્રવણકાળમાં માર્ગાનુસારી ઊહથી પ્રસ્તુત સંસારી જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. **॥૮૨૩થી ૮૨૬॥**

શ્લોક :-

वीक्षितश्च सुदुर्भेदग्रन्थिभेदादसौ मया ।
श्रद्धानमात्मरुच्याऽभून्मौनीन्द्रे वचने ततः ।।८२७।।

શ્લોકાર્થ :-

અને સુદુર્ભેદ એવી ગ્રંથિના ભેદથી આ=સમ્યગ્દર્શન, મારા વડે જોવાયો. તેનાથી=સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી, મૌનીન્દ્રના વચનમાં આત્મરુચિથી=સ્વાભાવિક રુચિથી, શ્રદ્ધાન થયું. ॥૮૨૭॥

શ્લોક :-

बुद्धो बन्धुधिया सम्यग्दर्शनाख्यो महत्तमः ।
मुनिं प्रत्युक्तमादेशं, करिष्ये भवतामहम् ।।८२८।।

શ્લોકાર્થ :-

બંધુબુદ્ધિથી સમ્યગ્દર્શન નામનો મહત્તમ જણાયો, મુનિ પ્રતિ કહેવાયું. તમારો આદેશ હું કરીશ.

સમ્યગ્દર્શનને કારણે જે ઉત્તમ ક્ષયોપશમભાવવાળું ચિત્ત થાય છે તે જ મારું હિત છે તેમ વિરોચનને ભાસે છે. આથી જ મુનિને કહે છે જે ઉપાયો તમે કહ્યા છે તે સર્વને હું કરીશ. **॥૮૨૮॥**

શ્લોક :-

तं मुनीन्द्रं ततो नत्वा, गतोऽहं भवने निजे ।
ततः प्रभृति संजातः, सद्दृष्टिर्ज्ञानवर्जितः ।।८२९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે મુનિને નમીને હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, નિજ ભવનમાં ગયો, ત્યારથી માંડીને જ્ઞાનથી રહિત સદ્દૃષ્ટિવાળો હું થયો.

પૂર્વમાં સમ્યગ્દર્શનથી રહિત મંદ મિથ્યાત્વની અવસ્થામાં સદાગમની પ્રાપ્તિ થયેલી, હવે તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છતાં જિનવચનના હાર્દનો અભ્યાસ થયો નથી. તેથી વિશિષ્ટ જ્ઞાનથી રહિત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. **II૮૨૯II**

શ્લોક :-

तदेव सत्यं निःशङ्कं, यज्जिनेन्द्रैः प्रवेदितम् ।
एतावन्मात्रतुष्टोऽहं, जातः कुग्रहवर्जितः ।।८३०।।

શ્લોકાર્થ :-

તે જ સત્ય છે, નિઃશંક છે જે જિનેન્દ્રોથી કહેવાયેલું છે, એટલા માત્રથી તોષ પામેલો હું કુગ્રહવર્જિત થયો. ।।૮૩૦।।

શ્લોક :-

ज्ञानं सदागमेनापि, वितीर्णं मे तदा बहु ।
सूक्ष्मो भावः परं दृष्टो, न मया मन्दचक्षुषा ।८३१।।

શ્લોકાર્થ :-

ત્યારે=સમ્યગ્દર્શનના કાળમાં, સદાગમ વડે પણ મને બહુ જ્ઞાન અપાયું. પરંતુ મંદ ચક્ષુવાળા મારા વડે સૂક્ષ્મભાવ જોવાયો નહિ. ।।૮૩૧।।

શ્લોક :-

पटुवाचोऽपि गुरवः, सूक्ष्मज्ञानस्य हेतवः ।
विशिष्टयोग्यताऽभावान्न तदानीं ममाभवन् ।।८३२।।

શ્લોકાર્થ :-

ત્યારે પટુવાચાવાળા પણ ગુરુઓ વિશિષ્ટ યોગ્યતાનો અભાવ હોવાને કારણે મને સૂક્ષ્મ જ્ઞાનના હેતુઓ થયા નહિ.

વિરોચનના જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી ભગવાનના વચનને સાંભળવાની ઉત્કટ ઇચ્છા છે. તેથી સુયોગ્ય ગુરુને શોધીને તેમની પાસેથી તત્ત્વ જાણવા યત્ન કરે છે તોપણ વિશિષ્ટ બોધનાં બાધક કર્મો દૂર થયેલાં નહીં હોવાથી અને ઉપદેશ દ્વારા પણ ક્ષીણ પામે તેવી સ્થિતિવાળાં કર્મો નહિ હોવાથી અને જીવનો તે પ્રકારે તત્ત્વને અભિમુખ પરિણામ નહિ હોવાથી, સૂક્ષ્મ જ્ઞાનનો હેતુ તે ઉપદેશ થતો નથી, તેથી સમ્યગ્દર્શન હોવા છતાં વિશિષ્ટ જ્ઞાનથી રહિત વિરોચન થયો. **॥૮૩૨॥**

શ્લોક :-

सूक्ष्मज्ञानोज्झितं जातं, ततः श्रद्धानमेव मे ।
पल्योपमपृथक्त्वे तु, क्षीणे श्राद्धत्वमागतम् ।।८३३।।

શ્લોકાર્થ :-

તેથી=વિશિષ્ટ યોગ્યતાનો અભાવ હોવાથી સૂક્ષ્મ બોધ ન થયો તેથી, સૂક્ષ્મ જ્ઞાનથી રહિત શ્રદ્ધાન માત્ર જ મને થયું. વળી, પલ્યોપમ પૃથક્ત્વ ક્ષીણ થયે છતે=સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી કર્મની સ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ અલ્પ થયે છતે, શ્રાવકપણું આવ્યું. ॥૮૩૩॥

શ્લોક :-

सामान्यतस्तदादेशान्नियमाः पालिता मया ।
श्रद्धया तत्प्रभावेन, गतोऽहं विबुधालये ।।८३४।।

શ્લોકાર્થ :-

સામાન્યથી તેના આદેશથી=શ્રાવકપણાના આદેશથી, શ્રદ્ધા દ્વારા નિયમો મારા વડે પળાયા, તેના પ્રભાવથી હું વિબુધાલયમાં ગયો.

સૂક્ષ્મ બોધ નહિ હોવાને કારણે અને સમ્યગ્દર્શનને અનુકૂળ કંઈક સામાન્ય બોધ હોવાને કારણે દેશવિરતિની પ્રાપ્તિ થાય એવા શ્રાવકપણાના પરિણામથી

શ્રદ્ધાપૂર્વક મારા વડે દેશવિરતિના આચારો પાલન કરાયા. તેના પ્રભાવથી અનુસુંદર ચક્રવર્તીનો જીવ વિબુધાલયમાં ગયો. **॥૮૩૪॥**

શ્લોક :-

सौधर्मे तत्र शयनात्, स्फुरत्कुसुमसौरभात् ।
प्रवरोल्लोचसन्तानाच्छन्नात् कोमलवाससा ।।८३५।।
समुत्थितः क्षणार्द्धेन, ज्योतिर्द्योतितदिक्पथः ।
स्फुरत्कोटीरकटकहारकेयूरकुण्डलः ।।८३६।।

શ્લોકાર્થ :-

તે સૌધર્મ દેવલોકમાં સ્ફુરાયમાન થતાં કુસુમની સૌરભવાળા, શ્રેષ્ઠ ચંદરવાના સંતાનવાળા, કોમલ વસ્ત્રથી ઢંકાયેલા એવા શયનથી ક્ષણમાત્ર વડે=અલ્પ ક્ષણો વડે, જ્યોતિથી દ્યોતિત દિશાના પથવાળો સ્ફુરાયમાન થતાં મુગુટ, કડાં, હાર, બાજુબંધ અને કુંડલવાળો હું ઊઠ્યો. ॥૮૩૫-૮૩૬॥

શ્લોક :-

स्तुतो देवैश्च देवीभिः, सुस्निग्धमधुरोक्तिभिः ।
हरिचन्दनमन्दारसन्तानस्रग्विराजितः ।।८३७।।

શ્લોકાર્થ :-

દેવો વડે અને દેવીઓ વડે સુસ્નિગ્ધ મધુર વાણીઓ વડે હરિચંદન, મંદાર સંતાનની માળાઓથી શોભિત એવો હું સ્તુતિ કરાયો.

સમ્યગ્દર્શનથી યુક્ત શ્રાદ્ધ ધર્મના સેવનનું આ ઉત્તમ ફળ છે, તે બતાવવા અર્થે કેવી ઉત્તમ ભોગસામગ્રી સહિત વિરોચન અહીં દેવભવમાં આવે છે તે બતાવેલ છે. **॥૮૩૭॥**

શ્લોક :-

विलोक्य तादृशीं भूतिं, विस्मितः पर्यचिन्तयम् ।
कृतं मया किं सुकृतं, ज्ञानं प्रादुरभूत् ततः ।।८३८।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારની વિભૂતિને જોઈને વિસ્મિત થયેલા એવા મેં વિચાર્યું, શું મારા વડે સુકૃત કરાયું ?, તેથી જ્ઞાન પ્રગટ થયું. ॥૮૩૮॥

શ્લોક :-

विरोचनभवावस्था, मया तेनावधारिता ।
समायातौ च सम्यक्त्वमहत्तमसदागमौ ।।८३९।।

શ્લોકાર્થ :-

તેના કારણે=તે જ્ઞાનના કારણે, મારા વડે વિરોચનના ભવની અવસ્થા અવધારણ કરાઈ અને સમ્યક્ત્વ મહત્તમ અને સદાગમ આવ્યા=દેવભવમાં આવ્યા.

વિરોચનના જીવે પૂર્વભવમાં દેશવિરતિ પાળીને દેવલોકની પ્રાપ્તિ કરી છે, તેથી ઉત્તમ સંસ્કારોથી દેવભવમાં આવેલ છે, તેના કારણે માર્ગાનુસારી ઊહ પ્રગટે છે કે મેં શું સુકૃત કર્યું છે, જેથી આવો દેવભવ મળ્યો. તેથી અવધિજ્ઞાનના બળથી પોતાના વિરોચન ભવની અવસ્થાનું સ્મરણ કરે છે અને તેના કારણે સમ્યક્ત્વ અને સદાગમની પ્રાપ્તિ થાય છે; કેમ કે દેવતાઓ ચાર બુદ્ધિના નિધાન હોય છે. તેથી તેઓને સદાગમની પ્રાપ્તિ પણ સુલભ હોય છે. **॥૮૩૯॥**

શ્લોક :-

बन्धुत्वेन प्रपन्नौ तौ, कृतं कृत्यमथोचितम् ।
विलोक्य पुस्तकं रात्नं, भगवत्पूजनादिकम् ।।८४०।।

શ્લોકાર્થ :-

તે બંને=સદાગમ અને સમ્યક્ત્વ, બંધુપણા વડે સ્વીકારાયા. હવે, રત્નમય એવું પુસ્તક જોઈને ભગવાનની પૂજનાદિ ઉચિત કૃત્ય કરાયું. ॥૮૪૦॥

શ્લોક :-

ततः स्वहृदयानन्दिविषयग्रामलालितः ।
स्थितस्तत्र मनाग् न्यूनसागरद्वितयावधि ।।८४१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સ્વહૃદયના આનંદી વિષયના સમૂહથી લાલિત એવો હું ત્યાં મનાગ્ ન્યૂન બે સાગરોપમની અવધિવાળો રહ્યો. ।।૮૪૧।।

શ્લોક :-

ततश्च मानवावासे, सुनुर्मदनरेणयोः ।
आभीरोऽहं कलन्दाख्यो, भवितव्यतया कृतः ।।८४२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી માનવાવાસમાં મદન અને રેણાનો પુત્ર કલંદ નામનો આભીર હું ભવિતવ્યતા વડે કરાયો. ।।૮૪૨।।

શ્લોક :-

न मामन्वागतौ तत्र, महत्तमसदागमौ ।
तन्नान्तरीयको दृष्टः, श्राद्धधर्मश्च तत्र न ।।८४३।।

શ્લોકાર્થ :-

ત્યાં=આભીરના ભવમાં, મહત્તમ અને સદાગમ મને પ્રાપ્ત થયા નહિ. તેની સાથે અવિનાભાવવાળો=સદાગમ અને સમ્યગ્દર્શન સાથે અવિનાભાવવાળો, શ્રાદ્ધધર્મ ત્યાં=કલંદના ભવમાં, જોવાયો નહિ.

પૂર્વમાં ઘણો કાળ સદાગમનો અભ્યાસ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. દેવભવમાં પણ સમ્યક્ત્વ અને સદાગમ પ્રાપ્ત થયા છતાં તે પ્રકારના દૃઢ સંસ્કાર અનુસુંદર ચક્રવર્તીના આત્મામાં થયા નહિ. તેથી ઉત્તરના ભવમાં સમ્યગ્દર્શન અને સદાગમ પ્રાપ્ત થયું નહિ અને તેની સાથે પશ્ચાત્ભાવિ શ્રાવકધર્મ પણ પ્રાપ્ત થયો નહિ. **।।૮૪૩।।**

શ્લોક :-

जातः प्राचीनसंस्कारात् केवलं पापभीरुकः ।
ज्योतिष्कोऽहं ततो जातो, भद्रकत्वानुभावतः ।।८४४।।

શ્લોકાર્થ :-

કેવલ પૂર્વના સંસ્કારથી પાપભીરુક થયો. તેથી ભદ્રકત્વના અનુભાવથી હું જ્યોતિષ્ક દેવ થયો.

પૂર્વભવમાં સમ્યક્ત્વ અને સદાગમને પ્રાપ્ત કરેલા, દેશવિરતિને પ્રાપ્ત કરેલી, ત્યારપછી દેવભવમાં પણ સમ્યગ્દર્શન અને સદાગમ પ્રાપ્ત થયેલા છતાં કોઈક પ્રમાદવશ દેવભવમાં તેનું જતન થયું નહીં, તેથી ઉત્તરના ભવમાં સમ્યગ્દર્શન અને સદાગમની પ્રાપ્તિ થઈ નહીં, તોપણ સમ્યગ્દર્શનકાળમાં જે ઉત્તમ સંસ્કારો પડેલા તેના કારણે કલંદના ભવમાં પાપભીરુ પ્રકૃતિ થઈ, જે ભદ્રકભાવ સ્વરૂપ છે. તેથી ધર્મરહિત ભદ્રકભાવને કારણે પણ ઉત્તરમાં જ્યોતિષ્ક દેવલોકની પ્રાપ્તિ થઈ. **II૮૪૪II**

શ્લોક :-

तत्र लालयता भोगैरिन्द्रियाणि सदा मया
सेवितौ दृढरागेण, महामोहपरिग्रहौ ।।८४५।।

શ્લોકાર્થ :-

ત્યાં=જ્યોતિષ્ક દેવલોકમાં, ભોગોથી ઇન્દ્રિયોનું લાલન કરતાં મારા વડે સદા દઢરાગથી મહામોહ અને પરિગ્રહ સેવાયા.

સૌધર્મ દેવલોકમાં દેવ થયેલ ત્યારે જ્યોતિષ્ક દેવલોક કરતાં વિપુલ સામગ્રી હોવા છતાં સમ્યક્ત્વ અને સદાગમને કારણે મહામોહ અને પરિગ્રહ દઢરાગથી સેવ્યા નહીં, જ્યારે કલંદના ભવમાં સમ્યક્ત્વ ગયું. ભદ્રકભાવ ટક્યો તોપણ ચિત્ત પાતને અભિમુખ હોવાથી દેવભવમાં સૌધર્મ દેવલોક કરતાં હીન પણ શ્રેષ્ઠ ભોગોને કારણે ઇન્દ્રિયોમાં આસક્તિ વધી, તેથી આ ભોગો જ સાર છે તેવો મહામોહ દઢ થયો અને દેવલોકની ભોગસામગ્રી પ્રત્યે મમત્વના પરિણામરૂપ

પરિગ્રહનો પરિણામ દૃઢ થયો. તેથી અનુસુંદર ચક્રવર્તીનો જીવ વિશેષ પાતને અભિમુખ બને છે. **॥૮૪૫॥**

શ્લોક :-

ततोऽहं दर्दुराकारो, रुष्टया प्रियया कृतः ।

नानाविधेषु स्थानेषु, बहुशो भ्रामितस्ततः ।।८४६।।

શ્લોકાર્થ :-

તેથી=મહામોહ અને પરિગ્રહ દૃઢરાગથી સેવ્યા તેથી, રુષ્ટ એવી પ્રિયા વડે=પ્રતિકૂલ થયેલી એવી ભવિતવ્યતા વડે, દેડકા આકારવાળો કરાયો, ત્યારપછી જુદા જુદા પ્રકારનાં સ્થાનોમાં બહુ વાર ભમાવાયો.

કોઈક રીતે જીવ પાતને સન્મુખ બને છે ત્યારે તેની ભવિતવ્યતા પણ ખરાબ હોય છે. તેથી જ્યોતિષ્ક ભવ પછી ભદ્રકભાવ પણ ગયો, મહામોહ અને પરિગ્રહ પ્રવેશ પામ્યા. જેના ફળરૂપે ફરી તુચ્છ અસાર તિર્યંચોના ભવની પ્રાપ્તિ દીર્ઘકાળ સુધી થઈ. **॥૮૪૬॥**

શ્લોક :-

ततश्च मानवावासे, काम्पिल्यनगरे कृतः ।

धराया वसुबन्धोश्च, तनयो वासवाभिधः ।।८४७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી માનવાવાસમાં કાંપિલ્ય નગરમાં ધરા અને વસુબંધનો વાસવ નામનો પુત્ર કરાયો. ।।૮૪૭।।

શ્લોક :-

शान्ताख्यं सूरिमासाद्य, तत्र सद्धर्मदेशकम् ।

पुनर्दृष्टौ मया भद्रे !, महत्तमसदागमौ ।।८४८।।

શ્લોકાર્થ :-

ત્યાં=કાંપિલ્ય નગરમાં, સદ્ધર્મદેશક એવા શાંતિ નામના સૂરિને

પામીને હે ભદ્ર ! અગૃહીતસંકેતા ! મારા વડે મહત્તમ અને સદાગમ ફરી જોવાયા.

કંઈક કર્મો હળવાં થવાથી પૂર્વમાં સેવાયેલ સદાગમ અને મહત્તમ સદ્ધર્મદેશક ગુરુની પ્રાપ્તિથી ફરી પ્રગટે છે. આથી નંદિવર્ધનાદિ ભવોમાં સારા ધર્મદેશકો મળ્યા છતાં તે પ્રકારનો સમ્યગ્દર્શનાદિનો પૂર્વમાં અભ્યાસ નહીં હોવાથી અને મિથ્યાત્વ પ્રચુર હોવાથી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈ નહીં, જ્યારે વાસવભવમાં તેની પ્રાપ્તિ થઈ. **॥૮૪૮॥**

શ્લોક :-

द्वितीयकल्पे संप्राप्तस्तत्प्रभावात् सुरालये ।
तत्रापि स्मृतिमारूढौ, महत्तमसदागमौ ।।८४९।।

શ્લોકાર્થ :-

તેના પ્રભાવથી=સમ્યગ્દર્શન અને સદાગમના પ્રભાવથી, બીજા દેવલોકમાં હું પ્રાપ્ત થયો. ત્યાં પણ=દેવલોકમાં પણ, મહત્તમ=સમ્યગ્દર્શન અને સદાગમ સ્મરણ થયા.

પૂર્વના ભવમાં સમ્યક્ત્વ અને સદાગમનો કંઈક અભ્યાસ થયેલો, તેના સંસ્કારો અત્યંત સુપ્ત થયેલા અને મિથ્યાત્વના સંસ્કારો વચલા ભવોમાં જાગૃત થયા તોપણ વાસવના ભવમાં તે સમ્યક્ત્વના સંસ્કારો જાગૃત થયા અને દેવભવમાં ફરી તે સંસ્કારોનું સ્મરણ થયું. તેથી પૂર્વ કરતાં પણ કંઈક સંસ્કારો જીવ દૃઢ કરે છે. **॥૮૪૯॥**

શ્લોક :-

भुक्त्वाऽतुलं सुखं तत्र, सुचिरं काञ्चने पुरे ।
आगतो मानवावासे, मोहात् तौ तत्र विस्मृतौ ।।८५०।।

શ્લોકાર્થ :-

ત્યાં=દેવભવમાં, અતુલ સુખ ભોગવીને, માનવાવાસમાં કાંચન નગરમાં આવ્યો. મોહથી=અજ્ઞાનથી, ત્યાં=કાંચન નગરમાં, તે બંને=સદાગમ અને મહત્તમ વિસ્મૃત થયા. ॥૮૫૦॥

શ્લોક :-

इत्थं संख्यातिगा वारा, दृष्टौ नष्टौ च तावुभौ ।
सामान्यश्राद्धधर्मोऽपि, दृष्टः सति महत्तमे ।।८५१।।

શ્લોકાર્થ :-

આ રીતે સંખ્યાતીત વાર તે બંને=મહત્તમ અને સદાગમ, જોવાયા અને નાશ પામ્યા. સમ્યગ્દર્શન હોતે છતે સામાન્ય શ્રાવકધર્મ પણ જોવાયો. ।।૮૫૧।।

શ્લોક :-

असंख्यवारास्तद्दृष्टास्त्रयोऽमी वरबान्धवाः ।
दृष्टश्च केवलोऽप्येषोऽनन्तवारः सदागमः ।।८५२।।

શ્લોકાર્થ :-

તે કારણથી અસંખ્યવાર આ ત્રણેય વરબાંધવો જોવાયા અને કેવલ આ પણ સદાગમ અનંતવાર જોવાયો.

સામાન્યથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને સદાગમની પ્રાપ્તિ દુર્લભ છે તોપણ મિથ્યાત્વની મંદતાથી જીવ સદાગમને પામે છે અને ફરી પ્રમાદવશ મિથ્યાત્વના ઉત્કર્ષને કરે છે, પરંતુ ગ્રંથિભેદ કરતો નથી. આ રીતે અનંતી વખત સદાગમને પામે છે અને જીવ કંઈક વિશુદ્ધિ કરે છે, ફરી મલિનતાને પ્રાપ્ત કરે છે. વળી, ક્યારેક સદાગમને પામ્યા પછી ગ્રંથિભેદ કરે તો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે તોપણ પ્રમાદવશ તેનો નાશ કરે છે. આ રીતે અસંખ્યવાર સમ્યગ્દર્શન અને સદાગમને પામે છે. ફરી મિથ્યાત્વને પામે છે. વળી, ક્યારેક સમ્યક્ત્વને પામ્યા પછી અપ્રત્યાખ્યાનીય કષાયોનો ક્ષયોપશમ કરીને સામાન્ય શ્રાવકધર્મ પ્રાપ્ત કરે છે. પરંતુ ઉત્તરોત્તર ગુણવૃદ્ધિનું કારણ બને એવા વિશિષ્ટ શ્રાવકધર્મને પામતો નથી. તેથી સદાગમ, સમ્યગ્દર્શન અને સામાન્ય શ્રાવકધર્મને પણ અસંખ્યવાર પ્રાપ્ત કરે છે અને પ્રમાદવશ તેનો નાશ કરે છે. **।।૮૫૨।।**

શ્લોક :-

संजातो मत्समीपस्थो, यत्र यत्र महत्तमः ।

तत्र तत्राभवत् पुण्योदयः सुखनिबन्धनम् ।।८५३।।

શ્લોકાર્થ :-

જ્યાં જ્યાં=જે જે ભવમાં, મહત્તમ મારી સમીપમાં રહેલો થયો, ત્યાં ત્યાં પુણ્યોદય સુખનું કારણ થયું.

જીવ જ્યારે જ્યારે સમ્યગ્દર્શન પામે છે, ત્યારે ત્યારે તત્ત્વનો સૂક્ષ્મ બોધ હોવાથી સ્વભૂમિકાનુસાર કષાયોને ક્ષય કરવા માટે યત્ન કરે છે. આથી જ ભોગની ઇચ્છા આપાદક ક્લેશના નાશ અર્થે યતનાપૂર્વક ભોગાદિ પણ કરે છે. તેથી, તે વખતે પણ સુખનું કારણ એવું પુણ્ય જ બાંધે છે. તેથી તે મહાત્માની પાસે ત્યારે ત્યારે સમ્યગ્દર્શનની સાથે સુખનું કારણ એવા પુણ્યનો ઉદય પણ રહે છે. **II૮૫૩II**

શ્લોક :-

जाता कर्मस्थितिर्लघ्वी, लीना मोहादयोऽपि च ।

यदा ते प्रबला जातास्तदा पुण्योदयो गतः ।।८५४।।

શ્લોકાર્થ :-

કર્મની સ્થિતિ અલ્પ થઈ, મોહાદિ પણ લીન થયા, જ્યારે તેઓ=મોહાદિ, પ્રબળ થયા, ત્યારે પુણ્યોદય ગયો.

જ્યારે જ્યારે જીવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, ત્યારે ત્યારે સતત કર્મની સ્થિતિ લઘુ લઘુતર થાય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધના કારણના ઉચ્છેદમાં યત્નશીલ રહે છે, તેથી મોહાદિ પણ વ્યક્ત રૂપે જીવની વિડંબના કરવા આવતા નથી. વળી, જ્યારે જ્યારે તે પ્રમાદી બને છે, ત્યારે ત્યારે મોહાદિ પ્રબળ થાય છે અને પુણ્યોદય નાશ પામે છે. **II૮૫૪II**

શ્લોક :-

जितौ मोहादिभिः क्वापि, महत्तमसदागमौ ।

देशकालबलं प्राप्य, क्वचित् ताभ्यां च ते जिताः ।।८५५।।

શ્લોકાર્થ :-

દેશકાળના બળને પ્રાપ્ત કરીને ક્યારેક મહત્તમ અને સદાગમ મોહાદિથી જિતાયા અને ક્યારેક તે બંને દ્વારા=સમ્યગ્દર્શન અને સદાગમ દ્વારા, મોહાદિ જિતાયા.

મોહાદિને અનુકૂળ દેશકાળનું બળ પ્રાપ્ત થાય ત્યારે જીવમાં વર્તતાં મોહાદિ ભાવો સમ્યગ્દર્શન અને સદાગમનો નાશ કરે છે. વળી, કોઈક અવસ્થામાં સમ્યગ્દર્શન અને સદાગમને અનુકૂળ દેશકાળનું બળ પ્રાપ્ત થાય ત્યારે જીવમાં વર્તતો સમ્યગ્દર્શન અને સદાગમનો ક્ષયોપશમભાવ ઉલ્લસિત થાય છે. જેનાથી મોહાદિ ક્ષીણ થાય છે. **॥૮૫૫॥**

શ્લોક :-

इत्थं कालमनन्तं ते, जाता भङ्गजयस्पृशः ।
मत्पक्षपाताद् विजयो, भङ्गोऽभूत् तद्विपर्ययात् ।।८५६।।

શ્લોકાર્થ :-

આ રીતે=ક્યારેક મોહાદિ જિતાય છે અને ક્યારેક મહત્તમ અને સદાગમ જિતાય છે એ રીતે, તેઓ=મોહાદિ, સદાગમ અને સમ્યગ્દર્શન ભંગ અને જયને સ્પર્શનારા અનંતકાળ=અસંખ્યાત વખત થયા=પરસ્પર ભંગ અને જયને અસંખ્યાતવાર સ્પર્શનારા થયા. મારા પક્ષપાતથી વિજય અને તેના વિપર્યયથી=મારી ઉપેક્ષાથી, ભંગ થયો.

અનંતકાળમાં જીવ પ્રાયઃ અસંખ્યાત વખત સમ્યગ્દર્શન અને સદાગમનો પક્ષપાત કરે છે, ત્યારે મોહાદિનો જય થાય છે અને મોહાદિનો પક્ષપાત કરે છે, ત્યારે સમ્યગ્દર્શન અને સદાગમનો ભંગ થાય છે. આ રીતે અનંતી વખત તેઓના જય-પરાજયો થાય છે. **॥૮૫૬॥**

શ્લોક :-

कृतोऽन्यदा शालिभद्रकनकप्रभयोरहम् ।
सुतो विभाषणः पत्न्या, वणिक् सोपारके पुरे ।।८५७।।

શ્લોકાર્થ :-

અન્યદા સોપારકપુરમાં પત્નીથી=ભવિતવ્યતાથી, શાલિભદ્ર અને કનકપ્રભાનો વણિક પુત્ર વિભાષણ હું કરાયો. ॥૮૫૭॥

શ્લોક :-

अथ सूरिं सुधाकूपं, संप्राप्य शुभकानने ।
पुनर्दृष्टौ मया बन्धू, महत्तमसदागमौ ॥८५८॥

શ્લોકાર્થ :-

હવે, શુભ ઉદ્યાનમાં અમૃતના કૂવારૂપ સૂરિને પ્રાપ્ત કરીને ફરી મારા વડે બંધુ એવા મહત્તમ સમ્યગ્દર્શન અને સદાગમ જોવાયા. ॥૮૫૮॥

શ્લોક :-

ततो गुरूपरोधेन, जातोऽहं श्रमणस्तदा ।
तत्त्वश्रद्धानसहितो, भावचारित्रवर्जितः ॥८५९॥

શ્લોકાર્થ :-

તેથી ગુરુના ઉપરોધથી=ગુરુના આગ્રહથી, ત્યારે તત્ત્વશ્રદ્ધાનથી સહિત, ભાવચારિત્રથી વર્જિત હું સાધુ થયો.

સૂરિના ઉપદેશથી સમ્યગ્દર્શન અને સદાગમની પ્રાપ્તિ થાય છે તોપણ ભાવથી ચારિત્રને અનુકૂળ પરિણામ પ્રગટે તેવો સમ્યગ્ પરિણામ થતો નથી. છતાં ગુરુએ કહ્યું તું સંયમ લઈશ તો ઉત્તમ સંયમની ક્રિયાના બળથી ચારિત્રનો પરિણામ પ્રગટ થશે. એ પ્રકારના ગુરુના આગ્રહથી વિભાષણે સંયમ ગ્રહણ કર્યું તોપણ મંદ સંવેગ હોવાથી ભાવચારિત્ર પ્રાપ્ત થયું નહિ. **॥૮૫૯॥**

શ્લોક :-

लिङ्गमादाय मौनीन्द्रं, मुनिमध्येऽपि तिष्ठतः ।
कर्मदोषान्मनो मेऽभूद्, वैभाष्यनिरतं तदा ॥८६०॥

શ્લોકાર્થ :-

ભગવાનનું લિંગ ગ્રહણ કરીને મુનિઓના મધ્યમાં પણ રહેતા મારું= અનુસુંદર ચક્રવર્તીના જીવનું, મન કર્મના દોષથી ત્યારે વૈભાષ્યમાં નિરત થયું=વિપરીત ભાષણમાં નિરત થયું.

સંયમ ગ્રહણ કર્યું ત્યારે સદાગમ અને મહત્તમ હતા, સંયમ પ્રત્યે રાગ હતો, તોપણ અનુસુંદર ચક્રવર્તીના જીવમાં કોઈક કર્મના ઉદયથી વિપરીત ભાષણ પ્રવર્તવા લાગ્યું. **II૮૬૦II**

શ્લોક :-

ततः प्रबलतां प्राप्ता, महामोहादयो द्विषः ।
भावतो विगतौ दूरे, महत्तमसदागमौ ।।८६१।।

શ્લોકાર્થ :-

તેથી=કર્મના દોષથી વિપરીત ભાષણમાં મન નિરત થયું તેથી, મહામોહાદિ શત્રુઓ પ્રબળતાને પામ્યા. મહત્તમ અને સદાગમ ભાવથી દૂરમાં ગયા. II૮૬૧II

શ્લોક :-

तपस्विनां सुशीलानां, जातोऽहं निन्दकस्ततः ।
अन्येषामपि निन्दौघैर्मुखमुद्धूलितं मया ।।८६२।।

શ્લોકાર્થ :-

તેથી=વૈભાષ્યમાં નિરત ચિત્ત થયું તેથી, સુશીલ તપસ્વીઓનો હું નિંદક થયો. અન્યોની પણ નિંદાના સમૂહથી મારા વડે મુખ મલિન કરાયું.

અતિ વિપરીત ભાષણ કરવાની વૃત્તિ હોવાથી કોઈના પણ કોઈ દોષલવને જોઈને અસહિષ્ણુ સ્વભાવ થવાથી અનુસુંદર ચક્રવર્તીના જીવને સુશીલ પણ તપસ્વીઓ પ્રત્યે સ્વમતિ કલ્પિત કોઈ નિંદાનો પરિણામ થવા લાગ્યો. જેનાથી પોતાનું મુખ મલિન કરાયું. **II૮૬૨II**

શ્લોક :-

किमन्यत् तीर्थनाथानां, श्रुतस्य गणधारिणाम् ।
संघस्य चाशातनया, पापकूपो मया भृतः ।।८६३।।

શ્લોકાર્થ :-

બીજું શું કહેવું. તીર્થંકરોની, શ્રુતની, ગણધારીઓની અને સંઘની આશાતનાઓથી મારા વડે પાપનો કૂવો ભરાયો. ।।૮૬૩।।

શ્લોક :-

यतिवेषोऽपि जातोऽहं मिथ्यात्वी गुणदूषकः ।
ततोऽनन्तं पुनः कालं, भ्रामितो दुष्टभार्यया ।।८६४।।

શ્લોકાર્થ :-

યતિવેશવાળો પણ હું ગુણનો દૂષક મિથ્યાત્વી થયો. તેથી વળી દુષ્ટ ભાર્યા વડે=ભવિતવ્યતા વડે, અનંતકાળ સંસારમાં ભ્રમણ કરાયો. ।।૮૬૪।।

શ્લોક :-

न सा विपन्न सा पीडा, न सा तीव्रविडम्बना ।
अपार्द्धपुद्गलावर्त्त, या न सोढा मया तदा ।।८६५।।

શ્લોકાર્થ :-

તે આપત્તિ નથી, તે પીડા નથી, તે તીવ્ર વિડંબના નથી જે ત્યારે મારા વડે કંઈક અર્ધપુદ્ગલ પરાવર્ત સહન ન કરાયું.

સાધુપણું લઈને ઉત્સૂત્રાદિ આશાતનાઓ કરીને અનુસુંદર ચક્રવર્તીના જીવે કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન સુધી પીડાઓ સહન કરી. તેથી વિવેકીએ સંવેગપૂર્વક તેવી પાપપ્રવૃત્તિઓથી દૂર રહેવા યત્ન કરવો જોઈએ. **।।૮૬૫।।**

શ્લોક :-

स्वकीयवृत्तान्तमिति ब्रुवाणे, संसारिजीवे श्रवणामृताभम् ।
भावार्थलेशाप्तिमुदाऽगृहीतसंकेतया चित्रमधारि चित्ते ।।८६६।।

શ્લોકાર્થ :-

શ્રવણના અમૃત જેવું પોતાનું વૃત્તાંત છે એ પ્રમાણે સંસારી જીવ બોલ્યે છતે ભાવાર્થલેશની પ્રાપ્તિથી આનંદિત થયેલી અગૃહીતસંકેતા વડે ચિત્તમાં આશ્ચર્ય ધારણ કરાયું.

સંસારી જીવ પોતાના અનંતકાળના વૃત્તાંતને કહે છે, જે મહાસંવેગનું કારણ હોવાથી શ્રોત્રેન્દ્રિયના અમૃત જેવું છે. છતાં અગૃહીતસંકેતા તેનો ભાવાર્થ લેશમાત્ર પ્રાપ્ત કરે છે. તેટલાથી પણ તેના ચિત્તમાં આશ્ચર્ય થાય છે. **॥૮૬૬॥**

શ્લોક :-

प्रज्ञाविशालाऽपि निशम्य वाचं, तां तादृशीं चिन्तयति स्म चित्ते ।
अहो महामोहपरिग्रहौ द्वौ, दुरन्तदोषावनिवार्यवीर्यौ ।।८६७।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારની તે વાણીને સાંભળીને=અનુસુંદર ચક્રવર્તી વડે કહેવાયેલી તેવા પ્રકારની તે વાણીને સાંભળીને, પ્રજ્ઞાવિશાલા સાધ્વીએ પણ ચિત્તમાં વિચાર્યું. અહો=આશ્ચર્ય છે કે મહામોહ અને પરિગ્રહ અનિવાર્ય વીર્યવાળા બે દુરંત દોષો છે.

પ્રસ્તુત પ્રસ્તાવમાં મહામોહ અને પરિગ્રહને કારણે ઘનવાહન દુરંત સંસારમાં ભટકે છે, તે સાંભળીને પ્રજ્ઞાવિશાલા વિચારે છે. જો ચિત્તમાં અનિવારિત વીર્યવાળા મહામોહ, પરિગ્રહ આવે તો ઘનવાહનને જેમ દીર્ઘ સંસારની પ્રાપ્તિ થઈ, તેમ સર્વ જીવોને પ્રાપ્તિ થાય છે. એ પ્રકારે વિચારીને પ્રજ્ઞાવિશાલાને તીવ્ર સંવેગ થાય છે. **॥૮૬૭॥**

શ્લોક :-

क्रोधादिदोषादिगतैरनर्थैः, सम्यक्त्वहीनान्नहि विस्मयः स्यात् ।
तत्संयुताभ्यां भवपातमाभ्यां, श्रुत्वा तु चित्रीयत एव चेतः ।।८६८।।

શ્લોકાર્થ :-

સમ્યક્ત્વથી હીન હોવાને કારણે ક્રોધાદિ દોષાદિથી પ્રાપ્ત એવા

અનર્થોથી વિસ્મય ન થાય, પરંતુ તત્ સંયુત એવા આ બેથી= સમ્યક્ત્વસંયુત એવા મહામોહ અને પરિગ્રહથી, ભવપાતને સાંભળીને ચિત્ત આશ્ચર્ય જ પામે છે.

અનંતકાળમાં જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત નહોતુ કર્યું, ત્યારે જીવમાં કષાયોને કારણે જે અનર્થોની પ્રાપ્તિ થઈ તે બુદ્ધિમાનને વિસ્મય કરનાર નથી; કેમ કે સર્વ જીવો યાવત્ તીર્થંકરના જીવો પણ જ્યાં સુધી સમ્યગ્દર્શનને પામ્યા ન હતા ત્યાં સુધી તે તે કષાયોને વશ સર્વ અનર્થોને પામ્યા છે. તેથી વિચારકને તે સાંભળીને વિસ્મય ન થાય. પરંતુ અનુસુંદર ચક્રવર્તીનો જીવ તો સમ્યક્ત્વ પામ્યા પછી પણ મહામોહ અને પરિગ્રહને વશ થઈ જે પ્રકારના દુરંત સંસારના પરિભ્રમણને પામ્યો તે સાંભળીને પ્રજ્ઞાવિશાલાને ચિત્તમાં આશ્ચર્ય જ થાય છે; કેમ કે ચિંતામણિ રત્ન કરતાં પણ અતિદુર્લભ એવું સમ્યગ્દર્શન પામ્યા પછી પ્રાયઃ જીવો અલ્પકાળમાં મોક્ષમાં જાય છે છતાં પ્રમાદને વશ બને છે, ત્યારે તેઓના મહામોહ અને પરિગ્રહ દુરંત સંસારનું કારણ બને છે તે આશ્ચર્યકારી છે. **॥૮૬૮॥**

શ્લોક :-

ते के नु दोषाः भुवि ये भवन्ति, सम्यक्त्वसूर्यस्य पुरस्तमांसि ।
इमौ त्वहो दुष्टतरौ पयोदराहूपमौ तद्रुचिनाशदक्षौ ।।८६९।।

શ્લોકાર્થ :-

જગતમાં તે કોઈ દોષો છે જે સમ્યક્ત્વસૂર્યની આગળ અંધકાર થાય છે. વળી પયોદની ઉપર રાહુની ઉપમાવાળા દુષ્ટતર એવા આ બે=મહામોહ અને પરિગ્રહ તેની રુચિના નાશમાં દક્ષ છે=સમ્યક્ત્વની રુચિના નાશમાં દક્ષ છે.

સંસારી જીવ કોઈક રીતે સમ્યક્ત્વ પામેલો હોય છતાં કર્મને વશ જે કોઈ દોષો ચિત્તમાં ઊઠે તે તેના સમ્યક્ત્વરૂપી સૂર્યના પ્રકાશને સન્મુખ અંધકાર ફેલાવે છે=સમ્યક્ત્વને કંઈક મ્લાન કરે છે. આથી જ સમ્યક્ત્વ વીતરાગ તરફ જવા યત્ન કરાવે છે છતાં તે અંધકારને કારણે કષાયને વશ બને છે. વળી, મહામોહ અને પરિગ્રહ અન્ય દોષો કરતાં દુષ્ટ છે. તેથી જીવમાં વર્તતી

સમ્યક્ત્વની રુચિનો નાશ કરવામાં તે બંને દોષો અતિ દક્ષ છે. આથી જ અનુસુંદર ચક્રવર્તીના જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પણ મહામોહ અને પરિગ્રહને વશ સમ્યક્ત્વ નાશ પામ્યું. **॥૮૬૯॥**

શ્લોક :-

इमौ समस्ताः समुदायरूपौ, क्रोधादिदोषा अपि वाऽनुयान्ति ।
तदेतयोरीदृशकष्टजातसंपादकत्वं न हि चित्रकारि ।।८७०।।

શ્લોકાર્થ :-

સમસ્ત ક્રોધાદિ દોષો પણ સમુદાયરૂપ એવા આ બેને=મહામોહ અને પરિગ્રહને, અનુસરે છે. તે કારણથી આ બેનું=મહામોહ અને પરિગ્રહનું આવા પ્રકારનું કષ્ટના સમૂહનું સંપાદકપણું=અનુસુંદર ચક્રવર્તીને જેવા પ્રકારના કષ્ટનો સમૂહ પ્રાપ્ત થયો એવા પ્રકારના કષ્ટના સમૂહનું સંપાદકપણું, આશ્ચર્યકારી નથી.

જીવમાં વર્તતા ક્રોધાદિ સર્વ કષાયો મહામોહને અને પરિગ્રહને જ અનુસરે છે. જો જીવમાં અજ્ઞાન નાશ પામે અને બાહ્ય પદાર્થ પ્રત્યે મૂર્ચ્છા જાય તો નિરાકુળ સ્વભાવમાં સ્થિર થયેલા જીવને કોઈ નિમિત્તે ક્રોધાદિ કષાયો થઈ શકે નહિ. તેથી ક્રોધાદિ સર્વ દોષો મહામોહ અને પરિગ્રહને અનુસરે છે. તેથી અનુસુંદર ચક્રવર્તીના જીવને મહામોહ અને પરિગ્રહને કારણે સમ્યક્ત્વ પામ્યા પછી પણ જે આવા પ્રકારનાં કષ્ટોની પરંપરાની પ્રાપ્તિ થઈ તે આશ્ચર્યકારી નથી; કેમ કે મહામોહ અને પરિગ્રહ સર્વ દોષોને પ્રગટ કરવામાં પ્રબલ કારણ છે. **॥૮૭૦॥**

શ્લોક :-

क्रोधादयोऽपि प्रभवन्ति घाते, बाढं गुणानामनिवार्यमाणाः ।
तथाऽपि चासावनयोर्विशेषोल्लेखार्थमेवेत्थमुदाजहार ।।८७१।।

શ્લોકાર્થ :-

અનિવારણ કરાતા ક્રોધાદિ પણ ગુણોના અત્યંત ઘાતમાં સમર્થ બને છે તોપણ આ બેનો=મહામોહ અને પરિગ્રહનો, વિશેષ ઉલ્લેખ

કરવા માટે જ=શ્લોક-૮૬૯માં કહ્યું કે અન્ય સર્વ દોષો કરતાં મહામોહ અને પરિગ્રહ સમ્યક્ત્વદર્શનના નાશમાં બળવાન કારણ છે એ વિશેષ ઉલ્લેખ કરવા માટે જ, આ પ્રમાણે કહેવાયું છે.

કોઈક જીવને આશ્રયીને કોઈપણ કષાય નિવારણ ન કરવામાં આવે તો વૃદ્ધિ પામીને સર્વ ગુણોનો ઘાત કરવામાં સમર્થ બને છે. તેથી ક્રોધાદિ કષાયમાં કે મહામોહ, પરિગ્રહમાં કોઈ ભેદક નથી; કેમ કે અનિવારણ કરાતા મહામોહ અને પરિગ્રહ ગુણોનો ઘાત કરે છે, તેમ અનિવારણ કરાતા ક્રોધાદિ કષાયો ગુણોનો ઘાત કરે છે. છતાં મહામોહ અને પરિગ્રહની અત્યંત દુષ્ટતા છે, તે બતાવવા અર્થે શ્લોક-૮૬૯માં અન્ય દોષો કરતાં તે બે દોષો દુષ્ટતર છે, તેમ ઉલ્લેખ કરેલ છે. જેથી મહામોહ અને પરિગ્રહની અનર્થકારિતા જીવને સ્પષ્ટ જણાય. **॥૮૭૧॥**

શ્લોક :-

इत्थं महामोहपरिग्रहोत्थं, फलं निशम्यापि न पापलोकः ।
प्रबुद्ध्यते सद्गुरुवाक्यलक्षैः, किं कुर्महे तत्र बहूपचारैः ।।८७२।।

શ્લોકાર્થ :-

આ રીતે મહામોહ અને પરિગ્રહથી ઊઠેલું ફળ સાંભળીને પણ પાપી લોક સદ્ગુરુના વાક્યલક્ષોથી પણ પ્રબોધ પામતો નથી. ત્યાં બહુ ઉપચારોથી અમે શું કરીએ ?=બહુ કથનોથી અમે શું કરીએ ?

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે મહામોહ અને પરિગ્રહનું ફળ દૃઢ પ્રણિધાનપૂર્વક કોઈ સાંભળે તો તેનાથી અનુસુંદર ચક્રવર્તીને શું અનર્થો થયા છે તે જ પ્રસ્તુત પ્રસ્તાવમાં બતાવેલ છે. તેથી યોગ્ય જીવને તીવ્ર સંવેગ થાય છે અને દૃઢ સંકલ્પ થાય છે કે હવે મારે મહામોહના અને પરિગ્રહના નાશમાં જ સર્વ યત્ન કરવો છે. પરંતુ ઉપદેશકોનાં સેંકડો વાક્યોથી પણ પાપી જીવોને પ્રબોધ થતો નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે તેવા જીવોને આશ્રયીને બહુ ઉપચાર કરવાથી શું ? ફક્ત યોગ્ય જીવોને તેનો બોધને સ્થિર કરવા અર્થે ઘણું ઉચિત કથન આવશ્યક છે. **॥૮૭૨॥**

શ્લોક :-

एषाऽप्यशेषाऽपनयप्रसूतिः, श्रुतिः श्रुता कोविदसूरिवाक्यैः ।
तथाऽपि मोहान्धतया जनोऽस्याः, कथं वृथा धावति लालनाय ।।८७३।।

શ્લોકાર્થ :-

આ પણ શ્રુતિ=શ્રોત્રેન્દ્રિય, કોવિદસૂરિનાં વાક્યો વડે અશેષ અનર્થોની પ્રસૂતિવાળી સંભળાય છે તોપણ મોહાંધપણાને કારણે આના લાલન માટે લોક કેમ વૃથા દોડે છે ?

કોવિદસૂરિનાં વાક્યોને દૃઢ પ્રણિધાનપૂર્વક જેઓએ સાંભળ્યાં છે અને ચિત્તમાં અવધારણ કર્યાં છે, તેઓને શ્રોત્રેન્દ્રિયના અનર્થો કઈ રીતે વિકારો ઉત્પન્ન કરીને વિનાશ કરે છે તે બાલિશના દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. તેઓ હંમેશાં શ્રોત્રેન્દ્રિયના વિકારોને શમન કરવા યત્ન કરે છે. ફક્ત મોહાંધ જીવો તે સાંભળ્યા પછી પણ શ્રોત્રેન્દ્રિયજન્ય આનંદ અર્થે યત્નશીલ રહે છે. **॥૮૭૩॥**

શ્લોક :-

उन्नीतभावामिति धीविशालां, संप्रेक्ष्य भव्यो वदति स्म मातः !।
ध्यातं त्वया किं निजगाद साऽपि, सर्वं प्रवक्ष्यामि निराकुला ते ।।८७४।।

શ્લોકાર્થ :-

પ્રજ્ઞાવિશાલાના ઉન્નીતભાવને જોઈને=પ્રજ્ઞાવિશાલાના મુખ ઉપર અનુસુંદર ચક્રવર્તીના કથનથી કોઈક ચોક્કસ પ્રકારના સંવેગના પરિણામને જોઈને, ભવ્ય પુરુષ=પૌંડરીક બોલ્યો. હે માતા ! તમારા વડે શું વિચારાયું ? તે પણ=પ્રજ્ઞાવિશાલા પણ, બોલી. નિરાકુલ એવી હું= પ્રસ્તુત શ્રવણનો પ્રસંગ સમાપ્ત થયા પછી નિરાકુલ થયેલી એવી હું, તને સર્વ કહીશ. ।।૮૭૪।।

શ્લોક :-

दत्तावधानः शृणु तावदस्य, वाक्यं कृथा मा तरलत्वमन्तः ।
अनेन सर्वं स्वचरित्रमुक्तप्रायं तदस्य द्रुतमस्तु पूर्तिः ।।८७५।।

શ્લોકાર્થ :-

દત્ત અવધાનવાળો એવો તું=પૌંડરીક, આના વાક્યને=અનુસુંદર ચક્રવર્તીના વાક્યને, સાંભળ. અંતઃકરણનું તરલપણું કર નહીં. આના દ્વારા=અનુસુંદર ચક્રવર્તી દ્વારા, સર્વ સ્વચરિત્ર ઉક્તપ્રાયઃ છે. તે કારણથી આની=અનુસુંદર ચક્રવર્તીના ચરિત્રની, શીઘ્ર પૂર્તિ થાઓ=શીઘ્ર સમાપ્તિ થાઓ. ।।૮૭૫।।

શ્લોક :-

ततस्तत्र स्थिते तूष्णीं, नृपपुत्रे स सादरम् ।
संसारिजीवः प्रोवाच, शिष्टमात्मकथानकम् ।।८७६।।

શ્લોકાર્થ :-

તેથી=પ્રજ્ઞાવિશાલાએ પૌંડરીકને સ્વસ્થતાથી સાંભળવાનું કહ્યું તેથી, રાજાનો પુત્ર પૌંડરીક મૌન સ્થિત થયે છતે તે સંસારી જીવ અવશિષ્ટ આત્મકથાને આદરપૂર્વક બોલ્યો. ।।૮૭૬।।

શ્લોક :-

नीतोऽहमन्यदा पत्न्या, भद्दिलाख्यपुरे तया ।
कृतः स्फटिकराजस्य, तनयो विशदाह्वयः ।।८७७।।

શ્લોકાર્થ :-

અન્યદા હું=સંસારી જીવ, તે પત્ની વડે=ભવિતવ્યતા વડે, ભદ્દિલ નામના નગરમાં લઈ જવાયો. સ્ફટિક રાજાનો વિશદ નામનો પુત્ર કરાયો. ।।૮૭૭।।

શ્લોક :-

विमलाकुक्षिजो रम्ये, यौवने वर्तमानकः ।
सुप्रबुद्धमुनिं दृष्ट्वा, प्रतिबोधमुपागतः ।।८७८।।

શ્લોકાર્થ :-

વિમલાની કુક્ષિથી થયેલો રમ્ય યૌવનમાં વર્તમાન એવો હું સુપ્રબુદ્ધ મુનિને જોઈને પ્રતિબોધને પામ્યો. ||૮૭૮||

શ્લોક :-

भूयस्तत्र मया दृष्टौ, महत्तमसदागमौ ।
पालितौ तौ सदा सम्यग्, गृहिधर्मेण संयुतौ ।।८७९।।

શ્લોકાર્થ :-

ફરી ત્યાં=વિશદના ભવમાં, મારા વડે મહત્તમ અને સદાગમ જોવાયા. તે બંને=મહત્તમ અને સદાગમ બંને, સમ્યગ્ ગૃહસ્થધર્મથી યુક્ત સદા પાલન કરાયા.

પ્રમાદને વશ અનંતકાલ વ્યવધાન પછી ફરી અનુસુંદર ચક્રવર્તીના જીવને સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહસ્થધર્મની પ્રાપ્તિ થઈ. **||૮૭૯||**

શ્લોક :-

श्रद्धायुक्तः स्थितस्तत्र, सूक्ष्मज्ञानेन तूज्झितः ।
गृहिधर्मानुभावाच्च, जातः पुण्योदयोऽनघः ।।८८०।।

શ્લોકાર્થ :-

ત્યાં=વિશદના ભવમાં, સૂક્ષ્મ જ્ઞાનથી રહિત શ્રદ્ધાયુક્ત રહ્યો અને ગૃહસ્થધર્મના અનુભાવથી નિર્દોષ પુણ્યનો ઉદય થયો.

વિશદના ભવમાં દેશવિરતિ પાળે છે. સમ્યગ્દર્શન વિદ્યમાન છે. સદાગમનો પરિચય છે તોપણ સ્યાદ્વાદના પરમાર્થને સૂક્ષ્મ સ્પર્શે તેવું જ્ઞાન પ્રાપ્ત થયું નહીં. છતાં દેશવિરતિના પાલનથી શ્રેષ્ઠ પુણ્યનો ઉદય થયો. **||૮૮૦||**

શ્લોક :-

ततस्तृतीयकल्पेऽहं, भोगसंमर्दसुन्दरे ।
तया पत्न्या सदानन्दे, धृतः सागरसप्तकम् ।।८८१।।

શ્લોકાર્થ :-

તેથી=શ્રેષ્ઠ પુણ્યના ઉદયથી, હું=સંસારી જીવ, ભોગસંમર્દથી સુંદર ત્રીજા દેવલોકમાં તે પત્ની વડે=ભવિતવ્યતા વડે, સાત સાગરોપમ સદા આનંદમાં ધારણ કરાયો. ।।૮૮૧।।

શ્લોક :-

ततश्च मनुजावासे, ततश्च विबुधालये ।
गमनागमनं भूरिवारमित्थं च कारितः ।।८८२।।

શ્લોકાર્થ :-

અને ત્યારપછી મનુષ્યાવાસમાં અને ત્યારપછી વિબુધાલયમાં ઘણી વખત આ રીતે ગમન-આગમન કરાવાયું. ।।૮૮૨।।

શ્લોક :-

द्वादशापि मया स्वर्गा, बान्धवत्रयसंयुजा ।
प्रत्येकं प्रेक्षिता भद्रे !, क्वचित् त्यक्तश्च बान्धवैः ।।८८३।।

શ્લોકાર્થ :-

'હે અગૃહીતસંકેતા ! બાંધવત્રયથી સંયુક્ત એવા મારા વડે=અનુસુંદર ચક્રવર્તીના જીવ વડે, બારે પણ દેવલોકો પ્રત્યેક જોવાયા.' ક્યારેક બાંધવો વડે ત્યાગ કરાયો.

સમ્યગ્દર્શન, સદાગમ અને દેશવિરતિરૂપ ત્રણ બાંધવોથી સહિત સંસારી જીવ ક્યારેક કોઈક દેવલોકમાં જાય છે. ફરી મનુષ્ય થાય છે એ રીતે બારે દેવલોકોનાં સુખોને અનુભવે છે. વળી, કોઈ કોઈક ભવમાં પ્રમાદવશ સમ્યગ્દર્શન, સદાગમ અને દેશવિરતિને પ્રાપ્ત કરતો નથી તોપણ ભદ્રક ભાવથી સારા ભવમાં જાય છે. **।।૮૮૩।।**

શ્લોક :-

तयाऽथ द्वादशस्वर्गान्मनुजावाससम्मुखम् ।
प्रस्थापितो विशालाक्षि !, पुण्योदयसुहृद्युतः ।।८८४।।

શ્લોકાર્થ :-

હવે તેણી વડે=ભવિતવ્યતા વડે, બારમા સ્વર્ગથી મનુષ્યાવાસ સન્મુખ હે વિશાલાક્ષિ અગૃહીતસંકેતા ! પુણ્યોદય મિત્રથી યુક્ત હું મોકલાવાયો. ॥૮૮૪॥

શ્લોક :-

भवति विगतस्वान्तध्वान्तः परिग्रहमोहयोः,
परिणतिमिमां श्रुत्वा दुष्टां श्रुतेरपि यः सुधीः ।
स इह लभते धर्मध्यानप्रथाप्रसरज्जिन-
प्रवचनकथानीतस्वात्मानुभूतियशःश्रियम् ॥८८५॥

इति श्रीवैराग्यकल्पलतायां महामोहपरिग्रहश्रवणेन्द्रियविपाकवर्णनो नामाष्टमः स्तबकः ॥

શ્લોકાર્થ :-

ચાલ્યો ગયો છે સ્વઅંતઃકરણમાં અંધકાર જેનો એવો જીવ પરિગ્રહ અને મોહની આ પરિણતિને સાંભળીને, શ્રુતિની પણ દુષ્ટતાને સાંભળીને જે સુંદર બુદ્ધિવાળો થાય છે, તે પુરુષ અહીં=પ્રસ્તુત જન્મમાં, ધર્મધ્યાનના વિસ્તાર પ્રસરવાળા જિનપ્રવચનની કથાથી પ્રાપ્ત સ્વઆત્મઅનુભૂતિની યશઃશ્રીને પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત પ્રસ્તાવમાં ગ્રંથકારશ્રીએ પરિગ્રહ અને મોહના અનર્થો સંસારી જીવને કઈ રીતે થયા, તેનું વર્ણન કર્યું છે અને શ્રોત્રેન્દ્રિયની દુષ્ટતાનું વર્ણન કર્યું છે. તેના પરમાર્થને સ્પર્શે એ રીતે જેઓને પ્રસ્તુત પ્રસ્તાવથી બોધ થયો છે, તેઓના અંતઃકરણમાં અંધકાર દૂર થાય છે. જેનાથી પરિગ્રહ અને મોહનું યથાર્થ સ્વરૂપ અને શ્રોત્રેન્દ્રિયની વિડંબનાનું યથાર્થ સ્વરૂપ જણાય છે. તેના કારણે જે મહાત્માને તે ત્રણેય દોષોના પરિહારને અનુરૂપ સુંદર બુદ્ધિ ઉત્પન્ન થઈ છે તે મહાત્મા સતત પ્રસ્તુત કથાના ભાવન દ્વારા પોતાના આત્મામાં પરિગ્રહ અને મોહની વિડંબના દૂર થાય તે પ્રકારના અનુભવને પ્રાપ્ત કરે છે અને શ્રોત્રેન્દ્રિયની

વિડંબના શાંત થાય તે પ્રકારે ચિત્ત ઉત્પન્ન કરે છે. તેનાથી ધર્મધ્યાનને અનુકૂળ ઉત્તમ પરિણતિ પ્રગટ થાય છે. તેના કારણે તે મહાત્મા સદ્ગતિઓની પરંપરારૂપ યશની લક્ષ્મીને પ્રાપ્ત કરશે. આ પ્રકારે કહીને શ્રોતાને પ્રસ્તુત અધ્યયનનું સૂક્ષ્મ ભાવન કરવા અર્થે ગ્રંથકારશ્રી પ્રેરણા કરે છે. **॥૮૮૫॥**

આઠમો સ્તબક સમાપ્ત

અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૯

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ — ૧૩ ❁

ચારિત્રાચાર — ૩૬

ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) — ૧૯૦

પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા — ૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ? — ૫૮

Status of religion in modern Nation State theory — ૬૪

અનેકાંતવાદ — ૯

કર્મવાદ કર્ણિકા — ૫

કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) — ૧૫૭

કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય — ૪૯

ગૃહજિનાલય મહામંગલકારી — ૮૫

ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ — ૧૨

ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) — ૧૮૯

ચિત્તવૃત્તિ — ૧૧

ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) — ૨૮

જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? — ૫૬

જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) — ૫૭

દર્શનાચાર — ૭

ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ — ૫૫

પ્રશ્નોત્તરી — ૧૦

પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) — ૪૨

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય — ૧૫

❁ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ)	૧૮૮
ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)	૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)	૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી)	૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ	૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય	૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા'	૩૩
શાસન સ્થાપના	૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)	૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો	૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)	૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા	૯૩
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર	૧૯૧
સદ્ગતિ તમારા હાથમાં !	૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)	૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार	४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨	***૧૯૭***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩	***૧૯૮***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪	***૧૯૯***
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૧૯૪***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૧૯૫***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	***૧૯૬***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮
બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧

બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૯૨***
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦

વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૮૬
વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪	***૨૦૦***
વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫	***૨૦૧***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬	***૨૦૨***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૨૦૩***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૨૦૪***
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) **સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી** **૧૭૫**

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ **૨. ધર્મતીર્થ ભાગ-૨** **૩. ધર્મતીર્થ ભાગ-૩**

પ્રાપ્તિસ્થાન

✤ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✤ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✤ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✤ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✤ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✤ BANGALORE :

SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✤ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

નોંધ

નોંધ

गुह्याद् गुह्यतरं तत्त्वं, तदिदं कथयामि ते ।

चित्तमेव हि सद्रत्नं, रक्षणीयं प्रयत्नतः ।।

ગુહ્યથી પણ ગુહ્યતર તત્ત્વ તે આ હું તને કહું છું.

જે કારણથી પ્રયત્નથી સદ્રત્ન એવા

ચિત્તને જ રક્ષણ કરવું જોઈએ.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧

E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com